તેથી કર જોડી વધો, રે અલખ દયાળ !
ઝરણું રંગકથામૃતનું, ફરી વહાવો કૃપાળ ! ૩

કઠણ સાધના રંગની, જ્યમ જ્યમ આગળ જાય,
ત્યમ ત્યમ અવધૂત રંગની, કસોટી કેવી થાય ! ૪

બાહ્યાભ્યંતર ઉપદ્રવો, આવી વારંવાર,
સાધક અવધૂતના પથે, નાખે વિઘ્ન અપાર. ૫

શી રીતે અવધૂત એ, વિઘ્નો કરીને પાર,
સાધ્ય કરે નિજ ધ્યેયને, કહો કથા રસદાર. ૬

અમૃતરસ ગુરુકથાતણો, પીતાં મન ન ધરાય,
જ્યમ જ્યમ પાન કરું પ્રભુ, તૃષા વધતી જાય. ૭

સૂણી વચન નિજ શિષ્યનાં, ભીંજ્યા અલખ દયાળ,
મુખ મલક્યું ને પદ્મસમ, વિકસ્યાં નયન વિશાળ. ૮

રક્તબિંબ સમ ઓષ્ઠ બે, ઉઘડ્યા કંઈક લગાર,
ચમકી રહી દંતાવલી, શ્વેત મોતીની હાર. ૯

મેઘ ગંભીર સ્વરે અહા ! વધ્યા અલખજી વાણ,
અમૃતસમ સદ્‌ગુરુકથા, સાંભળ શિષ્ય સુજાણ. ૧૦

ભવસાગર તરવાતણી, સદ્‌ગુરુકથા છે નાવ,
શ્રવણ-નાવ ચઢવાતણો, ફરી ન મળશે લ્હાવ. ૧૧

શ્રવણ-સંપત્તિ આ પડી, લૂંટાય એટલી લૂંટ,
આવાગમન ટળી જશે, ભવભય ભલે અખૂટ. ૧૨

સાંભળ નારેશ્વર વિષે, સદ્‌ગુરુ રંગ અવધૂત,
કઠણ સાધનારત રહ્યા, છોડી જગતનાં તૂત. ૧૩

આ તો જંગલની ભૂમિ, જીવજંતુનો વાસ,
અસંખ્ય જંતુ પ્રગટતાં, વર્ષાઋતુએ ખાસ. ૧૪

દત્તકુટિરે તે સમે, ચોમાસામાં આમ,
મંકોડાનાં નીકળતાં, થરનાં થર બેફામ. ૧૫

પ્રાતઃસમે અવધૂતજી, દાતણ કરવા કાજ,
દત્તકુટિરને ઓટલે, બિરાજતા મહારાજ. ૧૬

ત્યારે એમનાં શરીર પર, મંકોડાની હાર,
આમ તેમ ચાલ્યા કરે, છતાં એમને લગાર. ૧૭

ખબર પડે ના એહની, જાણે એમને જરાય,
સ્પર્શ થયો નથી એહનો, એમ નિરાંતે ત્યાંય. ૧૮

દાતણ કર્યા કરે અને, મંકોડાને દેખ,
હાથ વડે ખસેડવા, કરે યત્ન ના છેક. ૧૯

જેનું ઈશ્વર પ્રતિ અહા ! થયું છે શરસંધાન,
તેને ભૌતિક શરીરનું રહે ન ક્યાંયે ભાન. ૨૦

દેહભાન ગયા વિના, દેવ ન કદી દેખાય,
દેખ્યા જેણે દેવને, દેહભાનહીન થાય. ૨૧

જે જનને નિજ શરીરની, ક્ષણ ક્ષણ ચિંતા થાય,
એવા તનરખુ થકી, સાધ્ય કશું ના થાય. ૨૨

સાધક જો નિજ શરીરને, સાચવવામાં આમ,
સમય વ્યતીત કર્યા કરે, શાથી સુધરે કામ ? ૨૩

આમ દેહ પર અવધૂતનાં, મંકોડાની હાર,
સતત ચાલ્યા કરે છતાં, જરા નહીં અણસાર. ૨૪

એવા સાધક રંગની, સાધના કઠીન-કરાલ,
કેટલી ઉચ્ચ હશે ! તને, આવે છે કંઈ ખ્યાલ ? ૨૫

એક વખત અવધૂતજી, નિજ કુટિરની માંહ્ય,
બેઠા હતા સમાધિમાં, પરોઢિયે વરકાય. ૨૬

સહજ સુરતા સાધીને, થઈ ધ્યાનમાં મગ્ન,
સ્થિર થઈ પદ્માસને, બેઠા બ્રહ્મનિમગ્ન, ૨૭

ક્યાંથી જાણે તે સમે, એક ભયંકર સાપ,
અંધારે જો કુટિરમાં, પ્રવેશીને આપ. ૨૮

બરાબર અવધૂતની, સામે આવી એમ,
ગૂંચળું વળી આસન કરી, ફણા પસારી તેમ; ૨૯

ઊંચી ડોકે સ્થિર થઈ, બંધ કરી નયન,
બેઠો સામે રંગની, જાણે ધ્યાનનિમગ્ન ! ૩૦

ક્યારનોયે બેઠો હશે, કોને એની ખબર ?
જોગી સામે આ બીજો, જોગી જાણ વિષધર. ૩૧

સમય કંઈક વહી ગયો, પૂર્વ દિશાની માંહ્ય
પ્રકાશ પથરાયો બધે, ઉષાગમનથી ત્યાંય. ૩૨

જાળી વાટે પ્રવેશતાં, પ્રકાશનાં કિરણ,
ભાગ્યો અંધકાર તિહાં, ઊગતાં ચંડીકિરણ. ૩૩

થાતાં અજવાળું અહા ! અવધૂતજી તત્ક્ષણ,
સમાધિથી જાગીયા, ઉઘડ્યાં કમલનયન. ૩૪

નયન ઉઘાડાતાં રંગની, પહેલી સીધી નજર,
સામે સ્થિત જોગી સમા, પડી વિષધર પર. ૩૫

જોતાં સામે સર્પ એ, ભયંકર અહો વિષધર,
અગમ્ય આનંદ પ્રગટિયો, અવધૂતના મુખ પર. ૩૬

મુખ મલક્યું નયનો હસ્યાં, જોડી બન્ને હાથ,
વિષધરને વિનવી રહ્યા, નારેશ્વરના નાથ. ૩૭
લંબેનારાયણ ! હવે, કરી સમાધ્યુત્થાન,
સ્વસ્થાને સત્વર પ્રભુ ! કરો સુખે પ્રયાણ. ૩૮
દર્શન દીધાં ને કીધાં, થયો દિવસ મુજ ધન્ય,
જાઓ હવે નિજ ધામ પર, શિવભૂષણ ! જો અન્ય. ૩૯
એમ કહી સદ્‌ગુરુવરે, ઊભા થઈ તે વાર,
ધીમે રહીને ઉઘાડીયાં, કુટીર કેરાં દ્વારા. ૪૦
દ્વાર ખૂલતાં ભુંજગ એ, નયન ખોલી તત્ક્ષણ,
ભરી ભરી આંખે કરે, અવધૂતનાં દર્શન. ૪૧
સર્પરાજ પછી શું કરે, સર્કી નીકળ્યા બહાર,
જોતજોતામાં એકદમ, થયા અદૃશ્ય તે વાર. ૪૨
સર્પ હશે કો પૂર્વનો, યોગભ્રષ્ટ અવતાર,
દર્શન થયાં અવધૂતનાં, થયો આજ ઉદ્ધાર. ૪૩
કથા સૂણીને સર્પની, શિષ્ય નિરંજન ત્યાંય,
દિઙ્મૂઢ થઈ આશ્ચર્યથી, પડે વિચારની માંહ્ય. ૪૪
મૂંઝવણ એના મનની, જાણી ગયા અલખ,
અંતર્યામી જે વેદ, સૂણતાં થયું જો સુખ. ૪૫
આત્મજ્ઞાનથી જગતમાં, દૃષ્ટિ બદલે જે જન,
સઘળે સર્જન માત્રમાં, જુએ રામ નિરંજન. ૪૬
અવધૂતની દૃષ્ટિ તો, જ્યાં જ્યાં પડતી આમ,
ત્યાં ત્યાં એ તો નીરખતા, સર્વાત્મા શ્રીરામ. ૪૭
તેથી વિષધર વ્યાલમાં, અવધૂતજીને આમ,
વિષધરને બદલે અહા ! દેખાયા શ્રીરામ. ૪૮
સઘળે સર્જન માત્રમાં, જુએ રામ નિરંજન.
તેથી વિષધર બદલે અહા ! દેખાયા શ્રીરામ. ૪૯
કાળા નાગમાં આમ ત્યાં, નીરખી વિશ્વનો નાથ;
લંબેનારાયણ કહી, રંગે જોડ્યા હાથ. ૫૦
આત્મજ્ઞાનપ્રકાશથી, સર્વમાં સર્વેશ્વર,
નીરખે તેને ના રહે, શોક-મોહ નિજ-પર. ૫૧
ઈષ્ટદેવ અવધૂતના, હતા દત્તભગવાન,
કરતા દત્ત-ઉપાસના, ધરતા નિત્યે ધ્યાન. ૫૨
આત્મજ્ઞાન પર્યાપ્તથી, અદ્વૈતામૃત પાન,
કરતા બ્રહ્મગિરિ શ્રૃંગ પર, બિરાજતા ભગવાન. ૫૩
તોયે સગુણ ઉપાસના, દત્ત પ્રભુની એમ,
જગજનગણ હિત કારણે, અવધૂત કરતા તેમ. ૫૪
તેથી શ્વાસે શ્વાસે એ, જપતા શ્રીગુરુદત્ત,
સોહમ્ સાથે સગુણનો, થાય સમન્વય તુર્ત. ૫૫
આજુબાજુના ગામના કવચિત્ કોઈ કોઈ જન,
નારેશ્વરમાં આવતા, કરવા રંગ-દર્શન. ૫૬
અવધૂત મુખથી નીકળતા, દત્તદત્તના શબ્દ,
સૂણતાં ભોળા ગ્રામજન, થાતા ઘડીભર સ્તબ્ધ. ૫૭
આમજનોમાં તે સમે, દત્ત નામનો દેવ,
જોયો કે સૂણ્યો ન'તો કોઈએ ત્યાં તતખેવ. ૫૮
સૂણે સૌ આશ્ચર્યથી, દત્ત શબ્દ અસ્પષ્ટ,
બોલે તેથી સૌ અહો ! અપભ્રંશથી 'લઠ્ઠ.' ૫૯
વાત બધે પ્રસરી ગઈ, નારેશ્વરનો સંત,
આઠે પહોરે જપ્યા કરે, લઠ્ઠ-લઠ્ઠ ને લઠ્ઠ !! ૬૦
નવતર બાવો આ દીસે, આઠે પહોરે આમ,
લઠ્ઠ લઈને લઠ્ઠની, પાછળ ફરે અવિરામ !! ૬૧
આજુબાજુના ગામનાં, ભોળા લોકો આમ,
હાંસી કરતા હસી હસી, વાતો કરે તમામ. ૬૨
સૂણ નિરંજન શિષ્ય તું, બોલ્યા અલખ દયાળ,
હાંસીના કરનારને, કયાંથી આવે ખ્યાલ ? ૬૩
એક દિન એવો આવશે, જ્યારે સઘળા લોક,
દત્ત દત્ત કરતા અહીં, આવશે થોકેથોક. ૬૪
દત્ત ભકિતના રંગમાં, રંગાશે ગુજરાત,
રંગારો એ રંગ હશે, નારેશ્વરનો નાથ. ૬૫
'લઠ્ઠ બાવો' એક દિ', ઓળંગી ગુજરાત,
દેશ-વિદેશમાં અહા ! થઈ જશે પ્રખ્યાત. ૬૬
ઘોર ભયંકર આજ જે, પ્રાણીભર્યું જંગલ,
નારેશ્વર તે થઈ જશે, નંદનવન મંગલ. ૬૭
હાંસીના કરનારને, તે દિ' ક્યાંથી ખબર?
ભકિતકેન્દ્ર બની જશે, એક દિન નારેશ્વર. ૬૮
અવધૂતે નિજ લોહીનું, સીંચન કર્યું છે આંહ્ય,
કઠણ તપસ્યા સંતની, કદી ન નિષ્ફળ જાય. ૬૯
રાગ-દ્વેષના અગ્નિમાં, જલી રહ્યું છે જગત,
શોક-મોહના તાપથી, માનવ થયો છે તપ્ત. ૭૦

એનો તાપ શમાવવા, કરવા જન-મન શાંત,
નારેશ્વરમાં સગુણ રૂપે, પ્રગટ થયા ભગવંત. ૭૧

સાચી શાંતિનાં ઝરણ, નારેશ્વરથી આમ,
વહીને આખા વિશ્વમાં, ફેલાશે શુભકામ. ૭૨

અલખ કહે આગળ સૂણો, અવધૂતલીલા અપાર,
નારેશ્વરના જંગલે, થાતી અપરંપાર. ૭૩

ચંદન ઘો એક રાત રે, અંધારામાં આમ,
કુટિર માહીં પ્રવેશ કરી, કરી રહી વિશ્રામ. ૭૪

અવધૂતજી નિજ મસ્તીમાં, ધ્યાન કરી તે વાર,
અજવાળું થાતાં અહા ! ખોલે કુટિરદ્વાર. ૭૫

ટીટોદરા ગામતણા, તે સમે ભક્તરાજ,
મહીજી ભગત આવીયા, દર્શન કરવા કાજ. ૭૬

અવધૂતજીનાં ચરણમાં, મહીજી ભક્તે એમ,
સાષ્ટાંગ પ્રણતિ કરી, મૂક્યું મસ્તક તેમ. ૭૭

પૂછી ખબર અંતર અને, સ્વાભાવિક રીતે જ્યાં,
નજર પડી કુટિરમાં, ચમક્યાં જોતાં ત્યાં. ૭૮

અરે અરે ઓ બાપજી ! આ તો ચંદન ઘો,
કરડે તો જીવલેણ આ, બચી શકે ના કો. ૭૯

મંદ મંદ હસતાં વદ્યા, અવધૂતજી તે વાર,
ના ના એ જીવલેણ નથી, આ તો મુજ પરિવાર. ૮૦

રાતે અહીં એકાંતમાં, દેવા મુજને સાથ,
પ્રભુએ એને મોકલી, કરવા મધુરી વાત ! ૮૧

મહીજી તો આભા બની, કરી રહ્યા વિચાર,
કયો ઉપાય યોજીને, કાઢું એને બહાર. ૮૨

લાંબી લીધી લાકડી, ગયા કુટિરની માંહ્ય,
ઉછાળીને ફેંકતા, બહાર પડી એ ત્યાંય. ૮૩

ત્યાંથી સરકી એ અને પળમાં થઈ અદૃશ્ય,
મહીજી ભગત તો જોઈ રહ્યો, ભયથી સઘળું દૃશ્ય. ૮૪

હસતા જોઈ અવધૂતને, ભગત વદ્યા તે વાર,
બાપજી એના ઝેરની, છે કંઈ ખબર લગાર ! ૮૫

આ કરડે તો દર્દીનું, ક્ષણમાં મૃત્યુ થાય,
પાણી પણ માંગે નહિ, એનો જીવ મૂંઝાય. ૮૬

અવધૂતજી વદે ભગતજી ! આ તો દરરોજ આમ,
સામે મારી આવે છે, કરવા મને પ્રણામ. ૮૭

સૂણતાં શબ્દો રંગના, ભગતજીનું અંગ,
પલભર ત્યાં કંપી ગયું, થઈ ગયા એ દંગ. ૮૮

નારેશ્વરના નાથની, આવી જબરી હામ,
જોતાં ભોળો ભગત એ, કરી રહ્યો પ્રણામ. ૮૯

આવા નિબિડ જંગલે, જગને મારી લાત,
નિર્ભય થઈ વિચરી રહ્યા, સ્વયં દત્ત સાક્ષાત્. ૯૦

કાળી ચૌદશની હતી, એક અંધારી રાત,
કુટિર કેરે ઓટલે, અવધૂતજી સાક્ષાત્. ૯૧

મસ્તીથી સૂતા હતા, નીચે પગથીયાં પાસ,
બેઠા મોદી સાથ જે, વાતો કરતા ખાસ. ૯૨

વાતે એવા વળગીયા, બેઉ જણા તે વાર,
અરધી રાત વીતી ગઈ, ખબર પડી ન લગાર. ૯૩

વાતો કરતાં એકદમ, મોદીજીની નજર;
પડી પૂર્વથી આવતા, એક જીવડા પર. ૯૪

પાંચેક ઈંચનું જીવડું, ખાસ્સું મોટું તેમ,
અવધૂતજીના શિર તરફ, ચઢવા લાગ્યું એમ. ૯૫

પ્રથમ જીવડું ધારીને, ના કરીયો સંદેહ,
પણ જોતાં નજીકથી, હતો મોરવીંછી એહ. ૯૬

ચમક્યા મોદી એકદમ, લાવ્યા સાણસી ઝટ,
પકડીને મૂકી આવિયા, ઝાડીમાં જઈ પટ. ૯૭

પાછા આવી બેસીને, વાતે વળગ્યા જ્યાંય,
ત્યાં તો બીજો વીંછી હા ! પશ્ચિમ દિશથી ત્યાંય ૯૮

આવીને અવધૂતના શિર તરફ જ્યાં જાય,
ત્યાં તો જોતાં મોદીજી, પકડે એ ક્ષણ માંહ્ય. ૯૯

મૂકી આવ્યા ઝાડીમાં, બીજા વીંછીને એમ,
આવી બેઠા મૂળ સ્થળે, વાતે વળગ્યા તેમ. ૧૦૦

અર્ધો એક કલાક સુધી, કરી હશે જ્યાં વાત,
ત્યાં તો વીંછી અન્ય જે, કાળ સમો સાક્ષાત્. ૧૦૧

ઉત્તર દિશથી આવતો, નવ ઈંચ લાંબો જેહ,
કાળો એ કાળોતરો, વિષ ભરેલો દેહ. ૧૦૨

જાણે સર્વ વીંછીતણો, હોય એ સરદાર,
એમ ઝડપથી આવતો, કરી ક્રોધ અપાર. ૧૦૩

જોતાં એને મોદીજી, કંપી ગયા એક પળ,
પણ સાણસી લાવી એહને, પકડીયો તત્પળ !! ૧૦૪

અતિશય ઝેરી આ વીંછી, વિષ નર્યું તન માંહ્ય,
એકજ ડંખે મનુષ્યના હરે પ્રાણ ક્ષણ માંહ્ય ! ૧૦૫

દૂર દૂરની ઝાડીમાં, એને ફેંકી આમ,
આવી મોદીજી જરા, બેઠા જ્યાં નિજ ઠામ. ૧૦૬

ત્યાં તો અવધૂતજી વદ્યા, કરી વાતસંધાન,
શું મોદીજી આજ તમે ધર્યું વૃશ્ચિકનું ધ્યાન ? ૧૦૭

નિરુત્તર રહી મોદીજી, કરવા લાગ્યા વિચાર,
શરૂઆતમાં આ જગા, હશે કેવી ભેંકાર ! ૧૦૮

આજે તો એ થુવેરની, ઝાડી કરી કંઈ સાફ,
કિન્તુ અરે આરંભમાં, અવધૂતજી ઓ બાપ ! ૧૦૯

કેમ રહી શક્યા એકલા, કઠણ કરી નિજ મન,
વિચાર કરતાં મોદીનું ધ્રૂજી ઊઠ્યું તન ! ૧૧૦

અને અહીં અવધૂતજી ! સાંભળ શિષ્ય સુજાત !
ત્રણ ત્રણ વીંછી નીકળ્યા, તોય કરે છે વાત ! ૧૧૧

મોદીજી લઈ સાણસી, ત્રણ ત્રણ વીંછી એમ,
પકડી ફેંકી આવે પણ, અવધૂતજીને કેમ ૧૧૨

જાણે કશી ખબર નથી, એવા થઈ નિર્લેપ,
વાતોના સંધાનમાં, ના પાડે વિક્ષેપ. ૧૧૩

એવી જો નિર્લેપતા, અવધૂતજીની જાણ,
ઈશ્વરાનુભૂતિતણું, છે પ્રત્યક્ષ પ્રમાણ. ૧૧૪

ઘરના એક ખુણા મહીં, ધૂપસળી જલી જાય,
કિન્તુ એની સુવાસથી, આખું ઘર મહેંકાય, ૧૧૫

તેમ અહીં અવધૂતજી, દૂર રેવાતીર,
નારેશ્વરના જંગલે, તપવી રહ્યા શરીર. ૧૧૬

તપના તાપે તન અહો, બાળી સંત મહાન,
સાત્ત્વિક સુગંધથકી, કરે વિશ્વકલ્યાણ, ૧૧૭

સંતની સાત્ત્વિક સુગંધથી, દૂર દૂરથી આમ,
ભક્તો આકર્ષાઈને, આવી રહ્યા તે ઠામ. ૧૧૮

આજુબાજુના ગામના, ભક્ત-જનો તે ઠામ,
આવી ઝાડી થુવેરની, સાફ કરતા તમામ. ૧૧૯

કાંટાળા કંથારને, કાપી નાખી આમ,
વાળી-ઝૂંડી ને વળી, સ્વચ્છ બનાવ્યું ધામ. ૧૨૦

ખાડા-ટેકરા ને બધા, ખોદી પૂરી એમ,
ઘૂંઘા, ઝાડી-ઝાખરાં, કાપી બાળી તેમ. ૧૨૧

સાફ-સૂફ કરી બધું, ધરતી કરી સમથલ,
વાડ કરી ચોપાસ ને કર્યું સુરક્ષિત સ્થલ. ૧૨૨

અવધૂતજી નિત્યે કરે, ત્રિકાલ રેવાસ્નાન,
રેવાતીરનો માર્ગ પણ, હતો કઠણ-વેરાન. ૧૨૩

ભક્તોએ એ માર્ગ પણ સ્થાનથી રેવાતીર,
ખોદી ખણીને સ્વચ્છ હા ! બનાવ્યો રાખી ધીર. ૧૨૭

મીંઢોળ, લીલોડ, સાયર અને ઉમલ્લા, વેળુગામ,
ટીટોદરાના ભક્ત સૌ, કરતા આવી કામ. ૧૨૫

ભાથું લાવે ઘેરથી, રેવાજીનાં જલ,
પીને કામ સખત કરે, ભાવિક-ભક્ત સકલ. ૧૨૬

કુટિર કેરા ઓટલે, અવધૂત બેઠા આમ,
નેહે એ નીરખ્યા કરે ! જુવાનિયાનું કામ. ૧૨૭

રેવામાના નીરનો, ભરી ઘડુલો એક,
પાસે લઈને બેસતા, સદ્‌ગુરુ અવધૂત દેખ. ૧૨૮

જો કોઈ ભક્ત યુવાનને, કરતાં કામ તે વાર,
કાંટા કંકર કે અગર, વાગે કો હથિયાર. ૧૨૯

ઝેરી જંતુ મધમાખ કો, અથવા વૃશ્ચિક વ્યાલ,
કરડે પીડા થાય ને વહે રક્તની ધાર. ૧૩૦

તો બાપજી એ યુવાનને, પ્રેમે પાડી સાદ,
નિજ પાસે બોલાવીને, મૂકે પીઠ પર હાથ. ૧૩૧

પછી ઘડાના જલતણી, ભરી અંજલિ, વાહ !
ૐ ૐ કરતા પ્રભુ, છાંટે હોય જ્યાં દાહ ! ૧૩૨

આશ્ચર્યની અવધિ સમો, ચમત્કાર ત્યાં થાય,
દાહ, પીડા એ ઘાતણી તુર્ત બંધ થઈ જાય ! ૧૩૩

ઘા-પીડાથી કણસતો, રડતો એ યુવાન,
અવધૂતજીના સ્પર્શથી ભૂલે દુઃખનું ભાન. ૧૩૪

રેવાજલની અંજલિ પડતાં દુઃખ દૂર થાય.
રડતો આવ્યો યુવાન જે, હસતો પાછો જાય. ૧૩૫

આવી અદ્‌ભુત રંગની, દયાદૃષ્ટિથી જાણ,
દર્દીના દુઃખ દૂર થતાં આવે શબમાં પ્રાણ. ૧૩૬

મહેનત કસ, ખડતલ અને ભોળા ભાવિક એહ,
શ્રદ્ધા સભર, સરળ અને અવધૂત પર બહુ નેહ. ૧૩૭

એવા ગ્રામજનોતણા, ભાગ્યને ધન્ય-ધન્ય,
જેની પીઠ ઉપર ફર્યો, અવધૂત-હસ્ત વરેણ્ય. ૧૩૮

પોથાં-થોથાં ના ભણ્યા, નહિ શાસ્ત્ર કડ-કૂટ,
નહિ આડંબર ભક્તિનો, નહિ કો બીજાં તૂત. ૧૩૯
લોહી-પસીનો એક કરી, પરિશ્રમ કરી અપાર,
મહેનત-મીઠો રોટલો, રળતા એ નિર્ધાર. ૧૪૦
જબરજસ્ત શ્રદ્ધા અને ભક્તિ અવધૂત પર,
અવધૂત કેરા નામ પર, મરવાને તત્પર. ૧૪૧
અવધૂતજી પણ એમના, ગ્રામ્ય સહજ જે દોષ,
કોઈ દિ'જોતા નો'તા, વળી ન કરતા રોષ. ૧૪૨
આજે નારેશ્વર બન્યું, ભૂ પર નંદનવન,
તેના પાયમાં હતા, આ મહેનતકસ સજ્જન. ૧૪૩
પાયામાં દટાયેલી, ઈંટો શા એ જન,
નામી-અનામી સર્વને, કરીએ મૂક નમન ! ૧૪૪
સદ્‌ગત દાસકાકાતણા, નેતૃત્વ નીચે આમ,
ગ્રામયુવાનો હોંશથી, કરતા અઢળક કામ. ૧૪૫
આમ ઝાડી-ઝાંખરાં, કરી સાફ તમામ,
અવધૂત-આશીર્વાદ લઈ, ગયા સૌ નિજ ગામ. ૧૪૬
સ્થાન સાફ કર્યું છતાં, હજુય કોઈ કોઈ વાર,
સહેલ મારવા આવતો, વિષધરનો પરિવાર. ૧૪૭
એક સમે કોતર વિષે, અજગર એક વિશાળ.
નિજ ભોજનને કારણે, પકડે એક શિયાળ. ૧૪૮
શિયાળ સાવધ થઈ ગયું, છૂટવાને તત્કાળ,
જોર અતિશય કર્યું પણ, આ તો અજગરદાઢ. ૧૪૯
અજગરના મુખ-શિર પર, પંજા-નખ અણીદાર,
મારીને ઘાયલ કર્યો, વહી રક્તની ધાર. ૧૫૦
શિયાળ છૂટવા માગતું, પણ અજગર-કરાળ,
ભરડો લીધો ભીંસથી, છૂટી શકે ન શિયાળ. ૧૫૧
લઢતાં-ઘસડાતાં અરે ! નીકળ્યા કોતર બહાર,
એક બીજાને મારતાં પડયાં સ્થાને દ્વાર . ૧૫૨
આખી રાત લઢયાં અને , જેવો ઊગ્યો ભાણ,
નારેશ્વરને બારણે, ઉભય ત્યજતાં પ્રાણ . ૧૫૩
પ્રાતઃકાળે લોક સૌ કરવા રેવાસ્નાન,
જાતાં આ જોયું અને, થયા મન હેરાન. ૧૫૪
ઝાડી થઈ ગઈ સાફ ને, માનવ વસ્તી થઈ,
તોય વિષધર પ્રાણીઓ, આવે છે કંઈ કંઈ. ૧૫૫

આવ્યા પ્રથમ અવધૂતજી, હશે જયારે આંહ્ય,
ત્યારે કેવી નિબિડતા, છાયી હશે વન માંહ્ય ? ૧૫૬
ભીષણતા તત્કાળની હા ! કરતાં વિચાર,
લોકહૃદય કંપી ઊઠ્યું, થર-થર તેણી વાર. ૧૫૭
એક સમે સૂર્યોદય, થઈસમાધિમુક્ત,
અવધૂત લીમળા નીચે બેઠા'તા આનંદયુક્ત. ૧૫૮
શિરપર લીમડા-ડાળનું, છત્ર અનુપ સોહાય,
શીતલ,મંદ,સુગંધિત,વાયુ ચમર ઢોલાય. ૧૫૯
કલકલ કૂજન પક્ષીનાં, સૂર સંગીત લહેરાય,
વ્હેતાં જલ રેવાતણાં, ગીત મધુરાં ગાય ! ૧૬૦
વિધવિધ રંગી પુષ્પની, ખીલી હારોહાર,
ધરતીએ જાણે સજ્યા, પુષ્પતણા શણગાર ! ૧૬૧
વિધવિધ રંગો વેરતી, પૂર્વ દિશામાં આજ.
ઉષા આવી રંગનું, સ્વાગતકરવા કાજ. ૧૬૨
દૂર દૂર ત્યાં શોભતાં, રેવાનીર ગભીર,
દર્શનમાત્રે દૂર કરે, પાપ, તાપ ને પીર ! ૧૬૩
પ્રકૃતિ આજ ખીલી રહી, સજી વિવિધ શણગાર,
અવધૂતની તહેનાતમાં, ખડા પગે તૈયાર. ૧૬૪
લીમડા નીચે ઓટલે, સ્વયં આનંદકંદ,
અવધૂતજી બેઠા હતા, વેરંતા આનંદ. ૧૬૫
ત્રાણે લોકની સમૃદ્ધિ, એનાં ચરણો માંહ્ય;
આજે આળોટી રહી, એવી એની ઝાંય. ૧૬૬
આજુબાજુ પક્ષીઓ, નાચે કરતાં શોર,
કેકારવ ઘડીઘડી કરે, લીમડા ઉપર મોર. ૧૬૭
કાંચીડા, ખિસકોલીઓ, અવધૂત આગળ આમ,
દોડં-દોડ કરી મૂકે, ખેલંતા અવિરામ. ૧૬૮
લીમડાની કોઈ ડાળ પર, લટકી રહ્યા છે સાપ,
નીરખી નીરખી રંગને થાયે પાવન આપ. ૧૬૯
મોર-સર્પ સાથે રમે, ભૂલી સહજ નિજ વેર,
અવધૂતના દરબારમાં, સૌને લીલા-લહેર. ૧૭૦
તે સમે હા ! ક્યાંકથી, એક પ્રલંબ ભુજંગ,
ફુત્કારા કરીને અરે ! કરતાં શાંતિ ભંગ, ૧૭૧
આવ્યો ઝડપે સરકતો. ખિસકોલીને એક,
પકડવાને કારણે, ક્રૂર, ઘાતકી છેક. ૧૭૨

આગળ ખિસકોલી અરે ! ભયથી ધ્રૂજતું અંગ,
ભાગે જીવ બચાવવા, પાછળ ક્રૂર ભુજંગ. ૧૭૩
ખિસકોલી પકડાય તો, પાછળ ધસતો કાળ,
કરે કોળિયો પલકમાં, થાયે બૂરા હાલ. ૧૭૪
ભયભીત થઈ ખિસકોલી એ, જીવ બચાવા કાજ,
લીમડા નીચે આવી જ્યાં, બિરાજ્યા યોગીરાજ. ૧૭૫
ભુજંગ-ભયથી ધ્રૂજતી, ખિસકોલીએ ત્યાંય,
નિજ કાયા નાખી દીધી, અવધૂત ખોળા માંહ્ય. ૧૭૬
જાણે કહેતી હોય કે હે ! શરણાગતશરણ !
તારે શરણે આવી છું, કર મારું રક્ષણ. ૧૭૭
ખિસકોલી જોતાં અહા ! અવધૂતજીએ એમ,
સર્પભણી ભાળ્યું જરા, વક્રદૃષ્ટિથી તેમ. ૧૭૮
અવધૂતની દૃષ્ટિ થતાં, ક્રૂર ભયંકર વ્યાલ,
શરમાઈ, નતમુખ કરી, પાછો વળ્યો તત્કાળ. ૧૭૯
ભાગ્યો ભુજંગ ભય થકી, નીકળ્યો સ્થાનની બહાર,
ત્યાર પછી એ સ્થાનમાં, નથી આવ્યો ફરી વાર. ૧૮૦
ખિસકોલી નિર્ભય બની, બચી ગયો નિજ પ્રાણ,
અવધૂતજીએ એહનું, કર્યું સર્પથી ત્રાણ. ૧૮૧
મૂંગું પ્રાણી બાપડું, શેં કાઢે ઉદ્‌ગાર !
મનથી મન અવધૂતને, વંદે વારંવાર. ૧૮૨
અલખ નિરંજનને કહે, ખિસકોલીની જેમ,
જે કોઈ જાયે સંતના, શરણે તેનું એમ; ૧૮૩
રક્ષણ સંત સદા કરે, આર્દ્રહૃદયના જેહ,
પરહિત કાજે જેમણે, ધર્યો મનુષનો દેહ. ૧૮૪
વિષયો વિષધર છે બધા ને માનવ ખિસકોલી !
સદ્‌વૃત્તિને મારવા, દુર્વૃત્તિ રહે ઘેલી ! ૧૮૫
માનવ જો સદ્‌ગુરુતણા, અંકે બેસી જાય.
તો વિષય-વિષધર, જોતાં સંતને ભાગી જાય. ૧૮૬
માટે સદ્‌ગુરુને ભજો, ભૂલી જગઝંઝટ,
ભવનો ફેરો ભાંગશે, જાશે સહુ ખટપટ. ૧૮૭
આ અધ્યાયે વર્ણવે અલખ-રંગ દયાળ,
'બાલક' તો છળી મરે વર્ણન એ વિકરાળ ! ૧૮૮

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે નારેશ્વરસ્થાનભીષણતાવર્ણનં નામ ચતુર્વિંશોઽધ્યાયઃ ॥૨૪॥ દોહરા ૧૮૮॥

## અધ્યાય : ૨૫

અલખ કહે આગળ સૂણો, સદ્‌ગુરુ કથા રસાળ,
સૂણતાં તૂટશે ભક્તની, જન્મ-મરણની જાળ. ૧
અવધૂતજી નારેશ્વરે, કરી રહ્યા અનુષ્ઠાન,
ભક્તોએ વાળી-ઝૂડી, સરસ બનાવ્યું સ્થાન. ૨
ઝાડી-ઝાંખરાં દૂર થતાં, હિંસક પશુઓ ત્યાંય,
ઝેરી જનાવર જે હતાં, થયાં પલાયન ક્યાંય. ૩
આમ વનની દૂર થઈ, ભીષણતા જે વાર,
લોકો લાગ્યા આવવા, અહિંયા વારંવાર. ૪
અવધૂતજી અનુષ્ઠાનથી, નિવૃત્ત થઈ કો વાર,
ગ્રામજનોની સાથ કંઈ, વાતે વળગે લગાર. ૫
ખેતીવાડી કેમ છે ? વરસાદ પાણી કેમ છે ?
શું શું પકવો છે તમે ! શેં ચાલે છે ક્ષેમ ? ૬
આવા સાદા પ્રશ્નથી, ગ્રામજનોની સાથ,
સરળ હૃદયના સંત એ, કરતા પ્રેમે વાત. ૭
આસપાસના ગામના, સાદા ભોળા જન,
અવધૂત પાસે આવીને કરતાં હળવું મન. ૮
આજુબાજુના ગામમાં, પ્રસરી ગઈ એ વાત;
"દે'રે રે'તો સાધુ જે, બોલે સૌની સાથ." ૯
નિજ નિજ સંસાર કેરી, મૂંઝવણ દુઃખની વાત,
અવધૂત પાસે મૂકતા, જોડી બન્ને હાથ. ૧૦
વહેમજન્ય દુઃખડાં બધાં, ગ્રામજનોનાં એમ,
સૂણતાં દિલડું દ્રવી જતું, અવધૂતજીનું તેમ. ૧૧
આશ્વાસન આપે અને બોધે કંઈક ઉપાય,
ગ્રામજનોનાં તે થકી, દુઃખડાં દૂર થઈ જાય. ૧૨
કંઈક મૂંઝવણ દૂર થઈ, કંઈના દુઃખડાં જેહ,
અવધૂતની આશિષથી, ટળીયાં નિઃસંદેહ. ૧૩
કોઈનાં ભૂત નીકળી ગયાં, કોઈનો ભેંસાસુર,
જંદ, પિશાચો કોઈના, ડાકણ પ્રેત, અસુર. ૧૪
વહેમજન્ય બાધા ગઈ, અજ્ઞજન્ય કંઈ રોગ,
દૃષ્ટિ માત્રથી રંગની, થયા સર્વ નીરોગ ! ૧૫
કોઈનું નાઠું ગાંડપણ, કોઈનો અપસ્માર,
ધન કોઈનું ખોવાયેલું, પાછું મળ્યું તે વાર. ૧૬

મૂઢ ઘણા ડાહ્યા થયા, કંઈ પાગલ પંડિત,
સર્પદંશનાં કોઈનાં, ઉતર્યાં વિષ ત્વરિત. ૧૭

થાય કૃપા અવધૂતની જાતાં જનનાં દુઃખ,
હસતા હસતા સૌ જતા, પામી અક્ષય સુખ. ૧૮

આજ સુધી અવધૂતને, 'બાવો' કહીને જેહ,
પાછળ હાંસી ઉડાવતા, શિર નમાવે તેહ. ૧૯

'બાવા' ને બદલે હવે 'બાપજી' કહીને,
સંબોધે સૌ રંગને ધારી હૈયે પ્રેમ. ૨૦

તે દિ'થી અવધૂતના, ભક્તોને પરિવાર,
'બાપજી' કહીને રંગને, કરવા લાગ્યા પુકાર. ૨૧

આપણે પણ સૌ હવે, અવધૂતજીને એમ,
'બાપજી' કહી સંબોધશું જેથી થાયે ક્ષેમ. ૨૨

આવે ગામેગામથી, અભણ અજ્ઞ-જન એહ,
ટોળું વળી અવધૂતની, આગળ બેઠા તેહ. ૨૩

વાતો કરતાં કાઢતાં, ગજવામાંથી પાન,
પછી તમાકુ કાઢતા, બીડી બનાવે જાણ. ૨૪

ચકમક પછી સોયતું, સળગાવીને ત્યાંય.
સળગતી એ બીડીઓ, રાખી મુખની માંહ્ય. ૨૫

ગોટેગોટા ધૂમ્રના, કાઢે મુખથી એમ,
ધૂમ્રતણાં વાદળ તદા, છવાઈ રહેતાં તેમ. ૨૬

તીવ્ર ગંધ એ ધૂમ્રની, રંગથી ના સેહવાય,
જીવ અતિ અકળાય ને વાન્તિ પણ થઈ જાય !! ૨૭

વળી બીડી અર્ધી હોલવી, ઠૂંઠા તેનાં આમ,
નાખી ત્યાંને ત્યાં બધાં જાયે નિજ નિજ ગામ. ૨૮

સ્વચ્છતા શી ચીજ છે, નહિ જરાય ભાન,
એવા આવે લોક સૌ, ગંદું બનાવે સ્થાન. ૨૯

આવું ગંદું ના ગમે, બાપજીને લગાર,
તેથી જ્યારે એ બધા, આવ્યા બીજી વાર; ૩૦

વહેલા વહેલા આવીને, બેસવા જાય છે ઝટ;
ત્યાં તો ઊંચા સ્વરથકી, બાપજી બોલ્યા સ્પષ્ટ :- ૩૧

'ખબરદાર ! અહીં બેસીને, બીડીઓ ફૂંકો મા,
માનો નહિ તો તે ક્ષણે, બહાર કાઢીશ હા ! ૩૨

ફૂંકવી બીડીઓ હોય તો, જાઓ ઝાંપા બહાર,
ફૂંકી, કર-મુખ ધોઈને, પછી પ્રવેશો દ્વાર. ૩૩

વ્યસન કરીને કોઈએ, આવવું નહિ મુજ પાસ,
આટલી મારી વિનતી, ધ્યાનમાં રાખજો ખાસ. ૩૪

હવેથી આ સ્થાનમાં, કાઈએ પણ કોઈવાર,
ગાંજો, ચરસ, તમાકુ કે દારુનો વ્યવહાર, ૩૫

કરવાનો કદી નથી, માની એવું ખચિત,
પછી જ છીંડું સ્થાનનું, ઓળંગજો નિશ્ચિત.'' ૩૬

સૂણી વચન અવધૂતનાં દિઙ્મૂઢ થઈ એ જન,
આંખો ફાડી જોઈ રહ્યા, એક-બીજાનાં વદન. ૩૭

એમાં એક ડાહ્યો હતો, બોલ્યો કરી નમન,
''બાપજી, અમોને છે પડ્યું, બીડી કેરું વ્યસન. ૩૮

રહ્યા અમે તો ગ્રામ્યજન, કરવા ખેતરે કામ,
ધૂમ્રપાનના વ્યસનથી, મળે કંઈક આરામ. ૩૯

એટલે અહિંના લોકમાં, બીડી તો સામાન્ય,
નાનપણથી જ પીએ બધા, સ્વાગત એજ પ્રાધાન્ય. ૪૦

બાપજી કહે ''તમ વાતને, હું સમજું છું ભાઈ !
પણ આ સ્થાન વિષે સદા, બીડી પીવાની મનાઈ.'' ૪૧

સૂણી વચન અવધૂતનાં, કેટલાકના મન માંહ્ય,
દુઃખ થયું હશે અરે ! બીડી પીવાની આંહ્ય; ૪૨

મનાઈ કેમ કરતો હશે, 'બાવો' આ તો વિચિત્ર,
''બીજો બાવો હોય તો, ચલમ ફૂંકીને અત્ર. ૪૩

રોજ અહીં ભેગી કરે, ગંજેરીની જમાત,
અગમ-પછમની કંઈ કરે, ચમત્કારની વાત. ૪૪

પણ આ બાવો તો અહા ! બીડી પીનારને આમ,
પેસવા પણ દેતો નથી, જબરી એની હામ !'' ૪૫

આમ બબડતા લોક કંઈ, ચાલ્યા પામી દુઃખ,
ધૂમ્રપાન કદી ના કરે, અવધૂતની સન્મુખ. ૪૬

કડક શિસ્ત અવધૂતની, ચલાવી ના લેવાય;
કોઈ કદી આવે નહિ, ગેંજી-પેંજી ત્યાંય. ૪૭

નજીક કહાણા ગામના, મોતીભાઈ પટેલ,
શરૂઆતના ટ્રસ્ટી એ, ત્યાં એક દિ' આવેલ. ૪૮

ઘણીવાર વાતો કરી, એમણે બાપજી સાથ,
પછી ઘેર જવા તદા, ઊભા થયા સાક્ષાત્. ૪૯

ઊભા થઈને એમણે, ઓટલા ઉપર એક,
ભરવી દીધી ખૂંટીએ, નાની પોટલી છેક. ૫૦

પોટલી જોતાં બાપજીએ, તુર્તજ પૂછ્યું એમ,
"મોતીભાઈ રે ! આ તમે, શું ટીંગાવ્યું ! કેમ ?" ૫૧
ડઘાઈ એ ટ્રસ્ટી તદા, ધીરે બોલ્યા માંડ,
"કાંઈ નથી લાવ્યો પ્રભુ ! આ તો થોડી ખાંડ. ૫૨
કોઈ બંધાણી ચા તણો, આવી ચઢે કદી આંહ્ય,
તેને આપવા ખાંડ આ લાવ્યો પોટલી માંહ્ય !" ૫૩
સૂણી વચન એ ભક્તનાં, થઈ જરા ગંભીર,
મધ-ઝરતા શબ્દો તદા, બોલ્યા સંત સુધીર :- ૫૪
"અરે, મોતીભાઈ ! તમે, સગવડ દેશો આમ,
થઈ જશે આ તો પછી, વ્યસન કેરું ધામ. ૫૫
આપવું રહ્યું આ સ્થાનમાં, પછી જેનું જ જેહ !
વ્યસન હોય તે તેહને, માનો નિઃસંદેહ. ૫૬
ગંજેરી માટે અહીં, ડબો ભરીને એક !
ગાંજે ભરી રાખો, અને ચરસી માટે છેક ૫૭
ચરસ રાખો, વળી દારૂડીયાને કાજ,
દારૂનું એક પીપ પણ, ભરાવી રાખો આજ. ૫૮
વળી બધાંને વહેંચવા, માણસ રાખો એક,
પગારદાર કે જે થકી, રાખી બધો વિવેક ૫૯
જેનો જે બંધાણી તે, આપે તેને તેમ,
એમ અહીં બંધાણીઓ, કરો એકઠા એમ !" ૬૦
સૂણી વચન અવધૂતનાં, મોતીભાઈ ગુપચૂપ,
પોટલી લઈ ચાલ્યા ગયા, જોવા જેવું રૂપ ! ૬૧
અવધૂત પાસે યદા, સંગ્રહ કેરી વાત,
આવે કે એ તુર્ત જ, ટાળી દે સાક્ષાત્. ૬૨
એ જ કહાણા ગામના, મથુરાભાઈ સુભક્ત,
બાપજી પાસે આવીને, વાત કરી એક વ્યક્ત. ૬૩
અહિંયા "બાપજી ! ખોલીએ, સદાવ્રત મહારાજ !
રેવામાના હોય તે, પરિક્રમાર્થિઓ કાજ. ૬૪
પરિક્રમાવાસી અહીં, પેટભરીને અન્ન ;
પામે જેથી પથિકનું, મનડું થાય પ્રસન્ન. ૬૫
વાત સૂણી એ ભક્તની, બાપજી થયા પ્રસન્ન.
ભક્ત પ્રતિ પોતે પછી બોલ્યા મધુર વચન. ૬૬
"મથુરભાઈ ! તમારી આ, સદાવ્રતની વાત,
છે અતિ ઉત્તમ અને મને ગમી સાક્ષાત્. ૬૭
તે માટે પણ તમે અહીં, બાંધો ઓરડી એક,
સીધું-સમાન પણ વળી, રાખો ધારી ટેક ! ૬૮
એક માણસ તમે વળી, રોકો અહિંયા ખાસ,
આપે રે'વા ભક્તને, નિત્ય કરીને વાસ. ૬૯
કારણ કે હું તો અહીં, મુજ અનુષ્ઠાને રત,
દ્વાર બંધ હોય વળી, કશું ન થાય અવગત. ૭૦
પરિક્રમાવાસી બધા જોઈને ચાલ્યા જાય,
અન્નાદિક મળે નહિ, તો કેવા નિરાશ થાય ? ૭૧
એ આવે તમ ગામમાં, સ્વાભાવિક તમે એમ,
પૂછો કે "નારેશ્વર, મળ્યું અન્ન કે કેમ ?" ૭૨
એ કહેશે કે નથી મળ્યું, સુણી એવું વચન,
તમને થાયે દુઃખ ને વિચાર કરો નિજ મન. ૭૩
"અરર ! બાપજી કરે નહિ, ધર્માદાનું કામ !"
જ્યારે હું તો જાણું નહિ, આવ્યું ગયું આ ઠામ ! ૭૪
એ રીતે ત્યાં બેઉની, વચ્ચે ઊભી થાય,
ગેરસમજ ખોટી અને વૃથા ખિન્ન મન થાય. ૭૫
માટે તમારી રીતથી, તમે અહિંયા આમ,
સદાવ્રત ચાલુ કરો, એ છે ઉત્તમ કામ. ૭૬
મને ના સંડોવશો, એ મારું નહિ કામ,
મુજને મારી સાધના કરવા દો અવિરામ, ૭૭
સાંખે ન અનુષ્ઠાનમાં, કદીય કો વિક્ષેપ?
જાગૃત રહે અવધૂતજી સદા રહી નિર્લેપ. ૭૮
તોય એક દિ' અંતરે, બાપજી કેરા ત્યાંય,
સ્ફુરણ થયું કે કો કદા, ભૂલ્યો ભટક્યો આંહ્ય. ૭૯
પરિક્રમાર્થી આવતાં ભૂખ્યો હોય, શું ખાય ?
પાણી પીવા જેટલું, કંઈક અહીં મળી જાય. ૮૦
એમ થતાં એ જન પછી, કરી જરા આરામ,
નમતે પહોરે નીકળી પહોંચે સામે ગામ." ૮૧
અવધૂતના અંતરે, સ્ફૂરણ થતાં તત્કાળ,
આવી પહોંચિયા ભક્ત એક, સૂણ નિરંજન બાળ ! ૮૨
આવીને અવધૂતજી, ચરણે કરી વંદન,
બેસતાં બેસતાં ગૃહસ્થ એ બોલ્યા પ્રસન્નવદન : ૮૩
"બાપજી ! અહિંયા આપણે, પરિક્રમાર્થીઓ કાજ,
શેકેલા ચણા સહ વળી, ધાણી, મમરા જુજ. ૮૪

રાખીએ તો કોઈ કદી, ભૂખ્યો ભિક્ષુક આંહ્ય,
ફાકીને પાણી પીએ ક્ષુધા શાંત કંઈ થાય. ૮૫
સાફસૂફી આશ્રમની, કરવા માટે જેહ,
માણસ રાખ્યો છે પ્રભુ ! કરશે એ બધું તેહ. ૮૬
આજ્ઞા આપો બાપજી ! કરવા એ સદાવ્રત,
આવતી કાલથી અહો ! શરૂ કરી દઉં તુર્ત." ૮૭
સૂણી વચન એ ભક્તનાં, અવધૂતજીનું મન,
પ્રસન્ન થયું અતિ તિહાં, બોલ્યા મધુર વચનઃ ૮૮
"મારી આજ્ઞા છે અને સાથે આશીર્વાદ,
શરૂ કરો સત્કાર્ય આ, સફળ થશો સાક્ષાત્." ૮૯
અવધૂતજીનાં ચરણમાં, પ્રણમી આઠે અંગ,
કંઠ ભરાયો હર્ષથી, રોમરોમે ઉમંગ ! ૯૦
અન્ય દિને ગાડામહીં, ગુણો ચણાની લઈ,
શરૂ કર્યું સત્કાર્ય ને કમી ન રાખી કંઈ. ૯૧
નિરંજનને અલખ કહે, દેખ આ ચમત્કાર,
મૂર્ત સ્વરૂપ બની ગયો, રંગનો સહજ વિચાર. ૯૨
અવધૂતજીના મન વિષે, થયું સહજ સ્ફુરણ :
"અહિંયાં ભૂખ્યાં પથિકને, કંઈક ખાદ્ય વિતરણ, ૯૩
રાખ્યું હોય તો કોઈ દિ, કોઈ ક્ષુધાતુર જન,
પાણી પીવા જેટલું મેળવે, અહીં ભોજન." ૯૪
હા ! જેવો અવધૂતને, વિચાર ઊઠે મન,
ત્યાં તો આવી પહોંચતો, ઈશપ્રેર્યો સજ્જન. ૯૫
વિચાર કાર્યાન્વિત થયો, શરૂ સદાવ્રત ત્યાંય,
થઈ ગયું ચણકતણું જો, એક દિવસની માંહ્ય. ૯૬
અદ્ભુત વાત અલખતણી, સૂણી નિરંજન બાળ,
વિસ્ફારિત નયનો કરી, પૂછી રહ્યો તત્કાળ : ૯૭
"અરે ! અરે ! ઓ અલખજી !, અવધૂતજીની માંહ્ય,
એવી કઈ શક્તિ હતી, જે વિચારે તે થાય ? ૯૮
વિચાર કરતાં તુરત થઈ, જાતો મૂર્તમંત,
વિચારની આ શક્તિને, સમજાવો ભગવંત !" ૯૯
આર્દ્ર હૃદયના અલખજી, સૂણી શિષ્યની વાણ,
અંતર દ્રવી બોલીયા, "સૂણ સૂણ શિષ્ય ! સુજાણ. ૧૦૦
સઘળે આ સૃષ્ટિ મહીં, જે જે ભાસે તેહ,
વિચારનું પરિણામ છે, મા કર તું સંદેહ. ૧૦૧
આજે તું છે જે કંઈ, એ તો છે પરિણામ.
ગઈ કાલના તાહરા, વિચાર જે તમામ. ૧૦૨
આજે જેવો તું બની, કરીશ મન વિચાર,
તેવી તારી આવતી કાલ થશે નિર્ધાર. ૧૦૩
માટે હરદમ મન વિષે, શિવ સંકલ્પો સેવ,
જેથી અત્ર-પરત્ર તું સુખ પામીશ તતખેવ. ૧૦૪
શિવસંકલ્પો સેવતાં, થાયે મનડું શુદ્ધ,
મનડું શુદ્ધ થતાં અહા ! માનવ થાય પ્રબુદ્ધ. ૧૦૫
પ્રબુદ્ધ માનવ તે પછી, સહજ કરે વિચાર,
તુર્ત સફળ તે થાય ને, લોક કે' ચમત્કાર ! ૧૦૬
હોય અંતઃકરણ જેટલું, શુદ્ધ આપણું જાણ,
ઈચ્છાશક્તિ તેટલી, પ્રબળ થાય તું માન. ૧૦૭
પ્રબળ ઈચ્છાશક્તિ થકી, થાતો મનુજ મહાન,
જે જે ઈચ્છા તે કરે, સફળ થાય તે માન. ૧૦૮
અંતર અવધૂતનું અહા ! હતું સ્ફટિક શું શુદ્ધ,
રાગ-દ્વેષના દ્વન્દ્વથી, ન'તું થયું એ લુબ્ધ. ૧૦૯
તેથી સહેજે એમને, ઈચ્છા થઈ લગાર,
તુર્ત જ સફળ થઈ અને , આમ બની રહી સાકાર ! ૧૧૦
આમ મન છે જેમનું, નિર્મલ, શુદ્ધ, અપાર,
ઈચ્છા તેની સફલ થઈ, સર્જતા ચમત્કાર. ૧૧૧
સહજ ઈચ્છા માત્રથી, અવધૂતજીની એમ,
સદાવ્રત શરૂ થયું, ચણાતણું ત્યાં તેમ. ૧૧૨
સાફસુફી ને દેખરેખ, સ્થાનની રાખવા આમ,
માણસ એક રાખ્યો હતો, મોરાર માછી નામ. ૧૧૩
અતિથિ આવે તેમને, ચણા દેત મોરાર,
કરતો સાથે સ્થાનની, સેવા વળી અપાર. ૧૧૪
સવારથી તે સાંજ સુધી, અવધૂતજીની આમ,
દિનચર્યા જોતો અને કરતો પોતે કામ. ૧૧૫
નવરાત્રિના દિન મહીં, કરી સ્પષ્ટ ઉચ્ચાર,
અવધૂતજી 'ગુફા' મહીં જાતા ધરવા ધ્યાન. ૧૧૬
ધ્યાન પછી ઊંચા સ્વરે, કરી સ્પષ્ટ ઉચ્ચાર,
પોતે તિહાં ગાતા હતા, ચંડીપાઠ તે વાર. ૧૧૭
ધન્ય ભાગ્ય મોરારનાં, સૂણે વારંવાર,
ગુફા પાસે આવીને, બેસે કરી નિર્ધાર. ૧૧૮

અવધૂતની અમૃતસમી, વાણીનું એ પાન,
કરતો વણસમજ્યે અહા ! થઈ જાતો મસ્તાન. ૧૧૯
અજાણતાં પણ મધુતણુ, બિંદુ કો જિહ્વા પર,
પડી જાય તો મુખ બધું, થઈ જાય તરબતર ! ૧૨૦
તેમ અહીં અવધૂતની, અમૃત-મીઠી વાણ,
વણસમજ્યે, મોરારના કર્ણપટે પડી જાણ. ૧૨૧
ધન ધન એ મોરારને, ધન ધન એના કાન,
અવધૂત વાણી સૂણવા, બન્યો એ ભાગ્યવાન. ૧૨૨
કોઈ વખત અવધૂતને, થતું જવાનું બહાર,
ત્યારે સ્થાનમાં એકલો, રહેતો'તો મોરાર. ૧૨૩
વાળીઝૂડી આશ્રમે રાખે સ્વચ્છ તમામ,
રેવાજળથી એ ધૂએ, ગુફા થાતાં શ્યામ. ૧૨૪
ધૂપ-દીપ કરે વળી, રાખે સાત્ત્વિક સ્થાન,
જાણે અવધૂતજી અહા ! ગયા નથી કંઈ આન ! ૧૨૫
એક દિવસ બપોરના, વિશાળ આ વન માંહ્ય,
એકલો મોરાર અહા ! ઓટલા પાસે ત્યાંય. ૧૨૬
ત્યાં તો એકાંતે અહા ! નિર્જન વનની જેહ,
ભીષણતા મોરારના હૈયે પ્રસરી એહ ! ૧૨૭
માનવની વસતી નહિ, દારુણ જો એકાંત,
કપરો કાળ બપોરનો, પામ્યો ભય નિતાંત. ૧૨૮
સીમ-શેઢે પણ તિહાં ! કરતું નહીં કો કામ,
ગાઉ બે ગાઉ દૂર હતાં, આજુબાજુનાં ગામ. ૧૨૯
બૂમો પાડે તોય પણ, સાંભળી શકે ના કોઈ,
એટલે દૂર વસ્તી હતી, ગભરાયો આ જોઈ. ૧૩૦
ધબકારા હૈયાતણા, ધકધક વધતા જાય,
નિર્જનતાના ભય થકી, મોરાર અતિ ગભરાય. ૧૩૧
ભય-પ્રસ્વેદે એહનું, પલળી ગયું શરીર,
થર-થર કંપે કાય ને ખોતો મનની ધીર. ૧૩૨
મનને ભયથી બચાવવા, આવી ગુફા પાસ,
પૂંજો વાળવા લાગિયો, સાવરણી લઈ ખાસ. ૧૩૩
પૂંજો વાળતો વાળતો, આવ્યો ગુફાને દ્વાર,
ત્યાં તો ગુફાથી આવતા સૂણ્યા શબ્દોચ્ચાર. ૧૩૪
અવધૂતજી ગુફા મહીં, બેસીને તે વાર,
ચંડીપાઠ કરતા હતા, કરી સ્પષ્ટ ઉચ્ચાર. ૧૩૫
શબ્દો સૂણી અવધૂતના, બાવરો થયો મોરાર,
ગાંડા માફક દોડતો, આવ્યો ગુફાને દ્વાર. ૧૩૬
જોયું તાળું ત્યાં વળી, બંધ હતું તે દ્વાર,
પાગલસમ મોરાર ત્યાં, ઊભો કરે વિચાર. ૧૩૭
ક્યારે અહીં આવ્યા અરે ! અવધૂતજી આ વાર ?
કોણે તાળું ખોલીયું, કોણે ઉઘાડ્યું દ્વાર ? ૧૩૮
કોણે અવધૂતને અહા ! મૂકી ગુફા મોઝાર,
સાંકળ-તાળું વાસીને, બંધ કર્યાં આ દ્વાર ? ૧૩૯
સમજ કંઈ પડતી નથી, શો થયો ચમત્કાર !
કેવી રીતે બાપજી, ગયા ગુફા મોઝાર ? ૧૪૦
ભયથી કંપે કાળજું, તોયે દોડી એમ,
નજીકના લીમડા ઉપર, ચઢી ગયો ઝટ તેમ. ૧૪૧
ત્યાંથી સંભળાયો અહા ! બાપજીનો સુસ્વર,
ઉચ્ચ અને સુસ્પષ્ટ વળી, ચંડીપાઠનો સ્વર. ૧૪૨
ગાંડો થયો મોરાર જો, ત્યાંથી કૂદ્યો એમ,
ગુફાના ધાબા ઉપર, પડ્યો કૂદીને તેમ. ૧૪૩
ધાબે કાન મૂકી અને સૂણવા લાગ્યો આમ,
તો ઉચ્ચ અવાજે બાપજી, બોલે શ્લોક અવિરામ. ૧૪૪
કૂદીને નીચે આવિયો, ગુફાની ચારે ગમ;
બની બાવરો ફરી રહ્યો સૂણતો શબ્દ અગમ ! ૧૪૫
સાંજ સુધી સૂણ્યા કરી, અવધૂતજીની વાણ,
મોરારે પાગલ બની, આશ્ચર્ય થકી જાણ. ૧૪૬
સાંજે આજુ-બાજુના, ખેતર કરવા કામ,
મજૂર થોડા આવતાં, આવી થોડી હામ ! ૧૪૭
વસ્તી થાતાં બંધ થઈ અવધૂતજીની વાણ;
મોરારકેરા અંતરે, આવ્યા પાછા પ્રાણ. ૧૪૮
આશ્ચર્યના અબ્ધિ મહીં, ડૂબી ગયો મોરાર,
મનનો ભય જાતાં તહીં, આવ્યો એક વિચાર ! ૧૪૯
"આજે કેટલા દિવસથી, બાપજી ગયા છે બહાર,
સાંકળ-તાળાથી કર્યાં, બંધ ગુફાનાં દ્વાર. ૧૫૦
કોણ પછી અંદર જઈ, કરતું મંત્રોચ્ચાર ?
સમજાતી આ કંઈ નથી, અવધૂત-લીલા અપાર." ૧૫૧
ત્યાં તો રાત પડી અને, સાયરના એક ભક્ત,
ગોર મૂળજીભાઈ જે, રંગચરણ આસક્ત. ૧૫૨

દરરોજે તે આવતા, રાત્રે સૂવા આંહ્ય,
વસ્તી રહે મોરારને, ભય ન લાગે ત્યાંય. ૧૫૩
મોરારે એ ગોરને, માંડીને બધી વાત,
કરી જે બની તે તિહાં, મધ્યાહ્ને સાક્ષાત્. ૧૫૪
મૂળજી ગોર વદ્યા હસી, ધન્ય ધન્ય મોરાર,
તેં તો આજ અનુભવ્યો, બાપજીનો ચમત્કાર. ૧૫૫
સાંભળી, આજ બપોરના, તુજને લાગી બીક,
બાપજીને તું બીએ, તે ના લાગ્યું ઠીક. ૧૫૬
ભય તારો ભગાડવા, પ્રભુએ ઘડીયો ઘાટ,
ગુફામાં થઈ પ્રગટ એ, કરવા લાગ્યા પાઠ. ૧૫૭
વળી નિજના ભક્તને, દેવા પ્રતીતિ જાણ,
અત્ર હું નારેશ્વરે, સદા વસું છું માન ! ૧૫૮
સ્થૂલ દેહે હું કદી, જાઉં અહીંથી બહાર,
સૂક્ષ્મ દેહે સદાય હું, "વસું સ્થાન મોઝાર." ૧૫૯
એમ કહીને ભક્ત એ, મૂળજી ગોર તે વાર,
નારેશ્વરની ભૂમિને કરી રહ્યા નમસ્કાર. ૧૬૦
મૂળજી ગોર પણ રંગના, હતા અનન્ય ભક્ત,
સેવામાં એ સ્થાનની સદા રહે આસક્ત. ૧૬૧
મુલાકાત અવધૂતની, થાતાં પહેલાં એહ,
હતા ભક્ત હનુમાનના, હતો સશક્ત દેહ. ૧૬૨
કોઈકવાર એ ગોરની, પડછંદ કાયા માંહ્ય.
પ્રગટ થતો હનુમાનનો, જબરો આવશે ત્યાંય ૧૬૩
કિકિયારી ત્યારે કરી, કંપાવે નિજ કાય,
વદી 'જય બજરંગબલી' શાંત ગોર થઈ જાય. ૧૬૪
હતા ગોર એ ગામના, લોકો દેતા માન,
કરી યજમાનવૃત્તિ એ ચલાવતા ગુજરાન. ૧૬૫
ગ્રામસહજ જે સરળતા, અજ્ઞજન્ય જે વહેમ,
રહે વેષ્ટિત તેથી છતાં, સહુ પર રાખે પ્રેમ. ૧૬૬
એક દિવસ કોઈએ કહ્યું: "નારેશ્વરમાં એક
'બાવો' આવ્યો છે અહા! જોવા જેવો છેક;" ૧૬૭
સૂણી વચન એ ભાઈના, બોલ્યા મૂળજીગોર,
એવા બાવા તો કંઈ જોઈ નાખ્યા ઠેર!" ૧૬૮
ગાંડી ઘેલી હનુમાનની, ગોર-ભક્તની વાત,
રંગો પૂરી રંગને, કીધી જો ભલી ભાત. ૧૬૯
સૂણી હસ્યા ખૂબ બાપજી, પછી એ ભાઈના સાથ,
મૂળજી ગોરને સ્વમુખે, કહેવડાવ્યું સાક્ષાત્. ૧૭૦
'કહેજો જઈને ગોરને, આજે તવ હનુમાન,
આવીને બેસી ગયા, નારેશ્વરને સ્થાન. ૧૭૧
મનમાં ઈચ્છા હોય તો, દર્શન કરવા કાજ,
નારેશ્વરના સ્થાનમાં, પહોંચી જાજો આજ." ૧૭૨
સંદેશો આ સૂણતાં, મૂળજીગોર તત્કાલ,
મોટો દંડો કર લઈ, નીકળ્યા ઘરની બહાર ! ૧૭૩
ગ્રામજનોઓ માન્યું કે આપણો ગાંડો ગોર,
બાવા સાથે ઝઘડશે, વદશે કંઈ કંઈ ઓર. ૧૭૪
તેથી એમની સાથ ત્યાં, ગ્રામજનો દસબાર,
ઝડપી ચાલે આવીયા, નારેશ્વરને દ્વાર. ૧૭૫
છીંડામાં પગ મૂકતાં, મૂળજી ગોરની ડાંગ,
કરમાંથી સરકી પડી, થયો અવાજ ખડિંગ. ૧૭૬
નીચા નમી લેવા જતાં, મુખમાં બીડી જેહ,
સળગતી સરકી પડી, પડી હાથ પર તેહ. ૧૭૭
હોલવતાં કર દાઝીયો, ત્યાં તો બોલ્યો એક,
ડાંગ-બીડી ભલે રહી, ચાલો અંદર છેક. ૧૭૮
છીંડામાં જો પેસતાં, શીખવે રંગ વિવેક,
ડાંગ-બીડી સહ સંતની, પાસે ન જઈએ છેક. ૧૭૯
મૂળજી ગોર ઢીલા પડ્યા, છીંડામાંથી આમ,
સંતની પાસે આવતાં, હારવા લાગ્યા હામ. ૧૮૦
દાબી પગલું બીકથી, આવે અવધૂત પાસ,
છૂટ્યા છક્કા સર્વ જો, મૂળજી ગોરના ખાસ. ૧૮૧
તેજ-પૂંજ એ મૂર્તિનાં, દર્શન કરતાં ત્યાંય,
મૂળજીગોર આશ્ચર્યથી, ભાન ભૂલી જાય ૧૮૨
શું જોયું? એ શેં કહે?, નિજ મનડાની વાત,
અવધૂતજીની મૂર્તિમાં, જુએ હનુમાન તાત! ૧૮૩
જોતાં ગોર ઢળી પડ્યા, અવધૂતચરણો માંહ્ય,
પોકે પોક રુદન કરે, ધૂએ અશ્રુથી પાય. ૧૮૪
સમર્પણ સર્વસ્વનું, કીધું ગોરે ત્યાંય;
તે દિનથી શ્રીરંગના, બન્યા ભક્ત નતકાય. ૧૮૫
વળી બન્યા એ સ્થાનના, નિજના નીમ્યા રખવાળ,
હનુમાન શા નિત કરે, ચોકી એ પ્રતિહાર. ૧૮૬
જ્યારે જ્યારે બાપજી, જાય સ્થાનની બહાર,
ત્યારે રાત્રે સ્થાનના, બને ગોર રખવાળ. ૧૮૭
ઈંટો આ પાયા તણી, નારેશ્વરની જાણ,
શી રીતે બિરદાવું હું? વંદું જોડી પાણ. ૧૮૮

લીલા અદ્‌ભુત રંગની, બાલક વર્ણવે કેમ?
કરે અલખ વિસ્તાર જો, આગળ અધ્યાયે એમ! ૧૮૯

ઈતિશ્રી રંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિંદોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે લીલારહસ્યવર્ણનં નામ પંચવિંશોऽધ્યાયઃ ॥૨૫॥ દોહરા ૧૮૯॥

## સપ્તાહપારાયણ - ૨ જો દિવસ

## અધ્યાય : ૨૬

પાયાની ઈંટો સમા, જૂના ભકતો જેહ,
બિરદાવી તે સર્વને, વધ્યા અલખ સુદેહઃ ૧
પાયાની ઈંટો મહીં, સહુથી પહેલું સ્થાન,
હરગોવિંદદાસતણું, દાસકાકા જે જાણ. ૨
અવધૂત પ્રત્યે એમની, શ્રદ્ધા હતી અપાર,
જીવનમહીં બન્યા અહા ! શ્રદ્ધાના ચમત્કાર. ૩
એ વિષે કહું કેટલું ? કહેતાં ન આવે પાર,
શ્રદ્ધા સર્જે છે અહા ! ક્ષણે ક્ષણ ચમત્કાર. ૪
દાસતણા કુટુંબ મહીં, પત્ની રુક્ષ્મણી તેમ,
દીકરી મૂળીબેનનો, અવધૂત પર અતિ પ્રેમ. ૫
અવધૂતજી નારેશ્વરે, અનુષ્ઠાને અતિ રત;
હતા ત્યારે આ બધાં, સેવા કરે સતત. ૬
નારેશ્વરમાં એક દિ', મૂળીબેને એમ,
આવી અવધૂતને પૂછ્યું : છે કંઈ સેવા કેમ? ૭
જોઈતું કરતું હોય તો, મંગાવી લો દેવ !
ભરૂચ જવાની છું પ્રભુ ! લાવી દઉં તતખેવ. ૮
પણ આ તો અવધૂત હતા, એને શાની ખોટ ?
રિદ્ધિ સિદ્ધિ નિજ પાસ હા ! કરતી દોટંદોટ. ૯
નિતાન્ત નિઃસ્પૃહ જે હતા, સદાય બેપરવાહ,
જેને કશું ન જોઈએ, સાત શાહનો શાહ. ૧૦
એવા અકિંચન બાપજી, અનોખા બાદશાહ,
સર્વ શમાવી કામના, બેઠા બેપરવાહ. ૧૧
નોખી અદા અવધૂતની, સદા રહે સંતુષ્ટ,
ખોટ કશાની ત્યાં નહિ, એનો નિધિ અખૂટ. ૧૨
સરળતાથી સહજ તિહાં, બોલ્યા સંત સમર્થ,
ના જોઈએ મારે કશું, શાને શ્રમ લો વ્યર્થ ? ૧૩
મૂળીબેન આગ્રહ કરે, કંઈક લાવવા માટ,
ફરી વિનંતી કરે : મંગાવો કંઈ તાત. ૧૪
ભકિત નીરખી બેનની, ભાવે ભીંજ્યા દેવ,
ધૂપ લાવવા દે રજા, ત્યારે જો એકમેવ. ૧૫
ધૂપ જ્યારે લાવીયાં, વદે અવધૂત એમ,
જૂઓ રોજ સવારના, આઠથી નવમાં તેમ. ૧૬
ધૂપ કરું છું હું અહીં, એ ધૂપતણી સુગંધ,
કહોણા તમારા ઘર વિષે, આવે જો અતિ મંદ; ૧૭
ત્યારે ધૂપ એ જાણજો, મુજને પહોંચ્યો ખચિત,
જાણીશ લાવ્યાં છો તમે, ભાવે શુદ્ધ ઉચિત ! ૧૮
સૂણી વચન અવધૂતનાં, મૂળીબેન તો ત્યાંય,
ડૂબી ગયાં ક્ષણભર અહા ! આશ્ચર્યાબ્ધિ માંહ્ય. ૧૯
વિચારતાં સમજાય નહીં, કહોણા મારું ગામ,
ત્રણ માઈલ દૂર છે અહા ! ત્યાં શું ધૂપની આમ ૨૦
આવે સુગંધ શી રીતે ? બનવું સાવ અશકય,
છતાંય આ તો સંત છે, કરે અશકય શકય! ૨૧
એમ વિચારી ઘેર ગયાં, વિસરાઈ ગઈ આ વાત,
બીજે ગુરુવારે મળ્યો, ના કોઈનો સંઘાત. ૨૨
તેથી એ ના જઈ શકયાં, નારેશ્વર તે દિન,
ગુરુદર્શન વિણ એમનું, વિકળ થયું છે મન ! ૨૩
આજે છે ગુરુવારનો, નકોરડો ઉપવાસ,
ચૂલો સળગાવવો નથી, રસોઈ કરવા ખાસ. ૨૪
તેથી સ્મરતાં સદ્‌ગુરુ, બેઠા થઈને ઉદાસ,
ત્યાં તો હા ! પરસાળથી, આવવા લાગી સુવાસ. ૨૫
પલભરમાં સુવાસ એ, આખા ઘરમાં એમ,
વ્યાપી ગઈ, ઘર થઈ ગયું, મ્હેંક મ્હેંક બધું તેમ. ૨૬
કોણે ધૂપ કર્યો હશે, મારા ઘરની માંહ્ય ?
મેં તો આજે અગ્નિ પણ, પેટાવ્યો નથી ક્યાંય ! ૨૭
એમ વિચારી ત્વરિત એ, દોડ્યાં ઘરની માંહ્ય,
ચૂલો તો ટાઢો હતો, અગ્નિ-કણી ના ક્યાંય ! ૨૮

આડોશી-પાડોશીએ, કદાચ એમને ઘેર,
ધૂપ કર્યો હોયે કદી, આવે એની લ્હેર. ૨૯
આજુ બાજુ જઈ બધે, પૂછવા લાગ્યાં એમ,
અરે ! તમે તમ ઘર મહીં, ધૂપ કર્યો કે કેમ ? ૩૦
પડોશીઓ બોલ્યાં હસી, અરે ! ગાંડી ! બેન !
આપણા ગામમાં ધૂપ શા ? મા કાઢીશ તું વેણ. ૩૧
મૂંઝાયાં મૂળીબેન ને તુરત ગયાં નિજ ઘેર,
મ્હેંક મ્હેંક વ્યાપી રહ્યું, ધૂપથી સારી પેર. ૩૨
સમજ કંઈ પડતી નથી, આ તે શું કહેવાય ?
અગ્નિ-ધૂપ વિના ઘર બધું, મ્હેંક મ્હેંક થઈ જાય ! ૩૩
વિચારમાં દિઙ્મૂઢ એ, થઈ ગયાં પલવાર,
ત્યાં તો શબ્દો રંગના, ચમક્યા મનમોઝાર. ૩૪
દરરોજ સવારે આઠ ને નવની વચ્ચે આંહ્ય,
ધૂપ કરું છું, ધૂપની સુગંધ તમ ઘર માંહ્ય, ૩૫
આવે તો તમે જાણજો, ધૂપ તમારો એહ,
પહોંચ્યો છે મુજને વળી, દેવે ગ્રહ્યો છે તેહ. ૩૬
એકદમ ઘડિયાળમાં, જોયું તેણીવાર,
સાડા-આઠ બરાબર, થયા હતા તે વાર. ૩૭
મૂળીબેનની આંખથી, આનંદાશ્રુ એમ,
વહી રહ્યાં દડ-દડ અહા ! ભાવભક્તિથી તેમ. ૩૮
શ્રદ્ધા મૂળીબેનની, અવધૂત પ્રત્યે એમ,
અનેક ગણી વધી ગઈ, હરખ્યું હૈયું તેમ. ૩૯
ત્રણ માઈલની દૂરી પર, મોકલે ધૂપ સુગંધ,
તેને મનુષ ન માનશો, અવતારી એ સંત. ૪૦
ભક્તોની ભક્તિ અને શ્રદ્ધા ને વિશ્વાસ,
આવા દિવ્ય પ્રસંગથી, થાયે મજબુત ખાસ. ૪૧
સાચા સંતો ચાહીને, કોઈ દિ' કે કો'વાર,
જનગણ મુગ્ધ પમાડવા, કરે ના ચમત્કાર. ૪૨
પણ સાચા સંતોની અહા ! આજુબાજુ આમ,
આપોઆપ થયા કરે, ચમત્કારો તમામ. ૪૩
શ્રદ્ધા સાચા ભક્તની ને સંતનું સુતપ જેહ,
ચમત્કાર સર્જે બધે, મા કર તું સંદેહ. ૪૪
શ્રદ્ધા ભક્તની, સંતના તપનો આવિષ્કાર,
ચમત્કાર પલ-પલ કરે, દેખે દેખણહાર. ૪૫

દાસકાકાને હતી, શ્રદ્ધા અવધૂત પર,
એવી જબરજસ્ત કે એ હતા તત્પર; ૪૬
ન્યોછાવર કરવા અહા ! અવધૂત પર નિજ પ્રાણ,
તન-મનધન નિજ સર્વ હા ! સદ્‌ગુરુચરણે જાણ. ૪૭
સર્વ સમર્પણ કરી દીધું, ધન્ય દાસ એ ભક્ત,
સદ્‌ગુરુચરણ સિવાય એ, ના બીજે આસક્ત. ૪૮
એક વખત અવધૂતના, તનમાં પ્રગટ્યો જ્વર,
તપ્તલોહ સમ તપી રહ્યું, દિવ્ય અંગ શુભવર. ૪૯
અગ્નિના ગોટા સમા, નીકળે શ્વાસોચ્છ્વાસ,
તોયે અવધૂત મોજથી, બેઠા કરતા હાસ. ૫૦
તપ્ત અંગ આ જોઈને, થયા ખિન્ન બહુ દાસ,
દેશી ઔષધ ભક્ષવા, કરે વિનંતી ખાસ. ૫૧
અવધૂતજી તો ના કદી લેતા ઔષધ ક્યાંય,
દંડ દેહના, દેહ ભલે ભોગવી લેતો આંહ્ય. ૫૨
રેવા જલ ઔષધ અને, વૈદ્ય સદ્‌ગુરુ નાથ,
એવું કહી અવધૂતજી, ભીડે રોગથી બાથ. ૫૩
દાસકાકા દિલ મહીં, કરતા દુઃખ અપાર,
લેવા ઔષધ રંગને, વિનવે વારંવાર. ૫૪
પ્રભુ ! દવા કંઈ લો તમે, જેથી જ્વર આ જાય,
ઘર કરી જશે તાવ આ, પછી કદિ નહિ જાય. ૫૫
સૂણી વચન એ દાસનાં, બોલ્યા અવધૂત વાણ,
જાણે ધ્વાંત-અનંતમાં, પ્રગટ થયો છે ભાણ ! ૫૬
અરે દાસકાકા તમે, કેમ ભૂલ્યા વિવેક ?
આવેલા મે'માનને, કાઢી મૂકાય છેક ? ૫૭
ઘર પૂછીને આવિયા, આજે જ્વર મહેમાન,
કર્યા વિના મહેમાનગતિ, વળી વિવિધ સન્માન. ૫૮
કેમ આજ ને આજ હું, આપી દઉં વિદાય ?
તમે કહો એ ગૃહસ્થની, સાચી રીત કહેવાય ? ૫૯
એમ હસી-હસાવીને, નિજ દુઃખનો અણસાર,
બીજાને ન આવવા, દેતા રંગ લગાર. ૬૦
પણ સામે પક્ષે દાસ પણ, એવા ભક્ત અનન્ય,
કંઈ પણ ઉપાય કર્યા વિના, જંપે ના એ ધન્ય. ૬૧
તે સમયે અવધૂતજી, રણાપુર મોઝાર,
આવ્યા ભાઈ બીજ મિષે, કલિમલતારણહાર ! ૬૨

તનમાં તાવ અપાર ને અન્ન ન કણ લેવાય,
જ્વર-તૃષાની પીડથી, શોષ પડે મુખ માંહ્ય. ૬૩
શીતલ જલ પીવાતણી, ક્ષણ ક્ષણ ઈચ્છા થાય,
તન ધ્રુજે જ્વર-તાપથી, બેઠું ના રહેવાય. ૬૪
અવધૂતજીના શરીરની, આવી હાલત જોઈ,
ભક્ત દાસના હૃદયમાં, અતિશય પીડા થઈ. ૬૫
તેથી અવધૂતજી જ્વરનો કોઈ ઉપાય,
તત્ક્ષણ કરવા દાસ ત્યાં, વિચાર કરે મન માંહ્ય. ૬૬
એક ઉપાય વિચારિયો, કડવા બાફનો ન્યાસ,
આપ્યો હોય તો તાવ આ, જરૂર ભાગે ખાસ. ૬૭
અન્ય દિને વિચાર કરી, કડવી ઝેર સમાન,
વનસ્પતિઓ કંઈ કંઈ અહા ! મંગાવી બહુ જાણ. ૬૮
ખૂબ ઉકાળી એ બધી, વનસ્પતિ કટુ-ઝેર,
કડવી-વખ વરાળ ત્યાં, નીકળી સારી પેર. ૬૯
દાસે વિનવ્યા રંગને, લેવાને એ નાસ,
અવધૂત આવી બિરાજીયા, નાસ-વાસણ પાસ. ૭૦
કડવી-ઝેર વરાળનો, લેતા અવધૂત ન્યાસ,
તે સમે કંઈ ભક્ત હા ! બેઠા'તા આસપાસ. ૭૧
તેમાંના એક બોલિયા, લાવીને મનભાવ,
કહો બાપજી ! શી રીતે, જાય આપનો તાવ ? ૭૨
રમૂજ-ભંડાર રંગજી,રમૂજ કરતાં ત્યાંય,
બોલ્યા મારા તાવનો, સૂણજો કહું ઉપાયઃ ૭૩
તમમાંથી કોઈ એક જણ, આ પાણીનો એક,
ચમચો ભરી પી જાય તો, તાવ મારો છેક; ૭૪
ભાગે મુઠ્ઠી દઈ અને ફરી ન આવે આંહ્ય,
બોલો છો તૈયાર કો' કરવા આ ઉપાય ? ૭૫
સૂણતાં શબ્દો રંગના, દાસકાકા તત્કાળ,
રકાબી લઈ આવીયા, ક્ષણે ન લાગી વાર. ૭૬
કડવું વખ એ બાફનું, લીલું કચ એ નીર,
રકાબી ભરી પી ગયા, જાણે પીતા ક્ષીર. ૭૭
મોવાળા ઊભા કરે, એવું કડવું વખ,
કાઢે ધાવણ છઠ્ઠીનું, થાયે કદી ન પરખ. ૭૮
કડવો એનો સ્વાદ ને કડવી એની ગંધ
જોતાં ઉલટી થાય અને નાક કરે સૌ બંધ. ૭૯

વળી નાસ લેવા થકી, અંગ-અંગથી ત્યાંય,
પરસેવો રેલાય ને પડે પાત્રની માંહ્ય. ૮૦
તોયે કટાણું સ્હેજ પણ, મુખડું કર્યા સિવાય,
અમૃત પીતા હોય તેમ, પી ગયા ક્ષણ માંહ્ય. ૮૧
આવો હતો દાસતણો, અવધૂત પ્રત્યે પ્રેમ,
સર્વ સમર્પણ કરી દીધું, રંગપદે સૌ ક્ષેમ ! ૮૨
સાંભળ શિષ્ય કહું તને, દાસનો દેખી ભાવ !
દૂર થયો તે દિન થકી, અવધૂતજીનો તાવ, ૮૩
કસોટી કરી દાસની, અવધૂતજીએ આમ,
દાસ્યભક્તિ વિજયી બની, નાઠાં દુરિત તમામ. ૮૪
અવધૂતજી પણ ભક્તની, પળ-પળ લે સાંભળ,
કઠિન સમયે દાસના, ખડા થાય તત્કાળ. ૮૫
નિષ્ઠા જેવી ભક્તની, ફળ તેવું તત્કાળ,
અર્પે એ અવધૂત હા ! ભક્તતણા પ્રતિપાળ. ૮૬
તે સમે સણિયાદના, સોની શિવલાલ નામ,
મોટી નાણાંભીડથી, હારી ગયા'તા હામ. ૮૭
પરગજુ દાસે જાણ્યું એ, પહોંચ્યા એની પાસ,
મોટી રકમ ધીરી તિહાં, રાખી ઉર વિશ્વાસ. ૮૮
વર્ષો ખાસ્સાં વહી ગયાં, દેવાનું ન લે નામ,
નાણાંની તો વાત કેવી! કરે છે રામ રામ. ૮૯
કરે દાસ ઉઘરાણી તો, કરતાં આંખો લાલ,
જવાબ ઉડાઉ આપતો, કપટી એ શિવલાલ. ૯૦
જવાબ આવા ઘણા સૂણી, ચઢ્યો દાસને કાળ,
દાવો કરજણ કોર્ટમાં, મૂકી દે તત્કાળ. ૯૧
કરે શું શિવલાલ તદા, પાવતી ખોટી એક,
બનાવી બે હજારની, ખોટી સાક્ષી છેક ! ૯૨
બનાવટી એ પાવતી, ખોટી સહીની જેહ,
કરજણ કેરી કોર્ટમાં, રજૂ કરી એ તેહ. ૯૩
જાણીને આ દાસને, થયું અતિશય દુઃખ,
હારીશ તો સમાજમાં, શું દેખાડીશ મુખ? ૯૪
આવા વિચારે દાસને, ચિંતા જબરી થાય,
અન્ન-ઉદક ભાવે નહિ, પળ પળ જીવ મૂઝાય. ૯૫
હડિયાદોટ ખૂબ થતી, કોર્ટ કચેરી માંહ્ય,
અણધારી મુસીબત અહા ! કાળજું કોરી ખાય. ૯૬

અંતર્યામી અવધૂત તે, ઘટ ઘટ જાણનહાર,
દુઃખ દાસનું જાણી ગયા, ક્ષણે ન લાગી વાર. ૯૭
બને ભક્ત બેચેન તે, પ્રભુથી જોયું ન જાય,
ત્રાણ કરવા ભક્તતણી, જલદી વ્હારે ધાય. ૯૮
તેડે અવધૂત એક દિ' માણસ મોકલી ખાસ,
રણાપુરથી દાસને, બોલાવ્યા નિજ પાસ. ૯૯
પ્રભુએ પૂછ્યું પ્રેમથી, કહો કહોને દાસ !
હમણાં હમણાંના તમે, રહેતા કેમ ઉદાસ ? ૧૦૦
ચિંતામણિ તમ પાસ છે, શાને થાતું દુઃખ ?
કહો કહો વિટંબણા, મ્લાન થયું કયમ મુખ ? ૧૦૧
શબ્દો સૂણતાં સંતના, દાસના દિલની માંહ્ય,
ઉમટે લાગણીપૂર ને નયને જલ ઉભરાય. ૧૦૨
સંતશબ્દની શક્તિથી, મર્યાદાની પાળ,
તૂટી ગઈ એ ભક્તની, બોલે વચન તત્કાળ. ૧૦૩
નાથ જાણો આપ બધું, અંતર્યામી દેવ,
પૂછો તોયે ભક્તને? ખરી પડી છે ટેવ ! ૧૦૪
કરો કસોટી ભક્તની, પૂછી પ્રશ્નો આમ,
એમ કહી દાસે કહી, જાતે વાત તમામ. ૧૦૫
વાત સૂણી એ દાસની, અવધૂતજી તે વાર,
અમૃતવાણી ઓચર્યા, જાણે ખરી ફૂલ-ઝારઃ ૧૦૬
"દાસ! તમારો બોજ સૌ, પ્રભુચરણની માંહ્ય,
મૂકી દઈ એકવાર જો, થાઓ નચિંત આંહ્ય. ૧૦૭
સત્ય તમારા પક્ષમાં, શાને છે પછી ધાક?
અસત્ય આતંક ભાગશે, સૂણતાં એની હાક. ૧૦૮
સત્ય ઉપર નિર્ભર તમે, સદાયે રહેજો દાસ,
સત્યાશ્રયે રહેનાર કદી, થાએ ના નિરાશ. ૧૦૯
જાઓ તમારા રૂપિયા, ખોટા કદી નહિ થાય.
અવધૂત તમ પડખે ઊભો, ધરી દંડ કર માંહ્ય. ૧૧૦
તમે તમારે શાંતિથી, ભજન કરો બની દીન,
લેણું ખોટું થાય તો, અવધૂત છે જામીન. ૧૧૧
મુખમાં હરિનું નામ ને હૈયે અક્ષય હામ,
મનમાં શિવ સંકલ્પથી, કરોને મંગલકામ. ૧૧૨
ચિંતા છોડો સર્વ આ, છોડો ક્ષુદ્ર વિચાર,
વિજય તમારો છે નકી, સત્ય સત્ય ત્રિવાર." ૧૧૩

કાદવ કચરો વહી જતાં, પડતાં જલપ્રપાત,
સ્વચ્છ શીતલ નીર અહા ! આપે છે આહ્લાદ. ૧૧૪
વહેતાં ગુરુવાણીતણો, અમૃત કેરો ધોધ,
દાસવિટંબણા વહી ગઈ, ક્યાંયે વિના વિરોધ. ૧૧૫
ઉજાસ અંતરમાં થયો, પ્રગટ્યો જ્ઞાનપ્રકાશ,
અજ્ઞ તિમિર ભાગી ગયું, હૈયે થઈ હળવાશ. ૧૧૬
અલખ કહે સૂણ શિષ્ય હે! સંતના શબ્દો માંહ્ય,
શક્તિ જબરી એવી કે ચમત્કાર સર્જાય. ૧૧૭
અંધ દેખે વિશ્વને, મૂંગો બને વાચાળ,
પંગુ પર્વત કૂદીને, ચાલે ગજબની ચાલ. ૧૧૮
રોગી નિરોગી થાય ને આવે શબમાં પ્રાણ,
ભાગે નિદ્રા જુગજુની, સંતશબ્દથી જાણ. ૧૧૯
ગંગાજલ સમ સંતનું, હૃદય સદા નિર્મલ,
શિવ સંકલ્પો સંતના, પર્વત સમ નિશ્ચલ. ૧૨૦
સૂણી શબ્દ સદ્ગુરુતણા, દાસનાં મોહ ને આહ,
મૂઠી દઈ ભાગી ગયાં, પ્રગટ્યો મન ઉત્સાહ. ૧૨૧
શોક-મોહના દૈત્યને, કરવાને નિષ્પ્રાણ,
સદ્ગુરુ કેરા શબ્દ, તાતાં તીર તું જાણ. ૧૨૨
જગદ્ગુરુ શ્રીકૃષ્ણના વાગ્યાં તત્ક્ષણ જાણ.
શોક-મોહ અર્જુનનાં, ભાગ્યા તત્ક્ષણ જાણ. ૧૨૩
તેમ અહીં અવધૂતના, સૂણતાં શબ્દો તુર્ત,
વિટંબણાઓ દાસની, નાસી ગઈ સમસ્ત. ૧૨૪
કરજણ કેરી કોર્ટમાં, ચાલતો દાસનો કેસ,
તારીખ પર તારીખ પડે, હવે રહ્યો ના શેષ. ૧૨૫
છેલ્લી તારીખ આજ હતી, અગત્યના કાગળ,
દસ્તાવેજો એ બધું, ન્યાયાધિશની આગળ ૧૨૬
રજૂ કરવાનું હતું આજ કોર્ટમાં આમ,
હારજીતનો આજ હા! અંતિમ હતો સંગ્રામ. ૧૨૭
દાસકાકાએ એ થકી, ચીવટ રાખી આમ,
કાગળો દસ્તાવેજના, ભેગા કર્યા તમામ. ૧૨૮
વકીલ ફી, કાગળ બધાં, જોઈ જોઈ પ્રત્યેક,
લઈને ખૂબ કાળજી, પોટલી બાંધી એક. ૧૨૯
મળસ્કે નીકળી ગયા, દઈ સદ્ગુરુનું નામ,
ગાડીમાં બેસી અને આવ્યા કરજણ ગામ. ૧૩૦

કરજણ સ્ટેશન આવતાં, ઉતાવળમાં એહ,
છત્રી-લાકડી લઈને, ઉતરી પડતા તેહ. ૧૩૧
પોટલી દસ્તાવેજની, રહી ગાડી માંહ્ય,
લેવાનું ભૂલી ગયા, સ્મરણ રહ્યું ના ક્યાંય. ૧૩૨
માણસ અતિ ચોક્કસ હતા, દાસકાકા આમ,
તોયે ભૂલ્યા પોટલી, ભાવિનું આ કામ. ૧૩૩
ઉતારૂ અન્ય સર્વ જો, નીકળી સ્ટેશન બહાર,
પોતપોતાના મારગે, પડી ગયા તત્કાળ. ૧૩૪
દાસકાકા પણ નીકળ્યા, જવા વકીલને ઘેર,
અર્ધે રસ્તે આવતાં, આવી સ્મરણની લહેર. ૧૩૫
આવતાં લહેર સ્મરણની, સ્મૃતિ પોટલીની થઈ,
હોશ-કોશ ઊડી ગયા, જોવા જેવી થઈ ! ૧૩૬
હાંફળા-ફાંફળા દોડિયા, ભૂલી તનનું ભાન,
ચોંટી તાળવે જીવ ગયો, થઈ ગઈ બંધ જબાન. ૧૩૭
છાતી-શ્વાસ ભરાઈ ગયો, આવ્યા ગાડી પાસ,
એક-એક ડબ્બા મહીં, કરી ખૂબ તપાસ. ૧૩૮
પણ હાય ! પોટલી ના મળી, થયા ખૂબ નિરાશ,
બની બાવરા વિપદથી, નાખી રહ્યા નિઃશ્વાસ. ૧૩૯
રુપિયા રાણા થવાતણું, નો'તું દુઃખ લગાર,
દુઃખ હતું નિજ શાખનું, જો થાયે અહીં હાર. ૧૪૦
જુઠ્ઠા પડે સમાજમાં, લોકમાં હાંસી થાય,
રુપિયા લાખની શાખ જે, પલમાં રાખ થઈ જાય. ૧૪૧
આ વિચારે દાસને, થાતું અતિશય દુઃખ,
અરે ! અરે ! સમાજમાં, શું દેખાડીશ મુખ ? ૧૪૨
એમ શોક કરતાં હૃદયે, સમર્યા સદ્ગુરુ નાથ,
દોડ દોડ હે ગુરુવરા ! અનાથના હે નાથ ! ૧૪૩
તારા ભરોંસે માહરી, મેં તો જીવન નાવ,
છૂટી ભરદરિયે મૂકી, હવે તું જ બચાવ. ૧૪૪
આજ સુધી હે ગુરુવરા ! મુજને વિપદની માંહ્ય,
ઘડીએ ઘડીએ આવીને, તેં જ કરી છે સહાય. ૧૪૫
ભોળા તારા ભક્તને, ના વિસારીશ આજ,
ગરીબ જાશે ક્યાં બીજે, છોડી ગરીબનવાજ. ૧૪૬
દાસહૃદયની પ્રાર્થના, સૂણતાં તેણી વાર,
સ્મર્તૃગામી અવધૂતને, થયો ત્યાં જ અણસાર. ૧૪૭
ભીડભંજન ભગવાન એ, ભીડમાં ભક્તને આમ,
જોતાં દોડે તુર્ત એ, છોડી સઘળાં કામ. ૧૪૮
દુઃખ દિલડે દાસ જ્યાં, ઊભા હતા ત્યાં એક,
મુસલમાનનો છોકરો, દોડતો આવ્યો છેક. ૧૪૯
હાથમાં એના પોટલી, મુખપર મધુરું હાસ્ય,
બોલ્યો અરે ! કાકા તમે, કેમ ઊભા ઉદાસ ? ૧૫૦
ખોવાઈ છે તમ પોટલી? દુઃખી લાગો એમ ?
જુઓ જુઓ આ પોટલી, તમારી છે કે કેમ ? ૧૫૧
પૂછી એવું પોટલી, મૂકતા દાસને હસ્ત,
મધુર સ્વરે આગળ વધ્યો, યવનકિશોર એ મસ્ત. ૧૫૨
જુઓ તપાસીને બધું, છેને એમનું એમ ?
રુપિયા કાગળ વા કંઈ, ગયું નથી કે કેમ ? ૧૫૩
જોતાં નિજની પોટલી, દાસકાકા તે વાર,
હર્ષે ઘેલા થઈ ગયા, કેવો આ ચમત્કાર ! ૧૫૪
આશ્ચર્ય-આનંદથી, દાસકાકા પલભર,
દિઙમૂઢ થઈ એ બાળને, જોઈ રહ્યા મનભર. ૧૫૫
જાત સંભાળે તે પછી, દાસકાકા તે ઠામ.
જોઈ લીધા ઝડપથી, દસ્તાવેજ તમામ. ૧૫૬
જોઈ સલામત કાગળો, હરખ્યા દાસ અપાર,
ઈનામ કંઈ આ કિશોરને, દેવા કરે વિચાર. ૧૫૭
ત્યાં તો બોલ્યો કિશોર એ, છે ને સબ સલામત ?
મેં તો તમારા હાથમાં, જોઈ'તી આ અનામત. ૧૫૮
ભૂલી તમે એ ગાડીમાં, ચાલ્યા ગયા આગળ,
જલદી જલદી આપવા, દોડ્યો હું પાછળ. ૧૫૯
બજાર બધું ફરી વળ્યો, મળ્યા ન પણ ક્યાંય,
સ્ટેશન પાછો આવતાં, દીઠા તમને આંહ્ય. ૧૬૦
લઈ લો તમારી પોટલી, કરશો ના સંતાપ,
એમ કહી એ છોકરો, ચાલવા લાગ્યો આપ. ૧૬૧
દૂર હજુ તો ગયો નથી, ડગલાં માંડ બે ચાર,
ત્યાં તો દિલમાં દાસના, આવ્યો એક વિચારઃ ૧૬૨
એને કંઈ શિરપાવ કે ચા - નાસ્તો ભોજન,
આપું જે કંઈ માગે તે, સુધર્યો મારો દન. ૧૬૩
એમ વિચારી દાસ જ્યાં, પાડવા જાય છે બૂમ,
અવધી થઈ આશ્ચર્યની, થયો કિશોર એ ગૂમ ! ૧૬૪

વિસ્ફારિત નયનો કરી, ચારે બાજુ આમ,
શોધવા લાગ્યા પણ વૃથા, થયા પ્રયત્ન તમામ. ૧૬૫
નો'તો આવ્યો કિશોર એ, ઈનામ લેવા કાજ,
ચા - નાસ્તા વા દાસનો, લેવા માટે આજ. ૧૬૬
ભક્તસખા એ તો હતો, કર્યું ભક્તનું કામ,
નિજ રસ્તે ચાલ્યો ગયો, સદા સરળ નિષ્કામ. ૧૬૭
જોઈ અવનવું આ બધું, દાસ વિચારે મન,
જરૂર મારા સદ્ગુરુ, આવ્યા બની યવન !! ૧૬૮
મને વિપદમાં જોઈને, સૂણી પ્રાર્થના એહ,
સ્મર્તૃગામી અવધૂત અહીં, આવ્યા નિઃસંદેહ. ૧૬૯
કૃતજ્ઞભાવે દાસનું, હૈયું ગદ્ગદ્ થાય,
ફરી ફરી વંદી રહ્યા, ધન્ય ધન્ય ગુરુરાય ! ૧૭૦
ગયા વકીલ સહ કોર્ટમાં, લાગી જૂઠને ઠેસ,
સત્યતણો જય જય થયો, દાસને આંચ ન લેશ. ૧૭૧
ભક્તને કાજે ભૂધરા, વિધવિધ વેષે આમ,
દોડી જઈ નિજ ભક્તનાં, કરે સફળ સહુ કામ. ૧૭૨
કામ પતાવી કોર્ટનું, લઈને પ્રસાદનાં-હાર,
ગુરુચરણે સીધા ગયા, જે છે પ્રાણાધાર. ૧૭૩
મૂક્યું મસ્તક શ્રીપદે, વહે નયન જલધાર,
શબ્દ એક નીકળે નહીં, દિલ ભરાયું અપાર. ૧૭૪
દાસ હજુ કંઈ બોલવા, જાયે ત્યાં તો અવાજ,
મોટો કાઢી બોલિયા, યોગીના શિરતાજ. ૧૭૫
આવી રીતે દાસ હે ! દાવો શેં જીતાય ?
અગત્યના કાગળતણી, પોટલી રવળી જાય ! ૧૭૬
મોં ખોલીને દાસ કંઈ, કહેવા કરવા જાય,
ત્યાં તો ખળખળ હાસ્ય કરી, બોલ્યા સદ્ગુરુરાય. ૧૭૭
અરે ! દાસ આજે તમે, કરજણથી મુજ માટ,
શું લાવ્યા તે તો કહો માંડીને બધી વાત. ૧૭૮
હવે પછી ફરીવાર તમે, કરજણ જાઓ દાસ,
મુજ માટે મુસ્લિમ સમી, ટોપી લાવો ખાસ. ૧૭૯
સૂણી વચન અવધૂનાં, દાસ થયા દિઙ્મૂઢ,
સજલ નેત્રથી નમી રહ્યા, સૂણી વચન એ ગૂઢ ! ૧૮૦
તે દિવસથી દાસનો, થયો દેવભાવ સ્થિર,
થઈ શ્રદ્ધા દૃઢ વધુ, ચરણે મૂક્યું શિર. ૧૮૧
અલખ નિરંજનને કહે, અવધૂતજીએ આમ,
ભક્તભાવને વશ થઈ, કીધાં અલૌકિક કામ ! ૧૮૨
તારો જામીન હું જ છું, દાસને કહ્યાં વચન,
તે વચનને પાળવા, થયા અવધૂત યવન !! ૧૮૩
કામ કીધાં ભક્તોતણાં, થઈ આનંદની હેલ,
અનુભવો આવા બધા, છે શ્રદ્ધાના ખેલ. ૧૮૪

અલખ નિરંજનને કહે,બાલકને ગુરુદેવ !
લીલા અદ્ભુત રંગની વદાવશે તતખેવ. ૧૮૪

**ઈતિશ્રી રંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિંદોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે લીલારહસ્યવર્ણનં નામ પંચવિંશોઽધ્યાયઃ ॥૨૬॥ દોહરા ૧૮૫॥**

## અધ્યાય : ૨૭

અત્યાનંદે મસ્તીમાં, સદ્ગુરુ અલખ દયાળ,
અમૃતકથા અવધૂતની, આગળ કહે તત્કાળ. ૧
સૂણ નિરંજન બાળ તું, સદ્ગુરુકથા પાવન,
ચિત્ત શુદ્ધ થાશે અને થાશે નિર્મળ મન. ૨
પ્રાણાયામતણો હતો, બાકી અભ્યાસ જેહ,
સ્થિર નારેશ્વરમાં રહી, પૂર્ણ કર્યો સહુ તેહ. ૩
'દત્તપુરાણ' પારાયણો, અષ્ટોત્તરશત જાણ,
એક જ આસને બેસીને, કર્યાં પૂર્ણ સૌ માન. ૪
અનુષ્ઠાન પૂરું થતાં, અવધૂત કરે વિચાર,
ઉદ્યાપન વિધિવત્ એહનું, કરવાને તે વાર. ૫
આવ્યો એક વિચાર ત્યાં, અવધૂતના મન માંહ્ય ?
ઉદ્યાપન-ખર્ચનું, કોણે કહેવું આંહ્ય? ૬
ત્યાં તો સદ્ગુરુજીતણો, મળ્યો ભવ્ય આદેશ,
ઉદ્યાપનના ખર્ચનું કોઈને ન કહેવું લેશ ! ૭
જાતે તપ કરી તેં કર્યું, કઠિન આ અનુષ્ઠાન,
ઉદ્યાપન કરવું ઘટે, જાતે તપ કરી માન. ૮

નિષ્કામ તપસ્વીતણું, હોય ઉદ્યાપન ભિન્ન,
આચર હું કહું તેમ તું, થાતો ના તું ખિન્ન. ૯

એકસો ને આઠ તેં, કરિયાં પારાયણ,
વરદ દત્તપુરાણતણાં, રહીને ગુરુપરાયણ. ૧૦

માટે રેવામાતની, પરિક્રમા શુભવર;
દિવસ એકસો આઠમાં, કરવા નિશ્ચય કર. ૧૧

શ્રદ્ધા રાખી નિયમથી, પગે ચાલીને એમ,
માત નર્મદાજીતણી, કર પરિક્રમા તેમ. ૧૨

જોઈ એવું સ્વપ્નમાં, સદ્‌ગુરુનું દૃષ્ટાંત,
અવધૂત આનંદે અતિ, હૈયું થાતું શાંત. ૧૩

અવધૂતે નક્કી કર્યું, પરિક્રમાને કાજ,
ત્યાં તો સ્વપ્ને પ્રગટિયા, સ્વયં ગુરુ મહારાજ. ૧૪

મલકત મુખથી સ્વામીના, શબ્દો સરતા એમ,
જાણે સુમન સરી રહ્યાં, ગુરુમુખદ્રુમથી તેમ : ૧૫

તારા અનુષ્ઠાનના, ઉદ્યાપનને કાજ,
પરિક્રમા રેવાતણી, બંધ રાખ તું આજ. ૧૬

બ્રહ્મચારી સૂણ હવે ! જા તું દક્ષિણ માંહ્ય,
જોઈ તારી રાહ જો, બેઠો ગાંડો ત્યાંય ! ૧૭

વિના વિલંબે જઈ તિહાં, અહિંથી સીધો આમ,
પહોંચી ગાંડા પાસ જા, પતાવ ત્યાંનું કામ. ૧૮

દૃષ્ટાંત એવો દેખતાં, અવધૂત કરે વિચાર,
કોણ હશે ગાંડો ? વળી, ક્યાં જવું આ વાર ? ૧૯

દક્ષિણમાં ક્યા સ્થાન પર, મળશે ગાંડો આહ !
કામ હશે શું માહરું ? શાને જોતો રાહ ? ૨૦

વિચાર થાતાં અવધૂતજી, પડ્યા વિમાસણ માંહ્ય,
આ તો આજ્ઞા સ્વામીની, કેમ અવજ્ઞા થાય ? ૨૧

ગુરોરાજ્ઞા ગરિયસી, અવધૂતનો સિદ્ધાંત,
જાવા ગાંડા પાસ એ, નીકળી પડ્યા નિતાંત. ૨૨

ના જાણે ગાંડા વિષે, કશુંય તોયે એહ,
ગુરુ-આજ્ઞા શિર પર ધરી, ચાલ્યા નિઃસંદેહ ! ૨૩

નામ સૂણી ગાંડતણું, શિષ્ય નિરંજન ત્યાંય,
થયો પલભર દિઙ્મૂઢ ને, પડ્યા વિચારની માંહ્ય. ૨૪

જોઈ શિષ્યને મૂઢ શો, બોલ્યા અલખ દયાળ,
અરે ! કેમ મૂંઝવણ મહીં, અટવાયો હે બાળ ! ૨૫

સૂણતાં શબ્દો અલખના, તંદ્રામાંથી તૂર્ત,
વિસ્ફારિત નયનો કરી, થયો શિષ્ય જાગૃત, ૨૬

વંદન અલખપદે કરી, શિષ્ય નિરંજન એહ,
જાગૃત થઈને પૂછતોઃ ટાળો મમ સંદેહ. ૨૭

હતો કોણ ગાંડો અરે ! ક્યાં છે એનું ધામ ?
કહો એને શું હતું, અવધૂતજીનું કામ ? ૨૮

અલખ વદ્યા આનંદથી, ભલી પૂછી તેં વાત,
સંતસ્મરણનો સુખદ હા ! લાભ મળે સાક્ષાત્. ૨૯

દક્ષિણ ગુજરાતે અહા ! સુરત જિલ્લા માંહ્ય,
ગામ તલંગપુર એક છે, નાનું સરખું ત્યાંય. ૩૦

વિપ્ર અનાવિલ જાતના, સંસ્કારી ઘર માંહ્ય,
દત્તજંયતિને દિને, જન્મ્યા એ વરકાય. ૩૧

હતો આત્મા યોગભ્રષ્ટ, પૂર્વજન્મનો એહ,
વૃત્તિ હતી વૈરાગ્યની, બાલપણથી તેહ. ૩૨

નીકળ્યા સદ્‌ગુરુ શોધમાં, છોડીને ઘર-બાર,
રેવાતટે શિનોરમાં, આવી રહ્યા તે વાર. ૩૩

ઉદય થયો અહીં પૂર્વના પુણ્યતણો તું જાણ,
ગાંડાને અહીં સાંપડ્યા, સાચા સદ્‌ગુરુ માન. ૩૪

સમર્થ ટેંબે સ્વામી જે, દત્તતણા અવતાર,
એક દિ' આવ્યા શિનોરમાં, કરતાં બધે વિહાર. ૩૫

ગાંડાને દર્શન થયાં, ઉઘડ્યાં અંતરદ્વાર,
ગુરુએ શિષ્યને ઓળખ્યો અનુપમ જોતાં વાર. ૩૬

તન મન ધન નિજ સર્વ જે, ગાંડાએ તત્ક્ષણ,
સ્વામીજી ચરણે અહા ! કરી દીધું અર્પણ. ૩૭

સ્વામીના રીઝ્યા ને મૂક્યાં ગાંડાને શિર હાથ,
સ્પર્શ થતાં સદ્‌ગુરુતણો, ગાંડો ત્યાં સાક્ષાત્ઃ ૩૮

કૃતકૃત્ય થાતાં અહો ! પુલકિત અંગે અંગ,
શીખ્યો પ્રાણાયામ ને, અષ્ટયોગનાં અંગ. ૩૯

જિહ્વાછેદન ખેચરી, સાધી વિદ્યા એમ,
સિદ્ધ કરી હઠયોગના, બન્યા વિશારદ તેમ. ૪૦

ટકી શકે ના કોઈ પણ, મુમુક્ષુ સ્વામી પાસ,
કડક શિસ્ત સ્વામી તણી, સર્વે થાય નાપાસ. ૪૧

ધન્ય ભક્તિ ગાંડા તણી, સ્વામી પ્રત્યે એમ,
સદા અવિચલ રહી તિહાં, સાધ્યું સઘળું ક્ષેમ. ૪૨

અનન્ય ભાવે સ્વામીની, ગાંડાએ કરી સેવ,
સદ્‌ગુરુની સેવા થકી, અવિચલપદ તતખેવ. ૪૩
ગુર્જરભાષી એ છતાં, રહેતા સ્વામી પાસ,
બોલતાં મરાઠી આવડે, થોડું થોડું ખાસ. ૪૪
ગુરુકૃપાથી એમણે, સ્વામીલીલા માન,
ભાષા મરાઠી મહીં, લખી શિષ્ય સુજાણ. ૪૫
શ્રીગુરુમૂર્તિચરિત્ર એ, ઓંવી છંદે બદ્ધ,
નિજ ગુરુતણી ભક્તિને, ગાંડો કરે સુબદ્ધ. ૪૬
મુદ્રિત કરવા ગ્રંથ એ, ભક્તો થયા તૈયાર,
પણ ભાષાશુદ્ધિ માટ ત્યાં, ગાંડો કરે વિચાર. ૪૭
લખાણ કરી શુદ્ધ બધું, કરશે કો વ્યવસ્થિત ?
ગાંડો આ વિચારમાં, રહેતો સદા ચિંતિત. ૪૮
ત્યાં તો સદ્‌ગુરુ સ્વામીએ, ગાંડાને દૃષ્ટાંત,
આપી કહ્યું આવ્યો હવે, તારા દુઃખનો અંત. ૪૯
તારી પાસે મોકલું, ગુર્જર દેશથી એક,
બ્રહ્મચારી તે શુદ્ધ આ, કરશે ધારી વિવેક. ૫૦
તે દિનથી ગાંડો અહા ! બ્રહ્મચારી-રાહ,
કાગડોળે જોયા કરે, કરતો ગુરુની વાહ. ૫૧
પરસ્પર બંનેવને, આપી દૃષ્ટાંત આમ,
રહસ્ય દેવદૃષ્ટાંતનું, સમજાવે આ ઠામ. ૫૨
દૃટાંત થાય જો દેવનો, થાએ પરસ્પર જાણ,
અનુકૂળતા અણધારી ત્યાં, આવે કાર્યે માન. ૫૩
ગાંડા વિષે ના કશું, જાણતા'તા એહ,
તો યે નિર્ણય દદૃઢ કરી, ચાલ્યા નિઃસંદેહ. ૫૪
પૂછ-પરછ કરતાં તિહાં, અવધૂતને તે વાર,
ભરૂચના ભક્તો થકી, મળી એમની ખબર. ૫૫
દક્ષિણમાં એ આવીયું, વાંકળી નામે ગામ,
કંઈ દિનથી ગાંડાતણો, હતો ત્યાં જ મુકામ. ૫૬
દૂર અતિ ગુજરાતથી, સાવ અજાણ્યો દેશ,
વાહન કે વ્યવહારની, નહિ સગવડતા લેશ. ૫૭
પાસે પૈસો છે નહીં, યાચે ના અવધૂત,
પૈસાને સ્પર્શે નહિ, ત્યાગ અતિ અદ્‌ભુત. ૫૮
શી રીતે પહોંચ્યો હશે, દક્ષિણમાં અતિ દૂર ?
કરતાં એની કલ્પના, વાગે હૈયે શૂળ ! ૫૯
અકિંચન અવધૂતને, રસ્તે પારાવાર,
નડી હશે મુશ્કેલીઓ, કરે કોણ વિચાર ? ૬૦
અવધૂતના અંતર વિષે, જબરજસ્ત વિશ્વાસ,
મારા સદ્‌ગુરુની મને, આજ્ઞા થઈ છે ખાસ. ૬૧
લઈ જનારો એજ મને, ગાંડા કેરી પાસ,
ચિંતા એને બાળની, કેમ વિસારે દાસ ? ૬૨
એમ વિચારી મોદથી, ગુરુગુણ મુખથી ગાય,
વિપત્તિઓને આંબતા, અવધૂત ચાલ્યા જાય. ૬૩
દિવસો કંઈ અથડાઈને, કુટાઈ રસ્તા પર,
આવી પહોંચ્યા વાંકળી, ગાંડાના મુકામ પર ! ૬૪
જોતાં અવધૂતને અહા ! તુર્ત ગાંડા મહારાજ,
એકદમ ઊભા થઈ ગયા, હર્ષે કાઢી અવાજઃ ૬૫
એહિ બ્રહ્મચારિન્ કહી, ભેટ્યા સ્નેહે આપ,
યુગયુગનો જાણે જૂનો, હોય પરિચય અમાપ ! ૬૬
સ્નેહસજલ નૈને પછી, બોલ્યા ગાંડા આપ,
અરે ! તમારી રાહ હું, જોઉં છું ક્યારનો બાપ ! ૬૭
એ રીતે ગુરુબંધુઓ, એકબીજાને એમ,
પ્રેમે મળિયા ને પછી, પૂછ્યાં કુશળ-ક્ષેમ. ૬૮
થોડા દિન સાથે રહી, ગાંડાએ પછી એમ,
ઝીણવટથી આ યુવકને, માપી લીધો તેમ. ૬૯
ગાંડાએ અતિ ઝીણવટે, બ્રહ્મચારીનું આમ,
કર્યું પરીક્ષણ, શક્તિઓ માપી લીધી તમામ. ૭૦
અચિન્ત્ય મેધાશક્તિ ને કવિત્વશક્તિ અમિત,
નીરખી બ્રહ્મચારી મહીં, ઠર્યું ગાંડાનું ચિત્ત. ૭૧
એક દિ' પ્રાતઃકાળમાં, રાખી ચિત્ત પ્રસન્ન,
ગાંડાએ બ્રહ્મચારીને, કીધાં મધુર વચનઃ ૭૨
સૂણો હે બ્રહ્મચારીજી ! શ્રીગુરુમૂર્તિચરિત્ર,
સ્વામીએ લખાવીયું, કરી મુજ હાથ નિમિત્ત. ૭૩
હું ગુજરાતીભાષી છું, ન મરાઠીનું જ્ઞાન,
ગુરુકૃપા એ જ પ્રભુત્વ છે, ન અન્ય સર્જનભાવ ! ૭૪
મનમાં તેથી એમ થતું, પ્રકાશન પહેલાં ખચિત,
ગ્રંથશુદ્ધિ થઈ હોય તો, કામ થાય ઉચિત. ૭૫
શોધી રહ્યો નિષ્ણાત હું, મરાઠીભાષી કોક,
નિત એ કાજે પ્રાર્થતો, ગુરુવરથી હું તોક. ૭૬

અંતર્યામી સદ્‌ગુરુ, ઘટ ઘટ જાણનહાર,
ચિંતા મારી જાણીને, દોડ્યા કરવા વ્હાર. ૭૭
સ્વયં સ્વામી મહારાજ હા ! આવી સ્વપ્ન માંહ્ય,
દર્શન થઈ દૃષ્ટાંત હા ! આપ્યું મુજને ત્યાંય. ૭૮
ગ્રંથશુદ્ધયર્થે મોકલું, આજે તારી પાસ,
બ્રહ્મચારી એક હું, રાખ ધીરજ તું ખાસ. ૭૯
તે દિનથી હું આપની, ચાતક પક્ષી જેમ,
કરું પ્રતીક્ષા નિત્ય જો, રાખી મનમાં નેમ. ૮૦
આજ તારા આગમને, સફળ થયાં સહુ કાજ,
ધન ધન ગુરુવર ! ભક્તની, રાખે કેવી લાજ ! ૮૧
કહી એમ ઊભા થયા, વરદ એ ભક્તરાજ,
બ્રહ્મચારી પાસ મૂક્યો, વરદ એ ગ્રંથરાજ. ૮૨
સોંપી દઈને ગ્રંથ એ, બ્રહ્મચારીને આજ,
નચિંત થયા ગુરુભક્ત ત્યાં, ગાંડા એ મહારાજ. ૮૩
વરદ ગ્રંથ એ જોઈને, શ્રીગુરુમૂર્તિચરિત્ર,
લહર ઊઠી આનંદની, તનડામાં સર્વત્ર. ૮૪
સ્પર્શ કર્યો જ્યાં ગ્રંથને, થયું ચિત્ત પ્રસન્ન,
અવધૂતજીના અંગમાં, જાગ્યાં મધુર સ્પંદન. ૮૫
વંદી એ સદ્‌ગુરુ ગ્રંથને, ધારી મનવિવેક,
અવધૂતજીએ એમને, કરી વિનંતી એકઃ ૮૬
મને મળ્યો આદેશ છે, સદ્‌ગુરુજીનો એમ,
પરિક્રમા રેવાતણી, કરવા માટે તેમ. ૮૭
માટે પ્રથમ પરિક્રમા, રેવાજીની આમ,
કરી આવ્યા પછી ખચિત હું, સફળ કરીશ આ કામ. ૮૮
માગું ગુરુબંધુ આજ હે, અર્પો મને આશિષ,
એમ વદી મહારાજના, ચરણે નમાવ્યું શિષ. ૮૯
વંદી જ્યાં અવધૂત રહ્યા, થયા ગાંડા પ્રસન્ન,
પુલકિત ચિત્તે મોદથી, બોલ્યા મધુર વચનઃ ૯૦
ધન્ય શિષ્ય સ્વામીતણા, બ્રહ્મચારી ! શુભકાય !
સફળ કરો સંકલ્પ તમ, સદા સદ્‌ગુરુ સહાય. ૯૧
એમ કહી એ ભેટીયા; અવધૂતજી તત્ક્ષણ,
દક્ષિણ દેશે ચાલીયા, કરતા ગુરુસ્મરણ. ૯૨
યાત્રાધામ બધાં ફર્યા, મહારાષ્ટ્રનાં જાણ,
ગયા વિવિધ સ્થળો ફરી, મોરટક્કા સુજાણ. ૯૩

પરિક્રમણ રેવાતણું, આરંભે એ ત્યાંય,
ઉદ્યાપન થાતું વળી, ગુર્વાદેશ પળાય. ૯૪
પૂર્ણ કરીને પરિક્રમા, ફરીથી ગાંડા પાસ,
કાર્ય ગ્રંથ શુદ્ધિતણું, આરંભે એ ખાસ. ૯૫
પૂર્ણ કર્યું જેથી રીઝયા, સંત ગાંડા અપાર,
અભિનંદ્યા અવધૂતને, મોદથી વારંવાર. ૯૬
સૂણ શિષ્ય ફરી ફરી કહું, આ ગાંડા મહારાજ,
ટેંબે સ્વામીએ એમને, આપ્યો'તો સંન્યાસ. ૯૭
યોગપટ્ટ આપ્યો અને, દીધો દંડ અભિયાન,
યોગાનંદસરસ્વતી, આપ્યું શુભ અભિધાન. ૯૮
ગુરુઘેલો થઈને ફરે, ગુરુદીવાનો આમ,
જાણે કરતા વિશ્વમાં, સાર્થક 'ગાંડો' નામ ! ૯૯
ગાંડાની ગુરુભક્તિનો, કહેતાં ન આવે પાર,
ગ્રંથ મોટો થાય તિહાં, કરતાં જો વિસ્તાર. ૧૦૦
ગાંડાની ગુરુભક્તિનાં, મુક્તકંઠે વખાણ,
શ્રીગુરુલીલામૃતે કરે, સ્વયં અવધૂત જાણ. ૧૦૧
ગાંડાની ગુરુભક્તિનું, કહું એક દૃષ્ટાંત,
દૃઢ ભક્તિ જેથી થશે, પ્રસન્ન થાશે સ્વાંત. ૧૦૨
અવધૂતજી ગાંડા કને, રહીને ગુંજની માંહ્ય,
ગ્રંથશુદ્ધિનું કાર્ય એ, કરતા'તા વરકાય. ૧૦૩
તે સમે અવધૂતજીએ, સહજે રાખી વિવેક,
સ્વામીજીના શ્લોકમાં ભૂલ બતાવી એક. ૧૦૪
ત્યં તો એ ગાંડાતણો, ભભૂકી ઊઠ્યો કોપ,
ધૂવાં-પૂવાં બહુ થયા, પ્રગટ્યો પુણ્ય પ્રકોપ. ૧૦૫
ક્રોધે ફફડ્યા હોઠ ને બોલ્યા શબ્દો-શૂલ,
કોની કાઢો છો તમે, ઓ બ્રહ્મચારી ! ભૂલ ! ૧૦૬
મારા ગુરુમહારાજની, થાયે ના કદી ભૂલ,
શબ્દે શબ્દ ગુરુતણો, જાણો ખૂબ અમૂલ. ૧૦૭
સૂણતાં ગાંડાના અહા ! ક્રોધ અગન-વચન,
આજુબાજુના સાંભળી, ગભરાયા સહુ જન. ૧૦૮
લાગ્યું સહુને કે હવે, આવી બનીયું આજ,
બ્રહ્મચારી ઉપર નકી, ખીજવાયા મહારાજ. ૧૦૯
જરૂર કાં'તો એમને, કાઢી મૂકશે અદ્ય,
પાછું લેશે વા તિહાં, કાર્ય સમર્પિત સદ્ય. ૧૧૦

પણ બ્રહ્મચારી આ હતો, સ્વામીજીનો બાળ,
મંદ હાસ્યથી મધુર સ્વરે, બોલ્યા એ તત્કાળ. ૧૧૧
ભૂલ નથી સ્વામીતણી, ભૂલ્યો છે છાપનાર,
મુદ્રણદોષ સુધાર્યો, અલ્પમતિ અનુસાર. ૧૧૨
થોડા પણ મક્કમ અહો ! અમૃત શાં એ વેણ,
કોપ શમ્યો ગાંડાતણો, અમૃત નીતર્યાં નેણ. ૧૧૩
થયું બધું આ ક્ષણ મહીં, વર્ત્યો ત્યાં ઉમંગ,
ગાંડાની ગુરુભક્તિથી, થઈ ગયા સૌ દંગ. ૧૧૪
બ્રહ્મચારી પર તે'દિથી, ગાંડા કેરો સ્નેહ,
વરસી રહ્યો કે જાણે, વરસ્યા બારે મેહ ! ૧૧૫
યુવાન ગુરુબાંધવતણી, મેધાશક્તિ અપાર,
નીરખી ગાંડાએ અહા ! માને ગુરુઆભાર ! ૧૧૬
તે સમે ટીપણું થયું, નવીન એક તૈયાર,
સંશોધન જ્યોતિષતણું, શાસ્ત્રતણો આધાર. ૧૧૭
પ્રગટ થયું એ ટીપણું, ચાલ્યો લોકવિવાદઃ
શ્રાદ્ધે તિથિ કો માનવી, ગણે પિતૃ નિર્વિવાદ ? ૧૧૮
નવા જૂનાનો ત્યાં થયો, ઝઘડો વાદ-વિવાદ,
એક બીજા સહ બાખડે, કેમ ટળે વિખવાદ ? ૧૧૯
ઝઘડે સઘળા પંડિતો, આવે ગાંડા પાસ,
કોને સાચું માનવું ? આપ કહોને ખાસ. ૧૨૦
સૂણી બ્રહ્મચારીને, ગાંડા કરે છે યાદ,
જરૂર શમાવશે એ અહીં, ઊઠ્યો છે જે વાદ. ૧૨૧
તેથી બોલ્યાઃ પંડિતો ! સૂણો મારી વાતઃ
પૂછો જઈ બ્રહ્મચારીને, એની મતિ અવદાત. ૧૨૨
છે જ્ઞાની શાસ્ત્રજ્ઞ એ, આપે એ જે મત,
નિર્ણય ગણી સ્વીકારજો, થઈ બધા સંમત. ૧૨૩
સૂણી વચન ગાંડાતણા, સર્વે પંડિતજન,
આવ્યા અવધૂત પાસ ને, પૂછ્યું કરી નમનઃ ૧૨૪
ચાલ્યો બ્રહ્મચારી ! અહીં, જૂના નવાનો વાદ,
તિથિ કોની માનવી ? ને ક્યારે કરવું શ્રાદ્ધ ? ૧૨૫
ગાંડા મહારાજે અહીં મોકલ્યા તમારી પાસ,
ઉત્તર તમારો માન્ય છે કહો વિચારી ખાસ. ૧૨૬
બ્રહ્મચારી સમજી ગયા, આ તો છે પરીક્ષણ,
મીંચી આંખ સ્મરણ કર્યું, સદ્‌ગુરુ કેરું ક્ષણ. ૧૨૭
સદ્‌ગુરુપ્રેર્યા અર્પતા, નિર્ણય તત્ક્ષણ જાણ,
બ્રહ્મચારી વિશ્વાસથી, બોલે નિશ્ચિત વાણ. ૧૨૮
જ્યારે જૂનું ટીપણું, હતું ચાલતું તેમ,
ત્યારે જેના પિતૃઓ, થયા સદ્‌ગતે તેમ; ૧૨૯
તેણે તેના પિતૃનું, જૂના પ્રમાણે શ્રાદ્ધ,
કરવું ખૂબ શ્રદ્ધા થકી, એમાં નહિ અપરાધ. ૧૩૦
જેના પિતૃઓ ગયા, નવા ટીપણા બાદ,
તિથિ જોવી નવાતણી, કરો અનુસરી શ્રાદ્ધ. ૧૩૧
આજ પછી એવી રીતે, નિર્ણય કરવો આમ,
નવા જૂના ટીપણાંતણો, ઝઘડો ટળે તમામ. ૧૩૨
સૂણી નિર્ણય પંડિતો, પામ્યા હર્ષ અનંત,
નવા જૂનાના વાદનો, થાય નિત્ય ત્યાં અંત. ૧૩૩
ગાંડા મહારાજે સૂણી, વાત નિર્ણયની જ્યાંય,
પુલકિત હૈયે અર્પતા, અભિનંદન એ ત્યાંય. ૧૩૪
બંને ગુરુના શિષ્ય એ રાખે સ્નેહ-સંબંધ,
ભ્રાતૃવત્ અતિશય ગાઢ જો, ઠેઠ સુધી અકબંધ. ૧૩૫
યોગાનંદસરસ્વતી, ઉત્તરવયની માંહ્ય.
થાતાં અસ્વસ્થ શરીર હા ! પડ્યા બિછાના માંહ્ય, ૧૩૬
અશક્તિ આવી ઘણી, શરીર અતિ પીડાય,
કૃશતા વળી આવી ગઈ, હાડ-ચામ દેખાય. ૧૩૭
નિયમ કોથળો પાથરી, સૂવાનો નિજ જાણ,
હાડચામ ઘસાય તોય, ત્યજે કદી ન એ માન. ૧૩૮
પાછળથી અવધૂતજી, કરવા એમની સેવ,
રહ્યા એમની પાસ હા ! કંઈક સમય તતખેવ. ૧૩૯
કૃશ શરીરને એમના, કઠણ પથારી માંહ્ય,
જોઈ ઘસાતું અંતરે, અવધૂતજી અકળાય. ૧૪૦
ગાદલું ન ચાલે ભલે, બીજું કંઈ સાધન,
સુંવાળું શરીર નીચે, મૂકવા વિચાર્યું મન. ૧૪૧
મુલાયમ પરાળ ને, ભરી કોથળા માંહ્ય,
સુંવાળું ને પોચું વળી, ગાદી જેવું થાય. ૧૪૨
કૃશ શરીરને તે થકી, મળ્યો કંઈક આરામ,
આગવી સૂઝ અવધૂતની, સેવાની તે ઠામ. ૧૪૩
નીરખી મહારાજ મન મહીં, થયા અતિ પ્રસન્ન,
વખાણ કરતાં બોલિયા, ધન ! બ્રહ્મચારી ! ધન ! ૧૪૪

અન્ન જળ પણ પેટમાં, ટકે નહીં ક્ષણવાર,
ખાએ-પીએ કંઈક તે, નીકળી જાય તે વાર. ૧૪૫
ટકવા ન દે હોજરી, અન્નતણો એક કણ,
ઉપાય રૂપે બોલતા, અવધૂતજી તત્ક્ષણઃ ૧૪૬
મહારાજ વિનંતી સાંભળો, મને લાગતું એમ,
આપ જરા અપાનને, ઉપર લો તો કેમ ? ૧૪૭
અપાન ઉપર ખેંચતાં, ટકે અન્નાદિ ત્યાંય;
ટકતાં એ કંઈ શરીરમાં, શક્તિ આવશે આંહ્ય. ૧૪૮
વધ્યા મહારાજ હસી, અપાન ખેંચવા માટ
શક્તિ શરીરમાં નથી, તેનો કરું ઉચાટ. ૧૪૯
શક્તિ નથી શરીરમાં, ખેંચું કેમ અપાન ?
વચન સૂણી ગાંડાતણાં, રંગ વિચારે જાણ. ૧૫૦
સાધે ભલે હઠયોગ પણ, શરીરશક્તિ ન હોય,
પ્રક્રિયા કશી થાય નહીં, વ્યર્થ અફસોસ હોય ! ૧૫૧
અંત સુધી રહેવી ઘટે, શરીરમાં તાકાત,
પ્રાણ-અપાનને જે થકી, શક્તિ મળે સાક્ષાત્. ૧૫૨
કંઈક દિવસ રહ્યા પછી, અવધૂત પાછા જાય,
યોગાનંદજી આમ પણ, લીન બ્રહ્મમાં થાય. ૧૫૩
સંવત ઓગણીસો ચોરાણુ, ફાગણ વદ બારસ,
ગુરુ ગુરુ કરતો થાય એ, ગાંડો ગુરુમાં એકરસ. ૧૫૪
દક્ષિણ દેશે ગુંજમાં, દેહ છોડ્યો આમ,
સમાધિસ્થ થયા અહા ! ભક્તવરદ નિષ્કામ. ૧૫૫
સ્થૂલ દેહે ગુંજમાં, થયા એ અંતર્ધાન,
સૂક્ષ્મરૂપે કિન્તુ હજુ, ખેલે ત્યાં ભગવાન. ૧૫૬
સૂણ નિરંજન વાત હું, કહું તને એક સ્પષ્ટ,
સંતોનો તપ-દેહ હા ! કદી ન થાયે નષ્ટ. ૧૫૭
સંતોને પણ શરીરની, મર્યાદા તો હોય,
સંતો તેથી સ્થૂલને, વળગે ન કદી કોય. ૧૫૮
અવધ આવતાં શરીરની છોડી સ્થૂલ દેહ,
સૂક્ષ્મરૂપે પણ નિત રહે, એમાં ના સંદેહ. ૧૫૯
ગાંડો જાતાં ગુંજ હા ! બન્યું અહીં તીર્થધામ,
લાખો ભકતો આજ અહીં, આવે છે આ ઠામ. ૧૬૦
પ્રસાદવિતરણ થાય ને, લૂંટે અતિ આનંદ,
આપે શ્રદ્ધા-અંજલિ, ભેગા થઈ સૌ વૃંદ. ૧૬૧
અલખ કહે સૂણ શિષ્ય હે ! આ અદ્‌ભુત વ્યાયોગ,
વાસુદેવાનંદના, બેઉ શિષ્યનો જોગ. ૧૬૨
ગાંડો ગુજરાતી અને, ગુર્જર ભાષી જેહ,
તેણે જઈ મહારાષ્ટ્રમાં, કાર્ય કર્યું વરદેહ. ૧૬૩
મરાઠીમાં રચના કરી, દત્તભક્તિને આમ,
આપી વેગ ઉજળું કર્યું, સદ્‌ગુરુ કેરું નામ. ૧૬૪
અવધૂત મૂળ મહારાષ્ટ્રના, મરાઠીભાષી આમ,
તેમણે અહીં ગુજરાતમાં, ગજવ્યું દત્તનું નામ. ૧૬૫
ગુર્જર ભાષામાં કરી, રચના જુઓ અનેક,
દત્ત દત્ત ગાતો કર્યો, ગુજરાતી એકેક. ૧૬૬
મરાઠી ગુજરાતીનો, કેવો અદ્‌ભુત આજ !
સમન્વય સાધ્યો અહા ! ધન ધન ગુરુ મહારાજ ! ૧૬૭
વાસુદેવાનંદના, શિષ્યો બે અદ્‌ભુત,
યોગાનંદજી એક ને, બીજા રંગ અવધૂત. ૧૬૮
ધન ધન ગુરુ ધન શિષ્ય દ્વય, અલખ કરે પ્રણામ,
સ્નેહસજલ નયનો થયાં, વૈખરી લે વિરામ. ૧૬૯
થયા અલખ મૂક ત્યાં, મૂઢ 'બાલક' જાણ,
રંગ રંગ જપતો રહે, ઊગે જ્યાં લગ ભાણ ! ૧૭૦

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિંદોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે યોગાનંદસરસ્વતીમિલનં નામ સપ્તવિંશોઽધ્યાયઃ ॥૨૭॥ દોહરા ૧૭૦. ॥

## અધ્યાય : ૨૮

ગાતાં ગુણ અવધૂતના, સ્વયં અલખ પ્રભુ આમ,
ભાવસમાધિ લાગતાં, વાણી પામી વિરામ. ૧
મૂક થયા જ્યાં અલખજી, અટકી અમૃતધાર,
ઝબકી જાગ્યો શિષ્ય ત્યાં, તૂટતાં કથાનો તાર. ૨
જોયા ભાવસમાધિમાં, ડૂબેલા ગુરુદેવ,
કોમલ સ્વરથી શિષ્ય ત્યાં, બોલ્યો હે ગુરુદેવ ! ૩
બ્રહ્મગિરિના શૃંગ પર, સ્વયં બિરાજી આપ,
અનહદ સુખ માણી રહ્યા, જાણું છું હું બાપ ! ૪

તોયે દીન આ શિષ્યનું, કરવાને કલ્યાણ,
નીચે ઉતરી કંઈ પ્રભો ! પાઓ પીયૂષવાણ. ૫
એમ કહી મસ્તક મૂક્યું, સદ્‌ગુરુચરણે ત્યાંય,
થતાં સ્પર્શ સચ્છિષ્યનો, દ્રવિયા સદ્‌ગુરુ રાય. ૬
ધીમે ધીમે ખોલિયાં, પદ્મ સમા બે નેન,
સામે આતુર શિષ્યને, જોતાં બોલ્યા વેણઃ ૭
ધન્ય શિષ્ય મુજને અરે ! કેમ જગાડ્યો આમ ?
ભાવસમાધિસુખ હું, લેતો'તો અવિરામ. ૮
કહે નિરંજન અલખજી, અવધૂતલીલાગાન,
બંધ પ્રભુ શેં કર્યું, રૂઠ્યા શેં ભગવાન ? ૯
સુધા સમી સદ્‌ગુરુકથા, આગળ કહો ગુરુરાજ,
આવાગમનનો જે થકી, ભય મુજ ભાગે આજ. ૧૦
ગાંડા પાસે આવતાં, ગ્રંથશુદ્ધિ કાજ,
ત્યાર પછી અવધૂતજી, કરે શું મહારાજ ? ૧૧
શિષ્ય નિરંજનનો અહા ! સૂણી પ્રશ્ન એ ધન્ય,
રોમ-રોમમાં અલખના, જાગ્યો હર્ષ અનન્ય. ૧૨
બોલ્યા સાંભળ શિષ્ય હે ! ધારી હૈયે પ્રીત,
પાવન આ સદ્‌ગુરુકથા, થાશે નિર્મલ ચિત્ત. ૧૩
પરિક્રમા રેવાતણી, કર્યા પછી મહારાજ,
પૂર્ણ કરીશ હું આપનું, ગ્રંથ-શુદ્ધિનું કાજ, ૧૪
એમ કહી ગાંડા તણી, લઈ આજ્ઞા તે વાર,
અવધૂતજી નીકળી ગયા, હૈયે હર્ષ અપાર. ૧૫
દક્ષિણનાં તીર્થો તણી, યાત્રા કરીને એમ,
મોરટક્કા એ આવિયા, અવધૂત કુશળ-ક્ષેમ. ૧૬
ત્યાંથી નીકળી આવતાં, ૐકારેશ્વરતીર,
ખળ-ખળ નાદ કરી રહ્યાં, રેવાનીર ગભીર. ૧૭
માત નર્મદા પ્રતિ હતાં, અવધૂતને અત્યંત,
શ્રદ્ધા-ભક્તિ-ભાવ જે, રહેતાં સદા જ્વલંત. ૧૮
દર્શન થાતાં દૂરથી, રેવામાનાં ત્યાંય,
અવધૂતના રુદિયા વિષે, અત્યાનંદ ઉભરાય. ૧૯
ભાવાવેશમાં આવીને, જોડી બન્ને હાથ,
પ્રાર્થે મા રેવાજીને, નારેશ્વરના નાથઃ ૨૦
જય જય જય મા નર્મદા ! પાપ-તાપ હરનાર,
મુદદાયિની જય હર્મ્યદા, વંદું વારંવાર. ૨૧
દર્શન તારાં માત્રથી, ટળે જનમનાં પાપ,
સ્નાને સન્મતિ સાંપડે, દૂર થાય સંતાપ. ૨૨
મેકલજાતા માવડી, રુદ્રદેહા માત,
ખળ-ખળ શબ્દે ૐ તણો, નાદ રટે સાક્ષાત્. ૨૩
પાવન તુજ જલસેવને, બુદ્ધિ નિર્મલ થાય,
પરિક્રમા તુજ તટતણી, કરતાં ભવભય જાય. ૨૪
શી રીતે વર્ણું તને, મતિ ન ચાલે માત,
કેવળ વંદું ભાવથી, જય જય નર્મદા માત. ૨૫
એમ ગદ્‌ગદ્ કંઠ ને સજલ ભાવથી નેત્ર,
અવધૂતજી વંદી રહ્યા, રેવા માને તત્ર. ૨૬
રેવા મા પણ આજ હા ! જોઈ નિજ તટ પર,
પુત્ર પનોતો દોહ્યલો, અવધૂત યોગીવર. ૨૭
પામ્યાં હર્ષ અનંત ને રોકી ખલ ખલ શબ્દ,
આગમન નીરખી બાલનું, થયા હર્ષથી સ્તબ્ધ. ૨૮
માના એ આવકારને, ખૂબ ઉમળકા ભેર,
સ્વીકારે અવધૂતજી, ધન્ય માતની મ્હેર. ૨૯
બ્રહ્મમુહૂર્તે ઊઠતા, કરી સ્નાન ને ધ્યાન,
પ્રયાણ કરતાં ત્યાં વદે, હર નર્મદે ! તું જાણ. ૩૦
ઓળખી કોઈ ના શકે, અવધૂતવેષ વિચિત્ર !
એમ કરે રેવાતણી, પરિક્રમા પવિત્ર. ૩૧
શિર પર ઘટા સમી જટા, તે પર ટોપી એક,
મૂકે શંકુ આકારની, ઊનની ઊંચી છેક. ૩૨
કાંધે કાળો કામળો, કરે દંડ મજબૂત,
ઝોળી ઝૂલતી નાનડી, ખભા ઉપર અદ્‌ભુત. ૩૩
અન્ય કૌપીન હોય તે, પગ પર વીંટી એમ,
નયન બાવરાં ચમકતાં, દીસે પાગલ જેમ. ૩૪
નાનીશી એ ઝોળીમાં, બહુ ઓછું સાધન,
નાનો ડબો ગોળનો અને દંતમંજન. ૩૫
ઉલિયું નાનકડી છરી, કાઢવા કાંટો તત્ર,
એકાદ ઉપવીત ને વળી, છે હલકું જલપાત્ર. ૩૬
ખાસ નહિ સાધન છતાં, બોલે અવધૂત મસ્ત,
ભરી ચૌદ બ્રહ્માંડથી, ઝોળી મારે હસ્ત ! ૩૭
ભોજનસદાવ્રતની કશી, પરવા કરતા ન ક્યાંય,
ઝડપી ચાલે પવન સમ, સરરર સરતા જાય. ૩૮

ઈશ્વરદયાને મસ્ત એ, ના કંટાળો કે થાક,
રાખે સંગ ન કો તણો, એકલ ચાલે અવાક્. ૩૯
પાણી પી લે ગોળતણું, પાશેરે'ક બે વાર,
નિજાનંદની મસ્તીમાં, ચાલે ધરી નિર્ધાર ! ૪૦
પાશેર ગોળનું પાણી પણ, મળતું નહિ ઘણી વાર,
અમૃતસમ રેવાતણું, જળ પી લે અઘહાર ! ૪૧
દુઃખ જરાય મુખ પર નહીં, ચિત્ત ન થાયે સન્ન
ભૂખ-થાક દુઃખ નહિ, રહેતા સદા પ્રસન્ન ! ૪૨
છતાંય માત નર્મદા, અવધૂતજીની એમ,
રાખે ચિંતા બાળ સમ, બહુ રીતથી તેમ. ૪૩
તો પણ કસોટી એ કરે, ભક્તની કોઈ કોઈ વાર,
થાતી શ્રદ્ધા ભક્તની, તેથી દૃઢ નિર્ધાર. ૪૪
એક સમે અવધૂતને, મળે ગોળ ના ક્યાંય,
ત્રણ દિવસ ઉપવાસ પણ, ચાલ્યા આગળ જાય. ૪૫
એક તો લાગી ભૂખ ને ચાલવા કેરો શ્રમ,
અવધૂતજીના દેહ પર, અસર થઈ એકદમ. ૪૬
આવી અશક્તિ ને વળી, ભૂખે ચઢે ચક્કર,
તોયે અવધૂત દુઃખની, પરવા કર્યા વગર; ૪૭
હર નર્મદે હર નર્મદે, બોલી કરતા ગાન,
વધવા આગળ જાય ત્યાં, થઈ ગયા બેભાન ! ૪૮
ભૂખે ભાન ગુમાવિયું, પડ્યા માર્ગની માંહ્ય,
રાત આખી પડ્યા રહ્યા, એજ સ્થિતિમાં ત્યાંય. ૪૯
પ્રાતઃકાળ થયો અરે ! બીજા દિનનો એમ,
પ્રકાશ પથરાયો બધે, પૂર્વ દિશાથી તેમ. ૫૦
વનપંખી જાગ્યાં બધાં, કરતાં મધુર કુજન,
રેવાજળ ખળ ખળ વહી, કરી રહ્યાં ગૂંજન. ૫૧
અવધૂતજીના શરીર પર, સૂર્ય રશ્મિનો સ્પર્શ,
થાતાં ચેતન આવ્યું ને જાગ્યા સંત અમર્ષ. ૫૨
સંભાળી નિજ જાતને, ધીમે ધીમે એમ,
રેવાકાંઠે આવિયા, અવધૂત કુશળક્ષેમ. ૫૩
જ્યમ-ત્યમ રેવાનીરમાં, કર્યું સ્નાન ને ધ્યાન,
ધીમે પાછા આવતાં, ફરી થયા બેભાન. ૫૪
વીત્યા કેટલાક દિન પણ, અવધૂતોદર માંહ્ય,
પડ્યો નથી કણ અન્નનો, પછી કહો શું થાય ? ૫૫

આવ્યું ભાન ફરી છતાં, હતા કડાકા ચાર,
વ્યાપી અશક્તિ દેહમાં. ચાલે ન એ લગાર. ૫૬
ટેકીલો છે બાળ તો, ભક્તવત્સલા માત,
નિજ તીરે નિજ ભક્તનો, કેમ્ થવા દે ઘાત ? ૫૭
સાંભળ શિષ્ય કહું તને, થયો એક ચમત્કાર,
સામે તીરથી નાવડી, આવી કો તે વાર. ૫૮
ઉતર્યા ગૃહસ્થ તે થકી, સંત શોધતા આમ,
અવધૂતજીને દેખતાં, કરતા તુર્ત પ્રણામ. ૫૯
પૂછે પ્રેમે તે પછી, કહો કહોને બાપ,
ગોળ એકલો ખાઓ છો ? એજ બાપજી આપ ? ૬૦
તમ માટે હું ગોળનું, ઘાડવું લાવ્યો એક,
સ્વીકારો પ્રભુ પ્રેમથી, રાખો મારો ટેક. ૬૧
એમ કહી એ સજ્જને, અવધૂતજીની પાસ,
મૂક્યું ઘાડવું ગોળનું, મુખ પર મધુરું હાસ્ય. ૬૨
જોઈ ગોળ અવધૂતજી, પૂછે કહો સજ્જન,
થાય આશ્ચર્ય મને અને સાથે આનંદ પણ. ૬૩
કોણે તમને મોકલ્યા ગોળ સાથ મુજ પાસ,
શી રીતે જાણ્યું વળી લેતો ગોળ જ ખાસ ? ૬૪
કર જોડી સજ્જન વદે, સત્ય વદું મહારાજ !
ગઈ રાતે સ્વપ્નમાં, સૂણ્યો દિવ્ય અવાજ. ૬૫
જોઉં ત્યાં તો દેખતો, સ્વયં નર્મદા માત,
મંદ હસી મધુર સ્વરે, બોલે એ સાક્ષાત્ : ૬૬
સામે તીરે સંત એક, ભૂખે થઈ બેભાન,
પરિક્રમાવાસી પડ્યા, અતિશય અશક્ત જાણ. ૬૭
લેતા કેવળ ગોળ એ, જાણી મારો બાળ,
ગોળ લઈ તું સવારમાં, ઉપડી જા તત્કાળ. ૬૮
શોધી એને ગોળનું, પાણી તું પીવાડ,
બોલતાં બોલતાં માત જો, થયાં અદૃશ્ય તે કાળ. ૬૯
વહેલો વહેલો જાગીયો, નજર કરી તે વાર,
પ્રાતઃકાળ થવા તણી, હતી નહિ બહુ વાર. ૭૦
ઝટપટ ગયો બજારમાં, ખોલાવી દુકાન,
ઘાડવું ગોળનું લીધું ને જલ્દી કર્યું પ્રયાણ. ૭૧
ઝટ પટ નાખી નાવમાં, આવ્યો સામે તીર,
શોધતાં શોધતાં દેખિયું, આપનું દિવ્ય શરીર. ૭૨

માની આજ્ઞા છે પ્રભુ ! કરો ગોળ સ્વીકાર,
એમ કહી વંદી રહ્યો, ગૃહસ્થ વારંવાર. ૭૩
સૂણી વચન એ ગૃહસ્થનાં, અવધૂતજી તે વાર,
ગદ્‌ગદ્ કંઠે કરી રહ્યા, માતને નમસ્કાર. ૭૪
ભાવસભર હૈયું અને સજલ નેનથી આમ,
અવધૂતજી રેવાજીને પ્રાર્થે કરી પ્રણામઃ ૭૫
'ભકતવત્સલા નર્મદા ! તારકપદ દેનાર,
દર્શન માત્રે ભકતના, દૈન્ય દુઃખ હરનાર. ૭૬
જે કો તારે આશરે, નીકળે તારું બાળ,
તેની પળ પળ માત તું, રાખે છે સંભાળ. ૭૭
સૂવે માની ગોદમાં નચિંત થઈને બાળ,
ભૂખ્યું તરસ્યું એ બધું, લે માતા સંભાળ. ૭૮
તેમ માતા નર્મદા ! અદનો હું તુજ તોક,
તારા ખોળામાં સૂતો, મૂકી ચિંતા ફોક. ૭૯
'ન મે ભકતઃ પ્રણશ્યતિ,' બિરુદ તાહરું એહ,
હર પલ તું રાખી રહી, એમાં ના સંદેહ. ૮૦
આજે તારા બાળની, ભૂખનો લાવવા અંત,
આ સજ્જનને સ્વપ્નમાં, આપ્યું તેં દૃષ્ટાંત. ૮૧
આવ્યો ઝટપટ ગોળ લઈ, ભલું કર્યુ તેં માત,
શેં બિરદાવું માત હું ? ફરી જોડું હાથ.' ૮૨
એમ માત રેવાતણી, ફરી પ્રાર્થના પૂત,
માની પ્રસાદી માતની, ગોળનું પાણી તુર્ત; ૮૩
અવધૂતજીએ જ્યાં પીધું, થયો સ્ફૂર્તિનો સંચાર,
અંગે અંગમાં આવી ત્યાં, શકિત અપરંપાર. ૮૪
આવ્યું ચેતન તન વિષે, નયને નવ ચમકાર,
અવધૂતજી એ ગૃહસ્થનો, માની રહ્યા આભાર. ૮૫
ભોળો ભલો ગૃહસ્થ એ, સ્તબ્ધ થયો ક્ષણવાર,
વિનય-નમ્ર ભાવે વધ્યો, કરીને નમસ્કારઃ ૮૬
પ્રભુ ! બધો આ ગોળ તમે, રાખી લો તમ સાથ,
જેથી ભવિષ્યમાં કદી, બને ન આવું નાથ ! ૮૭
સૂણી વચન એ ગૃહસ્થનાં, હસી વદ્યા અવધૂત,
અરે ભગત ! ના જોઈએ, મારે નાહક. ૮૮
રાખે મારી કાળજી, સદા નર્મદા માત,
શા માટે સંગ્રહ કરી, નજર બગાડું તાત ? ૮૯
ભૂખ્યો જ્યારે થાઉં હું, ત્યારે નર્મદા માત,
ભોજન લઈને કોકને, ભેજે છે સાક્ષાત્. ૯૦
લાગે તરસ તો માતનાં, નિર્મલ અમૃત નીર,
સદા વહે મુજ પાસથી, કેવાં ધીર ગંભીર. ૯૧
માટે ગોળ બધો તમે, લઈ જાઓ તમ ઘેર,
મારે ના જોઈએ કશું, મુજ પર માની મહેર. ૯૨
સૂણી વચન અવધૂતનાં, દિઙ્‌મૂઢ થાય ગૃહસ્થ,
પલભર મૂંગો રહ્યા પછી, બોલ્યો થઈને સ્વસ્થઃ ૯૩
"સૂણો સૂણો હે સંતવર ! વિનંતિ મારી એક,
મેં તો દઈ દીધો બધો, ગોળ તમોને છેક. ૯૪
સંતને દીધેલું કદી, પાછું ના લેવાય,
એવી આજ્ઞા શાસ્ત્રની, મુજથી ના લોપાય. ૯૫
માટે રાખી લો તમે ગોળ બધો મહારાજ,
લાવ્યો હું તો એ હતો, બધો આપને કાજ. ૯૬
માટે સ્વીકારો પ્રભુ ! ના તુચ્છકારો ભકત,
હું તો પામર માનવી, વિષયતણો આસકત. ૯૭
પૂર્વજન્મનાં પુણ્ય કંઈ, ફળ્યાં માહરાં આજ,
તેથી મા રેવાજીએ, તમ દર્શનને કાજ; ૯૮
નિમિત્ત બનાવી ગોળનું, મુજને ભેજ્યો આંહ્ય,
પુણ્ય દર્શને આપનાં, સફળ થઈ મુજ કાય. ૯૯
માટે ગોળ સ્વીકારી લો, કરો ન મને નિરાશ,
આટલું પણ રાખો પ્રભુ ! જાણી તમારો દાસ." ૧૦૦
એમ કહી અવધૂતના ચરણે વારંવાર,
વંદન ગૃહસ્થ કરી રહ્યો, આંખે અશ્રુની ધાર. ૧૦૧
જોઈ ભગતનો ભાવ આ, ભીંજ્યા ભવ-ભયહાર,
સૂણ નિરંજન બાળ તું, કરે કેમ ભવતાર. ૧૦૨
ભકતભાવને વશ થઈ, અવધૂતજીએ એમ,
ઝોળીમાંથી કાઢિયો, નાનો ડબ્બો તેમ. ૧૦૩
એક ટાણા જેટલો, ભરે દોઢપાશેર,
ડબામહીં ગોળ અહા ! અવધૂત સારી પેર. ૧૦૪
જોઈ બાઘાસમ રહ્યો, ગૃહસ્થ એણી પેર,
અરે ! એક મણ ગોળ છે, તેમાંથી પાશેર. ૧૦૫
લે છે સંત શિરોમણિ, આ તો છે અદ્‌ભુત
ત્યાગીના શિરતાજ આ, સ્વયં સંત સાક્ષાત્ ૧૦૬

અલખ નિરંજનને કહે, ધારી હૈયે વ્હાલ,
અવધૂત કેરા ત્યાગનો, આવે છે કંઈ ખ્યાલ ? ૧૦૭
પૈસાને સ્પર્શે નહિ, સમજી એ શકાય,
પણ ભોજન આ ગોળનું, ખાસ ન મળતું ક્યાંય! ૧૦૮
પૂર્વે ચાર-પાંચ દિનના, થયા હતા ઉપવાસ,
આજે ઘાડવો ગોળનો, આવી પડ્યો છે પાસ. ૧૦૯
વળી હતો આગ્રહ અતિ, ભક્તનો લેવા માટ,
પાંચશેર-દશશેર લેત તો, આનંદ એને થાત. ૧૧૦
પરિગ્રહ એને વર્જ્ય છે, તેથી લે પાશેર,
અવધૂતનો એ ત્યાગ જો, ગવાય ઘેરે ઘેર ! ૧૧૧
ત્યાગ એ જ મહાન છે, ત્યાગે જગ વશ થાય,
ત્યાગે અદનો આદમી, દેવ બની પૂજાય. ૧૧૨
ત્યાગ થકી આ વિશ્વમાં, થાયે મહાન કામ,
પૂજાતા યુગ-યુગ સુધી, ત્યાગી કૃષ્ણ ને રામ. ૧૧૩
જેનો ત્યાગ મહાન છે, તે જ પુરુષ મહાન,
ત્યાગીને આ જગ બધું, વંદે કહી ભગવાન. ૧૧૪
માટે મહત્ત્વ ત્યાગનું, સમજ ચતુર સુજાણ,
ત્યાગરાગના દ્વંદ્વમાં, ત્યાગ એક જ મહાન. ૧૧૫
અવધૂતજીના ત્યાગની, નાનકડી આ વાત,
કેવી મ્હેકે આજ પણ, દેખ નિરંજન તાત ! ૧૧૬
ત્યાગ ભવ્ય અવધૂતનો, જોઈ પેલો ગૃહસ્થ,
મૂગો થઈ વંદી રહ્યો, જોડી બન્ને હસ્ત. ૧૧૭
કહે પછી અવધૂતને, વિનતિ કરીને એહ,
જાતાં પહેલાં મુજ પ્રભુ ! દૂર કરો સંદેહ. ૧૧૮
ગોળ બધો મેં તો પ્રભુ ! આપ ચરણની માંહ્ય,
અર્પણ કરિયો તો હવે, પાછો ના લેવાય. ૧૧૯
હવે આપ લેતા નથી, મુજથી ના લેવાય,
તો વધેલા ગોળનું, કહો હવે શું થાય ? ૧૨૦
સૂણી વચન એ ભક્તનાં, અવધૂત થયા પ્રસન્ન,
મંદ હાસ્ય કરી વદ્યા, પોતે મધુર વચનઃ ૧૨૧
ધન્ય ! ભગત તવ ભાવના, સાંભળો મારી વાત,
લઈ જાઓ આ ગોળ બધો, માની સંતપ્રસાદ. ૧૨૨
ગામતણાં બાળક બધાં, નર-નારીને આમ,
વહેંચી દેજો સંતનો, ગોળ-પ્રસાદ તમામ. ૧૨૩
ભગત અતિ હરખ્યા અને, સંતને કરી વંદન,
ગોળ પ્રસાદનો લઈ બધો પહોંચ્યા નિજ સદન. ૧૨૪
અહીં હવે અવધૂતજી, થાતાં ભક્ત વિદાય,
વંદી માતા નર્મદા, આગળ વધતા જાય. ૧૨૫
પરિક્રમાવાસી કદી, સાત્ત્વિક ભેટી જાય,
તેની સાથે ભાવથી, વાતો કરતા જાય. ૧૨૬
અલ્પ પણ સહવાસથી, અવધૂતજીના આમ,
જ્ઞાની જાણી એમને, કરતા પ્રેમે પ્રણામ. ૧૨૭
અવધૂતજીનું જોઈને, દિવ્ય કોમલ અંગ,
પરિક્રમાર્થી કોક ત્યાં, પૂછે ધરી ઉમંગઃ ૧૨૮
અરે અરે બાબા ! તમે, સુખી ને ખાનદાન,
ઉચ્ચ ઘરના છો દીકરા, સાચું અમ અનુમાન. ૧૨૯
તોયે શા માટે તમે પરિક્રમાનું કષ્ટ,
વેઠીને દુઃખી બનો ? ના સમજાતું સ્પષ્ટ. ૧૩૦
ક્યા સુખને શોધવા, વેઠો આવું દુઃખ ?
અમને સમજાતું નથી, ક્યાંથી તમને દુઃખ ? ૧૩૧
સૂણી પ્રશ્ન એ સાથીનો, અવધૂત ધારી પ્રીત,
બોલ્યા સાંભળ ભાઈ તું, મારી ન્યારી રીતઃ ૧૩૨
"દુનિયા શોધે સુખને, સુખ મેળવવા કાજ,
ફરે બાવરી વિશ્વમાં, પીટે ઢોલ-પખવાજ. ૧૩૩
શોધું છું હું દુઃખને, દુઃખ મેળવવા માટ,
ફરું બાવરો જગ વિશે, ક્યાંય ન પડતો ઘાટ ! ૧૩૪
જ્યમ જ્યમ લોકો સુખને, શોધે તેમ તેમ સુખ,
દૂર દૂર ભાગી રહ્યું, થઈને લોકવિમુખ. ૧૩૫
જ્યમ જ્યમ દુઃખને શોધવા, હું પણ કરું પ્રયાસ,
ત્યમ ત્યમ દુઃખ મુજથી અહા ! આઘું નાસે ખાસ !" ૧૩૬
સૂણી અવધૂતની અહા ! વિચિત્ર આવી વાત,
સ્તબ્ધ થઈ સૌ સાથીઓ, ચિત્ર સમ થઈ જાત. ૧૩૭
મર્મવાણી અવધૂતની, એ શું સમજે જાણ,
સાંભળી ભોળા એ જનો, કેવળ જોડે પાણ. ૧૩૮
અલખ કહે અવધૂતનાં, પ્રેરક મર્મ વચન,
સમજે તો આ વિશ્વમાં, દુઃખ ટકે ના ક્ષણ. ૧૩૯
સુખ-દુઃખ મનનાં સોણલાં, એનું વચન અદ્ભુત,
મનનું કારણ ઉભય એ, સમજ દે અવધૂત. ૧૪૦

મન છોડાવે મનુજને, બંધાવે પણ મન,
મિત્ર થઈ મન મદદ કરે, વળી એજ બને દુશ્મન. ૧૪૧
સુખ દુઃખ ભાસે જે બધું, મનનું કારણ જાણ,
જેમ નચાવે મન અહીં, તેમ નાચે સહુ જાણ. ૧૪૨
મનથી મોટા થાય ને, મનથી નાના થાય,
ઊંચ-નીચના ભેદ પણ, મન વડે જ પડાય. ૧૪૩
મન જીત્યું તેણે અહીં જગ જીત્યું તું જાણ,
મનને જે જીતે અહા ! વિશ્વવિજેતા માન. ૧૪૪
નિજ મન જેને વશ થયું, તેને વશ સંસાર,
માન નિરંજન ! ખચિત તે, તરી ગયો ભવપાર. ૧૪૫
અવધૂતજીની દૃષ્ટિએ, દુઃખ ન દીઠું ક્યાંય,
જ્યાં જ્યાં દૃષ્ટિ નાખતા, ત્યાં ત્યાં સુખ દેખાય. ૧૪૬
તેથી એ દુઃખ શોધતા તો ય ન જડતું ક્યાંય,
સુખરૂપ હરિ જ્યાં દૃષ્ટિમાં, દુઃખ ક્યાંથી દેખાય ? ૧૪૭
માટે દૃષ્ટિ ફેરવી, અંતરમાંહી વિલોક,
સુખસાગર છલકી રહ્યો, બહાર સઘળું ફોક. ૧૪૮
માટે સાંભળ શિષ્ય હે ! થા હરિભજનને રત,
થાશે અંતર શુદ્ધ ને પામીશ સુખ સમસ્ત. ૧૪૯
મનને વશ કરવાતણી, સાચી ચાવી એક,
શ્વાસે-શ્વાસે હરિ સ્મરો, ધારી હૈયે વિવેક. ૧૫૦
ઘણીવાર વિનોદમાં, ટીખળ કરીને આમ,
અર્થ-ગર્ભ ગંભીર કહી, દેતા બોધ અકામ. ૧૫૧
પરિક્રમા કરતાં અહા ! અવધૂતને એકવાર,
અકસ્માત્ રસ્તે મળ્યા, સાધુ ત્યાં બે-ચાર. ૧૫૨
હર નર્મદે કહી મળ્યા, સર્વે સાથો સાથ,
એમ થયો અવધૂત ને, સાધુતણો સંગાથ. ૧૫૩
વિચક્ષણ એ અવધૂત ને, વિચિત્ર સહુ વર્તન,
નીરખી બીજા સાધુઓ, વિચારતા નિજ મન. ૧૫૪
સાધુ યુવાન આ નકી, ઉચ્ચ કોટિનો જાણ,
સાધક છે પણ સર્વથી, આગળ નીકળ્યો માન. ૧૫૫

એમ વિચારી સાધુ સૌ, નિત નિત નૂતન વાત,
પૂછીને અવધૂતને, મોજ કરે સાક્ષાત્. ૧૫૬
એક દિવસ અવધૂતજી, સકળ સાધુઓ સાથ,
સ્નાનમિષે રેવાતીરે, ઊભા જોડી હાથ. ૧૫૭
ટીખળી કો સાધુ ત્યાં, કસોટી કરવા કાજ,
પૂછે પ્રશ્ન વિચિત્ર જે, સાંભળ શિષ્ય તું આજ, ૧૫૮
પૂછે મુખ ટેઢું કરી, હે બ્રહ્મચારિરાજ !
લંગોટીનો મંત્ર કંઈ, જાણો છો મહારાજ ? ૧૫૯
બોલ્યા અવધૂતજી તિહાં, સૂણો સાધુમહારાજ,
લંગોટીનો મંત્ર તો, સાધ્ય કર્યો મેં આજ. ૧૬૦
બોલો કઈ ભાષા મહીં, સૂણવા માગો અદ્ય ?
જે ભાષામાં આપ કહો, તેમાં સૂણાવું સદ્ય. ૧૬૧
સાધુ બોલ્યા હિન્દીમાં, સૂણાવ જરા એ મંત્ર,
અવધૂતજી કહે સાંભળો, કાનખોલીને અત્ર. ૧૬૨
અલખ કહે અવધૂતજી, ઊંચા સ્વરથી આમ,
મંત્ર નીચેનો બોલિયા, થાતા સ્તબ્ધ તમામઃ ૧૬૩
લોભ કી લંગોટી, લાલચ કા ધાગા,
દુનિયા ઠગત ફીરે, લિયે બેરાગા. ૧૬૪
સૂણતાં મંત્ર લંગોટનો, સર્વે સાધુજન,
નમી રહ્યા અવધૂતને, થાતા સૌ મ્લાન વદન. ૧૬૫
અવધૂતજી પૂછી રહ્યા, સાધુને ફરી વાર.
મુખ પર હાસ્ય અને વળી, કરી આંખ અણસાર. ૧૬૬
કહો તો સંભળાવું હજી, ચિપિયાનો પણ મંત્ર,
કમંડલ ને દંડનો, કહો તો બોલું અત્ર. ૧૬૭
ચૂપ સાધુ થઈ ગયા, ચાલ્યા ગયા તતખેવ,
અવધૂત પ્રેમે ગર્જીયા, જય જય શ્રી ગુરુદેવ. ૧૬૮
આવી પરિક્રમાતણી, અવધૂતલીલા અપાર,
આગળના અધ્યાયમાં, કરે અલખ વિસ્તાર. ૧૬૯
'બાલક' રંગના નામથી અતિશય પાવન થાય,
પાવન થાતાં કલમથી, આગળ રસ્તો થાય. ૧૭૦

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિંદોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે રેવાપરિક્રમારંભો નામ અષ્ટવિંશતિતમોઽધ્યાયઃ ॥૨૮॥ દોહરા ૧૭૦

## અધ્યાય : ૨૯

સૂણ નિરંજન શિષ્ય તું, સદ્‌ગુરુલીલા અપાર,
વેદો પણ મૂગા રહ્યા, કાંઈ ન પામ્યા પાર ! ૧

અનંત આ આકાશ શી, સદ્‌ગુરુલીલા અનંત,
અનંતને એ આંબવા, વ્યર્થ યત્ન આ સાન્ત ! ૨

તોયે સ્વાંતરને અહા ! દેવાને આનંદ,
ગાઉં ગાથા ગુરુતણી, છોડી સઘળા છંદ ! ૩
ત્યાર પછી અવધૂતજી, છોડી સહુ સંગાત,
આગળ ચાલી નીકળ્યા, સ્વયં એકલા જાત. ૪
પિયામિલનની મસ્તીમાં, બની ખૂદ મસ્તાન,
ઝડપી ચાલે જાય હા ! ગાતા સદ્‌ગુરુગાન. ૫
ઉછળે પૂર આનંદનું, હૃત્‌સાગરની માંહ્ય,
ઉભરાતી છોળો અહા ! બ્રહ્માંડે ન સમાય. ૬
આવેશે આનંદના, ચાલે ઝડપી ચાલ,
સાઠ-સાઠ ગાઉ દિવસમાં, ચાલે ના રે'ખ્યાલ ! ૭
જુવાનીનું જોમ અને, બ્રહ્મચર્યપ્રતાપ,
પ્રભુમિલનની ધૂન મચી, ચલાય આપોઆપ ! ૮
રેવામાનો કાંઠડો, જાણે નંદનવન,
પાંગરતી પ્રકૃતિ અતિ, કરે પ્રફુલ્લિત મન. ૯
શીતલ-મંદ સમીર હા ! આહ્‌લાદક લહેરાય,
લહેર લહેરે મોદનાં, મોજાં મન ઉભરાય. ૧૦
રંગ રંગનાં વનફૂલો, ખિલ્યાં હારોહાર,
મધુર સુગંધી વેરતાં, શોભે ભારોભાર ! ૧૧
વિધવિધ રંગી પંખીઓ, કરતાં મધુર કૂજન,
ડાળે ડાળે વૃક્ષ પર, કરતાં મનોરંજન. ૧૨
વનરાજી અઢળક ખિલી, પ્રકૃતિ સુંદર અપાર,
ધરતી માએ હા ! જૂઓ, સજ્યા સોળ ક્ષણગાર ! ૧૩
નયન ભરી ભરી માણતા, પ્રકૃતિતણો આહ્‌લાદ,
ચાલ્યા અવધૂત જાય છે, કરતા ૐ ૐ નાદ. ૧૪
ચાલતાં મસ્તીમાં તિહાં, રસ્તા બે દેખાય,
ક્ષણભર પડ્યા વિચારમાં, મૂકવા ક્યાં રે પાય ? ૧૫
નિર્ણય ક્ષણમાં લઈ લીધો, પકડ્યો ડાબો પંથ,
ભૂલા અવધૂતજી પડ્યા, જાતાં અવળે હંત ! ૧૬
આગળ જ્યમ જ્યમ ચાલિયા, ઝાડી ત્યમ ત્યમ અનંત,
આવ્યો વગડો ઘોર ને માર્ગ થઈ ગયો બંધ. ૧૭
તમસ્ સાયંકાલનું, ઝાડીનો અંધકાર,
વન્યપશુની ત્રાડથી, લાગે બહુ ભેંકાર. ૧૮
માનવ-વસ્તી ના મળે, નિર્જન ભયાનક વન,
કાંટાળી-કંથારનાં, છાયાં ઝૂંડ સઘન. ૧૯
માર્ગ શોધ્યો જડે નહિ, એવું ઘોર અરણ્ય,
તોયે અવધૂત ચાલતા, બધું ગણી નગણ્ય. ૨૦
જોઈ નિબિડતા વનતણી, રંગ વિચારે આમ,
ભૂલા પડ્યા ને થાકિયા, કરવો અહીં જ મુકામ. ૨૧
આવા ઘોર અરણ્યમાં, રહેવાનો નિશ્ચય,
સૂણી નિરંજનને અતિ, લાગ્યું હા ! આશ્ચર્ય. ૨૨
નયનો વિસ્ફારિત કરી, લાગ્યો પૂછવા એહ.
અરે અરે ઓ અલખજી ! ટાળો મમ સંદેહ : ૨૩
ઘોર નિબિડરાનમાં, રહેવાનો નિશ્ચય,
કરતાં એ અવધૂતને, ના લાગે શું ભય ? ૨૪
અલખ કહે આનંદથી, સુણ ઓ ! શિષ્ય સુજાત,
સદ્‌ગુરુ જેણે ગસેવિયા, ભય તેને શો ? તાત ! ૨૫
સર્વ જેણે સમર્પિયું, સદ્‌ગુરુ - ચરણની માંહ્ય ;
હરપળ તેની કાળજી, રાખે સદ્‌ગુરુ રાય. ૨૬
આંખોમાં જેની અહા ! વસી ગયા ગુરુદેવ,
તેને વસ્તુમાત્રમાં, દેખાયે ગુરુદેવ. ૨૭
ઘોર ગર્જના સિંહની, કોયલનો ટહૂકાર,
અદ્વયથી દ્વયમાં સુણે, સદ્‌ગુરુપદસંચાર ! ૨૮
ક્ષયરોગીના હાડમાં, કે જૂએ ગુલાબી ગાલ,
એક જ અવધૂત પેખતો, વાસુદેવનો બાળ ! ૨૯
અવધૂત કેરી આંખમાં, વસી ગયા ભગવાન,
પ્રભુ વિણ દેખાય ના, અન્ય બીજું કંઈ જાણ ! ૩૦
જગમાં પ્રભુને નિરખતા, પ્રભુમાં જગનો વાસ,
હૈયે અતિશય દૃઢ થયો, પ્રભુપરનો વિશ્વાસ. ૩૧
અભાવ દ્વૈત ભાવતણો, ક્યાંથી લાગે ભય ?
લાગે જડ-ચેતન બધું, વિષ્ણુરૂપ નિર્ભય. ૩૨
ઘોર જંગલ એ ભલે, અવધૂતને મંગલ,
મુકામ કરવા એ ચહે, હૃદય એનું નિર્મલ. ૩૩
ગુરુજીને પણ કેમ ગમે ? આવો ઘોર મુકામ,
લીલા એણે શી કરી સુણ શિષ્ય ! તે ઠામ. ૩૪
ફૂટ્યો જાણે ભોંયથી, રંગનસીબે દેખ,
મનુષ્ય આવ્યો એક ત્યાં, કઠિયારાનો ભેખ ! ૩૫
માથે ફાળિયું ફાટલું, ટૂંકી ધોતી છેક,
કાષ્ઠ કાપવા હાથમાં, ધર્યો કુહાડો એક. ૩૬

સીધો આવી એ ઊભો, અવધૂતજીની પાસ,
દિવ્ય ચમકતાં નેત્ર ને, કરતો મધુરું હાસ, ૩૭
પૂછવા લાગ્યો પ્રેમથી, જાવું ક્યાં મહારાજ ?
ક્યાંથી આવ્યા આ સ્થળે ? ભૂલ્યા પડ્યા શું આજ ? ૩૮
પરિક્રમાએ નીકળ્યા, લાગો છો કોઈ આપ,
આવો પાછળ માહરી, ના કરશો સંતાપ. ૩૯
થોડી વારમાં આપને, પહોંચાડી દઉં આમ,
સામે પેલા ગામમાં, કરો સુખે વિશ્રામ. ૪૦
અવધૂતજી આશ્ચર્યથી, જોઈ રહ્યા પલવાર,
સામે એ સજ્જનની પછી કર્યો વિચાર : ૪૧
પ્રભુએ ભેજ્યો જરૂર આ , મુજ કાજે નિજ દૂત,
માટે વિચાર કર્યા વિના, ચાલ હવે અવધૂત ! ૪૨
એમ વિચારી રંગ ત્યાં, ઊભા થયા સત્વર,
કઠિયારા પૂંઠે પછી, ચાલ્યા શ્રીગુરુવર ! ૪૩
માર્ગે ચાલતાં અવધૂતે, છેડી વાત અનેક:
"અરે ભાઈ તમે કોણ છો? ક્યાંથી એકાએક, ૪૪
આવી પહોંચ્યા જંગલે, છોડી તમારું કામ,
ક્યાં જાવું છે આપને ? ક્યું તમારું ગામ ?" ૪૫
કઠિયારો ખડ-ખડ હસી, લહેકો કરીને આમ,
બોલ્યો, લક્કડફોડ છું, નજીક મારું ગામ. ૪૬
વ્યસન મને અફીણનું, તેથી આજે આમ,
અફિણ લેવા કાજ હું, જાઉં સામે ગામ." ૪૭
અરે ! વાત હજુ એહની, પૂરી ના થઈ ત્યાંય,
બંને આવી પહોંચિયા, ગામની પાદર માંહ્ય. ૪૮
"અરે ! આટલી વારમાં, ગામ આવિયું આંહ્ય!"
ગયા ડૂબી અવધૂતજી આશ્ચર્યાબ્ધિ માંહ્ય. ૪૯
અચરજભાવથકી હજી, અવધૂત આવે બહાર,
તે પહેલાં તો બોલિયો, કઠિયારો તે વાર : ૫૦
"લ્યો ! મહારાજ આવીયું, ગામનું પાદર આંહ્ય,
ધર્મશાળામાં જઈ, મુકામ કરજો ત્યાંય. ૫૧
એમ કહ્યું ના કહ્યું અને, કઠિયારો ક્ષણ માંહ્ય,
આશ્ચર્ય વચ્ચે રંગના, થયો અદૃશ્ય ત્યાંય. ૫૨
અવધૂત ક્ષણભર થોભિયા, પછી વિચાર્યું મન,
મળે અફીણ જ્યાં નકી, ગયો હશે એ જન. ૫૩
પૂછપરછ કરતાં તદા, અફીણની દુકાન,
શોધી કાઢીને તિહાં, પહોંચી ગયા ભગવાન ! ૫૪
અફિણવાળાને પૂછિયું "અહિં કોઈ એક જણ,
લેવા કાજ અફીણ અહીં, આવ્યો'તો આ ક્ષણ" ? ૫૫
અફીણવાળો બોલિયો, "વહેલી સવારથી આજ,
ઘરાક કોઈ આવ્યું નથી, અફીણ લેવા કાજ." ૫૬
કહે અવધૂતજી એહને, કઠિયારા શો જન,
આવે અફીણ કાજ જો, એને તમે તત્ક્ષણ. ૫૭
મોકલજો મુજ પાસ હા ! ધર્મશાળાએ આમ,
ઊગે સવાર ત્યાં સુધી, છે ત્યાં મારો મુકામ. ૫૮
વદી એમ અવધૂતજી, આવી મૂકામ પર,
"કોણ હશે કઠિયારો એ ?" શોધી રહ્યા શુભવર. ૫૯
અવધૂતજી ઊંઘ્યા નહિ, જોતા એની વાટ,
કઠિયારો આવ્યો નહિ, જાગ્યા આખી રાત ! ૬૦
થતાં બ્રાહ્મ મુહૂર્ત અહા ! કરી સ્નાન ને ધ્યાન,
અવધૂતજી વિચાર કરે, "જરૂર એહ ભગવાન !" ૬૧
માર્ગ બતાવવા જો ધર્યો, કઠિયારાનો વેષ,
નોંધારા મુજ કાજ એ, પધારિયા સર્વેશ ! ૬૨
હૈયું ગદ્ગદ્ થઈ ગયું, નયન થયાં સજલ,
વાહ ! પ્રભુ ! નિજ બાળની, રાખો સૂધ હરપલ. ૬૩
કેવા પ્રભુ ! દયાળ છો ! ભક્તતણા પ્રતિપાળ,
શરણાગતની હર પળે, રાખો છો સંભાળ ! ૬૪
ભક્તવત્સલા ! ભૂધરા ! અગમ્ય ગતિ છે તુજ,
પાર ન પામે વેદ ત્યાં મતિ શેં મંદ મુજ ! ૬૫
ભૂખ્યો, રેવાકાંઠડે, પડ્યો હતો બેભાન,
ગોળ લઈ ભેજ્યો તમે, ભગતને ભગવાન ! ૬૬
કાલે ઘોર અરણ્યમાં, બેઠો'તો નિરાશ,
કઠિયારો થઈને પ્રભુ ! માર્ગ બતાવ્યો ખાસ. ૬૭
આમ ગુપ્ત વેષે પ્રભુ ! નિજ બાળકની આપ,
હર પળ લેતા કાળજી, ટાળો છો સંતાપ. ૬૮
ક્યાં સુધી રમશો પ્રભુ ! સંતાકુકડી આમ,
નિજ બાળકની સાથ હા ! કહો કહો અભિરામ ? ૬૯
દર્શન-પ્યાસાં નયનની, ક્યારે બૂઝશો પ્યાસ ?
ક્ષણક્ષણ સરતી, શામળા ! દો દર્શન અવિનાશ !" ૭૦

ભીની આંખે ભાવથી, અવધૂત પ્રાર્થે જ્યાંય,
જાગ્યાં અંગે અંગમાં, સ્પંદન મધુરાં ત્યાંય ! ૭૧
અંગ અંગ પુલકિત થયું, રોમ રોમ હર્ષાય,
અવધૂતના અંતર વિષે, આનંદ અતિ ઉભરાય. ૭૨
નિજાનંદની મસ્તીમાં, ચાલ્યા પોતે જાય,
ચાલ્યા ગાઉ સાઠેક હશે, થઈ શ્રમિત કંઈ કાય. ૭૩
શ્રમ નિવારવા અવધૂતે, કર્યું નર્મદાસ્નાન,
ડૂબકી મારતાં થાકનું, રહ્યું નામ ન નિશાન ! ૭૪
રેવાજલના સ્પર્શથી, પ્રગટી સ્ફૂર્તિ અપાર,
તીવ્ર ક્ષુધા એ સાથમાં, પ્રગટી ઉદર તે વાર. ૭૫
માગે અન્ન ત્યાં હોજરી, ભૂખે રહ્યું ન જાય,
ભોજન ક્યાંથી લાવવું, નિર્જન વનમાં ત્યાંય. ૭૬
ત્યાં તો એ અવધૂતના, આશ્ચર્ય વચ્ચે એમ,
દૃશ્ય અનુપમ થયું ખડું, એમની સામે તેમ. ૭૭
રેવાજીને કાંઠડે, પથ્થર મોટો એક,
સ્વચ્છ શિલા પર ભાખરી, ગરમ ગરમ બે દેખ ! ૭૮
માખણનો પેંડો અહા ! પીગળી રહ્યો છે જોઈ,
કકડી લાગી ભૂખ છે, ખાવા ઈચ્છા થઈ ! ૭૯
ભૂખ અતિશય પેટમાં, સામે મધુર ભોજન,
કહે શિષ્ય એ જોઈને, કો'નું ચળે ના મન ? ૮૦
ભૂખ્યું પ્રાણી જગતમાં, કરે ન શું શું પાપ ?
ભૂખી સાપણ ખાય જો, નિજ બચ્ચાંને આપ !! ૮૧
ધર્મ-ધૈર્ય માનવતણાં, ભૂખ ભૂલાવે આમ,
ભૂખે નીતિ-ન્યાય સહુ, નેવે મૂકે તમામ. ૮૨
આ તો પણ અવધૂત છે, વણહક્કનું કંઈ આન,
સ્વીકારે ના એ કદી, ભલેને જાયે પ્રાણ. ૮૩
જોઈ માખણ-ભાખરી, વિચારે અવધૂત મનઃ
હશે કોઈનું આ નકી, મૂકી અહીં એ જન, ૮૪
કંઈ કાર્યાર્થે નજીકમાં, ગયો હશે આ ક્ષણ;
હમણાં આવીને પછી, કરશે એ ભોજન. ૮૫
બીજાનું વણહક્કનું, મુજથી શેં લેવાય ?
અવધૂત એમ વિચારીને આગળ ચાલ્યા જાય ! ૮૬
અલખ નિરંજનને કહે, વિચાર કરી જો મન,
ક્ષુધા ઉપર સંયમ અરે ! રાખવો ખૂબ કઠણ. ૮૭
પેટ પુકારીને કહે, લાવો અન્ન રે અન્ન,
તાજાં માખણ-ભાખરી સ્થાન વળી નિર્જન. ૮૮
જરાય જેનું તોય પણ, ચલિત થતું ના મન,
એવો સંયમી જગ મહીં, જાણ સ્વયં ભગવાન. ૮૯
"બીજાનું ભોજન અહા ! મુજથી ના લેવાય;"
વિચારતાં અવધૂતજી, આગળ ચાલ્યા જાય ! ૯૦
જેમ જેમ અવધૂતનો, આગળ પંથ કપાય,
તેમ તેમ ક્ષુધા કેરી, માત્રા વધતી જાય. ૯૧
બે એક ગાઉ ચાલ્યા હશે, રેવાતીરે આમ,
ત્યાં તો પેલું દૃશ્ય ફરી, દેખાયું આ ઠામ ! ૯૨
તાજી ગરમ-ગરમ અહા ! બે ભાખરીઓ આંહ્ય,
સ્વચ્છ શિલા ઉપર અરે ! હતી મૂકેલી ત્યાંય. ૯૩
માખણનો પેંડો હવે, સાથ ન ત્યાં જણાય,
જોઈ તેવું રંગ ત્યાં, વિચાર કરે મન માંહ્ય :- ૯૪
"અવધૂત ! ભૂખ્યો જોઈ તને, રેવામાએ આજ,
અન્નપ્રસાદી ભાખરી, મોકલી તારે કાજ. ૯૫
માએ તો મમતા થકી, રોટી માખણ જાણ,
બન્ને સાથે મોકલ્યાં, તારે કાજે માન. ૯૬
કિન્તુ તુજ તકદીરમાં, માખણ નહિ હોય એમ,
ત્યજવા ઉપજી દુર્મતિ, ચાલી નીકળ્યો તેમ. ૯૭
ના આ સાદી ભાખરી, છે માપ્રસાદી માન,
સ્વીકારી લે પ્રેમથી, નહિ તો ઓ ! હેવાન ! ૯૮
ગુમાવીશ આને વળી, થઈશ ભૂખે હેરાન,
માટે તર્ક-વિતર્ક સૌ, છોડી દે તું આન." ૯૯
એમ વિચારી અવધૂતે, ભાખરી કેરો પ્રસાદ,
સ્વીકારી પ્રેમે લીધો, અનુપમ જેનો સ્વાદ. ૧૦૦
રેવામાના પ્રસાદથી, થયો હર્ષ અપાર,
ક્ષુધાશાંતિથી તૃપ્તિનો, આવ્યો ઝટ ઓડકાર. ૧૦૧
મન પ્રફુલ્લિત થઈ ગયું, તન સ્ફૂર્તિસંચાર,
કૃતજ્ઞતાથી માતને, વંદે વારંવાર. ૧૦૨
"ધન્ય માત હે નર્મદા ! ભક્તતણી પ્રતિપાળ,
હરપળ તારા બાળની, રાખે તું સંભાળ." ૧૦૩
પ્રાર્થી એમ આગળ વધ્યા, વધ્યો વળી વિશ્વાસ,
મારા ઉપર માતની, છે કૃપા અતિ ખાસ. ૧૦૪

સૂણ નિરંજન બાળ તું, પરિક્રમામાં આમ,
રેવામા નિજ ભક્તની, રાખે સૂધ તમામ. ૧૦૫
રેવામાના નામ પર, નિર્ભર થઈ અવધૂત,
આગળ ચાલ્યા મસ્તીથી, રુકમામ્બાના સુત. ૧૦૬
સાઠેક ગાઉ ચાલ્યા હશે, સાંજ પડી છે આમ,
ત્યાં તો જોયું દૂરથી, એક મઝાનું ગામ. ૧૦૭
ગામને પાદર દૂર જરા, હતી મઝાની વાવ,
અવધૂતજીને ગમી ગયું, નાખ્યો ત્યાં જ પડાવ. ૧૦૮
ખાવું-પીવું કંઈ ન'તું, લેવા માત્ર આરામ,
રાત પૂરતો એક ત્યાં, નાખ્યો જો મુકામ. ૧૦૯
વાવતણા પરથારને, કરી સાફસૂફ એમ,
પાથરી કામળો કાયને, લંબાવીને તેમ. ૧૧૦
સૂતા છે અવધૂતજી, નિજ મસ્તીમાં ત્યાંય,
બ્રહ્માનંદની છોળ હા ! ઉછળી રહી ઉર માંહ્ય. ૧૧૧
ઓઢી શ્યામલ અંચલો, રજનીરાણી ત્યાંય,
તિમિર વેરતાં વિશ્વ પર, આવી પહોંચ્યાં જ્યાંય. ૧૧૨
કાળા સુંવાળા રાત્રિના, મખમલ પડદા માંહ્ય,
વિશ્વ બધું ડૂબી ગયું, વ્યાપી શામલ છાંય. ૧૧૩
તક મળતાં અંધારમાં, ભવ્ય ગગનની માંહ્ય,
એક પછી એક તારલા, ટમ ટમ કરતાં ત્યાંય ! ૧૧૪
ડોકિયું કાઢી નીકળ્યા, છવાઈ ગયા નભ માંહ્ય,
તારકતેજે નભ બધું, રહ્યું પ્રકાશી ત્યાંય ! ૧૧૫
નીરવ શાંતિ રાતની, છાઈ ગઈ ચોપાસ,
રાત્રિની એ શાંતિમાં, તમરાં રમતાં રાસ ! ૧૧૬
સીમમાંથી શિયાળની, લારી કોઈ કોઈવાર,
કૂતરાં દૂરે જોરથી, ભસતાં વારંવાર. ૧૧૭
ભંગ શાંતિનો થતાં, થાતો કંઈ વિક્ષેપ,
તોયે અવધૂત જો તિહાં, સૂતા થઈ નિર્લેપ. ૧૧૮
સૂતાં સૂતાં ગગનતણા, તારક સાથે આમ,
ગોષ્ઠિ કરતા મોજથી લઈ રહ્યા આરામ. ૧૧૯
સર્વત્ર વળી સર્વમાં, જોતા સર્વેશ્વર,
સૂતા સાત્ત્વિક સંત એ, સરખો સ્નેહ સહુ પર. ૧૨૦
વિભાવરી સરતી રહી, જામી ગઈ મધરાત.
નિદ્રા કેવી યોગીને ? સરખાં દિવસ-રાત. ૧૨૧
ઉન્મની નિદ્રા માણતા, સૂતા હતા અવધૂત,
ત્યાં તો ધ...બ ધબાકો હા ! સૂણે દત્તનો દૂત. ૧૨૨
વાવના ઊંડા જલ મહીં, જાણે કોઈએ એમ,
ભૂસકો માર્યો ધ...બ દઈ, થયો ધબાકો તેમ. ૧૨૩
નીરવ શાંતિ તે પછી, પ્રસરી ચારે પાસ,
સ્હેજે સળવળાટ ના થયો, પાણીમાં ત્યાં ખાસ. ૧૨૪
એટલે તો અવધૂતજી, નિજ મસ્તીમાં મસ્ત,
પડ્યા રહ્યા પથારીમાં, થયા વિના અસ્વસ્થ. ૧૨૫
ત્યાં તો ધબાકો પાણીમાં બીજો થયો ત્યાં એક,
ભૂસકો જાણે પાણીમાં, માર્યો કોઈએ છેક. ૧૨૬
તોય અવધૂત ના થયા, જરાય ત્યાં અસ્વસ્થ,
શાંતિથી શય્યા મહીં, નિજાનંદમાં મસ્ત. ૧૨૭
શાંતિ દેખી ક્રોધમાં, ભૂસકાનો દેનાર,
ધબા-ધબ જો રોષથી, ભૂસકા વારંવાર; ૧૨૮
દેવા લાગ્યો વાવમાં, કરતો શાંતિ ભંગ,
એટલે એને કહી રહ્યા, મધુર સ્વરે શ્રીરંગ : ૧૨૯
"અરે જીવ ભલા ! અહા ! મારું કહેવું માન,
શા માટે ભૂસકા દઈ, થાયે તું હેરાન ? ૧૩૦
તને એકલાને કદી, ગોઠતું ના હોય ક્યાંય,
તો આવને મારી પાસ તું, બેસ જરા ભાઈ ! આંહ્ય. ૧૩૧
તારા સુખ-દુઃખની મને, આવીને કર વાત,
જેથી આપણ બેઉ જણ, પસાર કરીએ રાત. ૧૩૨
શા માટે ભાઈ ! તું કરે, આ ખોટો ઉત્પાત ?
આવા શાંતિ-ભંગથી, મળશે તને શું તાત ?" ૧૩૩
સૂણીને અવધૂતનાં, માર્મિક આવાં વચન,
પ્રેત થઈ ગયું શાંત ને વ્યાપી સુશાંતિ ગહન ! ૧૩૪
અલખ કહે સૂણ શિષ્ય હે ! એ પ્રેતતણો તે વાર,
અવધૂતજીના શબ્દથી, થઈ ગયો ઉદ્ધાર. ૧૩૫
ત્યાર પછી એ પ્રેતનો, ના થયો કો અણસાર,
શેષ રાત બહુ શાંતિથી, અવધૂતે કરી પસાર. ૧૩૬
પ્રાતઃકાળે એ પછી, કરી સ્નાન ને ધ્યાન,
અવધૂત આગળ મોદથી કરતા શુભ પ્રયાણ. ૧૩૭
ચાલિયા ગાઉ બત્રીસ ને આવ્યું નાનું શહેર,
અવધૂતજીના શરીરમાં, જ્વર ચઢ્યો બહુ પેર. ૧૩૮

જ્વરવાળા એ શરીરને, દેવાને આરામ,
ત્યાંની ધર્મશાળા મહીં, પોતે કર્યો મુકામ. ૧૩૯
પોલીસવાળો એક ત્યાં, અવધૂતજીને આમ,
આવી પૂછવા લાગિયો, "કહો જવું ક્યાં ગામ? ૧૪૦
ક્યાંથી આવો છો તમે? કેમ કર્યો મુકામ?
ક્યાં રહો છો? કરો છો શું? શું છે તમારું નામ? ૧૪૧
અવધૂત કહે હું નીકળ્યો, પરિક્રમાને કાજ,
ફરતો ફરતો હું અહીં, આવી પહોંચ્યો આજ. ૧૪૨
મારા તનમાં તાવ છે, તેથી આજની રાત,
વિશ્રાન્તિ કરી, પરોઢિયે પકડીશ મારી વાટ," ૧૪૩
પોલીસવાળો કહે અરે ! "તમ તનમાં છે જ્વર,
તેથી મારે આપવી, દાકતરને ત્યાં ખબર. ૧૪૪
રજા વિના દાકતર તણી, આગળ નહીં જવાય;"
એમ કહી સીપાઈ એ, દાકતર તેડવા જાય. ૧૪૫
દાકતર આવ્યા દોડતા, પૂછવા લાગ્યા એમ,
તાવ ચઢ્યો છે ક્યારનો ? થાતું અન્ય કંઈ કેમ ? ૧૪૬
ઝટ વદો જેથી અહીં, ઉપાય જલદી થાય,
ઈંજેકશન લીધા વિના, આગળ નહિ જવાય ! ૧૪૭
હમણાં અહીં આ શહેરમાં, ફાટી નીકળ્યો પ્લેગ,
પ્લેગગ્રસ્ત વિસ્તાર આ કર્યો છે જાહેર છેક. ૧૪૮
તત્કારણે આગળ અહા, કોઈને પણ પલભર,
જવા દેતા નહીં અમે, બાવાજી! છે ખબર ? ૧૪૯
માટે તમારે આજ હા ! રહેવું પડશે આંહ્ય,
મુકાવવી પડશે રસી, પ્લેગ તણી તન માંહ્ય ! ૧૫૦
તમ તનમાં જે તાવ છે, પ્લેગતણો અચૂક,
રસી મૂકાવવી તે પછી, પડી રહો બસ મૂક." ૧૫૧
સૂણી વચન એ તોછડાં, દાકતર તણાં અપાર,
અવધૂતજી ધીમે સ્વરે, સમજાવે તે વાર. ૧૫૨
"અરે સા'બ મુજ તાવ આ, નથી પ્લેગનો આમ,
આ તો જ્વર છે શ્રમતણો, તેથી કર્યો મુકામ. ૧૫૩
રાતભર આરામથી, ઉતરી જાશે એહ,
મારું માનો સા'બ તમે, ના કરશો સંદેહ." ૧૫૪
પણ માને શાને સા'બ આ? સાવ તોછડો જન,
અવધૂત ફરી સમજાવતા, બોલી મધુર વચન : ૧૫૫
રેવાતણી પરિક્રમા, કરવા નીકળ્યો આમ,
વહેલી સવારે ચાલતો, પહોંચીશ બીજે ગામ. ૧૫૬
બત્રીસ ગાઉથી ચાલીને, આવ્યો છું હું હાલ,
ચાલીસ ગાઉના પંથ હું, કાપીશ આવતી કાલ. ૧૫૭
ઈંજેકશન હું કોઈ દિ, લેતો નથી તન માંહ્ય,
લેવાનો પણ છું નહિ, થવાની હોય તે થાય. ૧૫૮
કહો તો લખી આપું અરે ! કોરા કાગળ પર,
જવાબદારી યદિ થાય તો, મૃત્યુની છે મુજ પર. ૧૫૯
તોયે દાકતર જીદ્દી એ, જરા ન માને આન,
સરકારી આ તંત્રનું, કેવું જડ અભિયાન ! ૧૬૦
સરકારી જડ કાયદા, કેવા વિચિત્ર વાહ;
જીવવા તો ના દે સુખે, મરવા પણ ન દે, આહ! ૧૬૧
કાયદા ભલે જડ રહ્યા, એમાં પણ વિવેક,
વાપરિયે તો કયદો, બને ન એ જડ છેક. ૧૬૨
જાણ્યું અવધૂતે તિહાં, નહિ સમજે જડજાત,
એટલે એની સાથ પછી, અંગ્રેજીમાં વાત :- ૧૬૩
કરતાં અવધૂતે કહ્યું "કહો અરે દાકતર !
પ્લેગના જંતુની બધી, ક્યાંથી તમને ખબર? ૧૬૪
કહી શકો છો તમે મને, કે તમ શરીર માંહ્ય,
નથી જંતુઓ પ્લેગના, છે સાબિતી કયાંય ? ૧૬૫
રોગી હો નીરોગી વા, દરેકના તન માંહ્ય,
દરેક જાતનાં જંતુઓ, ભર્યાં પડ્યાં છે ત્યાંય. ૧૬૬
બિલકુલ જંતુ વગરનું, છે કોઈનું શરીર ?
ખરું ભણ્યા હોય દાકતરી બતાવો મુજને વીર ! ૧૬૭
તમે તમારા વલણમાં, અક્કડ રહેશો અદ્ય,
તો મળવું પડશે માહરે, તમ ઉપરીને સદ્ય. ૧૬૮
પાછળથી તમને અહા ! તમારા વર્તન માટ,
પસ્તાવું પડશે અને, થાશે અવળો ઘાટ." ૧૬૯
શુદ્ધ-સ્પષ્ટ અંગ્રેજીમાં, બોલાએલી વાણ,
સૂણતાં ગભરાયા અહા ! દાકતર તત્ક્ષણ જાણ. ૧૭૦
આંખો ફાડીને અરે ! જોઈ રહ્યા ક્ષણભર,
પછી લાગ શોધી અને, થયા રફુચક્કર. ૧૭૧
અંગ્રેજીમાં બોલતો, બાવો જોઈ આંહ્ય,
પોલીસવાળો બાપડો, થયો દિઙ્મૂઢ ત્યાંય. ૧૭૨

દાકતર તો ભાગી ગયા, રહ્યો પોલીસ એમ,
વંદન કરી અવધૂતને, કહેવા લાગ્યો તેમ. ૧૭૩

“અરે! મહારાજ હવે અહીં, કરો સુખે આરામ,
બેઠો હું છું, હવે કો’ન લેશે તમારું નામ. ૧૭૪

સેવામાં હું આપની, આખી રાત જ છઉં,
દૂધ ફળફળાદિ બાપજી ! જો જોઈએ, લાવી દઉં.” ૧૭૫

ભાવ જોઈ એ ભક્તનો ભીંજ્યા ભક્તવત્સલ,
આપ્યા આશીર્વાદ કે, થાઓ શુભ સકલ. ૧૭૬

પછી કહે અવધૂતજી, પોલીસને સાભાર,
“બગડેલી તબિયત લીધે, લઉં ન કાંઈ લગાર.” ૧૭૭

એમ કહી એ ભક્તને, ભાવે કર્યો વિદાય,
વિશ્રાન્તિ લેવા પછી, લંબાવી નિજ કાય. ૧૭૮

વાણી-વ્યય મિથ્યા થકી, પેલા દાકતર સાથ,
તનમાં જ્વર વધ્યો અતિ, દુઃખવા લાગ્યું માથ. ૧૭૯

કામળ પર લંબાવિયું, જેમતેમ નિજ શરીર,
આંખો મીંચી ગુરુતણું, સ્મરણ કરતાં ધીર. ૧૮૦

નિદ્રાવશ પોતે થયા, થયું દર્દ સહુ દૂર,
સદ્‌ગુરુસ્મરણે ભાગિયું, દુઃખ-દર્દ પ્રચૂર. ૧૮૧

અલખ કહે સૂણ શિષ્ય હે ! સદ્‌ગુરુ સ્મરણની આમ,
જડીબુટ્ટિને સેવતાં ભાગે દુઃખ તમામ. ૧૮૨

પરિક્રમામાં રંગ એમ, વેઠે કષ્ટ અપાર,
‘બાલક’ તો બાઘો બની, જોતો રહે નિર્ધાર ! ૧૮૩

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિંદોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે પરિક્રમાયાં રેવાકૃપાપ્રસાદપ્રાપ્તિર્નામ એકોનત્રિંશોઽધ્યાયઃ ॥૨૯॥ દોહરા ૧૮૩॥

## અધ્યાય : ૩૦

અલખ કહે અવધૂતની, અગમ્ય લીલા અપાર,
ગાતાં-સૂણતાં ભક્તનો, થાયે બેડો પાર. ૧

રંગલીલાનો છાંયડો, દે શીતલ આહ્‌લાદ,
અનુપમ આશ્રય એહનો, આપે અનુપમ સ્વાદ. ૨

સૂણ શિષ્ય આગળ હવે અવધૂતલીલા ધન્ય,
ભવની ભીતિ ભાંગશે, મળશે મોદ અનન્ય. ૩

રાત્રીના આરામથી અવધૂતજીનું તન,
સ્વસ્થ થયું, સ્ફુર્તિ મળી, મનડું થયું પ્રસન્ન. ૪

સ્નાન-ધ્યાન પરવારીને, બ્રાહ્મમુહૂર્તે એમ,
રેવામાને કાંઠડે, અવધૂત ચાલ્યા તેમ. ૫

મુખમાં સદ્‌ગુરુનામ ને હૈયે હર્ષ ને હામ,
ઝડપી ચાલે ચાલતા, અવધૂત આત્મારામ. ૬

મધ્યાહ્‌ને આવી રહ્યા, એક નાનડે ગામ,
નાની ધરમશાળા મહી પોતે કર્યો મુકામ. ૭

ડબ્બામાંથી ગોળ હા! કાઢી પાશેર એક,
ઓગાળી એ ગોળનું, પાણી બનાવી છેક. ૮

પી લીધું એ પ્રેમથી, બોલી જય ગુરુદત્ત,
તૃપ્તિના આનંદનો, થયો ઉદ્‌ગાર તુર્ત. ૯

કરે કામળો પાથરી, સૂવાનો નિર્ધાર,
તે સમે આવી ઊભો, પરિક્રમા કરનાર. ૧૦

વંદન કરી અવધૂતને, વિનમ્ર ભાવે એહ,
કહેવા લાગ્યો પ્રેમથી ભરી નયનમાં નેહઃ ૧૧

પરિક્રમાવાસી પ્રભુ ! લાગો છો વરદેહ,
પરિક્રમણ હું પણ કરું, ના કરશો સંદેહ. ૧૨

પરિક્રમાએ નીકળ્યો, ખેમસીંગ મુજ નામ,
સાથીદાર વિના પ્રભો ! હારી ગયો છું હામ. ૧૩

રાખો મુજને કૃપા કરી, રસ્તે આપની સાથ,
ઉપકારવશ થઈશ હું, વિનવું જોડી હાથ. ૧૪

બનશે મુજથી એટલી, આપની સેવા નાથ !
કરીશ હું પ્રવાસમાં, રાખો મુજને સાથ. ૧૫

એમ કહી અવધૂતના, ચરણે મૂકી હસ્ત,
ફરી ફરી વિનવી રહ્યો, અવધૂતને એ ત્રસ્ત. ૧૬

જોઈ એની વિનમ્રતા, અવધૂત-હૈયા માંહ્ય,
જાગી અનુકંપા અને, બોલ્યા સદ્‌ગુરુરાય. ૧૭

વાત સેવા કરવાતણી, સમજ્યા જાણે એમ,
પણ રીત અનોખી માહરી, ફાવશે તને કે કેમ ? ૧૮

કેવળ પાણી ગોળનું, પીને કરું પ્રવાસ,
મુજ સાથે કંઈ દિન તને, થાશે જો ઉપવાસ. ૧૯
ઝડપી મારી ચાલ છે, ચાલી શકીશ કે કેમ ?
ઘસડાઈશ પાછળ તોય, થોભું નહિ હું એમ. ૨૦
બોલ્યો ખેમસીંગ તે પછી, જોડી બન્ને હાથ,
મુજને ના તરછોડશો, આપો સ્વામી ! સાથ. ૨૧
થાવા અનુકૂળ આપને, યત્ન બધો જ કરીશ,
એમ છતાં નહિ ફાવશે છોડી ઝટ હું દઈશ. ૨૨
જોઈ એનું ભોળપણ, ભાવભક્તિ વળી આમ,
અવધૂતજીએ દયા કરી, રાખ્યો સાથે એમ, ૨૩
બીજે દિને પ્રાતઃસમે, ખેમસીંગ સાથે એમ,
અવધૂત ત્યાંથી નીકળ્યા, નતજનપૂરણકામ. ૨૪
ભોળો ભાવિક ખેમસીંગ, અવધૂતજીને એમ,
થઈ અનુકૂળ ચાલતો, ધારી હૈયે પ્રેમ. ૨૫
અવધૂતજીની સાથ હા! ખેમસીંગને એમ,
રોજ રોજ સ્વાદિષ્ટ હા ! ભિક્ષા મળતી તેમ. ૨૬
દેખી દિવ્ય અવધૂતનું, પ્રતિભાશાળી મુખ,
વિધ-વિધ ભિક્ષા લાવતા, ભક્તો ત્યાં સન્મુખ. ૨૭
અવધૂતજી તો એકલું, લેતા ગોળનું જલ,
ભિક્ષા સઘળી ખેમસીંગ, તેથી ગ્રહે ઉદર. ૨૮
ખેમસીંગને આમ હા ! રોજ રોજ નૂતન
ભોજન મળતાં એહનું, થયું ચિત્ત પ્રસન્ન. ૨૯
વળી અવધૂત કાજ હા ! ભક્તો રાખી ભાવ,
કરતા સગવડ ખૂબ ત્યાં, જાણે આવ્યો રાવ. ૩૦
ખેમસીંગને આ બધું મળતું વારંવાર,
હૈયે એના તે થકી, થાતો હર્ષ અપાર. ૩૧
પ્રવાસમાં અવધૂતજી, કો'દિ પડતાં સવાર,
કરતા પ્રાણાયામ ને યોગક્રિયા ઘણીવાર. ૩૨
કોઈ કોઈ વાર શરીરમાં, પિત્તપ્રકોપ થાય,
બ્રહ્મદાણતની ક્રિયા, કરતા સદ્‌ગુરુ રાય ! ૩૩
ખેમસીંગ જોતો આ બધું, મનમાં કરે વિચાર,
યોગક્રિયાઓ આ બધી, શીખવી જોઈએ ધરાર. ૩૪
તેથી એ અવધૂતને, વિનવતો બહુ વાર,
શીખવાડો આ યોગ કંઈ, મુજને પણ લગાર. ૩૫
અવધૂતજી કહી 'જોઈશું', ટાળે એની વાત,
પણ આ તો થયો ઉતાવળો, યોગી બનવા તાત ! ૩૬
એક દિવસ અવધૂતજી, પ્રાતઃકાળે આમ.
બ્રહ્મદાતણની ક્રિયા, કરતા'તા અભિરામ. ૩૭
ખેમસીંગે એ બધું, જોયું રાખી ધ્યાન,
અઘરૂં આ તો કૈં નથી, જોખમમાં નહિ જાન. ૩૮
મુજથી પણ સહેલાઈથી, થાશે એમ જરૂર,
વિના અવધૂત આ કરું, શેં થાઉં મજબૂર ? ૩૯
એક સમે અવધૂતજી, ધરવા બેઠા ધ્યાન,
થયા નિમગ્ન ધ્યાનમાં, ખોવાય બાહ્ય ભાન. ૪૦
તે સમે આ ખેમસીંગ, જોઈને સુંદર યોગ,
કરવા તત્પર જો થયો બ્રહ્મદાતણ - પ્રયોગ. ૪૧
અઢારથી વીસ ઈંચની, લાંબી મૂળી એક,
લાવ્યો વડની એ તિહાં, રાખી મનમાં ટેક, ૪૨
ઉદરે દાતણ નાખવા, વાટે ગળાની એમ,
યત્ન કર્યો ત્યાં અટકિયું, અરધે રસ્તે તેમ. ૪૩
એવું અટક્યું કે અરે ! આઘુંપાછું ન થાય,
ગુંચવાયો જો ખેમસીંગ, કરવો કેમ ઉપાય ? ૪૪
નીકળે ના બહાર કે, ના જાયે અંદર,
શ્વાસોચ્છ્‌વાસ લેવાય ના, પ્રાણ ચઢ્યા અદ્ધર. ૪૫
ફાટી ગઈ આંખો અને, નીકળ્યા ડોળા બહાર,
કાયા થરથર ધ્રૂજતી, પીડાનો નહીં પાર. ૪૬
ગળું સજ્જડ થઈ ગયું, નીકળે ના કો સાદ,
પલળી પરસેવે ગઈ, કાયા થઈ બરબાદ. ૪૭
ગભરામણ તો ઘણી વધી, થયો અતિ હેરાન,
આવ્યું સામે મોત ખડું, ભૂલવા લાગ્યો ભાન. ૪૮
પણ એનું સદ્‌ભાગ્ય કે, તે જ સમે અવધૂત,
થયા ધ્યાનથી મુક્ત ને નયન ઉઘડ્યાં તુર્ત. ૪૯
નજર ચોગમ કરે તિહાં, ખેમસીંગ જોવા કાજ,
નજરે ના પડ્યો તદા, ઊભા થયા ગુરુરાજ. ૫૦
ઊભા થઈને જોયું તો, મોંમાં દાતણ સાથ,
થોડે દૂર એહ પડ્યો લડે મોતની સાથ. ૫૧
મરણોન્મુખ જોઈ તદા, દયાવંત વરદેહ,
પાસે દોડ્યા તુર્ત હા ! ખેમસીંગની તેહ. ૫૨

પરિસ્થિતિ પામી ગયા, ખેમસીંગની આમ,
બોલ્યા તું ગભરાઈશ ના, રાખ જરા ઉર હામ. ૫૩
દાતણ કાઢી લઉં છું હું, તુજ મુખમાંથી ઝટ,
હિંમત ના હારીશ તું, રાખ જરા ચીવટ. ૫૪
એમ કહી અવધૂત ત્યાં, શ્રમ કરીને અપાર,
શીર્ષાસનની સ્થિતિમાં, લાવ્યા જો તે વાર. ૫૫
તે પછી બહુ યુક્તિથી, દાતણ ખેંચ્યું બહાર,
દાતણ સાથે લોહી પણ, નીકળ્યું કંઈ તે વાર. ૫૬
થોડો સમય એ દુઃખથી, પડી રહ્યો બેભાન,
ધીમે ધીમે દેહમાં, પુનઃ પ્રવેશ્યા પ્રાણ. ૫૭
તનમાં ચેતન આવ્યું ને, થયું દેહનું ભાન.
ખેમસીંગ બહુ દુઃખથી, બોલ્યો જોડી પાણ. ૫૮
"ક્ષમા કરો અવધૂતજી, મારી ભૂલ અમાપ,
હાવેથી કદી નહિ કરું, દેખાદેખી બાપ. ૫૯
મૂર્ખતાથી સમજ વિના, કર્યું અનુકરણ જેહ,
તેનું ફળ મેં ભોગવ્યું, મરત હું નિઃસંદેહ. ૬૦
આજે આપ ના હોત તો, દશા શી મુજ થાત ?
કરતાં એની કલ્પના, ધ્રૂજી ઊઠું છું તાત ! ૬૧
યોગક્રિયાઓ આપને, કરતા જોઈ એમ,
મુજને ચસકો લાગીયો, યોગી થવાનો તેમ. ૬૨
કક્કો એનો જાણું નહિ દેખાદેખી માત્ર,
કરવા ગયો પ્રયોગ ને થાતાં ઢીલાં ગાત્ર. ૬૩
હવે પ્રભુજી ! કોઈ દિન, કોઈનું અનુકરણ,
જીવનમાં હું નહિ કરું, પણ લઈ કહું ભગવાન!" ૬૪
કહે અવધૂતજી "ખેમસીંગ, અનુકરણ એ પાપ,
દેખાદેખી જે કરે, પામે તે સંતાપ. ૬૫
જીવનમાં હર ક્ષેત્રમાં, કોઈનું જોઈને કામ,
કરતાં પહેલાં આપણે, વિચારીએ કંઈ આમઃ ૬૬
'એના જેટલી માહરી, કે આવડત કે હામ ?
મુજ રુચિ, મુજ પ્રકૃતિ, શક્તિ મારી તમામ. ૬૭
અરે યોગ્ય છે કે નહિ, કરવાને આ કામ ?
કે પછી કોઈનું જોઈને, વ્યર્થ ભીડું છું હામ ? ૬૮
આવું વિચારી માનવી, આરંભે જે કાર્ય,
સાચું કહું તે વિશ્વમાં, નિરાશ કદી ના થાય." ૬૯

કહી આમ અવધૂતજીએ, ખેમસીંગને ત્યાંય,
અમૂલ્ય દીધો બોધ કે, કરવું ન અનુકરણ ક્યાંય. ૭૦
રોકાયા એક દિન તિહાં સ્વસ્થ ખેમસીંગ થાય,
આગળ જાવાનો કરે, વિચાર બન્ને ત્યાંય. ૭૧
પ્રાતઃકાળમાં અન્ય દિન, વંદી રેવા માત,
ઝટ પટ ચાલે, ગાન ત્યાં, 'હર નર્મદ' ગાત. ૭૨
વાંકી ચૂકી કેડીઓ, ઉપર સરતા જાય,
ભેખડ કોતર ઘાટ ને વટાવતા ઝટ જાય. ૭૩
જંગલ ઝાડી ઝરણ ને નાનાં નવાણ એમ,
આંબીને ઓળંગતા, ચાલ્યા જાતા તેમ. ૭૪
ભેખડના પ્રદેશમાં, આવી પહોંચ્યા ત્યાંય,
ચોગમ ઊંચી ભેખડો, ત્યાંથી કેડી જાય. ૭૫
આગળ કેડી કોરતો, ખેમસીંગ ચાલ્યો જાય,
પાછળ અવધૂતજી અહા ! ગુરુ ગુરુ સ્મરતા જાય. ૭૬
ચારે બાજુ ભેખડો, લાગે અતિ વિકરાળ,
હિંસક પ્રાણીઓ ખીણમાં, પાડે ત્રાડ કરાળ. ૭૭
ત્યાં તો આજુબાજુની, ભેખડમાંથી આમ,
ધસમસતાં ત્રણ રીંછડાં, સામે આવ્યાં શ્યામ ! ૭૮
અવધૂતજીનું ધ્યાન તો, પ્રભુ સ્મરણમાં ત્યાંય,
હતું રત હા ! તે થકી, ખબર ન પડી કયાંય. ૭૯
ખેમસીંગ આગળ ચાલતો, એણે જોયાં એહ,
ભયથી ચીસ પાડી ઊઠ્યો, ગભરાયો બહુ તેહ. ૮૦
બેબાકળો અતિ થયો, પાડી ઊઠ્યો ચીસઃ
'અરે અરે હું મરી ગયો, હવે ન બચી શકીશ'! ૮૧
રડતો કકળતો એ અરે ! બચાવવા નિજ પ્રાણ,
આમ તેમ દોડી વદે, અરે! કરો કોઈ ત્રાણ. ૮૨
ભયત્રાડ સૂણી એહની, અવધૂતજીએ નયન,
ખોલી જોતાં પરિસ્થિતિ, પામી ગયા તત્ક્ષણ. ૮૩
ત્યાં તો બોલ્યો ખેમસીંગ, ભાગો ઓ અવધૂત !
નહિ તો આ ત્રણ રીંછડાં, કોળિયો કરશે તુર્ત. ૮૪
દેતાં ધીરજ ત્યાં વદે, અવધૂત થઈ ગંભીર,
દોડ દોડ કરીશ ના, મા ગુમાવીશ ધીર. ૮૫
ઝાઝી બકબક વિના અહીં, મારી પાછળ આમ,
ભરાઈ જા યુક્તિ થકી, હૈયે રાખી હામ. ૮૬

રીંછડાં મુજને મારીને, પહેલાં ખાશે જ્યાંય,
ત્યાં સુધીમાં તું અલ્યા, ભાગી જાજે ક્યાંય ! ૮૭
સૂણી વચન અવધૂતનાં, ધ્રુજતો રડતો એહ,
પીઠ પાછળ અવધૂતની, ગયો ભરાઈ તેહ ! ૮૮
ત્યાં તો પેલાં રીંછડાં, કાળા ક્રૂર કરાળ,
અવધૂત સામે આવીને, ઊભાં જાણે કાળ. ૮૯
અવધૂતજી નિર્ભય થઈ, લાકડી ઠોકી એમ,
સ્થિરદૃષ્ટિ રીંછો ઉપર, ઠેરવી ઊભા તેમ. ૯૦
દૃષ્ટિ સ્થિર કર્યા પછી, અવધૂતજીએ ઝટ,
કરી ગર્જના ભાવથી, વદે 'ગુરુદેવ દત્ત'. ૯૧
સૂણી ગર્જના દત્તની, ત્રણે રીંછ તે વાર,
નતમસ્તક કરી રંગને, વંદી રહ્યાં ક્ષણવાર! ૯૨
વંદન કરી અવધૂતને, પીઠ ફેરવી જાય,
ભેખડ પાછળ ક્ષણ મહીં, દોડી એ સંતાય. ૯૩
જાણે કે ત્રણ દેવ કોઈ, રીંછ સ્વરૂપે એમ,
અવધૂતજીનાં દર્શને, આવ્યા હોયે તેમ ! ૯૪
દર્શન કરી ચાલ્યાં ગયાં, થોભ્યા વિણ ક્ષણવાર,
જાણે દર્શનથી થયો, એમનો બેડો પાર ! ૯૫
ખેમસીંગ આ જોઈને, અચરજ પામ્યો અપાર,
કૃતજ્ઞતાથી રંગને, વંદે વારંવાર. ૯૬
કહે અલખજી શિષ્યને, વાત મારી તું માન,
સમદર્શી આ વિશ્વમાં, થાયે ના કદી હેરાન. ૯૭
આંખોમાં જેની અહા ! વસી ગયા ભગવાન,
તેને વિશ્વે ના દિસે, પ્રભુ સિવા કંઈ આન. ૯૮
સંતદૃષ્ટિ વિશ્વે બધે, પેખે પ્રભુને આમ,
પ્રભુમય તેથી સંતને, લાગે વિશ્વ તમામ. ૯૯
અણુ-અણુમાં વિશ્વના, જડ ચેતન સૌ ઠામ,
સમદર્શી ત્યાં દેખતો, નિજનો આત્મારામ. ૧૦૦
પરિક્રમામાં આમ હા ! કરતા લીલા અપાર,
ખેમસીંગ સહ ચાલતા, નતજનતારણહાર. ૧૦૧
અવધૂતજીના શરીરમાં, ગુંદરીયો મહેમાન,
થઈને તાવ પડ્યો હતો, ખસે જરા ના આન. ૧૦૨
ઘણું કરી અવધૂતજી, પરિક્રમામાં માન,
હર-નિશ નિજનું કાર્ય હા ! જાતે કરે સુજાણ ! ૧૦૩
બને ત્યાં સુધી કોઈની, ના લે સેવા ખાસ,
નિજ કાર્યો નિજ હાથથી, સ્વયં કરે અવિનાશ. ૧૦૪
દૈવયોગે છતાં કદી, તનમાં આવે જ્વર,
રેવાવારિ ખેમસીંગ, લાવે કાજ ગુરુવર. ૧૦૫
અથવા એવી કંઈક હા ! અલ્પ સેવાનું કામ,
ક્વચિત્ સોંપતા એ અહા ! ખેમસીંગને આમ. ૧૦૬
અવધૂતસેવા અલ્પ આ, કરતાં કોઈ કોઈ વાર,
ઉપજ્યું એના ચિત્તમાં, ગુમાન પારાવાર. ૧૦૭
વિચારતો અભિમાનથી, રાખું હું સૌ ખ્યાલ,
અવધૂતજીનો, અન્યથા થાએ બૂરા હાલ. ૧૦૮
સાથે હું છું તો મળે, એમને આ સગવડ,
સાથે હું વા હોત તો, કેવી પડત અગવડ ? ૧૦૯
ભિક્ષા પાણી લાકડાં નાનું મોટું કામ,
આગળ આગળ હું કરું, લઈ શકે આરામ. ૧૧૦
એ રીતે હું સાથ તો, કપાય છે ઝટ પંથ,
નહિ તો માર્ગે ક્યારનાય, રખડી જાત એ હંત. ૧૧૧
એમ તો વિચારી ખેમસીંગ, રાખે મનમાં અભિમાન,
એની એ મન-વૃત્તિને, સમજી ગયા ભગવાન. ૧૧૨
સૂણ શિષ્ય અગત્યની, વાત કહું હું માન,
પ્રભુને કદી ગમતું નથી, માનવનું અભિમાન. ૧૧૩
ગર્વ કરે જો ભક્ત તો, થાયે એનું પતન,
પ્રભુ તેથી નિજ ભક્તનો, હરે ગર્વ તત્ક્ષણ. ૧૧૪
સાચા સદ્‌ગુરુ પણ સદા, નિજ શિષ્યનો આમ,
ગર્વ દૂર કરવાતણું, કરે છે પહેલું કામ. ૧૧૫
સદ્‌ગુરુ એ જાણે સદા, શિષ્ય કરે જો અભિમાન,
થાયે એનું પતન ને, જાય વ્યર્થ સહુ જ્ઞાન. ૧૧૬
તેથી સદ્‌ગુરુ શિષ્યને, રાખે સદા સજાગ,
જાળું જોતાં ગર્વનું, કહે શિષ્યને 'ભાગ.' ૧૧૭
છતાંય કદી કોઈ શિષ્ય હા ! કરે ગર્વ હુંકાર,
સદ્‌ગુરુ કરતા યુક્તિ ઝટ, ઉતારે અહંકાર. ૧૧૮
ગર્વ પ્રભુને ના ગમે, ગર્વથી થાય પતન,
માટે ગર્વ કર્યા વિના, કરવું ભાવે ભજન. ૧૧૯
ખેમસીંગના મન વિષે, જાગ્યું જે અભિમાન,
અવધૂતજીને ના ગમ્યું, તેથી વિચાર્યું જાણ. ૧૨૦

આવો ગર્વ ઉતારવા, કરવો પડશે ઉપાય,
અભિમાનીનો વિશ્વમાં, ક્યારેય જય ના થાય. ૧૨૧
રાત્રે નિશ્ચય અવધૂતે, કીધો મનમાં ખાસ,
ખેમસંગને સવારમાં, બોલાવ્યો નિજ પાસ. ૧૨૨
વળતી વદેઃ ખેમસીંગ! સાંભળ મારી વાત,
આજથી આપણ બેઉ જણ, લઈએ જુદી વાટ. ૧૨૩
કાં'તો આગળ ચાલ તું, કાં'તો પાછળ આવ,
પણ સાથે આપણ બેઉએ, કરવો નથી પડાવ. ૧૨૪
આજથી આપણ બેઉનો તૂટ્યો છે સંગાથ,
આગળ-પાછળ ચાલ પણ, રહીશ ના મુજ સાથ. ૧૨૫
વચન સૂણી અવધૂતનાં, ખેમસીંગ અતિ ગભરાય,
અરે અરે અવધૂતજી ! એવું તે કંઈ થાય ? ૧૨૬
આપના તનમાં તાવ છે, એકલા મૂકી એમ,
છોડવાનું આપને મને, નથી લાગતું ક્ષેમ. ૧૨૭
જ્વરવાળું શરીર જે, આપનું છોડી આમ,
જાતાં દુઃખ થાયે મને, ચાલે ના મુજ હામ. ૧૨૮
ખોટી જીદ કરો નહિ, રહેવા દો મને સાથ,
સેવા કરશે કોણ પછી, મુજ વિણ કહો ઓ નાથ ! ૧૨૯
તાવ ભરાશે તન મહીં, રે'શે નહિ તનભાન,
ભિક્ષા-પાણી વિણ તમે, થઈ જાશો હેરાન. ૧૩૦
અવધૂતજી કહે ખેમસીંગ ! જાણું છું તુજ ભાવ;
પણ તન મારા વિશે હવે, નથી રહ્યો કંઈ તાવ. ૧૩૧
તન નીરોગી થઈ ગયું, માટે મારે આમ,
સેવા લેવાની હવે, જરૂર નથી કોઈ ઠામ. ૧૩૨
નિર્ણય મારો અફર છે, રાખું કોઈ ના સાથ,
માટે છૂટો પડ હવે, મા દુઃખાડીશ માથ. ૧૩૩
અહીંથી આગળ જા હવે, બે ચાર દિવસ બાદ,
અચૂક તુજને મળીશ હું, ના કર વ્યર્થ વિવાદ. ૧૩૪
ચિંતા મારી કરીશ ના, થોડા દિવસો બાદ,
માર્ગે તુજને મળીશ હું, ના કરીશ વિષાદ. ૧૩૫
સમજી ખેમસીંગ ત્યાં ગયો, અવધૂતનો નિર્ણય,
અફર અવિચલ છે ખરે! વૃથા છે વાણીવ્યય. ૧૩૬
મન કચવાતે ખેમસીંગ, જવા થયો તૈયાર,
ઝોળી-ઝંડા લઈ બધું, નીકળ્યો તેણી વાર. ૧૩૭

અવધૂતજીના ચરણમાં, વંદી વારંવાર,
આગળ ચાલ્યો ખેમસીંગ, કરતો મન વિચારઃ ૧૩૮
મારા વિણ અવધૂતજી, થાશે બહુ હેરાન,
હાવે મુજ વિણ એમનું, કોણ રાખશે ધ્યાન ? ૧૩૯
હાથે કરીને એ હવે, થાશે દુઃખી અપાર,
કોણ રાખશે મુજ વિના, ભિક્ષા-જલ તૈયાર ? ૧૪૦
હું તો હતો તૈયાર જો, એમને માટે આમ,
કરવાને સહુ એમનું, નાનું મોટું કામ. ૧૪૧
ના એમને એ રુચ્યું, કાઢ્યો મુજને આમ,
પડશે હાવે ખબર કે, કેમ થતાં'તાં કામ ! ૧૪૨
તર્ક વિતર્ક ખેમસીંગ ! કરતો આગળ જાય,
જોઈ મઝાનું ગામ એક, મુકામ કરવા ત્યાંય. ૧૪૩
વિચારી ગયો ગામમાં, ભટક્યો આખું ગામ,
પણ ક્યાંયે ના કોઈએ, કરવા દીધો મુકામ. ૧૪૪
અરે! ઘરના ઓટલે, અલ્પ પણ સામાન,
મૂકવા ના દીધો પછી, વાત રહી ક્યાં આન ? ૧૪૫
કંટાળીને ચાલિયો, આવ્યો બીજે ગામ,
પાદર હતું મંદિરે જે, ઓટે કર્યો મુકામ. ૧૪૬
ભૂખ અતિ લાગી હતી, તેથી ભિક્ષા કાજ,
પાત્ર લઈને નીકળ્યો, મૂકી સઘળી લાજ. ૧૪૭
ઘેર ઘેર ફરી વળ્યો, આખા ગામની માંહ્ય,
પેટ પૂરતું અન્ન પણ, મળ્યું ન એને ક્યાંય. ૧૪૮
લૂખું-સૂકું વાસી કે, મળ્યું હતું જે અન્ન,
લાવી ખાતાં એ તદા, વિચાર કરે છે મનઃ ૧૪૯
"અવધૂતજી સાથે હતા, ત્યારે રોજ મિષ્ટાન્ન,
મળતું'તું ભિક્ષા મહીં, આજે મળ્યું કદન્ન. ૧૫૦
અવધૂતજીની સાથ હા ! દરેક મુકામ પર,
સગવડ રહેવાની બધી, મળતી'તી સત્વર. ૧૫૧
હવે તો કોઈ ઓટલો, મુકામ કરવા કાજ,
મુજને દેતું પણ નથી, આવી ગયો છું વાજ." ૧૫૨
ખેમસીંગ નિજ અંતરે, કરે છે પશ્ચાત્તાપ,
જાણ્યા ના અવધૂતને, કેમ હવે સંતાપ ? ૧૫૩
પૂર્ણ પરિક્રમા શેં થશે ? મુજની રે ! રે! હાય !
ભૂખે પેટે ના હવે, મુજથી પંથ કપાય. ૧૫૪

પસ્તાવાના પુનિત એ, ઝરણામાં કરી સ્નાન,
થયો પવિત્ર ખેમસીંગ, ત્યાં તો એનું ધ્યાન. ૧૫૫
પથ પર ગયું એકદમ, જોયું તો અવધૂત,
ઝડપી ચાલે આવતા, જાણે કો સુરદૂત. ૧૫૬
દોડી ચરણોમાં પડ્યો, નયન વહે જલધાર,
ક્ષમાયાચના કરી રહ્યો, વંદી વારંવાર. ૧૫૭
અવધૂત કહે અરે ખેમસીંગ ! તબિયત છે ને ઠીક ?
શું બોલે એ બાપડો? હૃદય ભરાઈ બીક. ૧૫૮
અવધૂત કહે અભિમાનથી, થાયે ઘોર પતન,
માટે મિથ્યા ગર્વને, છોડી કરો ભજન. ૧૫૯
ભાગ્ય પ્રમાણે સર્વને, મળતું સુખ-દુઃખ આંહ્ય,
મિથ્યા ગર્વ કરી અરે ! શા માટે ફૂલાય ? ૧૬૦
અલખ કહે અવધૂતજી, ખેમસીંગને એમ,
ગર્વ નહિ કરવાતણો, પાઠ પઢાવે તેમ. ૧૬૧
ત્યાર પછી એ ખેમસીંગ, ચાલ્યો કંઈ દિન સાથ,
વિણ ગર્વે અવધૂતની, સેવા કરે ભલી ભાત. ૧૬૨
કંઈ દિન સાથ રહેવા પછી, અવધૂતે એક દન,
ખેમસીંગને છોડીને, એકલા કર્યું ગમન. ૧૬૩
આગળ એ રસમય કથા, સૂણતાં ભવભય જાય,
પ્રેરી રંગ લખાવતો, 'બાલક' નિમિત્ત થાય ! ૧૬૪

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિંદોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે પરિક્રમાયાં ખેમસીંગગર્વહરણાદિકથન નામત્રિંશોઽધ્યાયઃ ॥૨૯॥ દોહરા ૧૬૪॥

## અધ્યાય : ૩૧

અલખ નિરંજનને કહે, સાંભળ શિષ્ય સુજાણ,
સંગ છોડી ચાલ્યા તિહાં, અવધૂત એકલા માન. ૧
જેની તીવ્રેચ્છા અહા ! પ્રભુ-દર્શનને માટ,
જાગે તે થોભે નહિ, કરવા જનસંગાથ. ૨
અવધૂત ચાલ્યા એકલા, જપતા જયગુરુદત્ત,
નીરખે રેવાતટ વિષે સૌંદર્ય, થઈને મસ્ત. ૩
બ્રહ્માનંદની મસ્તીમાં, સૂણતાં અનહદ ગાન,
ઝટ-પટ ચાલે ચાલતાં, સાધી સ્વરસંધાન. ૪
ભૂખ થાકનો ના રહે, જરાયે તનમાં ખ્યાલ,
એક જ નિશ્ચયી અડગ એ, ચાલે ઝડપી ચાલ. ૫
વેગ એવો તીવ્ર કે, માને કોઈ ન માન,
સવારે ક્યાં હોય ને, સાંજે ક્યાં ઠેકાણ ! ૬
પરિક્રમા પૂરી થએ, ધન્ય કાર્ય મહાન,
શ્રીગુરુમૂર્તિચરિત્રના, સંશોધનનું માન. ૭
ઝડપી ચાલે ઝડપથી, ઘોર અરણ્યની માંહ્ય,
આવી પહોંચ્યા જ્યાં અરે! સાંજ પડી ગઈ ત્યાંય. ૮
રેવાજીના તટ ઉપર, ઊંચી ટેકરી જોઈ,
મુકામ ત્યાં કરવા તણી, મનમાં ઈચ્છા થઈ. ૯
ચાલીને અવધૂતજી, ગયા ટેકરી પાસ,
દેખાયા ત્રણ સાધુઓ, ગિરનારી એ ખાસ. ૧૦
હર નર્મદે-નો કરી, ભાવભર્યો ત્યાં સાદ,
સાધુઓને નવાજતાં, સંભળાયો પ્રતિસાદ. ૧૧
નર્મદે હર ને વળી, જયશ્રી ગુરુદેવદત્ત,
નાદ સૂણી ગિરિનારીઓ, ગયા ઓળખાઈ ઝટ. ૧૨
પાસે એમની પહોંચતા કરવાને મુકામ,
વિચારે અવધૂત તિહાં, બોલ્યા સાધુરામ. ૧૩
જુઓ બ્રહ્મચારી તમે, પણે સંગમ પાસ,
મુકામ કરશો તો તિહાં, સગવડ રહેશે ખાસ. ૧૪
માટે આપ જાઓ તિહાં, સંગમ પાસ મુકામ,
કરીને આખી રાત અરે, જપ્યા કરો શ્રીરામ. ૧૫
અવધૂતજીના હૃદયમાં, સાધુઓની સલાહ,
તુર્ત ઉતરી ગઈ અહા ! વિચારી મન માંહ્ય. ૧૬
આ સાધુઓ ધીખાવશે, ધૂણી આખી રાત,
વાતો કરશે જોરથી, એક બીજાની સાથ. ૧૭
મુજને નહિ દે ઊંઘવા, નહિ મળે આરામ,
માટે એમનાથી કંઈ, દૂર કરું મુકામ. ૧૮
અવધૂતજીએ મન વિષે, એમ કરી વિચાર,
સંગમ પાસે આવીને, સ્થાન જોઈ મજેદાર. ૧૯
પાથરી ત્યાં નિજ કામળો, જમાવ્યું નિજ આસન,
લંબાવી નિજ કાયને, સૂતા પ્રસન્ન મન. ૨૦

પાસે વહેતું ઝરણ હા ! ખળ-ખળ નાદે જ્યાંય,
જળ સંપત્તિ નિજ અર્પતું, રેવા માને ત્યાંય. ૨૧
કૃતજ્ઞતાના મોદથી, કરતું મધુર નિનાદ,
સ્વાર્પણના આનંદનો, દઈ રહ્યું છે સાદ. ૨૨
પાસે મા રેવાજીનાં, કલ કલ કરતાં નીર,
હર હર ૐ જપતાં અહા ! વહેતાં ધીર-ગંભીર. ૨૩
અવધૂતજી સૂતા સૂતા, મધુરો આ આહ્‌લાદ,
માણી રહ્યા'તા મોજથી, ટાળી વિશ્વવિષાદ. ૨૪
નિશાચર તિર્યક્ સહુ, કરી વિધ વિધ અવાજ,
નિજ નિજ અસ્તિત્વતણા, બજાવતાં પખવાજ. ૨૫
ત્યાં તો ગહન ગગન મહીં, એક પછી એક એમ,
ટમટમ કરતા તારલા, ડોકાં કાઢી તેમ ! ૨૬
આવીને બેસી ગયા, વેરી રહ્યા પ્રકાશ !
અવધૂત માણી એ રહ્યા, શોભા જે આકાશ ! ૨૭
જાણે કાળા મખમલે, રૂપેરી બુટ્ટા ખાસ,
શોભી રહ્યા હોય એમ તે, શોભી રહ્યા આકાશ ! ૨૮
આંખ હજી મીંચી નથી, થાક હતો તન માંહ્ય
ત્યાં તો ઝાડી સળવળી, થઈ ગર્જના ત્યાંય ! ૨૯
સૂણી ગર્જના વાઘની, બેઠા થઈ તત્કાળ,
અવધૂતજી નિજ આસને, સ્વસ્થ બન્યા તે વાર ! ૩૦
સામે પડેલા સાધુઓ, ધૂણી સીઝાવી દઈ,
હતા ઘોરતા તે બધા, જાગ્યા અસ્વસ્થ થઈ. ૩૧
અવધૂતજીએ એમને, ત્યાંથી કર્યો પડકાર,
અરે જાનવર આવ્યું છે, થાવ સજાગ આ વાર. ૩૨
સાધુઓ જાગી ઊઠ્યા, વહેલા વહેલા ત્યાંય,
ધૂણી ધીખાવી જો ફરી, નાખી લાકડાં માંહ્ય. ૩૩
અગ્નિનો ભડકો થયો, ફેલાયો પ્રકાશ,
સાધુ સૌ બેસી ગયા, ધૂણીની ચોપાસ. ૩૪
ધૂણી ધખાવી ને બધા, વાતો કરતા એમ,
મોડી રાત સુધી અહા ! બેસી રહ્યા ત્યાં તેમ. ૩૫
પછી સાધુઓએ અરે, વિચાર્યું મનમાં એમ,
અગ્નિજ્વાળા જોઈને, ભાગી ગયું એ તેમ. ૩૬
માટે લો આરામ સૌ, નથી હવે કંઈ ભય,
એમ વિચારી સાધુ સૌ, સૂતા થઈ નિર્ભય. ૩૭
થોડીવાર પછી અહા ! થયો પ્રાતઃકાળ,
પૂર્વ દિશા ઝગમગ થતી, પ્રગટી સુવર્ણ જ્વાળ. ૩૮
પ્રકાશ પથરાયો અને, દૂર થયો અંધકાર,
કલરવ કરતાં પક્ષીઓ, નીકળ્યાં માળા બહાર. ૩૯
આકાશે ઊડી રહ્યાં, કરતાં મધુર કૂજન,
સુવર્ણના સાગર મહીં, જાણે કરતાં સ્નાન ! ૪૦
શીતલ લહેર સમીરની, દે આહ્‌લાદ અપાર,
છાયી સાત્ત્વિકતા બધે, વાતાવરણ મોઝાર. ૪૧
પેલા ત્રણેય સાધુઓ, ઉડાડવા નિજ શીત,
નાખી લાકડાં ધૂણીમાં, કરી રહ્યા પ્રજ્વલિત. ૪૨
આ બાજુ અવધૂતજી, કરી રેવામાં સ્નાન,
નિજ આસનપર સ્થિર થઈ, ધરી રહ્યા છે ધ્યાન. ૪૩
અવધૂતજી તો ધ્યાનમાં, એવા બન્યા નિમગ્ન,
બાહ્યભાન રહ્યું નહિ, સત્ત્વે સુરતામગ્ન. ૪૪
આવા દિવ્ય મંગલ અને, સાત્ત્વિક સમયે ત્યાંય,
અવધૂતની પાછળ અહા! તદ્દન નજીક માંહ્ય. ૪૫
સાધુઓએ જોયું કે, વાઘ ભયંકર એક,
દત્ત વિભુસમ પ્રગટ થયો, જાણે એકાએક. ૪૬
થર-થર ધ્રૂજતા, ભયથકી, કંઈક બોલવા જાય,
વાઘે ત્યાં તો જોરથી, છલાંગ મારી ત્યાંય. ૪૭
અવધૂતજીના શિર ઉપર, થઈને કૂદ્યો એહ,
પવન ઝપાટો જોરથી, લાગ્યો તેથી તેહ. ૪૮
પલકમાં તો તે તિહાં, સામી ઝાડી માંહ્ય,
અદૃશ્ય એકદમ થઈ ગયો, ક્યાંયે એ ન જણાય. ૪૯
છલંગ-સપાટે જોરથી, લાગ્યો ઘણો પવન,
અવધૂતજી જાગ્રત થયા, ખૂલી ગયાં નયન. ૫૦
જોયું તો એક વાઘ હા ! નિજ શિર પર થઈ આમ,
છલાંગ મારી કૂદી ગયો, હશે ગયો નિજ ધામ. ૫૧
મરક મરક હસી વદ્યા, અવધૂત જોડી હાથ,
દર્શન આજ દીધાં તમે, વાઘરૂપ હે નાથ ! ૫૨
સાધુ સર્વે સાંભળી, આંખો ફાડી આમ,
બાઘા બની આશ્ચર્યથી, જોઈ રહ્યા તમામ. ૫૩
વ્યાઘ્રતણા દર્શન થકી, તેઓના તન માંહ્ય,
પ્રગટેલી ધ્રૂજારી જે, શમી નથી હજી આંહ્ય. ૫૪

કાયામાં કંપન છતાં, ત્રણે સાધુએ આમ,
અવધૂતચરણે શિર મૂકી, પ્રેમે કર્યા પ્રણામ. ૫૫
બોલ્યા બ્રહ્મચારી હે ! અર્પો માફી આપ,
અમે જ તમોને સંગમે, મોકલ્યા'તા હે બાપ ! ૫૬
વાઘ આવે છે સંગમે, ખબર હતી એ ખચિત,
તોયે તમને મોકલ્યા, ના કર્યું એ ઉચિત. ૫૭
છળવૃત્તિ અમ હૃદય મહીં, આવે વાઘ જો ક્યાંય,
ખાયે તમને એ પ્રથમ, અમે નાસીએ ત્યાંય. ૫૮
ગિરનારી સાધુતણાં, સૂણી દીન વચન,
આર્દ્રસ્વરે અવધૂતજી, બોલ્યા થઈ પ્રસન્ન :- ૫૯
"શાને તમે મૂંઝાવો છો ? એ તો સ્વયં ભગવાન,
વ્યાઘ્રસ્વરૂપે આવિયા, દેવા અહા દર્શન. ૬૦
સૌમ્યસ્વરૂપનાં એમનાં, કર્યાં દર્શન ઘણીવાર,
રૌદ્ર સ્વરૂપ દર્શાવવા, આવ્યા જો આ વાર. ૬૧
માટે સંતો ! કોઈ તમે, નથી કર્યો અપરાધ,
વાઘ સ્વરૂપે દત્ત હા ! આવ્યા હતા સાક્ષાત્. ૬૨
રૌદ્ર સ્વરૂપે આજ જો, દર્શન દે આ ઠામ,
કર્યો કૃતાર્થ મુજને પ્રભુ ! કરું કોટી પ્રણામ." ૬૩
આમ કહી અવધૂતજી જોડે બંને હાથ,
ગયા હતા તે દિશ ભણી, વ્યાઘ્રરૂપ નિજ નાથ. ૬૪
સમદૃષ્ટિ આવી અહા! અવધૂતજીની જોઈ,
વંદી સાધુઓ રહ્યા, વદ્યા કૃતકૃત્ય થઈ:- ૬૫
''બ્રહ્મચારી આજે તમે, બચાવ્યા અમ પ્રાણ,
ક્રૂર-ભયંકર વાઘથી, કર્યું અમારું ત્રાણ.'' ૬૬
વ્યક્ત કરતાં ત્રણેય ત્યાં, કૃતજ્ઞતા નિજ ત્યાંય,
વંદી ફરી ફરી રંગને, લેતા પછી વિદાય. ૬૭
અવધૂતજી નિર્ભય થઈ, જાતા સંગમ પર,
સ્નાન-ધ્યાન આહ્નિક થકી, પરવારે ગુરુવર. ૬૮
અંજલિ એક ભરી પછી, નર્મદા જલ નિર્મળ,
પ્રેમે પીધું ૐ કહી, ચાલ્યા પછી આગળ. ૬૯
સાંઈઠ ગાઉની ઝાડી જે, લીધા વિના કંઈ અન્ન,
આજે કાપી નાંખી તે, રાખી પ્રસન્ન મન. ૭૦
રસ્તો અતિ વિકટ ને, કંટકથી ભરપૂર,
ધારદાર કંકર હતા, શૂળ સમા પ્રચૂર. ૭૧
ભચોભચ પગની મહીં, ઘોંચાયે અણીદાર,
પીડા થાય અપાર ને, વહે રક્તની ધાર. ૭૨
વાંકીચૂકી કેડીઓ, ઊંચે-નીચે જાય,
ખાડા-પથ્થરમાં અરે! પલ પલ ઠોકર ખાય. ૭૩
અથડાયે ઘોંચાય એ, પથરા પગની માંહ્ય,
રક્તપિપાસુ કંટકો, પીડે અતિશે ત્યાંય. ૭૪
આવો વિકટ માર્ગ તોય, અવધૂત ના રોકાય,
લોહી નીતરતા ચરણથી, આગળ વધતા જાય. ૭૫
નથી પેટમાં કંઈ પડ્યું સિવાય રેવાનીર,
ભૂખ થાકની ના પડી, ચાલે આગળ ધીર. ૭૬
મુખમાં હરિનું નામ ને, હૈયે જબરી હામ,
કઠણ કેડીઓ કોરતો, ચાલે એ અવિરામ. ૭૭
એમ કેડીઓ કાપતાં, થાય મધ્યાહ્ન, આમ,
શીતલ એક ઝરણને, કાંઠે કર્યો વિશ્રામ. ૭૮
રકત-ઝરતા ચરણને, ઝરણા-જલમાં આમ,
બોળતાં પીડા ઘટી, લાગ્યો કંઈ આરામ. ૭૯
બોળી રાખ્યા ચરણ ત્યાં, ઝરણામાં કંઈ વાર,
શીતલ જલના સ્પર્શથી, થયો આહ્લાદ અપાર. ૮૦
કંઈક સમય વિશ્રામ ત્યાં લીધો, કર્યું જલપાન,
ફરી ચાલવા માંડિયું, પૂર્ણ થતાં મધ્યાહ્ન. ૮૧
અરે ! પેટ ખાલી હતું, અને કર્યું જલપાન,
ઝરણાનું જલ ઝેરી એ, ખબર પડી ના આન. ૮૨
ઝેરી જલે જઈ પેટમાં, કર્યો અતિ ઉત્પાત,
ગડુડુડુ શબ્દે ગર્જીને, કરવા લાગ્યું ઘાત. ૮૩
જાણે કોઈ કાપી રહ્યું, છરી લઈ ધારદાર,
આંતરડાં નિજ પેટનાં, એવી પીડા અપાર. ૮૪
થઈ રહી અવધૂતને, તોયે કરે સહન,
'હર નર્મદે' બોલતાં, આગળ કરે ગમન. ૮૫
પીડાની પરવા અરે ! કર્યા વિના કંઈ એહ,
પ્રભુ સ્મરતા આગળ વધે, અવધૂતજી વરદેહ. ૮૬
જ્યમ જ્યમ આગળ વધે, તેમ તેમ પેટનું શૂળ,
અતિશય વધતું હા ! ગયું, બન્યું દૈવ પ્રતિકૂળ. ૮૭
શૂળની સાથે પેટ પણ, વધી ગયું અતિશય,
ઝડપી ચાલે ચલાય ના, થાય સમયનો વ્યય. ૮૮

ધીમે ધીમે ચાલતાં, આવી ગયું એક ગામ,
ગામની પાદર ચોતરો, તે પર કર્યો મુકામ. ૮૯
કામળ કાળી પાથરી, તે પર નાખી કાય,
અવધૂતજી એક ચિત્તથી, પ્રાર્થે નર્મદા માયઃ- ૯૦
"મા ! તારા આ બાળની, આજ લગી સંભાળ,
રાખી તેં બહુ પ્રેમથી, આજ કરે કાં વાર ? ૯૧
ભૂખ્યો તરસ્યો તેં મને, રાખ્યો કદી ન માત !
વિપદ વેળા આવીને, સહાય કરી સાક્ષાત્. ૯૨
આજે કેમ વિમુખ થઈ, બાળકથી ઓ માત !
શો છે મારો દોષ ? મા! કહે ક્યો અપરાધ ? ૯૩
ક્વચિત્ અજાણતાં થયો, મુજથી કંઈ અપરાધ,
તો શું તારી ઉદારતા, નહિ કરે એ માફ ? ૯૪
ચાલતાં ચાલતાં બાળ આ, પડી જાય ક્વચિત્,
તો શું તેને ઊંચકી, ના લે મા ખચિત ? ૯૫
રુદન કરતો માર્ગમાં, રહેવા દઈને આમ,
શું માતા ચાલી જશે, કરવાને નિજ કામ ? ૯૬
જલચર આ જલમાં રહી, કરે દોષ અથાગ,
તોયે જલ કરતું નથી, કદીયે એનો ત્યાગ. ૯૭
જલચરના દોષો બધા, નીરખી જલ જો જાણ,
ત્યાગે જલના જંતુને, જાયે એના પ્રાણ. ૯૮
જલ વિણ જલચર ના જીવે, જલ એ જ છે જીવન,
જો જલ જલચર દૂર કરે, થાયે એનું મરણ. ૯૯
જલ ના જલચરને ત્યજે, ત્યજે માત ના બાળ,
આર્દ્ર હૃદયે બેઉ ત્યાં, રાખે સૌ સંભાળ. ૧૦૦
જલજંતુ સમ માહરા, લાખ હશે મા ! દોષ,
દોષ ન જોતી માવડી ! સૂણ શ્રદ્ધાનો ઘોષ." ૧૦૧
મનોમય એ પ્રાર્થના, કરી રહ્યા અવધૂત,
ત્યાં તો જાણે કંઈક હા ! બની ગયું અદ્ભુત. ૧૦૨
પેટે શૂળ શમી ગયું, આંખ મીંચાઈ એમ,
ઘસઘસાટ ઊંઘી ગયા, અવધૂતજી ત્યાં તેમ. ૧૦૩
પ્રાતઃકાળ થયો અને, કરે પક્ષી કૂજન,
સૂણતાં કલરવ પક્ષીનો, ઊઘડી ગયાં નયન. ૧૦૪
આવી સ્ફૂર્તિ તન વિષે, થયો શક્તિસંચાર,
પગની પીડા દૂર થઈ, હરખ્યું મન અપાર. ૧૦૫
વહેલા વહેલા ઊઠીને, કર્યું સ્નાન ને ધ્યાન;
જય જય નર્મદા માત હે! કહીને કર્યું પ્રયાણ. ૧૦૬
પેટશૂળ મટી ગયું, છતાં ફૂલાવો ત્યાંય,
રહી ગયો છે કંઈક પણ દે પીડા ક્યાંય. ૧૦૭
કર્યા વિના પરવા અહા ! ઉદરરોગની એમ,
અવધૂતજી નિજ મસ્તીમાં, આગળ ચાલે તેમ. ૧૦૮
દેહભાન જરા નહિ, ઈત-ઉત જાય ન ધ્યાન,
ધ્યેયસિદ્ધિ વિણ મન વિષે, વિચાર ન આવે આન. ૧૦૯
શરીર સજાવટ ના કરે, કરી લે ઝટ-પટ સ્નાન,
જટા-જૂથ છોડે નહિ, ચોળે ના વળી માન. ૧૧૦
બ્રહ્માનંદની મસ્તીમાં, રહે ના તનનું ભાન,
'નાહં દેહો' મંત્રનું, સદાયે ધરતા ધ્યાન. ૧૧૧
દિવસ એકસો આઠમાં, પૂરી કરવા કાજ,
પરિક્રમા રેવાજીની, ઝડપ કરે રંગરાજ. ૧૧૨
ઝડપી ચાલે ચાલતાં, પવન વેગે આમ,
સામે તટ નારેશની, આવ્યા વેળુગામ. ૧૧૩
વેળુગામની ભાગોળે, આવી કર્યો મુકામ,
દાસકાકાને ખબર થઈ, રણાપુર નિજ ગામ. ૧૧૪
દોડી આવ્યા એ અહા ! આવ્યા કુટુંબ સાથ,
બ્રહ્મચારીને જોઈને, જોડ્યા બન્ને હાથ. ૧૧૫
બ્રહ્મચારી-શરીરની, સ્થિતિ હતી વિચિત્ર,
દુઃખી થયું હૃદય એ, ભક્તતણું પવિત્ર. ૧૧૬
હૈયાનું દુઃખ આંખથી, અશ્રુ બનીને એમ,
વહી રહ્યું એ ભક્તનાં, બોલ્યા પછીથી એમઃ ૧૧૭
"નીકળ્યા ત્યારે બાપજી ! હતું તંદુરસ્ત તન,
કેવું નાંખ્યું કરી તમે, જરા તો વિચારો તમે! ૧૧૮
પરિક્રમા રેવાતણી, કરતાં ચાલતાં આહ,
નિજ તનની રાખી નથી, જરાય જો પરવાહ"! ૧૧૯
દાસે એમ કહી પછી, પાણી ગરમ કર્યું જાણ,
કરાવવા ઉષ્ણોદકે, અવધૂતને ત્યાં સ્નાન. ૧૨૦
ખૂબ ગૂંચવાઈ ગઈ હતી, જટા અરે ! શિર પર,
ગૂંચોના જામ્યા હતા, માથે થરના થર. ૧૨૧
મૂળીબેનને ઉકેલતાં, નાકે આવ્યો દમ,
જટા ઉકેલવા સર્વને, કરવો પડ્યો અતિ શ્રમ. ૧૨૨

ઉકેલી ધીમે ધીમે, ધીરજ ધરી બહુ પેર,
ઉષ્ણોદકથી તે પછી, નવાડ્યા સારી પેર. ૧૨૩
શરીર હલકું ફૂલ શું, બની ગયું તે વાર.
મૂળીબેને બનાવી ત્યાં, દૂધ-દશમી બે ચાર. ૧૨૪
શાક-ભાખરી ઘણા દિને, ભિક્ષામાં લઈ આમ,
અવધૂતજી આડા પડ્યા, કરવાને આરામ. ૧૨૫
સાંજે દાસકુટુંબ સહ, વાતો કરી બહુ પેર,
પછી કરી આજ્ઞા હવે, જાઓ તમારે ઘેર. ૧૨૬
સૂણતાં આજ્ઞા દાસની, આંખે જલ છલકાય,
છોડી જાતાં એકલા, મન કબૂલ ના થાય. ૧૨૭
અવધૂતજીએ પ્રેમથી, આપ્યું આશ્વાસન,
પૂરી થયે પરિક્રમા, આવીશ તમ સદન. ૧૨૮
જાઓ નિશ્ચિંત થઈ બધાં, કરો ખૂબ ભજન,
ખેંચી લાવે તવ સદન, મુજને એજ ભજન. ૧૨૯
એમ કહીને દાસ સહ, મૂળીબેનને તેમ,
વિદાય આપી અવધૂતે, ઈચ્છી સઘળું ક્ષેમ. ૧૩૦
ભારે હૈયે દાસ ને કુટુંબના સહુ જન,
આશિષ લઈ અવધૂતની, પરત થયાં નિજ સદન. ૧૩૧
બીજે દિન અવધૂતજી, છોડી વેળુગામ,
આગળ પ્રયાણ આદરે, લેતા સદ્ગુરુ નામ. ૧૩૨
પરિક્રમામાં આવતાં, માર્ગે કષ્ટ અપાર,
અવધૂતજી આનંદથી, કરતા તેનો સ્વીકાર. ૧૩૩
યદિ સુખ પ્રસાદ માતનો, દુઃખ પણ છે પ્રસાદ,
વિચારી એ દુઃખતણો, લેતા જો આહ્લાદ. ૧૩૪
કોઈ કોઈ વાર તો એમને, માની જાસૂસ ગૂઢ,
પીછો એમનો પકડતા દૂત સરકારી મૂઢ! ૧૩૫
પૂછપરછ કંઈ કંઈ કરે, દેતાં ખોટો દમ,
ઉત્તર સૂણી અવધૂતનો, ભાગી જાતો ભ્રમ. ૧૩૬
પરિક્રમાના માર્ગમાં, ભિન્ન ભિન્ન સહુ લોક,
કોઈ દ્વેષી કોઈ દાનવી, સદ્વૃત્તિના કોક. ૧૩૭
નિત નિત મળતા અવનવા, અનુભવ ત્યાં વિભિન્ન,
કોઈ કાળજું ઠારતા, કોક કરતા ખિન્ન. ૧૩૮
જોઈ આ અવધૂત તો, ભિન્ન ભિન્ન સૌ લોક,
સહુમાં પ્રભુને પેખતા, મૂકી મનનો શોક. ૧૩૯
ચાલતાં ચાલતાં એમ એ, વ્યાસક્ષેત્રમાં એમ,
આવી પહોંચ્યા સાંજના, રાખ્યો ત્યાં જ મુકામ. ૧૪૦
સ્નાન કરી રેવાજીમાં, કરી સંધ્યાવંદન,
આવી ઉપર વ્યાસનાં, પ્રેમે કર્યાં દર્શન, ૧૪૧
ભિક્ષા કંઈ લેવી ન'તી, તેથી શોધી સ્થાન,
સ્વચ્છ એક તરુની તળે, પાથરે કામળો માન. ૧૪૨
માર્ગે આવતાં કોઈએ, ચણા અચ્છેર-એક,
આપ્યા'તા તે પોટલી, ધારી હૈયે વિવેક. ૧૪૩
બાંધી ઝાડની ડાળીએ, લંબાવી નિજ કાય,
તારક-ગોષ્ઠિ નયનથી, કરી રહ્યા વરકાય. ૧૪૪
તનને કંઈ આરામ હા ! દેવાને તતખેવ,
નેત્રો મીંચીને સૂતા રહી, થઈ તિહાં મધરાત, ૧૪૫
સરસર રાત સરી રહી, થઈ તિહાં મધરાત,
ત્યાં તો એકાએક હા ! સૂણ્યો મધુરો સાદ. ૧૪૬
સ્પષ્ટ સંસ્કૃત બોલીમાં, ધીરો ગભીરો નાદ,
અંધારામાં દૂર હા ! ગર્જી રહ્યો નિનાદ. ૧૪૭
બ્રહ્મચારી હું અતિ, ભૂખ્યો છું આ વાર,
આપ ચણક-ભિક્ષા મને, સંભળાયું બે વાર. ૧૪૮
ખટખટ કરતો સૂણતાં, પાવડીનો રણકાર,
સફાળા બેઠા થયા, અવધૂતજી તે વાર. ૧૪૯
ઝાડની ડાળીએ બાંધી જે, ચણક પોટલી જ્યાંય,
ઉતારી આપવા તિહાં, વિચાર કરતા ત્યાંય. ૧૫૦
ભિક્ષા દેવા પુરુષને, માગે જે ક્ષુધાતુર,
ચણા દેવા સર્વ એ, અવધૂત થયા આતુર. ૧૫૧
ઊઠ્યા એ તો ઝડપથી, પોટલી છોડવા કાજ,
પોટલી છૂટે ત્યાં લગી, આવ્યા જે ઋષિરાજ. ૧૫૨
ખટખટ કરતા ચાલીયા, પાવડીનો રણકાર,
પસાર થયા નજીકથી, આવ્યો એ અણસાર. ૧૫૩
ભવ્ય વિભૂતિ એ હતી, દિવ્ય ચમકતું ભાલ,
દિવ્યમૂર્તિ જોતાં જ ત્યાં, મનમાં ઝબુકતો ખ્યાલ. ૧૫૪
દિવ્ય વિભૂતિ જરૂર એ, વેદવ્યાસ સાક્ષાત્
દોડ્યા પાછળ પકડવા, ચણા લઈને હાથ. ૧૫૫
અવધૂત દોડ્યા ઝડપથી, આ પકડ્યા આ વાર,
હજુ તો ખટખટ સૂણી રહ્યા, પાવડીનો રણકાર. ૧૫૬

અદૃશ્ય ત્યાં તો થઈ ગયા, વેદ વ્યાસ તત્કાળ,
અવધૂતજી ભોંઠા પડ્યા, હસ્ત મુક્યો કપાળ ! ૧૫૭
રે રે ઋષિ ખૂદ વ્યાસજી, દર્શન દેવા આપ,
સામે ચાલી આવીયા, તોયે ખાધી થાપ ! ૧૫૮
વ્યાસનારાયણ ચહે, કરવા મને કૃતાર્થ,
ચરણ તોયે ના ગ્રહ્યા, સમય ગુમાવ્યો વ્યર્થ. ૧૫૯
આમ રંગ અવધૂત જ્યાં કરી રહ્યા અફસોસ,
જાગ્યાં સ્પંદન તન વિષે, ઊઠ્યો કંઈ પ્રતિઘોષ; ૧૬૦
દિવ્ય એક અંતર મહીંઃ શાને રે અફસોસ,
કરવો તારે ? માન તું, દર્શનથી સંતોષ. ૧૬૧
અનુભવતા અવધૂતજી, દિવ્ય શાંતિ તે વાર,
તન મન હળવું થઈ ગયું, પામ્યા હર્ષ અપાર. ૧૬૨
આવી પથારીમાં સૂતા, કરતા મન વિચાર,
દિવ્યદર્શને વ્યાસનાં, સફળ થયો અવતાર. ૧૬૩
અલખ નિરંજનને, કહે, સાંભળ મારી વાત,
અવધૂતજી સામે ખડા, વેદ વ્યાસ સાક્ષાત્. ૧૬૪
અધ્યાત્મની કેડી પર, સડસડાટ જાનાર,
અવધૂતજી પોતે હતા, તોયે આણીવાર. ૧૬૫
ના શકયા એ ઓળખી, વેદવ્યાસને આમ,
ચાલ્યા ગયા નજીકથી, તો યે ન કર્યા પ્રણામ. ૧૬૬
તો પછી માનવ આ બધા, વિષય-પંક ચૂંથનાર,
દિવ્ય વિભૂતિને અરે ! ક્યાંથી ઓળખનાર ? ૧૬૭
તે માટે સૂણ શિષ્ય એ, ભજન એક ઉપાય,
પ્રભુ-ભજનથી મનુજનાં, સઘળાં પાતક જાય. ૧૬૮
માટે વ્યર્થ મૂકી બધું, પ્રભુભજનમાં લીન,
થઈ જા શિષ્ય અત્યારથી, મરશે મન મલિન. ૧૬૯
મન મરતાં હદાકાશમાં, ઊગશે જ્ઞાનનો ભાણ,
હું મારું જાશે અને, ભાગશે તમઅજ્ઞાન. ૧૭૦
અમૃતસમ અવધૂતની, લીલા કેરું પાન,
આગળ એ કરાવશે, સ્વયં અલખ ભગવાન. ૧૭૧
'બાલક' બાપડો શેં વદે, રંગલીલા અપાર !
મૂંગો મૂંગો એ સૂણે, અલખતણો અણસાર ! ૧૭૨

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિંદોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે શ્રીવ્યાસદર્શનં નામ એકત્રિંશોડધ્યાયઃ ॥૩૧॥ દોહરા ૧૭૨॥

## અધ્યાય : ૩૨

અલખ વદ્યા અતિ પ્રેમથી, સુણ તું શિષ્ય સુજાણ,
અવધૂતજીએ આદર્યું, ત્યાંથી પ્રેમે પ્રયાણ. ૧
વ્યાસક્ષેત્રમાં એમને, થયાં વ્યાસદર્શન,
તેથી અતિ આનંદથી ભર્યું-ભર્યું'તું મન. ૨
પવન વેગે ચાલતા, મુખે મધુર મલકાટ,
પ્રકૃતિના પમરાટને પીતાં કાપે વાટ. ૩
થકાવટ ગણકારે નહિ, ભૂખ-તરસ નહિ ભાન,
કેવળ દૃષ્ટિ ધ્યેય પર, ગૌણ બીજું છે આન. ૪
સૂણ શિષ્ય જે સાધકો, સાધન કેરાં આમ,
એક પછી એક શિખરો, કરી લે સર તમામ. ૫
યદા એમની સાધના, ચરમ સીમાએ જાય,
હર-પળ ત્યારે એમને, દિવ્ય દર્શનો થાય. ૬
એવો સાધક સંત કો, તીર્થ સ્થળોમાં જાય,
દર્શન તત્તદ્દેવનાં, સ્થૂલરૂપે થાય. ૭
તીવ્રેચ્છા નિજ હૃદયમાં, પ્રભુમિલનની થાય,
જડમૂર્તિ ચેતન બની, તુર્ત સગુણ થઈ જાય. ૮
જડ-ચેતનના ભેદ હા ! પછી રહે ના ક્યાંય,
ગાન-ગેય-ગાનાર હા ! ત્રણે એક થઈ જાય. ૯
સાધના કેરું શ્રૃંગ જે, અંતિમ ને અદ્ભુત,
સર કરી પોતે બન્યા, એકરૂપ અવધૂત. ૧૦
નર્મદે હર હર રેવે ! કરતા, નિત્ય ગુંજન,
ઝડપી ચાલે ચાલતા, અવધૂત પ્રસન્ન-મન. ૧૧
આવી પહોંચ્યા ગામમાં, નાનું હતું જે ત્યાંય.
દૂર દીઠું મંદિર તિહાં ગામતણું, ત્યાં જાય. ૧૨
મંદિરના એ ઓટલે, પહોંચી જઈને આમ,
જોઈ સુંદર સ્થળ અતિ, કર્યો ત્યાંજ મુકામ. ૧૩
જોયું તો માતાજીનું, મંદિર નાનું જાણ,
અંદર મૂર્તિ દિવ્ય પણ, ખેદ હરે તત્ક્ષણ. ૧૪

ચાદર-કમ્બલ ઓટલે, મૂકીને ગુરુનાથ,
ચાલ્યા રેવાતીર એ, લઈ કમંડલ હાથ! ૧૫

રેવાજલમાં ભાવથી કર્યું સ્નાન ને ધ્યાન,
આહ્નિક કરીને મંદિરે, પાછા આવ્યા માન. ૧૬

કરવા દર્શન માતનાં, અવધૂતજી તે વાર,
આવી ઊભા ભાવથી, માના મંદિર-દ્વાર. ૧૭

માતાનાં દર્શનતણી, તીવ્રેચ્છા હૃદ્‌માંહ્ય,
પ્રજ્વલિત થઈ અતિ અહા ! રોકી ના રોકાય. ૧૮

કિન્તુ માના મંદિરે, બારણાં સારી પેર,
બંધ કરી, તાળું દઈ, ગયા પૂજારી ઘેર. ૧૯

પૂજા-આરતી કર્યા પછી, નિત્ય પૂજારી જાણ,
મંદિરદ્વારે તાળું દઈ, જાતો ઘેર સુજાણ. ૨૦

ક્વચિત્ કોઈ ભક્તને, કરવાં હોય દર્શન,
નમાવી મસ્તક બહારથી, મનાવી લેતો મન. ૨૧

અવધૂતજીએ જોયું તો, બંધ થયાં છે દ્વાર !
તીવ્ર પ્યાસ દર્શનતણી, શેં છીપે તે વાર ! ૨૨

કોઈ સાથે પૂજારીને, પાઠવતા સંદેશ,
ચાવી લઈ ઝટ આવીને, ઉઘાડી દ્વાર વિશેષ. ૨૩

પ્યાસ બૂઝાવો માહરી, મા-દર્શનની આજ,
વિનંતિ આ એક ભક્તની, સ્વીકારી મહારાજ. ૨૪

અરે ! પણ પૂજારી તો, બન્યા ઘમંડી છેક,
જાતે તો ના આવિયો, રાખ્યો પણ ન વિવેક. ૨૫

ચાવી મોકલવાતણો, કોઈ એક માણસ સાથ,
જેથી ખોલી દ્વાર એ, દર્શન કરે સાક્ષાત્. ૨૬

ઉલટું એણે કહાવ્યું, તુમ સમ બાવા કાજ,
કોઈ અહીં નવરું નથી, દ્વાર ઉઘાડવા આજ. ૨૭

કહેણ સૂણી પૂજારીનું, કર્યો એક નિર્ધાર,
"માનાં દર્શન કર્યા વિના, નથી છોડવું દ્વાર!" ૨૮

એમ કહી અવધૂતજી, આસન નાખી ત્યાંય,
મક્કમ થઈ બેસી ગયા, થવાનું હોય તે થાય. ૨૯

દર્શન કર્યા વિણ માતનાં હું નથી ઊઠનાર !
ભલે પડે આ દેહ પણ, પાછો નહિ પડનાર. ૩૦

એમ અડંગો નાખીને, બેઠા અવધૂત ત્યાંય,
ધરતા માનું ધ્યાન ત્યાં, નિજ અંતરની માંહ્ય. ૩૧

ધોમ ધખ્યા તકડા મહીં, ધખી રહ્યું નિજ તન,
તોયે "મા'ના ધ્યાનમાં નિમગ્ન થયું છે મન ! ૩૨

તીવ્ર પ્યાસ લાગી અહા ! "મા'નાં દર્શન કાજ,
આર્ત હૃદયથી નીકળ્યો, મેઘ-ગભીર અવાજ. ૩૩

આંખે અશ્રુધાર ને, ભાવ-ભીનું અંતર,
મુખ-દ્વારેથી વહી રહ્યું બની શબ્દ સત્વરઃ- ૩૪

બોલ... બોલ.... બોલ...., પ્રેમવેણ એક બોલ,
ખોલ.... ખોલ.... ખોલ...., દ્વાર પલક એક ખોલ - ટેક. ૧

દરસ પ્યાસ લાગી મુને, છીપાવનાર કોણ ?
વ્રેહ-અગન ઝાળ આ, બુઝાવનાર કોણ ? બોલ ? ૨

ભવાબ્ધિ મધ્ય નાવ, પાર ઉતારનાર કોણ?
કાળચાંચિયા લૂંટે, ભગાડનાર કોણ? - બોલ. ૩

દૂર-દૂર સહુ કહે, બોલાવનાર કોણ?
તું વિના માત અંક, બેસાડનાર કોણ? - બોલ. ૪

વિષયવિખ વ્યાપ્યું બધે, ઉગારનાર કોણ?
રંગપ્રેમ-અમૃત આજ, પીવાડનાર કોણ ? - બોલ. ૫

આર્ત હૃદયની પ્રાર્થના, મુખથી અવધૂતના,
શબ્દ સ્વરૂપે વહી તિહાં, બની છે નવી ઘટના. ૩૫

"ખોલ... ખોલ ખોલ ને, દ્વાર પલક તું ખોલ"
અવધૂતજી મુખથી અહા! નીકળ્યા જ્યાં આ બોલ. ૩૬

ત્યાં તો ડેહરૂં માતનું, ડોલવા લાગ્યું આમ,
ગડડડ.... શબ્દે ગગન હા ! ગર્જી રહ્યું તે ઠામ. ૩૭

ફટાક કરતાં ખૂલી ગયાં, મંદિર કેરાં દ્વાર !
તાળું-સાંકળ તૂટી પડ્યાં, ક્ષણે ન લાગી વાર. ૩૮

જડ-મૂર્તિ જે માતની, થઈ ચેતન ભરપૂર,
દોડી આવી બહાર હા ! થઈ ભાવ-ચકચૂર. ૩૯

નિજ અંકે અવધૂતને બેસાડીને એમ,
મમતાથી નિજ હસ્ત હા ! મૂક્યો શિર પર તેમ. ૪૦

સાંત્વન આપ્યું પ્રેમથી, મધુર બોલી બોલ,
પ્રેમામૃતે નવરાવિયો, બાળકે એ અણમોલ ! ૪૧

પ્રેમ સભર વાત્સલ્યથી, અવધૂતના તન પર,
ધીમે-ધીમે ફેરવ્યો, માતાએ નિજ કર, ૪૨

માતાના કર-સ્પર્શથી, જડવત્ થયેલું તન,
ચેતનવંતું બની ગયું, જાગ્યાં મધુર સ્પંદન. ૪૩

અવધૂતજીનું શરીર જે, તપી રહ્યું તું બહાર,
અંતરમાં માના રૂપનો, થયો દિવ્ય સંચાર. ૪૪
એકમેક બે થઈ જતાં, થયો દ્વૈતનો નાશ,
અદ્વૈતામૃત વહી રહ્યું, ખળ-ખળ ત્યાં ચોપાસ. ૪૫
જડ-ચેતનની એકતા, સ્થૂલ-સૂક્ષ્મ થઈ એક,
ભેદાભેદની વૃત્તિનો, છેદ ઉડાડ્યો છેક. ૪૬
અવધૂતે આનંદથી, ભરી-ભરી નિજ નયન,
વાત્સલ્યમૂર્તિ માતનાં, કરી લીધાં દર્શન. ૪૭
ઔપચારિક સઘળી તિહાં, સ્તુતિ, પ્રાર્થના માન,
કરવાનું અવધૂતને, જરાય ન રહ્યું ભાન. ૪૮
ક્યાંથી રહે ? જ્યાં દ્વૈતનો, થયો સમૂળો ધ્વંસ,
'તત્ત્વમસિ' ના તાલમાં, બોલે 'સોહં' હંસ!! ૪૯
દૃશ્ય દર્શન દેખનાર, ત્રણે થયાં જ્યાંય એક,
પ્રાર્થના ને પ્રણામતણો, કયાંથી રહે વિવેક? ૫૦
ચરમસીમા આ જ્ઞાનની, સાધક વિરલો હોય,
નિત નિત બનતું આમ તો, જોનારો જો હોય! ૫૧
આપણ પામર જન અરે ! વિષય-પંક ચૂંથનાર,
સમજ્યા વિણ આ ભાવને, માને એ ચમત્કાર. ૫૨
આત્મપંથીને અહા ! અશક્ય કશું ન આંહ્ય;
આગળ પાછળ એહની, આવું કંઈ કંઈ થાય. ૫૩
આત્મલક્ષી કદી ચાહીને, કરે ના ચમત્કાર.
પણ આજુ-બાજુ એહની, સદા થાય ચમકાર. ૫૪
પુરુષ આવા ના બને, કદી રાંક કે દીન,
સ્વયંસિદ્ધ કદી ના બને, પ્રકૃતિપદે અધીન. ૫૫
દાસી પ્રકૃતિ એમની, જેમ નચાવે એહ,
નાચે તેમ પ્રકૃતિ તિહાં, નિત એ નિઃસંદેહ. ૫૬
મહાપુરુષ આ ધરે, પ્રકૃતિ ઉપર પ્રભુત્વ,
અતિશય એનું તોય એ, રાખે નહીં મમત્વ. ૫૭
એ તો કહેશે આ બધા, થાયે જે ચમકાર,
ભક્ત-ગૌરવ વધારવા, કરે છે સર્વાધાર. ૫૮
એમ કહી નિજ ગર્વને, ગાળી નાખી એહ,
હલકા-ફૂલ થઈ ભમે, વિશ્વે એ વરદેહ. ૫૯
માટે શિષ્ય કરીશ ના, ખોટી શંકા આંહ્ય,
આત્મલક્ષીને ના કશું, અશક્ય વિશ્વે કયાંય. ૬૦
પૂર્વે બોડાણા તણો, જોઈ અંતર-વ્રેહ,
દ્વારકાધીશ-મંદિરનાં બારણાં નિઃસંદેહ. ૬૧
ફટોફટ ખૂલી ગયાં, તાળાં-સાંકળ ત્યાંય,
અશક્ય કશું ન જાણ તું, ભક્તિભાવ છે જ્યાંય. ૬૨
પ્રેમે અહીં દર્શન કરી, માતાજીનાં આમ,
અવધૂતજીએ ઓટલે, લીધો કંઈ વિશ્રામ. ૬૩
નમતે પહોરે તે દિને, આગળ કર્યું પ્રયાણ,
આવી ગયા એક ગામમાં, ત્યાં તો ડૂબ્યો ભાણ. ૬૪
ધર્મશાળા શોધીને, એમાં કર્યો મુકામ,
ભિક્ષા-જળ લઈ ગોળનું કરવાને આરામ. ૬૫
કંબલ પર નિજ કાયને, લંબાવે છે જ્યાંય,
સાધુ એક ગુજરાતનો, આવી પહોંચ્યો ત્યાંય. ૬૬
કહી 'નર્મદે હર' પછી, જોડી બંને હાથ,
અવધૂતને વિનવી રહ્યા, મૂકી ચરણે માથ. ૬૭
હું તંબુરિયો ભગત છું, તંબુરાની સાથ,
ભજનો ભાવે ગાઈને, રીઝવું છું જગનાથ. ૬૮
ભાષા મારી ગુર્જરી, ગુજરાતીમાં આમ,
ગુજરાતી સંતોતણાં, ગાઉં ભજન તમામ. ૬૯
હિન્દીનો કક્કો વળી, આવડતો ન જરાય!
તેથી પરિક્રમામહીં, અતિશે મૂંઝવણ થાય. ૭૦
હિન્દી ભાષા મુજ થકી, ના બોલી બોલાય,
કોઈ કંઈ બોલે તે વળી, મુજથી ના સમજાય. ૭૧
તેથી મુજને માર્ગમાં અડચણ વારંવાર,
આવે ભાષાવીણ અતિ, એવો હું છું ગમાર. ૭૨
દયા કરી મુજ રંક પર રાખો આપની સાથ,
ભાષાનો ભય ના રહે જેથી મુજને નાથ! ૭૩
કરીશ સેવા આપની જે બનશે તે આંહ્ય,
ના તરછોડો દીનને ઝાલો મુજની બાંહ્ય. ૭૪
મધુરા સ્વરથી રોજ હું તંબુરાની સાથ,
ભજનો ગાઈને ભાવથી સંભળાવીશ હું તાત! ૭૫
જોઈ એની વિવશતા, દ્રવતા રંગ દયાળ;
નિજ સાથે નિત ચાલવા છૂટ દેત તત્કાળ. ૭૬
ભગત અતિ હરખ્યા અને અવધૂતજીની સાથ,
ચાલવા લાગ્યા પ્રેમથી કરતાં વિધ-વિધ વાત. ૭૭

જંગલ ઝાડીમાં થઈ પસાર થાતાં આમ,
મધ્યાહ્નને એક વૃક્ષની નીચે કર્યો મુકામ. ૭૮
પરવારી ભિક્ષાદિથી કરવા કંઈ આરામ,
કંબલ પ્રસરાવી રહ્યા ત્યાં તો તેણે ઠામ. ૭૯
સળવળતી ઝાડી અને નીકળ્યા એકાએક,
લઈ ભિલો હાથમાં તીર કામઠાં અનેક. ૮૦
તંબુરિયા એ ભગતને ઊંચો કરી અવાજ,
પડકારી ભીલો રહ્યા "ધર દે સબ કુછ આજ !" ૮૧
રડતા ચહેરે ભગત ત્યાં તંબૂરા સિવાય,
બધું જ તેમની પાસ હા ! મૂકે ભણતાં હાય ! ૮૨
ભીલોએ ઝટ માગીયો તંબૂરો તે વાર,
ભગતે તે દેવાતણો કરી દીધો ઈન્કાર. ૮૩
ભીલો સહુ ક્રોધિત થઈ તંબૂરાને એમ,
ઝૂંટવી લેવા ભગતથી ખેંચવા લાગ્યા તેમ. ૮૪
ભગત તે છોડે નહિ ભીલો ખેંચે અપાર,
ઝપા-ઝપી ચાલી રહી બે વચ્ચે તે વાર. ૮૫
રડતા રડતા ભગતજી અવધૂતજીને એમ,
વિનતી કરતાં બોલિયા "બેસી રહ્યા છો કેમ? ૮૬
સમજાવી આ ભીલને રક્ષો જો નિજ દાસ,
ભજન કરવા તંબૂરો રહેવા દે મુજ પાસ." ૮૭
અવધૂતજી જ્યાં ભીલને કહેવા કશુંક જાય,
ત્યાં તો ભીલે તંબૂરો ખેંચી લીધો હાય! ૮૮
ફટાક લઈને જોરથી અફાળતો એ ભીલ,
તંબૂરાની સાથ જો તોડ્યું ભગતનું દિલ! ૮૯
તંબૂરો ભાંગી ગયો ટૂકડા થયા બે ચાર,
ખણણણ કરતા નીકળ્યા રૂપિયા તેથી બહાર. ૯૦
મૂળાના પતિકા સમા રૂપિયા દશ-અગિયાર,
જોતાં અવધૂતજી અહા ! વિસ્મિત થાય અપાર. ૯૧
શા માટે એ ભગતજી ભીલોને તંબૂર,
દેતા નહતા તે તણો આવ્યો ખ્યાલ નિજ ઉર ! ૯૨
રૂપિયા લઈ એ ભીલ સૌ તત્ક્ષણ ઝાડી માંહ્ય,
થયા અદૃશ્ય ભગતને રડતા મૂકી આંહ્ય. ૯૩
રડતા જોઈ ભગતને પૂછે અવધૂત એમ,
"કહો કહો ઓ ભગતજી! આવું કરિયું કેમ? ૯૪
મા રેવા નિજ ભકતને જ્યારે જોઈએ જેહ,
ત્યારે તે આપે જ છે શેં રાખ્યો સંદેહ? ૯૫
માયાનો ભય છે બધો, માયા ખવાડે માર;
સંગ્રહથી સુખ જાય છે, સંગ્રહમાં નહિ સાર! ૯૬
સંગ્રહ દુઃખનું મૂળ છે, સંગ્રહ ના સાથ;
જાય તમાચો મારીને રહીએ ઘસતા હાથ. ૯૭
માટે મારું માનો તો હવે પછી કોઈવાર,
સંગ્રહ કંઈ કરવા તણો કરશો નવ વિચાર." ૯૮
એમ કહી અવધૂતજીએ ભગતજીને તે વાર,
સમજાવ્યા બહુ ભાવથી અરપી બોધ વિચાર. ૯૯
તોય એવી ભગતની તંબૂરાની પ્રીત,
કેમ કરી ઘટતી નથી, વિહ્વળ બન્યું છે ચિત્ત. ૧૦૦
યાદ કરી તંબૂરને ફરી ફરી કરે રુદન,
"તંબૂરા વિણ અરે! હવે થાશે કેમ ભજન? ૧૦૧
તંબૂરો એક માહરો હતો જીવણ-પ્રાણ,
એના વિણ જીવન અહા! મારું જાણ વેરાન." ૧૦૨
બોલતાં બોલતાં ભગતજી કરતા જાય રુદન !
રડતા જોઈ ભગતને દ્રવ્યું અવધૂત-મન. ૧૦૩
કહેવા લાગ્યા ભગતને દેતા આશ્વાસનઃ
"અરે! ભગતજી ના કરો ખિન્ન તમારું મન. ૧૦૪
નજીકના કો ગામથી નૂતન તમને ખચિત,
તંબૂર અપાવીશ ભલા રડવું ન આમ ઉચિત!" ૧૦૫
અમૃતસમ અવધૂતની વાણી સૂણતાં એમ,
શોક ભગતજીનો અરે! દૂર થયો કંઈ તેમ. ૧૦૬
હર...હર નર્મદે બોલતાં બંને ચાલ્યા જાય,
સાયંકાળ એક ગામમાં પહોંચી ત્યાં તો જાય! ૧૦૭
ચોતરો ગામની પાદરે કરતા ત્યાં મૂકામ,
કંબલ પાથરી જ્યાં પડ્યા કરવાને આરામ. ૧૦૮
તે સમે એ ગામમાં એક ભાવિક ગૃહસ્થ,
અવધૂત સામે આવીને ઊભા જોડી હસ્ત. ૧૦૯
બોલ્યા વિનમ્ર વચનથી "શ્રમિત થયા છો આપ,
બોલો મુજ લાયક કંઈ સેવા હોય તો, બાપ! ૧૧૦
ભોજન, ફળ, દૂધ જે કંઈ જરૂર હોય મહારાજ,
બોલો, અબઘડી લાવું હું, તમ સેવાને કાજ!" ૧૧૧

ભિક્ષા તો લેવી ન'તી તેથી ક્ષણભર આમ,
એની સામે જોઈને બોલ્યા એ નિષ્કામઃ ૧૧૨

"સૂણો, ભાઈ! ઈચ્છા નથી ભોજન-પયની અદ્ય,
પરહિતની એક માગણી પૂરી કરજો સદ્ય"! ૧૧૩

સૂણી વચન અવધૂતનાં ભાવિક ગૃહસ્થ તે વાર,
ફરી ફરી વંદી બોલિયો થઈ પ્રસન્ન અપારઃ ૧૧૪

"જરૂર પ્રભુ! એ માહરા ધન્ય ભાગ્યની વાત,
કહો કહો શી માગણી? કહી દો ઝટ હે તાત." ૧૧૫

અવધૂતજી એ ગૃહસ્થને પૂછે તે પછી એમ,
"નૂતન તંબૂરો ગામમાં મળશે કે અહીં કેમ?" ૧૧૬

ગૃહસ્થે ભણ્યો હકાર ને કીધું વળી જો ત્યાંય,
"ગામ બનાવી તંબૂરા વેચે છે બહુ આંહ્ય." ૧૧૭

બોલ્યા અવધૂત ચીંધીને તંબૂરિયા તે ભગત,
"તંબૂરો આ જે રાખતા નિજ પાસ જો સતત. ૧૧૮

તંબૂરાના સુર સહ, ગાઈને નિત્ય ભજન,
પોતાનું ને અન્યનું રિઝવતા'તા મન. ૧૧૯

કિન્તુ કાલે ઝાડીમાં ભીલ આવતાં એમ,
ઝૂંટવી એમનો તંબૂરો ભાંગી નાખ્યો તેમ. ૧૨૦

મન દુભાયું ભગતનું મુખડું થયું ઉદાસ,
તંબૂરા વિણ ભજન એ ગાતાં થાય નિરાશ. ૧૨૧

માટે નૂતન તંબૂરો એક ખરીદી એમ,
લાવી આપો ભગતને ધારી હૈયે પ્રેમ." ૧૨૨

સૂણી વચન અવધતૂનાં થયો ગૃહસ્થ પ્રસન્ન,
હરખાતો એ દોડતો પહોંચ્યો નિજ સદન. ૧૨૩

પૈસા લઈને દોડતો ગયો તંબૂરા-હાટ,
તંબૂર મઝાનો ખરીદતો સરસ ભગતને માટ. ૧૨૪

વેગે આવ્યો દોડતો લઈ તંબૂરો હાથ,
અવધૂત પાસે મૂકીને નમાવતો નિજ માથ. ૧૨૫

અવધૂતજીએ ગૃહસ્થને કહ્યું પછી સત્વર,
"આપી દો આ તંબૂરો તમે ભગતને કર." ૧૨૬

ભગતજીના હાથમાં તંબૂર મૂકી આમ,
તેણે તે પછી જો કર્યા પ્રેમથકી પ્રણામ. ૧૨૭

મળતાં તંબૂરો જુઓ ભગતજીના ઉર માંહ્ય,
આનંદ આનંદ થઈ ગયો મુખપર હાસ્ય છવાય. ૧૨૮

અવધૂતજીનાં ચરણમાં વંદન વારંવાર,
કરતાં હર્ષાશ્રુતણી વહી નયનથી ધાર. ૧૨૯

દૃઢ નિશ્ચય હૈયે કર્યો અવધૂત પાસે જાણ,
સંગ્રહ જીવનમાં કદી નહીં કરું હું આન! ૧૩૦

મૂકી સંગ એ ભગતનો, અવધૂત આગળ જાય,
નિજ મસ્તીમાં એકલા, સ્મરતાં હરિને ત્યાંય. ૧૩૧

'હર નર્મદે' નાદને ગજાવતા સત્વર
હાંસોટ થઈ આવી ગયા પોતે વિમળેશ્વર. ૧૩૨

સમુદ્ર-સંગનાં કર્યાં ભાવ થકી દર્શન,
પછી બિરાજ્યા નાવમાં પોતે નિર્મલ મન. ૧૩૩

પરિક્રમાવાસી હતા અન્ય નાવમાં સાથ,
તેને 'નર્મદે હર' કહી જોડ્યા બન્ને હાથ. ૧૩૪

સર... સર કરતું સરકિયું નાવ નીરમાં જ્યાંય,
'હર નર્મદે' નાદ ત્યાં ગૂંજ્યો જો નભ માંહ્ય! ૧૩૫

નાવડી જેમ જેમ નીરમાં વધતી આગળ જાય,
સાગર-સંગમ-નીરની, ભીષણતા દેખાય. ૧૩૬

મધ્યજલમાં આવી ગયું, જે વારે એ નાવ,
સંગમનીર ઉછળ્યાં અને કરવા લાગ્યાં ઘાવ. ૧૩૭

હીલોળે ચઢિયાં અરે ! સાગરકેરાં નીર,
ધસમસતાં અશ્વો સમાં ઉછળે, પલાળે ચીર! ૧૩૮

ગજ ગજ છોળો ઉછળે, નાવમહીં અથડાય;
જળઅથડાયે નાવડું, ડૂબું ડૂબું થાય ! ૧૩૯

પ્રપાત સમો પળે પળે, નાદ ભયંકર થાય;
હમ્ હમ્ કરતી ઘુમરિયો જળમાં જો દેખાય. ૧૪૦

પ્રવાસીઓ ગભરાઈ ગયા જીવ થયા અદ્ધર,
મૃત્યુના મુખમાં હવે પહોંચીશું સત્વર. ૧૪૧

જલ વેરી આજે ખડું થઈને કાળ-કરાળ,
પળમાં કરશે કોળિયો પડી પેટમાં ફાળ ! ૧૪૨

પરિક્રમાવાસી બધા પ્રવાસીઓનો હાય,
બંધાય જીવ પડીકે ને સૌ થયા નિઃસહાય. ૧૪૩

કોઈ કોઈ અશ્રુ સારતા, કોઈ કોઈ છાતીફાટ,
રડતા બોલે આપણો ઉતર્યો મોતનો ઘાટ. ૧૪૪

કોઈ કોઈ મા રેવાજીને આર્દ્રહૃદયથી એમ,
કરવા લાગ્યા પ્રાર્થના બચાવ મૈયા તેમ. ૧૪૫

આખી નાવના જે હતા સર્વ પ્રવાસી જન,
બાવા-બાવરા તે થયા જોઈ સામે મરણ. ૧૪૬
બ્રહ્મચારી અવધૂત તો એક ખૂણાની માંહ્ય,
મુખ પર હાસ્ય ગભીર ને બેઠા છે સ્થિર ત્યાંય. ૧૪૭
મરક મરક મુખ થાય ને મુખપર શાંતિ અપાર,
ભીષણતા મૃત્યુતણી સ્પર્શે ન જો લગાર. ૧૪૮
પ્રકૃતિતણાં કરતાં અહો, રૌદ્ર-રૂપ દર્શન,
જાણે એનું મન અહા, થાતું જાણ પ્રસન્ન. ૧૪૯
જોઈ એને શાંતિથી બેઠેલા તે ઠામ,
એક પ્રવાસીએ કરી કહેવાની કંઈ હામ. ૧૫૦
રડમસ મુખડું કરી તદા, કહેવા લાગ્યો એમ :-
"અરે! બાબા! અહીં તમે સ્થિર બેઠા છો કેમ? ૧૫૧
મૃત્યુ મોઢું ફાડીને નાચી રહ્યું નિતાંત,
તોયે તમે બેસી રહ્યા કેમ થઈને શાન્ત ? ૧૫૨
એક વખત તો ઉરથકી જય જય નર્મદે હર,
બોલો આ સંકટમહીં બચી પહોંચીએ ઘર ! ૧૫૩
આપની પ્રાર્થનાથી નકી, મૈયા રીઝશે આજ,
લાગે એવું મન વિષે મને ઓ મહારાજ!" ૧૫૪
સૂણી વદ્યા શ્રીરંગ ત્યાં, તમારું તન મન ધન,
જીવન સૌ મા ચરણમાં કરી દીધું અર્પણ. ૧૫૫
ગભરાટ લાગે કેમ પછી શાને દિલમાં આમ ?
લેવા આવી નિજ ગોદમાં મા રેવા શુભ કામ. ૧૫૬
કદાચ ડૂબ્યા ગોદમાં માજીની આ વાર
ગુમાવીશું શું અહીં ? થાશે અમ ઉદ્ધાર!! ૧૫૭
માની કૃપાથી બચી જતાં ઉતરી પેલે પાર,
મેળવવાનું શું તહીં ? કહો મને આ વાર ! ૧૫૮
પરિક્રમાએ નીકળ્યા એના ખોળા માંહ્ય,
સમાઈ જાતાં શોક શેં આપણને કહો થાય ? ૧૫૯
માની મીઠી ગોદમાં સમાઈ જવાનું એમ,
તમને શું ગમતું નથી ? વૃથા રડો છો કેમ ?" ૧૬૦
સૂણી વચન અવધૂતનાં પેલો પામર જન,
પાગલ ગણી અવધૂતને રે' સમ-સમી જો મન ! ૧૬૧
અવધૂતજી તો મનમહીં આર્તહૃદયથી આમ
ગાતા રેવાપ્રાર્થના જો 'વન્દે નર્મદામ્''. ૧૬૨

'ભુક્તિ-મુક્તિ દેનાર તું રંગ-મોદપ્રદ માત !
ભક્તત્રાણકર માત હે ! વંદું જોડી હાથ. ૧૬૩
કલિમલહારક માત હે ! ત્રિવિધ તાપ હરનાર,
શિવાત્મજા હે નર્મદા ! જનિમૃતિ તારણહાર!'' ૧૬૪
એમ કહી અવધૂતજી ગાતા રેવાગીત,
ભાવ-ભીના હૈયે અહા ! રાખી રેવાપ્રીત ! ૧૬૫
અવધૂતજીની પ્રાર્થના સુણતાં રેવા માત,
રીઝયાં થયાં પ્રસન્ન ને બંધ થયો ઉત્પાત ! ૧૬૬
પવન ફૂંકાતો એકદમ થઈ ગયો ત્યાં બંધ,
જલનું ઝંઝાવાત હા ! પડી ગયું જ્યાં મંદ ! ૧૬૭
તોફાનો જલનાં બધાં થયાં પલકમાં શાન્ત,
ઘનવાદળ સરકી ગયાં દૂર થયું સૌ ધ્વાન્ત ! ૧૬૮
"દક્ષિણનો વા નિસર્યો આવી સુગંધની લ્હેર !
હર-હર કરતું ચાલ્યું અહા ! હોડું પવનની પેર!" ૧૬૯
સડ-સડાટ ચાલી અહા ! જલપર નાવડી આમ,
સૌને આનંદ આપતી પહોંચી ગઈ હરિધામ! ૧૭૦
સૌ સલામત ઉતર્યા, વેગે સામા ગામ;
કૃતજ્ઞતાથી માતને કરતા સર્વ પ્રણામ. ૧૭૧
વંદ્યા સહુ અવધૂતને જોડી બન્ને પાણ,
"ધન બાબાજી! આજ તમે કર્યું અમારું ત્રાણ." ૧૭૨
એમ કહી સૌ ચાલિયા સાધુ સૌ નિજ પંથ,
આ બાજુ અવધૂતજી પડ્યા ભરૂચને પંથ. ૧૭૩
આવી સાંજે પહોંચિયા ભરૂચમાં અવધૂત,
પરિચિતોએ જાણિયું દોડી આવ્યા તુર્ત. ૧૭૪
મળ્યા બધા બહુ પ્રેમથી પછી કર્યો મુકામ,
ફલાહાર કંઈ અલ્પ લઈ, લીધો કંઈ આરામ. ૧૭૫
તે સમે ભરૂચમાં શારદાપીઠાધીશ,
શ્રીશંકરાચાર્યજી નામ ન કદી ભૂલીશ; ૧૭૬
ચંદ્રશેખરાશ્રમ અહા ! તેમનો હતો મુકામ,
તેઓશ્રીએ ત્યાં સૂણ્યું અવધૂતજીનું નામ. ૧૭૭
બન્નેની વચ્ચે હતી પૂર્વાશ્રમની પ્રીત !
બંને ભેટ્યા પ્રેમથી થયા પ્રસન્નચિત્ત. ૧૭૮
પીઠાધીશ્વરને હતાં અવધૂત પ્રત્યે આમ,
માન-ભાવ ને પ્રેમ હા ! પહેલેથી જ તમામ. ૧૭૯

તેથી આજે જોઈને અવધૂતજીને આંહ્ય,
ગાંડા-ઘેલા થઈ ગયા મોદ ચિત્ત ન સમાય ! ૧૮૦
નિજ પાસે અવધૂતને બેસાડીને એમ,
એકબીજાના પ્રેમથી પૂછ્યા કુશળ-ક્ષેમ. ૧૮૧
પછી વદ્યા અવધૂતજી "પરિક્રમાને કાજ,
હું તો નીકળ્યો છું પ્રભુ ! તેથી અહીંયા આજ ! ૧૮૨
આવી પહોંચ્યો ભરૂચમાં તેથી એક-બે દિન,
રહી આપની સાથ હું પછી કરીશ ગમન." ૧૮૩
અવધૂતજીની વાત આ સૂણી ના સૂણી કાન,
પીઠાધીશે તે પછી ધીમે ખોલી જબાન. ૧૮૪
"સૂણો અવધૂતજી હવે માનો મારી વાત,
સદાય મારે રાખવા છે તમને મુજ સાથ. ૧૮૫
પ્રભાસપાટણની અરે ! મારી ગાદી જેહ,
હમણાં આપને સોંપી દઉં એમાં ના સંદેહ. ૧૮૬
ત્યારપછી હું આપને મારા વારસદાર,
બનાવીને મુજ ગાદીના સઘળા જે અધિકાર ! ૧૮૭
આપને જ નક્કી દઉં, મા કરશો વિચાર;
પીઠાધીશ્વર બની જવા થઈ જાઓ તૈયાર. ૧૮૮
પીઠાધીશ્વરનો બધો માન મરતબો આમ,
સત્તા સંપત્તિ સાહ્યબી મળશે તમને તમામ. ૧૮૯
માટે અવધૂત! આજથી રહી જાઓ મુજ પાસ,
ધરતી પરનું સૌખ્ય સૌ ખૂબ ભોગવો ખાસ." ૧૯૦
અહા ! શારદાપીઠની ગાદી લેવા કાજ
શ્રીમદ્શંકરાચાર્યજી સમજાવે છે આજ ! ૧૯૧
પણ આ તો અવધૂત છે ત્યાગીનો શિરતાજ,
સત્તા સંપતથી સદા દૂર રહે રંગરાજ ! ૧૯૨
સૂણી સ્વામીજીતણી આકર્ષક એ વાત !
અવધૂતજી કેવળ હસે ત્યાગ મૂર્તિ સાક્ષાત્! ૧૯૩
મુખ પર ભાવ વિનમ્ર ને મધશી વાણી મધુર!
અવધૂતજી બોલ્યા અહા ! શબ્દો પ્રેમ-પ્રચુર : ૧૯૪
"શ્રીમાન્ સ્વામી આપનો જોઈ મુજ પર ભાવ,
મુજ હૈયું હરખ્યું હવે સૂણો મુજ પ્રસ્તાવ : ૧૯૫
હમણાં કરું પરિક્રમા એ છે મારું ધ્યેય,
ધ્યેયપ્રાપ્તિમહીં નકી સમાયું છે મુજ શ્રેય. ૧૯૬
હું તો એક-બે દિનમાં અહીંથી નીકળી જઈશ,
નિયત સમયમાં પરિક્રમા પૂર્ણ કરીને રહીશ. ૧૯૭
માટે કરો ક્ષમા પ્રભો ! મારે પીઠાધીશ,
કદીએ બનવું નથી, હું તો પ્રભુ સ્મરીશ." ૧૯૮
વદી એમ અવધૂત જોડે બન્ને હાથ,
જગદ્ગુરુના પદતણી ના પાડી સાક્ષાત્!. ૧૯૯
જાણી અવધૂતણો આવો જબરો ત્યાગ,
જગદ્ગુરુ આશ્ચર્યથી પલભર થયા અવાક્. ૨૦૦
જગદ્ગુરુનું બિરૂદ ને પીઠાધીશ્વરપદ
ડંકા-નિશાન સાહ્યબી માન-પાન અનહદ ! ૨૦૧
સામે ચાલી પૂછવા આવે છે હા ! તોય,
ના પાડી દે એહવો કોક જ વિરલો હોય. ૨૦૨
અલખ નિરંજનને કહે સાંભળ શિષ્ય પ્રમાણ,
પીઠાધીશનું પદ અહા ! અવધૂતને મન જાણ, ૨૦૩
ચપટી લોટ સમ તુચ્છ હા ! હતું, મોહ નહિ લેશ.
લલચાયે લવલેશ ના એને શાનો કલેશ ? ૨૦૪
'પીઠ' શબ્દનો અર્થ છે મરાઠીમાં 'લોટ',
એટલે પીઠને માનતા અવધૂત ચપટી લોટ ! ૨૦૫
જેના હસ્તાક્ષરો ગ્રહી જપી દત્તનું સ્તોત્ર
પામ્યા સ્વામી તે અહા વિનવે અત્રિગોત્ર ! ૨૦૬
વિનમ્ર ભાવે ના કહી જગદ્ગુરુને એમ,
આજ્ઞા આશીર્વાદ લઈ આગળ ચાલ્યા તેમ. ૨૦૭
'હર નર્મદે' 'હર નર્મદે' એવો કરતા નાદ,
ઝડપી ચાલે ચાલતા છોડી સર્વ વિષાદ. ૨૦૮
પોતે પંડિત છે વળી પોતે છે વિદ્વાન,
એવા ગર્વને ગાળવા પરિક્રમા દરમ્યાન; ૨૦૯
અંગ્રેજી કે સંસ્કૃત ભાષામાં કોઈવાર,
એક શબ્દ પણ ન બોલવો રાખે એ નિરધાર ! ૨૧૦
પેલા દાકતરથી અહા ! છૂટવાને તે વાર,
અંગ્રેજીમાં વાક્ય એ બોલ્યા'તા બે-ચાર. ૨૧૧
એ વિના સહુ સમયમાં પરિક્રમા દરમ્યાન,
સાવ ઓલિયા સમ રહી ટાળ્યાં'તાં અભિમાન. ૨૧૨
સુખદુઃખ કંઈ વેઠ્યાં અરે ! ભૂખ તરસ ને થાક,
જંગલ-ઝાડી-કોતરો ખૂંદ્યા કંઈક અથાગ. ૨૧૩

પીધાં જલ ઝરણાંતણાં, ખાધાં ફળ-ફૂલ પાન,
જંગલમાં તરુવર તળે પડી રહ્યા મસ્તાન. ૨૧૪
ટાઢ તાપ વર્ષાતણી ઝડીઓ કીધી સહન,
વન્ય પશુ વિષધરતણાં કર્યાં કંઈક દર્શન. ૨૧૫
કંઈક ભયંકર રાનમાં રાતે નાખ્યો પડાવ,
વાઘ સિંહની ગર્જના ! લીધો અનેરો લ્હાવ ! ૨૧૬
તરવરતાં કંઈ જંતુઓ ચઢી પથારી માંહ્ય,
ઉધઈ ઝીમેલ, કીડીઓ શરીર કોરી ખાય. ૨૧૭
કષ્ટો એવાં કંઈ સહ્યાં, કોણ કરે વિસ્તાર ?
અનુભવભાથું ખૂબ મળ્યું, પરિક્રમા મોઝાર ! ૨૧૮
ચિત્ર-વિચિત્ર સ્વભાવના કંઈ કંઈ મળતા જન,
વિધ-વિધ વૃત્તિ એમની જોઈ ભરાયું મન ! ૨૧૯
ભિન્ન-ભિન્ન મનુજના ભિન્ન-ભિન્ન સ્વભાવ,
ભિન્ન-ભિન્ન વાતો અને ભિન્ન-ભિન્ન દેખાવ. ૨૨૦
પિંડે-પિંડે ભિન્નતા, મનવ્યાપારો ભિન્ન,
ભેદીને એ ભિન્નતા સ્વયં રહ્યા અવિચ્છિન્ન. ૨૨૧
મૌને જગનું નાટ્ય આ નિહાળતા એ જાય,
સુખ-દુઃખનાં દ્વન્દ્વો મહીં કદી ન એ અથડાય. ૨૨૨
ભિન્ન-ભિન્ન પ્રકૃતિનો મળતો વિધ-વિધ સાથ,
તેમની સાથે એકતા સાધે કરી સંગાથ. ૨૨૩
વિવિધ રંગી મનુજનો થાતો કદી જો સંગ,
સંગ-રંગ લાગે નહીં એવા રહે નિઃસંગ ! ૨૨૪
આવું આવું ઘણું ઘણું લઈ ભાથું ભરપૂર,
આવ્યા ૐકારેશ્વરે સંત સનાતન નૂર ! ૨૨૫
ચાલ્યા એકસો આઠદિન કરી પરિક્રમા પૂર્ણ,
અવધૂતે રેવાજીની સૂણ નિરંજન ! તૂર્ણ. ૨૨૬
આવી મોરટક્કે તિહાં જોડી બન્ને હાથ,
અવધૂતકંઠ ગદ્‌ગદ્ થઈ પ્રાર્થે રેવા માતઃ ૨૨૭
"ધન્ય-ધન્ય મા નર્મદા ! વંદું વારંવાર !
પૂર્ણ કરાવી પરિક્રમા ધન્ય ! કર્યો ઉદ્ધાર ! ૨૨૮
બેસાડી નિજ અંકમાં બાળકને ઓ માત !
જ્ઞાનસ્તન્યનું પાન હા ! કરાવ્યું તેં સાક્ષાત્ ! ૨૨૯
શેં ભૂલું ઉપકાર મા ! પળ-પળ મુજ સંભાળ,
રાખી તેં પ્રવાસમાં ઊગાર્યો નિજ બાળ ! ૨૩૦
શી રીતે પ્રાર્થું તને ? થયો મૂક સાક્ષાત્
સાષ્ટાંગ નમસ્કાર તને જય જય નર્મદા માત." ૨૩૧
એમ કહી મૂંગા થયા અવધૂત તે વાર,
છલ છલ છલકાઈ રહ્યાં નયનનીર સાભાર. ૨૩૨
રંગલીલામૃત એ વદે અલખનિરંજન સાથ,
'બાલક' બળિયા સાથ જો ભીડી શકે શેં બાથ ? ૨૩૩

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિંદોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે
અલખનિરંજનસંવાદે નર્મદાપરિક્રમાસમાપ્તિર્નામ દ્વાત્રિંશોઽધ્યાયઃ ॥૩૨॥ દોહરા ૨૩૩॥

## અધ્યાય : ૩૩

જ્યોતિર્લિંગ ૐકાર જે, ત્યાં પહોંચીને આમ,
પ્રાર્થી મા રેવાજીને, પ્રેમે કર્યા પ્રણામ. ૧
પરિક્રમાનું પુનિત એ, જલ લાવ્યા'તા જેહ,
ભાવભક્તિથી અરપિયું, ૐકારેશ્વર તેહ. ૨
આશુતોષને ભાવથી, ફરી ફરી કરી વંદન,
પૂર્ણ કરી પરિક્રમા, થયું ચિત્ત પ્રસન્ન. ૩
ત્યાં તો શિષ્ય નિરંજન, જોડી બંને હાથ,
નતમસ્તક કરી બોલિયો, સૂણો સૂણો ગુરુનાથઃ ૪
એક પ્રશ્ન મુજ મન વિષે, જાગ્યો હમણાં નાથ !
સમાધાન આપ જ કરો, દયા કરી હે તાત ! ૫
અવધૂતે નિજ પરિક્રમા, રેવાજીની એમ,
ૐકારેશ્વરથી જ હા ! શરૂ કરી પ્રભુ ! કેમ ? ૬
ૐકારેશ્વર બાણનું, મા'ત્મ્ય કહો પ્રભુ આપ,
જેથી મન મુદિત બને, જાય પાપ ને તાપ. ૭
શાને ભોળાનાથ અહીં ધરી ૐકારરૂપ,
પ્રગટ થયા શા કારણે ? ધારી રૂપ અનુપ ? ૮
કોણે આશુતોષને, કર્યા અહીં પ્રસન્ન ?
સ્વયંજ્યોતિરૂપે અહા ! પ્રગટ થયા ભગવાન ? ૯
સૂણી પ્રશ્ન એ શિષ્યનો, થયો અલખ પ્રસન્ન,
મંદ મંદ હાસ્યે પછી, બોલ્યા મધુર વચન. ૧૦

પ્રશ્ન તાહરો ધન્ય છે, જિજ્ઞાસા તુજ ધન્ય,
તુજ શો શ્રોતા મેળવી, બનતો હું પણ ધન્ય. ૧૧
સાંભળ એ પાવન કથા, સ્મરહરની અઘહાર,
શાંત કરે સંતપ્તને, ઉતારતી ભવપાર. ૧૨
શિવપુરાણે વર્ણવી, વ્યાસ મુનિએ એહ,
શ્રદ્ધાથી સૂણતાં અહા ! ભાગે હૃદ્સંદેહ. ૧૩
એક સમે નારદમુનિ, ફરતા ફરતા આમ,
વિંધ્યાચળ પર્વત ઉપર, આવી ગયા વરકામ. ૧૪
જોતાં મુનિવરને અહા ! દ્વારે નિજ અહીં આમ,
વિંધ્યાચળ વેગે જઈ, દોડી કરે પ્રણામ. ૧૫
ચરણ પડી સ્વાગત કરી, બોલ્યો મુખથી વાણ,
ધન્ય દિન મુજ આજનો, પુનિત કર્યો ભગવાન. ૧૬
કંઈક જન્મનાં પુણ્યથી, સંતનાં દર્શન થાય,
સંતચરણના સ્પર્શથી, યુગયુગનાં અઘ જાય. ૧૭
પૂર્વ પુણ્ય મમ પ્રગટિયાં, તેથી પધાર્યા આપ,
તમ દર્શનથી નાથ ! મમ, દૂર થયા સંતાપ. ૧૮
એમ કહી એ ગિરિવરે, મુનિવરનું તે વાર,
આસન પાદ્ય ને અર્ઘ્યથી, સ્વાગત કર્યું અપાર. ૧૯
પૂજન-અર્ચન કરી પછી, વિધવિધ ફૂલ ફલ પત્ર,
ભોજન માટે ધરી હવે, જોડે નિજ કર તત્ર. ૨૦
જોઈ એના ભાવને, ઋષિ થયા પ્રસન્ન,
મુદિત ચિત્ત થઈ મુનિવરે, કહ્યાં મધુર વચનઃ ૨૧
ધન્ય ધન્ય તુજ ભાવ ને ધન્ય છે તુજ સત્કાર,
ધન્ય તુજ આતિથ્યમાં, ખામી નથી લગાર. ૨૨
પ્રસન્ન મારું મન થયું, માણી તુજ સત્કાર,
પણ તારી સમૃદ્ધિને, જોવા થયો વિચાર. ૨૩
હિમાચલ, અર્બુદ અને, ગરવો ગિર ગિરનાર,
ગંધમાદન પવનગઢ, નીરખ્યા નગ અપાર. ૨૪
સમૃદ્ધિ નીરખી એમની, પામ્યો હર્ષ અપાર,
જોવા તુજની એ રીતે, આવી ચઢ્યો તુજ દ્વાર. ૨૫
માટે તારી સંપત્તિ, વનશ્રી ખનિજ ખાસ,
બતાવ જેથી હું જરી, કાઢી શકું તુજ કયાસ. ૨૬
સૂણી વચન મુનિવરતણાં, હરખ્યો વિંધ્યાચલ,
બતાવવા નિજ ઋદ્ધિને, તત્પર થયો એ અચલ. ૨૭
મુખ મલકાવી મદ કરી, બોલ્યો એ ગિરિરાજ,
ચાલો મારી સંપત્તિ, બતાવું હે મુનિરાજ ! ૨૮
કહી એમ નારદતણો, ઝાલી પ્રેમે હાથ,
બતાવવા નિજ સંપત્તિ, લઈ ગયો નિજ સાથ. ૨૯
વનરાજી વિધવિધ અને, વૃક્ષો વિધવિધ જાત,
ફળ ફૂલોથી લચી રહ્યાં, બતાવતો સાક્ષાત્. ૩૦
ખળખળ નાદે નિર્ઝરો, વહેતાં ઠામેઠામ,
નિર્મળ નીર વહાવતાં, રાત-દિવસ અવિરામ. ૩૧
પક્ષી વિધવિધ રંગનાં, ઊડતાં કરે કલ્લોલ,
મયૂર મેના પોપટો, બોલે મધુરા બોલ. ૩૨
કુંજે કુંજે ખેચરો, કરતાં મધૂર કૂજન,
શૈલે શૈલે ખનિજની, અમુલખ ખાણ અનન્ય. ૩૩
સુંવાળા સૌ સુવર્ણ સમ, ચળકે બહુ પાષાણ,
વિધવિધ રંગે ઓપતા, કરે સૌંદર્ય-લહાણ. ૩૪
ખાણો વિધવિધ ધાતુની, જ્યાં ત્યાં અહીં ઉભરાય,
રેલંછેલ થઈ રહી, જડી બુટ્ટીઓની આંહ્ય. ૩૫
ઊંડી સ્વચ્છ ગહ્વરો, દીસે ઠામે ઠામ,
તપસ્વીઓને દઈ રહી, શાંતિ ને આરામ. ૩૬
મોટા મોટા તપસ્વીઓ, ગુફાઓમાં આમ,
બેસી આસન સાધતા, નિજનાં આત્મારામ. ૩૭
ઊંડી ઊંડી ખીણો અહીં, દીસે ચારે કોર,
વન્ય પશુઓ ત્યાં વસી, કરે ગર્જના ઘોર. ૩૮
વાઘ સિંહ ને દીપડા, ચિત્તા વિધવિધ રંગ,
આમ તેમ દોડી અહીં, ગરજે નાનાં ઢંગ. ૩૯
વિધ વિધ રંગી વ્યાલ ને, વિંછી અજગર તેમ,
ભૂપર મહાલે મોદથી, નિર્ભયતાથી એમ. ૪૦
રાતે ઝગમગ આગિયા, તરુશાખા પર ખાસ,
બેસી હીરા સમ અહા ! વેરે મધુર પ્રકાશ. ૪૧
જીવ જંતુ તિર્યક્ સૌ, નાનારંગી વેષ,
પ્રકૃતિથી વૈવિધ્યનો, દેતાં શુભ સંદેશ. ૪૨
સમૃદ્ધિ એવી વિંધ્યની, દેખી નારદ પ્રસન્ન,
પછીથી આંખ ઝીણી કરી, બોલ્યા મધુર વચન. ૪૩
"સૂણ વિંધ્યાચળ તાહરી, ધન્ય સંપત્તિ વાહ,
જોતાં થયો પ્રસન્ન હું, પણ ખટકે એક આહ!" ૪૪

"ક્યી આહ ખટકે પ્રભુ! કહી દો મુજને ઝટ,
ખામી મારી હોય તો, ખુલ્લી કહો સ્પષ્ટ." ૪૫
એમ કહી વિંધ્યાચળે, જોડ્યા બંને હાથ,
આતુર આંખે સજ્જ થયો, નારદ વદે શું તાત ! ૪૬
પાડી કપાળે કરચલી, ઝીણાં કરી નયન,
મુખ પર દુઃખભાવો ધરી, બોલ્યા ઋષિ વચનઃ ૪૭
"હિમાચલ સમ તુજને અહા! સમૃદ્ધ જોઈ આજ,
જામ્યું મારા મન મહીં આનંદ કેરું રાજ ! ૪૮
કિન્તુ ખામી તુજ જોઈને, મારું મન દુભાય,
ચચરે ચિંતા એ મને, કેમ કરી દૂર થાય ? ૪૯
વનરાજ જડીબુટ્ટિઓ, ધાતુ ઝરણ તમામ,
હિમગિરિ કરતાં તુજ મહીં, અદકાં સર્વે આમ. ૫૦
કિન્તુ તું ઊંચો નથી, હિમાલય સમ ભાઈ,
સઘળું તુજમાં છે ભર્યું, તારી ન્યૂન ઊંચાઈ ! ૫૧
વામણો લાગે એ વિના, હિમાલયની પાસ,
લાગે જાણે એહનું, નાનું બાળક ખાસ. ૫૨
સૂણી વચન નારદ તણાં વિંધ્યાચળનો શોક,
વધી ગયો બહુ ઉર વિષે, ઉભરાય થોકેથોક. ૫૩
તે પછી નારદતણાં, ચરણે મૂકી શિષ,
વદ્યો, અરે ઋષિવર મને, દો હવે આશિષ. ૫૪
આશિષ સાથે હે મુને ! સૂચવો કંઈક ઉપાય,
જેથી હિમાલય થકી, અદકું ઊંચું થવાય. ૫૫
વચન સૂણી નગરાજનાં, નારદ મીંચી નેણ,
ગહન વિચાર કર્યા પછી, બોલ્યા મધુરાં વેણઃ- ૫૬
"સૂણ ગિરિવર આ વિશ્વમાં, તપથી મોટું આન,
નો'તું, ના છે, ના હશે, વાત મારી તું માન. ૫૭
તપથી આ સૂરજ તપે, તપથી વરસે મેહ,
તપથી વિશ્વ નભી રહ્યું, મા કર તું સંદેહ. ૫૮
આશુતોષ મહાદેવને, તપ કઠણ કરી આંહ્ય,
પ્રસન્ન કર ગિરિરાજ તું, ધરી ભાવ ઉર માંહ્ય. ૫૯
રીઝવી ભોળાનાથને, માગ એ જ વરદાન,
'મુજ મન ધાર્યું હું કરું, બીજું કંઈ નવ આન.' ૬૦
રીઝશે ભોળાનાથ ને, દેશે એ વરદાન,
તુજ મનધાર્યું તું પછી, કરજે ઊર્ધ્વ પ્રયાણ. ૬૧
વધી વધી ઊંચો વધી, અડજે નીલ ગગન,
હિમાલયના ગર્વનું, થઈ જશે ખંડન. ૬૨
તુજ આગળ પછી લાગશે, એ નાનો વામન,
તારી જયગાથા પછી, ગાશે સહુ જગ-જન." ૬૩
વિંધ્યાચળ હરખ્યો અતિ, સૂણી વાત તમામ,
મસ્તક ઋષિચરણે મૂકી, ફરી કરે પ્રણામ. ૬૪
ધન્ય ઋષિ તમ આગમન, બોધ તમારો ધન્ય,
તમ આશિષે થઈશ હું, જગમાં ગિરિ અનન્ય. ૬૫
એમ કહી પરવર્યો, તપ કરવાને એહ,
નારદની આશિષથી, થઈને ગતસંદેહ. ૬૬
મનસૂબો પૂરો કરી, નારદજી પણ આમ,
હરિ હરિ સ્મરતા ચાલિયા, સ્વયં હરિને ધામ. ૬૭
વિંધ્યાચળ વનમાં જઈ, થઈ આસને સ્થિર,
હર હર ધ્યાતો ધ્યાનમાં, થયો લીન એ ધીર. ૬૮
પંચાક્ષર પવિત્ર જે, 'ૐ નમઃ શિવાય',
જપતાં જપતાં વિંધ્યના, દિવસો વીતતા જાય. ૬૯
અન્ન જળ લેતો નથી, માત્ર પછી જ આહાર,
બાહ્યભાન ભૂલી બધું, ધ્યાયી રહ્યો ત્રિપુરાર. ૭૦
આદરતાં તપ આકરાં, વીત્યાં વર્ષ હજાર,
નતવત્સલ શિવસાંબ હા ! થયા તુષ્ટ અપાર. ૭૧
ડિમ્ ડિમ્ ડમરુ નાદ સહ, નતજનતારણહાર,
ભક્તભાવથી ભીંજીને, પ્રગટ થયા તે વાર. ૭૨
ભસ્મવિભૂષિત અંગ ને, ભાલ ચંદ્ર ચમકાર,
જટા-જૂથથી વહી રહી, ખળ ખળ ગંગાધાર. ૭૩
સરે સર્પ નીલ કંઠ પર, શરદશશી શી કાય,
દિવ્ય ગજાંબર ઓપતું, રૂંઢમાળ સોહાય. ૭૪
તેજરશ્મિ ફૂટી રહ્યાં, દિવ્ય અંગથી ત્યાંય,
પદ્મપત્રસમ નેત્રથી, કરુણા વહેતી સદાય. ૭૫
ત્રિશૂલ કર શોભી રહ્યું, ત્રિવિધ તાપ હરનાર,
ત્રિપુરારિ ત્રિનેત્રથી, હરે અજ્ઞઅંધાર. ૭૬
પદ્મપુષ્પસમ મુખ વળી, મંદ હાસ્યથી એમ,
વિકસી મધુર-નિનાદથી, બોલે વત્સ રે કેમ ? ૭૭
કાયાને કષ્ટી રહ્યો ? ખોલ જરા જબાન,
તુજ પર હું પ્રસન્ન છું, માગ માગ વરદાન. ૭૮

સૂણી વચન ત્રિપુરારનાં, વિંધ્યાચળ મનમાંહ્ય,
થયો અતિ પ્રસન્ન ને, ફરી ફરી લાગે પાય. ૭૯
શું બોલું શિતકાય હું ? જાણે છે તું સર્વ,
ઘટઘટનું જાણે વિભો ! હું તો અબુધ, ખર્વ. ૮૦
અંતર્યામી તુજ થકી, છાનું કશું ન કયાંય,
તોયે શાને પૂછીને, શરમાવો છો આંહ્ય ? ૮૧
ભકતવત્સલા જાણું હું, પૂછી આવી રીત,
ભકત પ્રત્યેની તાહરી, છતી કરે છે પ્રીત. ૮૨
સાંભળ ભોળાનાથ તું, મારા મનની વાત,
જાણે છે તોયે કહું તુજ આગળ સાક્ષાત્. ૮૩
જો તું પ્રસન્ન હોય તો, હે ભોળા ભગવાન !
મુજ મન-ધાર્યું હું કરું, દે એવું વરદાન. ૮૪
મારા મનમાં હે પ્રભુ ! જે કંઈ આવે વિચાર,
જે કંઈ બનવાનો અહા! સફળ થાય તે વાર. ૮૫
સૂણી વચન એ વિંધ્યનો, મન મરકયા ત્રિપુરાર,
અરે અરે ! શું માગિયું, કેવળ સ્વાર્થ અસાર. ૮૬
તોયે તપ થકી તાહરાં, થયો છું હું પ્રસન્ન,
'તથાસ્તુ' તેથી કહી, પૂર્ણ કરું છું વચન. ૮૭
જા તારું ધાર્યું થશે, એમાં નહિ સંદેહ,
પણ મારા વરદાનથી, ના દઈશ જગને છેહ. ૮૮
વચન સૂણી મહાદેવનાં, પસ્તાયો ગિરિરાય,
નયને જલ ભરી ભાવથી, પડ્યો પ્રભુને પાય. ૮૯
ગદ્ગદ્ કંઠે બોલિયો, સૂણો સૂણો સ્મરહર !
દયા કરી આ દીનને, આપ અન્ય એક વર. ૯૦
પ્રભુ આપ પ્રગટ થયા, જ્યોતિસ્વરૂપે આજ,
તો યુગોના યુગો સુધી, અહીં રહો જગકાજ. ૯૧
પ્રણવમંત્રના જાપથી, પ્રગટ્યા પરમ કૃપાળ,
પ્રણવસ્વરૂપે અહીં વસો, યુગ યુગ સુધી દયાળ. ૯૨
ત્યાં તો રેવાજીતણો, પ્રવાહ એ નિર્મલ,
બે ભાગે વહેંચાઈ ગયો, થયો બેટ તત્સ્થલ. ૯૩
બાજુ રેવાજી ને વચ્ચે શિવજી અનુપ,
આપોઆપ રચાયું હા ! ઓંકારનું સ્વરૂપ. ૯૪
ૐકારેશ્વર તે થકી, નામ પડ્યું અન્વર્થ,
સ્વયં જ્યોતિરૂપથી, બિરાજે શિવ સમર્થ. ૯૫
રેવાજીને કાંઠડે, બીજું લિંગસ્વરૂપ,
પ્રગટ થયું ભકતાર્થે હા ! અમલેશ્વર અનુપ. ૯૬
આમ ઓંકારેશ્વરે, અમલેશ્વરની સાથ,
વિંધ્ય-તપસ્યાથી અહા ! પ્રગટ થયા પશુ-નાથ. ૯૭
દ્વાદશ જ્યોતિર્લિંગમાં, ગણના એની થાય,
એનાં દર્શન માત્રથી, પાપ-તાપ દૂર થાય. ૯૮
બિલ્વપત્ર પુષ્પાદિથી, પૂજન કરશે જેહ,
ધનધાન્યાદિક પામશે, એમાં ના સંદેહ. ૯૯
પય, જલ ઈક્ષુરસથકી, કરશે જે અભિષેક,
રોગશોક તેનાં જશે, દુઃખ અનેક ટળશે. ૧૦૦
એક વખત અહીં આવીને, બં...બં ભોલાનાથ,
ભાવે કહેશે તેહને, નહિ નડે ઉત્પાત. ૧૦૧
વિંદયાચળના તપ થકી, થઈ પ્રસન્ન મહેશ,
જ્યોતિસ્વરૂપે અહીં વસી, ટાળે જગના કલેશ. ૧૦૨
આવા પાવન તીર્થથી, અવધૂતજીએ ધન્ય !
પરિક્રમા રેવાતણી, શરૂ કરી'તી પુણ્ય. ૧૦૩
પરિક્રમા પૂરી કરી, વંદ્યા આશુતોષ,
અવધૂતજીએ તે પછી, યાદ કર્યો ગુરુ-ઘોષ, ૧૦૪
શ્રીગુરુમૂર્તિચરિત્ર જે, સુધારવાનું કામ,
ગાંડાએ સોંપ્યું હતું, આવ્યું યાદ તમામ. ૧૦૫
ક્ષણ પણ ત્યાં થોભ્યા વિના, ચાલી નીકળ્યા તુર્ત,
ભરૂચમાં રેવાતીરે, આવી ગયા અવધૂત. ૧૦૬
ભૂતનાથ મહાદેવમાં, પોતે કર્યો મુકામ,
શુદ્ધ કરી ગ્રંથ તે પછી, મુદ્રણકેરું કામ. ૧૦૭
કરવા લાગ્યા ભાવથી, એક ચિત્તથી ત્યાંય,
ચિવટે જોતાં એ બધું, રહે ન ખામી કયાંય. ૧૦૮
આમ શુદ્ધ કરી ગ્રંથને, મુદ્રિત કરતાં ખાસ,
ભરૂચમાં અવધૂતજીએ, વીતાવ્યા છએક માસ. ૧૦૯
ગ્રંથ બધો મુદ્રિત કરી, આટોપી એ કામ,
જઈ ગાંડા મહારાજને, સોંપી દીધું તમામ. ૧૧૦
ત્યાર પછી અવધૂતજીએ, લેવા અનુભવ-સાર,
ભ્રમણ કરવા દેશમાં, કર્યો મનમહીં વિચાર. ૧૧૧
સ્પર્શ ન કરવો દ્રવ્યનો, માગવું નહિ કો' પાસ,
અનાયાસે જે કંઈ મળે, તે ભોગવવું ખાસ. ૧૧૨

પાસ કશું ના રાખવું, ના કો' કરવો સાથ,
એકલા જ વિહરી જગે, નિહાળવા જગનાથ. ૧૧૩
પરિચય પોતાનો કદી, કોઈને પણ કોઈ ઠામ,
આપવાનો નહિ અને, નહિ બતાવવું નામ. ૧૧૪
કોઈને પણ નિજ વિદ્વત્તા, બતાવવી ના ક્યાંય,
બની દિવાના-બાવરા, ભટકવું જગ માંહ્ય! ૧૧૫
કઠણ નિયમ આવા બધા, રાખી અવધૂત એમ,
ભ્રમણ કરે આ વિશ્વમાં, નિર્ભયતાથી તેમ. ૧૧૬
માત્ર બે લંગોટને, કાળી કામળ એક,
ધોળી ચાદર ખાદીની, રાખી ધારી વિવેક. ૧૧૭
વામ હસ્ત જલપાત્ર ને દક્ષિણ કરમાં દંડ,
ચરણે ખટ ખટ પાદુકા, રણકી રહે અખંડ. ૧૧૮
ખાંધે ઝોળી ઝૂલતી, ધોળી નાની એક,
ચૌદ બ્રહ્માંડ એ મહીં, સમાવિયાં છે છેક! ૧૧૯
દિવ્ય ચમકતાં નયન હા ! જાણે સૂરજચંદ,
શરદ-શશી સમ લસલસે, મુખડું આનંદકંદ. ૧૨૦
ૐ ૐ ૐ મુખથી, ચાલે ઝડપી ચાલ.
મંદ મંદ મધુ હાસ્યથી, ઓપે ઓષ્ટ પ્રવાલ. ૧૨૧
નિહાળતાં પ્રકૃતિતણાં, વિધ વિધ રૂપ વિશાળ,
જ્યાં ત્યાં ભગ ભગવાનનું, ભાળે ભવ્ય રસાળ. ૧૨૨
ભેદભાવ ભ્રમણા બધી, ભાગીને ભલી ભાત્ય,
જગન્નાટકી હા ! સ્વયં, નિહાળતો જગ-નાટ્ય ! ૧૨૩
ફરતા ફરતા એક દિ', અવધૂતજી કંઈ એમ,
તાપી તીરે સુરતમાં, આવી પહોંચ્યા તેમ. ૧૨૪
અશ્વિનીકુમાર કેરા, આવી ઘાટે એમ,
સ્નાન-ધ્યાન-સંધ્યાદિથી, પરવારી પછી તેમ. ૧૨૫
ઉપર આવ્યા મંદિરે, દર્શન કરવા કાજ,
સામે ઓટલે તે સમે, હતા એક દ્વિજરાજ. ૧૨૬
પવિત્ર એ બ્રાહ્મણતણી, દૃષ્ટિ એકાએક,
અવધૂતજી ઉપર પડી, જાગ્યો વિવેક. ૧૨૭
બ્રહ્મતેજથી ઓપતું, અવધૂતજીનું મુખ,
જોતાં દ્વિજવર પામિયા, અંતરમાં અતિ સુખ. ૧૨૮
ઊભા થઈને વિવેકથી, જોડી બંને પાણ,
અવધૂત પ્રત્યે વિપ્રવર, બોલ્યા મધુર વાણઃ ૧૨૯

સૂણો વિનંતી એક પ્રભુ ! મારે ઘેરે અદ્ય,
ભિક્ષા લેવા કારણે, આપ પધારો સદ્ય. ૧૩૦
બ્રાહ્મણ છું ત્રિકાલ હું, કરું છું સંધ્યા એમ,
વૈશ્વદેવ મખબ્રહ્મનો, કરું છું નિત્યે તેમ. ૧૩૧
વિનતિ માટે માહરી ધારો ઉર મહારાજ !
લેવા ભિક્ષા મુજ ગૃહે, પધારો યોગિરાજ ! ૧૩૨
સૂણી વચન એ વિપ્રનાં, અવધૂત થયા પ્રસન્ન,
લેવા ભિક્ષા વિપ્રસહ, ગયા એમના સદન. ૧૩૩
વિપ્રે અતિશય ભાવથી, નિજ પત્નીની સાથ,
પૂજન અવધૂતનું કર્યું, નમાવ્યું ચરણે માથ. ૧૩૪
ભાવે પીરસે દંપતી, વિધ વિધ સાત્ત્વિક અન્ન,
આકંઠ તૃપ્ત થયા પ્રભુ, આરોગતાં ભોજન. ૧૩૫
અલખ કહે એ વિપ્રનાં, ધન્ય ભાગ્ય અવતાર,
વિશ્વંભરને જમાડિયા, સફળ થયો સંસાર. ૧૩૬
ભિક્ષા લઈ અવધૂતજીએ, કર્યો તૃપ્તિ-ઉદ્ગાર,
સાત પેઢી એ વિપ્રની, તરી આજ નિર્ધાર ! ૧૩૭
ભિક્ષા પછી મુખવાસ લઈ, અવધૂતજી તે વાર,
દંડ-કમંડલ કર ધરી, જવા થયા તૈયાર, ૧૩૮
દક્ષ હસ્ત ઊંચો કરી, દેવા આશીર્વાદ,
અવધૂતજી જ્યાં જાય ત્યાં, એને આવ્યું યાદ. ૧૩૯
ઝટ ઘરમાં દોડી ગયો, પટ ખોલ્યું કબાટ,
રૂપિયા પાંચની નોટ એ, લાવ્યો સદ્ગુરુ માટ. ૧૪૦
લંબાવી કર રંગને, દખણા દેવા જાય,
ત્યાં તો અવધૂતજી અહા ! ઝટ દૂર ખસી જાય. ૧૪૧
આશ્ચર્યે અવધૂતને, એ કંઈ કહેવા જાય,
ત્યાં તો વાણી મધમીઠી, બોલ્યા સદ્ગુરુરાયઃ ૧૪૨
સૂણો સૂણો હે વિપ્રવર ! મારો નિયમ છે આંહ્ય,
સ્પર્શ કરું ના દ્રવ્યનો, કદીએ ક્યારે ક્યાંય ! ૧૪૩
માટે ક્ષમા કરો મને, મા કરશો કંઈ રોષ,
ભિક્ષા તમ ગૃહે લીધી, થયો પરમ સંતોષ. ૧૪૪
એમ કહી અવધૂતજી, આગળ વધવા જાય,
ત્યાં તો દ્વિજ વિસ્મિત થઈ, ફરી ફરી લાગે પાય. ૧૪૫
ઘોર કળિમાં દ્રવ્યનો, સ્પર્શ નહીં કરનાર,
આવો સાધુ જીવનમાં, જોયો પહેલી વાર, ૧૪૬

પૂછે બ્રાહ્મણ પ્રેમથી, કહો સંતવર આપ,
જાશો અહીંથી કયાં હવે, પૂજ્ય કૃપાળુ બાપ. ૧૪૭
અવધૂત કહે અમ મસ્તનું, કશું ન નિશ્ચિત ઠામ,
જ્યાં દોરે ત્યાં ચાલીયે અમારો આત્મારામ. ૧૪૮
મનમોજી ફરનારને, કહો કોણ પૂછનાર ?
તૃણ સમ માની જગતને, મસ્ત બની ફરનાર. ૧૪૯
છતાં તમારો ભાવ છે, કહું છું તો આ વાર,
શુકલતીર્થ જાવાતણો, મનમાં કર્યો વિચાર. ૧૫૦
પછી* બહાર નીકળ્યા પછી, મારો આતમરામ,
જ્યાં મુજને દોરી જશે, ત્યાં થાશે મુકામ. ૧૫૧
અવળવાણી અવધૂતની, સિદ્ધો ગોથાં ખાય,
તે ભોળા આ વિપ્રને, શી રીતે સમજાય ? ૧૫૨
મુખ ફાડી એ વિપ્ર ત્યાં, વિસ્ફારિત કરી નૈન,
આશ્ચર્યાર્ણવમાં ડૂબિયો, કાઢી શક્યો ના વેણ ! ૧૫૩
ડૂબાડી એ વિપ્રને, આશ્ચર્યાબ્ધિ માંહ્ય,
ચાલી અવધૂત નીકળ્યા, થોભ્યા વિણ ક્ષણ ત્યાંય. ૧૫૪
આવ્યા સુરત સ્ટેશને, ઊભા રહ્યા પળ જ્યાંય,
ગાડી ભરૂચ તરફની, આવી પહોંચી ત્યાંય. ૧૫૫
ટિકિટ વગર ક્યારેય પણ, બેસી ગાડી માંહ્ય,
મુસાફરી અવધૂતજી, કરે કદી ના ક્યાંય. ૧૫૬
વળી કોઈની પાસ એ, અપરોક્ષ રીતે પણ,
માગે ના ટિકિટ કે ટિકિટ માટે ધન. ૧૫૭
પહોંચી જાયે એ કદી, સ્ટેશન માસ્તર પાસ,
એકાદ બે અંગ્રેજીમાં, વાક્યો બોલે ખાસ. ૧૫૮
વ્યક્તિત્વ એમનું જોઈને, આભાયુક્ત અદ્ભુત,
પહેલા બીજા વર્ગની, ટિકિટ દઈ દે તુર્ત. ૧૫૯
પણ આ તો અવધૂત છે, ખમીરવંતો સંત,
પરોક્ષ કે અપરોક્ષ પણ, માગે કદી ન હંત. ૧૬૦
ભરૂચ જવાની ગાડી એ, થોભી થોડી વાર,
અવધૂતજી જોતા રહ્યા, ઉપડી ગઈ તે વાર. ૧૬૧
ગાડી દૂર ગયા પછી, અવધૂતજી ક્ષણવાર,
થોભ્યા ને ખડખડ હસ્યા, કરતા મન વિચાર. ૧૬૨
આજે ગુરુમહારાજની, ઈચ્છા એવી જાણ,
મારે પગપાળા જ હા ! કરવાનું છે પ્રયાણ. ૧૬૩
આજે મુજને ગાડીમાં બેસાડવાની માન,
ઈચ્છા ગુરુમહારાજની, નથી લાગતી જાણ. ૧૬૪
નહિ તો તારા આવતાં, પહેલાં સ્ટેશન પર,
ટિકિટ લઈને કોઈને, મોકલતા ગુરુવર ! ૧૬૫
નથી મોકલ્યો તેથી તું, સમજી લે અવધૂત,
એને તારા ટાંટિયા, કરવા છે મજબૂત. ૧૬૬
માટે મારા ચરણ હે ! થઈ જાઓ તૈયાર,
ગુર્વાજ્ઞામાં પ્રમાદ ના, ચાલે અહીં લગાર. ૧૬૭
વિચારતાં અવધૂતના, ચિત્તે સ્ફૂર્યું તે વાર,
સામે તીરે સજોદના, શુકલતીર્થ નિર્ધાર. ૧૬૮
માટે પહોંચી જાઉં હું, ચાલી તિહાં સજોદ,
ત્યાંથી રેવા પાર હા ! કરીશ ધરીને મોદ. ૧૬૯
એમ વિચારી પવન શા, વેગે ચાલ્યા આપ,
ૐ ૐ જય ગુરુદત્તના, કરતાં કરતાં જાપ. ૧૭૦
તનમાં યૌવનજોમ ને મનમાં દૃઢ વિશ્વાસ,
શ્રદ્ધા સદ્ગુરુ પર પછી, બાકી શું રહે ખાસ ? ૧૭૧
જટાકેશ શિર પર ઊડે, ચાદર ફર ફર થાય,
એક-નિશ્ચયી પૃથ્વી પર, પવને ઊડતો જાય. ૧૭૨
થાક કેરું નામ નહિ, નહિ અંતરમાં કલેશ,
વેગવંતી ચાલથી, જાય ઉડાડતો કેશ. ૧૭૩
ખેતર, ગોચર, કોતરો, ટેકરા વીંધતો જાય,
ભૂખ-તરસ શ્રમ એહમાં, જરૂરી એ ના દેખાય. ૧૭૪
સૂરતથી સજોદ છે, ગાઉ સો એક દૂર,
હૈયે ધારી હામને, ચાલે તોય પ્રચુર. ૧૭૫
સૂરજ ડૂબતાં પૂર્વ તો, સજોદને પાદર,
આવી પહોંચ્યા મોદથી, મનમોહન મુનિવર. ૧૭૬
પાદરમાં મૂળાતણું, હતું એક ખેતર,
એ ખેતરમાં થઈ અહા ! જતા હતા ગુરુવર. ૧૭૭
એ ખેતરમાં એક સ્ત્રી, હતી મજૂરણ જેહ,
મૂળા ફાંસી ફાંસીને, કરતી ભેળા એહ. ૧૭૮
જોયા એણે સદ્ગુરુ, નિજ ખેતરથી જાય,
પડ્યા સંતપદ ખેતરે, તેથી મન હરખાય. ૧૭૯
હરખાતી ઊંચે સ્વરે, બોલી પાડી સાદ,
થોભો બે મૂળા તમે, લેતા જાઓ તાત ! ૧૮૦

* પાઠાન્તરઃ અને'

અવધૂતજી થોભે અહા ! સૂણી એની વાણ,
બે મૂળા તે બાઈએ, આપ્યા પ્રભુને પાણ. ૧૮૧
અવધૂતજીએ બાઈના, મૂળા સ્વીકાર્યા આમ,
ધન્ય ભાગ્ય એ બાઈનાં, પૂરણ થયાં સહુ કામ. ૧૮૨
મૂળા પર માટી બહુ, ચોંટી'તી તે વાર,
અવધૂતજીએ ધોઈને, ખાવા કર્યો વિચાર. ૧૮૩
આવ્યા રેવા તીર પર, અવધૂતજી ત્યાં આમ,
દર્શન રેવાનાં થતાં, કરે કરથી પ્રણામ. ૧૮૪
વંદન રેવાને કરી , સ્તવે અંતર માંહ્ય,
ધન્ય માત ! તુજ દર્શને, દુરિત-દુઃખ દૂર થાય. ૧૮૫
એમ કહી અવધૂતજી, આગળ કરે પ્રયાણ,
ત્યાં તો માર્ગે નાનડી, હતી હોટલ એક જાણ. ૧૮૬
હોટલવાળાએ અરે ! દૂરથી જોતાં સંત,
બૂમ પાડી બોલ્યો તિહાં, વરવો સ્વાર્થ એ હંત ? ૧૮૭
આવો હે મહારાજજી ! ભજીયાં ગરમ ગરમ,
ભુસુ-બિસ્કિટ-ચા બીડી, માગો મૂકી શરમ. ૧૮૮
પરિક્રમાવાસી આ હશે, કરશે નાસ્તો એહ,
વકરો થાશે કંઈ અરે ! માની બેઠો તેહ. ૧૮૯
બોલાવે મહારાજને, કરી બાંકડો સાફ,
બેસાડી પૂછ્યું પછી, કહો શું લેશો આપ ? ૧૯૦
આ તો પણ અવધૂત છે, અકિંચન બાદશાહ,
એને ચા નાસ્તાતણી, હોય શાની પરવાહ ! ૧૯૧
માનીને સામાન્ય આ, ભક્ત ફરે છે એમ,
હોટલવાળો પૂછતો, વારેઘડિયે તેમ. ૧૯૨
ભાવ એનો જોઈને, નિષ્કંચન અવધૂત,
બોલે સ્વચ્છ જલ હોય તો, લાવી દે ભાઈ તુર્ત. ૧૯૩
પાણીનો લોટો ભરી, લઈ આવ્યો ત્યાં એહ,
આપી ત્યાં અવધૂતને, ઊભો ધરી સંદેહ. ૧૯૪
અવધૂતજીએ પાણીથી, મૂળા ધોઈને સાફ,
કર્યા પછી ટૂકડા કરી, ખાવા લાગ્યા આપ. ૧૯૫
વક્રદૃષ્ટિથી જોઈને, અવધૂતજીને એમ,
હોટલવાળો ફરી પૂછે, જોઈએ છે કંઈ કેમ ? ૧૯૬
એના મનમાં ચા-ભુસુ, ભજીયાં કે કંઈ એમ,
લેશે જો આ સાધુ તો, વકરો થાશે તેમ. ૧૯૭
પણ આ તો નિર્દોષ ને સ્પૃહારહિત અવધૂત,
એને આ વેપારીનું, ના સમજાયું તૂત. ૧૯૮
સહજ ભાવે બોલિયા, અવધૂત તેણી વાર,
ઈચ્છા કરો જો તમો, આપો મીઠું લગાર. ૧૯૯
મૂળામાં એ નમકને, ભેળવીને ખાઈ લઈશ,
ક્ષણભર કરી વિશ્રામ ને ચાલ્યો પછીથી જઈશ. ૨૦૦
સૂણી વચન અવધૂતનાં, હોટલવાળો ત્યાંય,
ક્ષણભર તો સમસમી રહ્યો, ગુસ્સાથી મન માંહ્ય. ૨૦૧
ચા ભુસુ ના માગ્યું, માગ્યું નમક મફત,
હોટલવાળો તે થકી, થયો ગુસ્સે તરત. ૨૦૨
તોયે મીઠું આપવા, ઊભો થયો તે વાર,
જાતાં જાતાં મુખથી, નીકળી ગયા ઉદ્‌ગાર. ૨૦૩
છોડ્યું ઘર અને મહારાજ ! છોડ્યો આ સંસાર,
તોયે તમારી જીભનો, છૂટ્યો ન સ્વાદ લગાર. ૨૦૪
સૂણી વચન આ વ્યંગનાં, અવધૂત કરે વિચાર,
લૂલીની લોલુપતા, કેવો ખવાડે માર ! ૨૦૫
એમ વિચારી તત્ક્ષણ, ઊભા થયા અવધૂત,
હોટલવાળાને પછી, કહેતા વિઠ્ઠલ - સુત. ૨૦૬
ધન્યવાદ છે ભાઈ તને, તારો બહુ આભાર,
દીધો બોધ અમોલ તેં, વંદન તને હજાર. ૨૦૭
એમ કહી વંદન કરી, મૂળા ફેંકી ત્યાંય,
રેવાજીને કાંઠડે, આવી ગયા વરકાય. ૨૦૮
સામે તીરે લઈ જવા, નૌકાઓ બે ચાર,
પ્રવાસીઓને કાજ હા ! હતી ત્યાં તૈયાર. ૨૦૯
બે પૈસા ભાડું થતું, જાવા સામે તીર,
અકિંચન અવધૂતનો, ઊભા ક્ષણ ધરી ધીર. ૨૧૦
કો પાસે ના માગવું, કદીયે ક્યારે ક્યાંય,
કડક નિયમ અવધૂતનો, ભલે પ્રાણ આ જાય. ૨૧૧
નૌકાઓ જાતી અને આવતી વારંવાર,
પ્રવાસીઓ આ પારથી, જાતાં પેલી પાર. ૨૧૨
જોતાં નીરખતાં એ ખડા, સંભારીને શ્યામ,
કિન્તુ કોઈને ના કહ્યું, આપો મુજને દામ. ૨૧૩
પ્રવાસી પણ પ્રેમથી, જોઈ સાધુ સુપાત્ર,
આપી દેત ઉમંગથી, માંગતા વેંત જ માત્ર. ૨૧૪

અરે કો નાવિકને, સહજ કહ્યું જો હોત,
પાર ઉતારી દેત એ, માની દિલનો દોસ્ત. ૨૧૫
સ્વભાવ અવધૂતનો એ, દુઃખને માને સુખ,
તનડું તૂટી જાય પણ, ના ઊઘાડે મુખ. ૨૧૬
નૌકાઓ કંઈ આવી ને ચાલી ગઈ તે પાર,
અવધૂતને કોઈ પણ, ના પૂછે એકવાર ! ૨૧૭
જોગી કયમ ઊભા રહ્યા ? જાવું નથી શું પાર ?
ભાડાની ચિંતા તમે, કરશો નહિ લગાર ! ૨૧૮
દઈશું આપી અરે અમે, ઉતરાણ કેરાં દામ,
માટે બેસી જાઓ તમે, ફિકર કર્યા વિણ આમ. ૨૧૯
એવું કોઈએ ના પૂછ્યું, અવધૂત કરે વિચાર,
અરે ચાલ મન અહીં હવે, થોભ્યામાં નહિ સાર. ૨૨૦
શું ધાર્યું તેં ગુરુવરા ? મુજ પગને હજુ આમ,
શું તારે દેવો નથી, કંઈક અરે ! આરામ ? ૨૨૧
ઈચ્છા તારી હે ગુરો ! છે અતિ બલવાન,
તું ચલાવે તેમ આ, ચાલશે મારું યાન. ૨૨૨
મનોમન અવધૂત વદે, નિજ ગુરુવરને આમ,
સામે તીરે પહોંચવા, જાવું પડે હરિધામ. ૨૨૩
હરિધામમાં ઉતારવા, સાધુને તે પાર,
વિના મૂલ્ય નૌકા ઘણી, જાયે વારંવાર. ૨૨૪
સજોદથી હરિધામનું અંતર બત્રીસ ગાઉ,
લીધો નિર્ણય અવધૂતે, શાને એને હાઉ ? ૨૨૫
અલખ કહે સૂણ શિષ્ય હે ! અવધૂતની આ હામ,
ચાલ્યા સો ગાઉ પછી, જાવાને હરિધામ. ૨૨૬
બત્રીસ ગાઉનો પંથ જે, કાપવાને તૈયાર,
એના જબરા ત્યાગનો, આવે કંઈ વિચાર ? ૨૨૭
ત્યાગતણી ધૂણી અહા ! એના અંતર માંહ્ય,
કેવી ધખધખતી હશે, એની આ છે ઝાંય. ૨૨૮
કરી કસોટી રંગની, પ્રભુ થયા પ્રસન્ન,
એટલે વધુ ન તાવવા, હશે વિચાર્યું મન. ૨૨૯
એટલે નાવિક એકની, દૃષ્ટિ એકાએક,
દોડતા એ અવધૂત પર, પડી અચાનક દેખ ! ૨૩૦
વા વેગે ચાલી રહ્યા, જાણે સિંહણ-બાળ,
ચાલતા અવધૂતની, નાવિક ઓળખે ચાલ. ૨૩૧
અરે આ અવધૂત છે, નારેશ્વરના નાથ,
સાદ કરી રોક્યા અને દોડી જોડ્યા હાથ. ૨૩૨
કહો પ્રભુ ! ક્યાં જાવ છો ? વહેલા વહેલા આમ ?
અવધૂત કહે મારે ત્વરિત, જાવું છે હરિધામ. ૨૩૩
શુકલતીર્થ જાવા વિષે, નીકળ્યો છું હું આમ,
કિન્તુ મફત નાવડી ત્યાં, મળશે હરિને ધામ. ૨૩૪
તે માટે હરિધામ જઈ, ઉતરી પેલી પાર,
મધરાતે શુકલતીર્થમાં, પહોંચી જઈશ નિર્ધાર. ૨૩૫
સૂણી વચન અવધૂતનાં, નાવિકનયને નીર,
ઊભરાયાં બહુ ભાવથી, બોલ્યો વચન ગભીરઃ ૨૩૬
અમ ગરીબનાં ઓ બાપજી ! ન માગવું તે કાજ,
ચોસઠ ગાઉ સાંજના, તૈયાર ચાલવા કાજ. ૨૩૭
હદ કરી આપે અહો ! આવો નિયમ લેવાય ?
નાવ મારી તૈયાર છે, ચાલો ઓ ગુરુરાય ! ૨૩૮
એમ કહી મલ્હાર એ, લાગી ફરી ફરી પાય,
લઈ ગયો અવધૂતને નિજ નૌકાની માંહ્ય. ૨૩૯
ફાટ્યું-તૂટ્યું ધોતિયું, નિજનું પાસે જેહ,
ખંખેરીને ભાવથી, પાથરી દીધું તેહ. ૨૪૦
નિજ કરથી અવધૂતના, ઝાલી બંને હાથ,
આસન પર બેસાડીયા, મૂક્યું ચરણમાં માથ. ૨૪૧
જોઈ એનો ભાવ હા ! ભીંજ્યા સદ્ગુરુ નાથ,
ૐ ૐ મુખથી વદી, મસ્તક મૂક્યો હાથ. ૨૪૨
સર સર કરતી નાવડી, આવી મધજલ જાણ,
રેવામાને રંગજી, વંદ્યા જોડી પાણ. ૨૪૩
શીતલ તાજાં સ્વચ્છ એ, રેવાજીનાં નીર,
ભરી કમંડલ અવધૂતે, પીધાં પ્રેમે ધીર. ૨૪૪
આજ સવારે દસ બજે, સુરત વિપ્રગૃહ એમ,
ભિક્ષા લીધી'તી પછી, ન'તું લીધું કંઈ તેમ. ૨૪૫
ચાલ્યા સો ગાઉ છતાં, જરાયે જલ કે અન્ન,
અવધૂતે લીધું ન'તું, વિચાર નિરંજન ! મન ! ૨૪૬
ભૂખ તરસ ને થાકની, તો શી કરવી વાત ?
તોયે મુખ પર રમે સદા, પ્રસન્નતા સાક્ષાત્. ૨૪૭
રેવામાનાં જલ પીતાં, થાક, તરસ ને ભૂખ,
દૂર થયાં અવધૂતનાં, પામ્યા અનુપમ સુખ. ૨૪૮

બ્રહ્મસ્વરૂપ શ્રીરામને, ગૂહ મલ્હાર જેમ,
નિજ નાવે બેસાડીને, પાર ઉતારે તેમ; ૨૪૯

ભાવિક આ નાવિક તિહાં, સ્વયં દત્ત ભગવાન,
નિજ નાવે બેસાડીને, ખાટે કેવું માન ! ૨૫૦

રંગરૂપ સ્વયં દત્ત જે, અખિલ વિશ્વની જ્યોત,
ભકતોને ભવ તારવા, સ્વયં બનીને પોત. ૨૫૧

અવનિ પર વિહરી રહ્યા, તેને આ મલ્હાર,
બેસાડી નિજ નાવમાં, જુઓ ઉતારે પાર ! ૨૫૨

ધન ધન એની નાવને, ધન ધન એ મલ્હાર,
જીવન જન્મ સફળ કર્યાં, વંદન કરું હજાર. ૨૫૩

બોલી એવું અલખ તિહાં, મૂક થયા ક્ષણ માંહ્ય,
નિરંજન બિચારો દેખતો, ચોળે આંખ જો ત્યાંય. ૨૫૪

રંગકથામૃતની પ્રપા, ખોલી 'બાલક' જાણ,
પાય પીવાડે તેટલું, એ તો સાવ અજાણ! ૨૫૫

ઈતિશ્રી રંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિંદોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે ૐકારેશ્વરમાહાત્મ્યનિરૂપણે અવધૂતનિયમાદિકથનં નામ ત્રયસ્ત્રિંશત્તમોઽધ્યાયઃ ॥૩૩॥ દોહરા ૨૫૫॥

## અધ્યાય : ૩૪

લીલા અવધૂતની સ્વયં અલખ દયાળ,
મસ્ત બન્યા ગુરુગાનમાં રહ્યો ન તનનો ખ્યાલ. ૧

તન નિશ્ચેષ્ટ થઈ ગયું, વાચા થઈ ગઈ બંધ;
સ્મરણસાગરે ડૂબિયા આનંદના નિર્બંધ. ૨

શિષ્ય નિરંજન ચોંકીને જાગી ઊઠ્યો તુર્ત,
બંધ "શાને ગુરુતણી વાણી એ અદ્ભુત ?" ૩

જોયું ત્યાં તો અલખજી આનંદાર્ણવ માંહ્ય,
ડૂબી મહાલે મોદથી સ્મરણાનંદના ત્યાંય ! ૪

શિષ્ય નિરંજન તુર્ત ત્યાં અલખ ચરણની માંહ્ય,
મૂકી નિજ મસ્તક અને ફરી ફરી લાગે પાય. ૫

ઉત્કટ ભાવે નયનથી વહી અશ્રુની ધાર,
અભિષેક અશ્રુતણો ચરણે થયો તે વાર! ૬

વિનવે નિરંજન એ ફરી ચરણે અલખ દયાળ!
"અવધૂતની પાવન કથા આગળ કહો રસાળઃ ૭

અજ્ઞાતાવસ્થામહીં ભમતાં ભમતાં આમ,
અવધૂતજીએ જે કરી લીલા કહો તમામ. ૮

હું પ્યાસો જુગ-જુગતણો બૂઝાવ મારી પ્યાસ,
જ્ઞાનપ્રપા માંડી પ્રભુ ! ના કર મને નિરાશ. ૯

પૂર્વ જન્મનાં પુણ્યથી પામ્યો તુજ દર્શન,
લીલા સદ્ગુરુની સુણી મુદિત થાય મુજ મન." ૧૦

સૂણી વચન નિજ શિષ્યનાં હરખે અલખજી મન,
"ધન્ય શિષ્ય ગુરુની કથા આગળ કહું પાવન." ૧૧

ભમતા ભમતા એક દિ' અવધૂત રમતારામ,
ચીતળી સ્ટેશન ઊતરી જાય શાકોરી ધામ. ૧૨

સાંજે ભોજન ત્યાં કર્યું, કર્યો રાતવિશ્રામ,
બીજે દિન પ્રાતઃ સમે નીકળ્યા એ નિષ્કામ ! ૧૩

આવી પહોંચ્યા રાહતા, કાળ થયો મધ્યાહ્ન,
પેટ પોકારી માગતું અન્ન ને અન્ન ! ૧૪

આખું ગામ ફરી વળ્યા, મળ્યું ન ભોજન ક્યાંય,
"ઈચ્છા ગુરુ મહારાજની" એમ વિચારી ત્યાંય; ૧૫

એકાદુ-બે ઘુંટડા કમંડલથકી તેમ,
જલના પીધા તે પછી ચાલવા લાગ્યા એમ. ૧૬

સમર્થ બાબા સાંઈનાં દર્શન કરવા માટ,
શીરડી જાવાને લીધી કોપરગાંવની વાટ. ૧૭

ત્યાંથી કોપરગાંવ હા આઠ ગાઉ છે દૂર,
ભૂખ્યા પેટે ચાલિયા થયા વિના મજબૂર. ૧૮

ચોવિસ કલાકથી પેટમાં પડ્યું નથી કંઈ અન્ન,
તોયે ઝડપે ચાલતા હરિનું કરતાં રટણ. ૧૯

સવારથી ચાલ્યા કરે લીધા વિના ભોજન,
ભૂખ દુઃખ ને શ્રમ થકી વિવશ બની ગયું તન. ૨૦

વચમાં મા ગોદાતણો સેતુ મોટો એક,
પાર કરી સામે તીરે જાવાનું છે છેક. ૨૧

સેતુ હજુ તો દૂર છે, ત્યાં તો એકાએક
ચક્કર ચઢ્યાં અવધૂતને ભાન ગુમાવ્યું છેક. ૨૨

ભૂખ ઉજાગરો ને વળી શ્રમનો ત્યાં અતિરેક,
ભાન ગુમાવ્યું ને પડ્યા રસ્તા વચ્ચે છેક ! ૨૩

કો જાણે એ ક્યાં સુધી પડ્યા રહ્યા હા ત્યાંય !
ત્યાર પછી કંઈ એકદમ ભાન આવતું જ્યાંય. ૨૪

ખોલી નેત્રો જોયું તો આશ્ચર્ય થયું અપાર,
સેતુ ઓળંગી સ્વયં આવ્યા'તા આ પાર ! ૨૫
તનમાં સ્ફૂર્તિ આવી ને થયો શક્તિસંચાર,
ભૂખ-દુઃખ ને થાક કંઈ હતો નહિ તે વાર ! ૨૬
આશ્ચર્યના અબ્ધિમહીં ડૂબી ગયા અવધૂતઃ
"ક્યાં હતો ? ક્યાં આવિયો ? આ તો અતિ અદ્‌ભુત ! ૨૭
સામે છેડે સેતુના પડ્યો હતો બેભાન,
આ છેડે કો લાવિયું ? શું કરવું અનુમાન ? ૨૮
ભૂખ થાક ઉજાગરા કરતા જો હેરાન !
ચક્કર ખાઈ પડ્યો હતો હું થઈ બેભાન ! ૨૯
ક્યાંથી સ્ફૂર્તિ આવી આ ? ક્યાંથી આવ્યું ભાન !
નબળું તન શી રીતથી ફરી બન્યું બળવાન ! ૩૦
બેશુધ્ધ મારું તન પડ્યું ત્યાંથી ઊઠાવી આંહ્ય,
કોણ અરે લાવ્યું હશે ? સમજ ન પડતી ક્યાંય ! " ૩૧
અવધૂતજી વિસ્મિત થઈ કરી રહ્યા વિચાર,
ત્યાં તો મન-આકાશમાં થયો વીજ ચમકારઃ ૩૨
''જેના દર્શનકાજ હું જાઉં છું આજે આમ,
તેણે મુજ રક્ષાતણો લીધો બોજ તમામ! ૩૩
ભક્તવત્સલા દેવ એ સમર્થ સાંઈનાથ.
એણે આવી ખચિત હા ! ઝાલ્યો મારો હાથ.'' ૩૪
એમ વિચારી અવધૂત ત્યાં જોડે બન્ને હાથ,
ગદ્‌ગદ્ કંઠે બોલતા ''જય જય સાંઈનાથ.'' ૩૫
દર્શન કરી શ્રીસાંઈનાં રહી ત્યાં દિન બે ચાર,
ચાલી ત્યાંથી નીકળી કરતા સ્વૈર-વિહાર. ૩૬
આવી ગયા ગુજરાતમાં અમદાવાદની પાસ,
સરખેજ નામે ગામમાં પહોંચી ગયા અવિનાશ. ૩૭
સરખેજ રે'તા મિત્ર જે નામે રતનલાલ,
વાડી જામફળીની તેમની હતી એક વિશાલ, ૩૮
ભક્તોએ સરખેજના, અવધૂતજીને ત્યાંય,
જામફળીની વાડીમાં, આપ્યો મુકામ આંહ્ય. ૩૯
ભક્તો સૌ સરખેજના આનંદે અવિરામ,
સેવા કરતા ભાવથી માની અવધૂત રામ ! ૪૦
દિવસ કંઈક વીત્યા અને આવી એક શુભ રાત,
દૃષ્ટાંત થયું સ્વપ્નમાં, અવધૂતને ભલી ભાત. ૪૧

સમર્થ સદ્‌ગુરુ સ્વામી જે શ્રીવાસુદેવાનંદ,
સ્વપ્ને સામે આવીને હસી રહ્યા મુખ મંદ. ૪૨
ઊભા એ તો મલપતા શોભે શશી-વદન!
મુખદ્રુમથી સર સર સર્યાં સુમન સમ મધુર વચન :- ૪૩
''ચરિતામૃત ઘટ લે સુખે કરી પાન પીવાડ,
હોય તૃષાતુર તેહને મોત પાડશે રાડ. ૪૪
દૈન્ય રહેશે ના કદી જા મોજ કર મસ્ત,
એમ કહી મૂક્યો શિરે, ધર્યો વરદ સ્વપ્નમાં હસ્ત !" ૪૫
ગુર્વાજ્ઞા સ્વપ્ને સૂણી અવધૂતજી તત્ક્ષણ
જાગ્યા, હરખ્યું હૃદય ને મનડું થયું પ્રસન્ન. ૪૬
રોમ-રોમમાં જાગિયાં સ્પંદન મધુરાં ત્યાંય,
અંગ-અંગ આનંદની સરવાણી લહેરાય. ૪૭
મરક મરક મુખ થાય ને જ્ઞાનધોધ હૃદય માંહ્ય,
ધગ ધગ ધગ ઉછળી રહ્યો બહાર જવા ઊભરાય. ૪૮
વેગે લીધાં કલમ ને કાગળ નિજ કર માંહ્ય,
આંતરસ્રોત વહી રહ્યો કલમદ્વારથી ત્યાંય. ૪૯
ટપક્યાં કાગળ પર અહા અંતરઅવિષ્કાર,
શ્રીગુરુલીલામૃત ટપક્યું તિહાં વર્ત્યો જયજયકાર!! ૫૦
શ્રીગુરુલીલામૃતતણી થાતી શુભ શરૂઆત,
ગુર્જર ભાષામાં અહા ધન્ય થયું ગુજરાત ! ૫૧
સ્વયં લખાવે દત્ત ને લેખનહારો દત્ત,
ધ્વંસ થયો ત્યાં દ્વૈતનો વહેતું રહ્યું અમૃત. ૫૨
લેખ, લેખનહાર ને વળી સ્વયં લખનાર,
સંગમ થયો ત્રિવેણીનો વર્ત્યો એકાકાર. ૫૩
સર્વ-ગ્રંથ શિરોમણિ ગ્રંથરાજની આમ,
થઈ શુભ શરુઆત હા ધન્ય સરખેજ ગામ. ૫૪
'મદાલસાઆખ્યાન' સુધી અહીં લખાયો ગ્રંથ,
પછી પડ્યા અવધૂતજી નારેશ્વરને પંથ. ૫૫
નારેશ્વરમાં આવીને વંદી રેવા માત,
સ્મરણ કરી સદ્‌ગુરુતણું લીધી લેખિની હાથ. ૫૬
ઉત્કટ ભાવ-વિચાર હા ! હૃદ્-સરમાં ઉભરાય,
સરતી જાય કલમ જે કાગળ પર ઠલવાય. ૫૭
કલકલ વહેતા ઝરણ શી અવધૂતજીની કલમ,
સડસડાટ વહેતી રહી વણથંભે અણનમ. ૫૮

છેક-છાક જરાય ના સુઘડ સ્વચ્છ લખાણ,
મોતીના દાણાસમા અક્ષર સુંદર જાણ !! ૫૯
પરોઢિયે નિત ઉઠીને કરી નર્મદાસ્નાન,
ચિત્ત શુદ્ધ કરી ધ્યાનથી, સ્મરી દત્ત ભગવાન. ૬૦
એક જ આસનપર અહા ! બેસી નિયમિત એહ,
લખે, લખાવે જે અહા ! સદ્ગુરુ નિઃસંદેહ. ૬૧
સ્વયં સદ્ગુરુ જો અહા ! દઈ સ્વપ્ને દૃષ્ટાંત,
વરદ ગ્રંથ લખાવે તિહાં નિમિત્ત રંગ નિતાંત. ૬૨
અવધૂત - કલમ ચાલતી રહેતી જો અવિરામ,
રોકી ના રોકાય એ પૂર્ણ કર્યા વિણ કામ. ૬૩
જ્ઞાન, કર્મ ઉપાસના, ત્રણ રચાયા કાંડ,
બ્રહ્મરસના સ્વાદથી સભર ભર્યો પ્રકાંડ. ૬૪
તાણા-વાણા દોહરા મખમલ રેશમી જાણ,
રંગ-વિરંગી ભાવથી છાપ્યા રંગ પ્રમાણ. ૬૫
હજાર ઓગણીસ ને વળી ઉપર બીજા પાંચ,
વણી અમૂલખ આ રૂડી ચાદર ક્યાંય ન ખાંચ. ૬૬
સ્તોત્રાદિ ભજનો વળી હાલરડાં રૂપી એમ,
બુટ્ટા વેલો ગૂંથાયાં ભાતીગર કંઈ તેમ. ૬૭
ગ્રંથરૂપી ગૂંથી અહા ચાદર અમુલખ જેહ,
ઓઢે તેને ના રહે મોક્ષતણો સંદેહ. ૬૮
સંવત ઓગણીસો અને ઈઠ્યાસીની સાલ,
ગુરુદ્વાદશીને દિને અમુલખ ગ્રંથ રસાળ; ૬૯
પૂર્ણ કરે અવધૂતજી મૂકે કલમ તતખેવ,
ગદ્ગદ્ કંઠે નમી વદ્યા "જય જય જય ગુરુદેવ." ૭૦
પૂરો કરતાં ગ્રંથ લખે સ્મરતાં સદ્ગુરુવર
નમ્ર બન્યા અવધૂતજી થાતા ભાવસભર. ૭૧
"તવ પ્રેરિત શુભ ગ્રંથ આ તવ ચરણની માંહ્ય,
અર્પણ કરી થાઉં નચિંત જય જય સદ્ગુરુરાય." ૭૨
વરદ ગ્રંથ આ વિશ્વમાં અજોડ શિષ્ય ! તું જાણ,
વેદ-શાસ્ત્ર પુરાણનો સાર ભર્યો ત્યાં માન. ૭૩
શ્રદ્ધાથી આ ગ્રંથનું કરતાં પારાયણ,
મનવાંછિત ફળ પામતા ભક્તિભર્યા જે જન ! ૭૪
વરદ ગ્રંથના આ અહા પારાયણ કંઈ વાર,
અષ્ટોત્તરશત કંઈ થયાં વર્ત્યો જયજયકાર ! ૭૫

કથાઓ આ ગ્રંથતણી સપ્તાહ નવાહ્ન જાણ,
થઈ સેંકડો ને હજુ થઈ રહી છે માન. ૭૬
ભવિષ્યમાં વિદ્વદ્જનો યુગ-યુગ સુધી આમ,
કથા કરી આ ગ્રંથની કરશે મંગલ કામ. ૭૭
અરે ! પૃથ્વી પર જ્યાં સુધી ગંગા-યમુના ધાર,
વહેશે ને સૂરજ શશી નીલ ગગન મોઝાર; ૭૮
તારલિયા સહ ચમકશે ત્યાં સુધી તું માન,
ઘર-ઘર લીલામૃતનાં ગૂંજ્યા કરશે ગાન ! ૭૯
ખરે, વરદ આ ગ્રંથ રચી અવધૂતજીએ વાહ !
જનગણકારણ વહાવિયો પુનિત ગંગપ્રવાહ. ૮૦
પાપી પાવન થાય છે દેતાં ડૂબકી એક,
અંતરતમ ભાગે અને ઉદિત થાય વિવેક. ૮૧
ગ્રંથરત્ન આ જગતને અવધૂતજીએ એમ,
દઈને સુલભ કરી દીધો માર્ગ મોક્ષનો તેમ. ૮૨
સૂણી વચન શ્રી અલખનાં શિષ્ય નિરંજન ત્યાંય,
રોમહર્ષથી મુદિત થઈ ફરી વદે વરકાય. ૮૩
લીલામૃતની અલખજી ! સૂણતાં રમ્ય કથાય,
રોમ રોમ મુજ હરખિયું આનંદ ઉર ન માય. ૮૪
વળી કહો ઓ અલખજી ! લીલામૃત ઉપરાંત,
ગ્રંથો અન્ય ક્યા રચ્યા અવધૂતજીએ ? તાત ! ૮૫
દુઃખ દેખી નિજ ભક્તનું દ્રવી દયાળુ રંગ,
કઈ કઈ રચનાઓ કરે કરવા દુઃખનો ભંગ ? ૮૬
પ્રશ્ન સૂણી નિજ શિષ્યનો હરખ્યા અલખ અપાર,
બોલ્યા, સાંભળ કહું તને થા સૂણવા તૈયાર. ૮૭
ગુરુલીલામૃત ગ્રંથની રચના પહેલાં આમ,
અવધૂતજીએ વિચારિયું થાવાને નિષ્કામ. ૮૮
બાહ્યાંતર શુદ્ધિ વિના મહાકાવ્ય નવ થાય,
આંતરશુદ્ધિ કર્યા પછી જે કંઈ રચના થાય; ૮૯
તે રચના આ વિશ્વનું કરે ખરે ! કલ્યાણ,
વ્યાસ વાલ્મીકિ વળી તુલસીદાસ પ્રમાણ. ૯૦
શ્રી અવધૂતજી જો તિહાં નિજ હૃદશુદ્ધિ માટ,
સદ્ગુરુ સ્વામીરાજનો ગ્રંથ એક વિખ્યાત; ૯૧
'સપ્તશતી ગુરુચરિત્ર' જે મરાઠી ભાષા માંહ્ય,
તેનો સમનુવાદ હા ગુજરાતીમાં આંહ્ય ! ૯૨

કર્યો શ્રીઅવધૂતજીએ ગુર્જરભક્તો કાજ,
મળી ગયો ગુજરાતને અમલો ગ્રંથરાજ. ૯૩
કરીને ઓંવીબદ્ધ એ ગ્રંથ રસાળ મહાન,
કર્યું ગરવી ગુજરાતને ઓંવી છંદનું દાન. ૯૪
સાધક કો મુમુક્ષુને મળે માર્ગદર્શન,
તે માટે રચના કરી 'પત્રગીતા' ગહન. ૯૫
ગુર્જરગિરા બોલતા આમ જનોને કાજ,
'સંગીતગીતા'ને રચી ગેય-પદ્યમાં રાજ ! ૯૬
વળી કોઈ કોઈ મિત્ર કે ભક્તને પ્રત્યુત્તર,
દેતાં ભજન કાવ્ય કંઈ લખતા એ સત્વર. ૯૭
વળી એ અવધૂતજી નિજાનંદની માંહ્ય,
આવીને નિજ મસ્તીની છોળો હદ્ ઉભરાય. ૯૮
છોળો તેવી કદી કદી કાગળ પર ઠલવાય,
સૂણતાં જનગણહૃદય હા ! તરબતર થઈ જાય. ૯૯
તે છોળો વીણી-વીણી કરી ગ્રંથમાં બદ્ધ,
પ્રગટ નામે ગ્રંથ એહ 'અવધૂતી આનંદ.' ૧૦૦
ગીવાર્ણ ગિરા મહીં વળી કાવ્યસ્તોત્ર અનેક,
અવધૂતજીના હૃદયનો પ્રગટ્યો ભાવ-વિવેક. ૧૦૧
જ્ઞાનહૃદય અવધૂતનું ભક્તહૃદય પણ તેમ,
પ્રગટ કર્યું પુસ્તક રૂપે, 'રંગહૃદયમ્' એ એમ. ૧૦૨
હૃદય-ભાવ અવધૂતના રંગહૃદયમાં આમ,
ખળ ખળ વહેતા ઝરણ શા વહી રહ્યા અવિરામ. ૧૦૩
ભક્તહૃદયને ભક્તિની દે નિષ્ઠા અનુપમ,
જ્ઞાની સાધકને મળે જ્ઞાન ગહન ઉત્તમ. ૧૦૪
મંત્રગર્ભ ગૂંથ્યો કંઈ, વહેતો સ્તોત્રપ્રવાહ,
વિદ્વાનો આફરિન થઈ બોલી ઊઠે "વાહ!" ૧૦૫
દત્તાત્રેય છે રંગના મુખ્ય ઉપાસ્ય દેવ,
તેથી સ્તોત્રો દત્તનાં વિશેષ ત્યાં તતખેવ. ૧૦૬
તોયે ગણપતિ શિવ ને રામ-કૃષ્ણ હનુમાન,
જગદંબા-મા શક્તિનાં સ્તોત્રો વિધવિધ જાણ. ૧૦૭
રચીને અવધૂતજીએ નિજ અંતરની માંહ્ય,
વહેતી બતાવી સર્વમાં એકતા કેરી ઝાંય. ૧૦૮
સાંભળ હવે કહું તને અવધૂતજીની મહાન,
માનવજાતને દેણ જો 'દત્તબાવની' જાણ. ૧૦૯
બાવન પંક્તિઓતણું નાનકડું એ સ્તોત્ર,
ભાવે ભણતાં ભય બધા જલદી ભાગે અત્ર. ૧૧૦
આર્તપ્રાર્થના આ નકી જન-મન દુઃખ હરનાર,
પ્રગટે પંક્તિ-પંક્તિથી દત્તલીલામૃતસાર. ૧૧૧
રહેવાસી સરખેજના ભાવિક બ્રાહ્મણ એક,
શ્રદ્ધાળુ સદ્‌વૃત્તિ ને હૈયે ભક્તિ-વિવેક. ૧૧૨
કમળાશંકર નામના ધારી હૈયે આશ,
એક દિ' આવી પહોંચિયા અવધૂતજીની પાસ. ૧૧૩
મૂકી માથું ચરણમાં ગદ્‌ગદ્ કંઠે એમ,
વિનીત સ્વરે વિનવી રહ્યા અવધૂતજીને તેમ. ૧૧૪
દયા કરીને બાપજી ! પધારો હે નાથ !
ઘર મારું પાવન કરો અનાથના હે નાથ ! ૧૧૫
સૂણી વિનંતી ભક્તની ભીંજ્યા સદ્‌ગુરુરાજ,
મંદ-મંદ મુખથી હસી બોલ્યા ગરીબનવાજઃ- ૧૧૬
"કમળાશંકર સૂણ તું જ્યારે તુજને આમ,
નોકરી મળશે ત્યાહરે કરીશ તુજ ઘર મુકામ." ૧૧૭
સૂણી વચન ગુરુદેવનાં દીન વિપ્ર તે વાર,
ધન્ય થઈને ઢળી પડ્યો રંગચરણ મોઝાર. ૧૧૮
મનમાં વાળી ગાંઠ કે "હાવે મુજને જરૂર,
નોકરી મળશે ને બધાં અનિષ્ટ થાશે દૂર." ૧૧૯
એમ વિચારી મોદથી, ફરી ફરી લાગે પાય,
અંતર આનંદે ભર્યું નયને જલ ઉભરાય. ૧૨૦
આશિષ લઈને રંગની ઘેર પહોંચ્યો જ્યાંય,
ત્યાં તો ગુરુ આશિષથી ચમત્કાર સર્જાય. ૧૨૧
ઘેર પહોંચે તો હજુ થઈ નથી પળવાર,
ત્યાં તો આવ્યો ટપાલમાં પત્ર એક નિર્ધાર. ૧૨૨
પરબિડિયું તોડ્યું અને ખોલી પત્ર તે વાર,
વાંચતાં વ્યાપ્યો વિપ્રના હૈયે હર્ષ અપાર. ૧૨૩
હતો હુકમ એ પત્રમાં નોકરી કેરો જાણ,
શિક્ષક કેરી નોકરી મળી હતી પ્રમાણ! ૧૨૪
કલોલ તાલુકાતણું 'સઈજ' નામનું ગામ.
તે ગામે નિમણૂક થઈ કરવા શિક્ષણકામ. ૧૨૫
ત્વરિત જઈ એ ગામમાં શિક્ષક કેરું સ્થાન,
સંભાળી લેવાતણું હતું એમાં ફરમાન. ૧૨૬

કમળાશંકર વેગથી લઈ પત્નીને સાથ,
સઈજ ગામે આવી ગયા સમર્યા સદ્‌ગુરુનાથ. ૧૨૭
સ્થિર થઈ એ ગામમાં પછી વિચારી વાત,
''પાવન કરવા ગામને વિનવું સદ્‌ગુરુ તાત.'' ૧૨૮
એમ વિચારી વિપ્ર એ હૈયે ધારી હામ,
વેગે દોડી આવિયા નારેશ્વરને ધામ. ૧૨૯
ભાવ થકી ગુરુચરણમાં મૂકી મસ્તક તેમ,
સજલ નયનથી વિનતી કરવા લાગ્યા એમ. ૧૩૦
''ધન્ય ધન્ય હે સદ્‌ગુરો ! ધન તુજ આશીર્વાદ !
તારી કૃપાથી માહરો ભાગ્યો સર્વ વિષાદ. ૧૩૧
જેના પર તારી કૃપા તેને શાની ખોટ ?
દુરિત-દુ:ખ દારિદ્ર સૌ નાસે મૂકી દોટ. ૧૩૨
જય જય અવધૂત રંગ હે ! જય સદ્‌ગુરુ ભવભંગ !
તારાં ચરણો સેવતાં ફરે પલકમાં ઢંગ. ૧૩૩
દીન-હીન હું બાપડો મુજ પર કૃપા કટાક્ષ
કરી, કર્યો તેં સબળ હા ! ધન-ધન હે કમલાક્ષ ! ૧૩૪
વિનવું શી રીતે તને છું મૂઢ અજ્ઞ ગમાર,
મન-વાણી કુંઠિત થયાં વંદું વારંવાર. ૧૩૫
ભક્તવત્સલા, ભૂધરા ! તારી દયા અપાર,
શી રીતે વરણી શકું ? શબ્દ ન મળે લગાર ! ૧૩૬
તારી દયાથી હે ગુરો ! મુજ ગરીબને આજ,
મળી નોકરી ને બધાં સફળ થયાં મમ કાજ. ૧૩૭
હું ગરીબડા વિપ્રને સહાય કરી ગુરુરાજ,
બેલી તમે ગરીબના જય જય ગરીબનવાજ'' ૧૩૮
એમ કહીને વિપ્ર એ કમળાશંકર ત્યાંય,
ફરી ફરી માથું મૂકે રંગચરણની માંહ્ય. ૧૩૯
વધા પછીથી વિપ્ર એ વિનમ્ર ભાવે એમ,
''યાદ કરો હે પ્રભુ ! વચન તમારું તેમ. ૧૪૦
શિક્ષક કેરી નોકરી મળી સઈજમાં આમ,
તેથી આવ્યો વિનવવા પધારો મારે ગામ. ૧૪૧
આપ્યું આપે વચન હતું મુજને હે ગુરુવર !
મળશે તુજને નોકરી આવીશ હું તુજ ઘર. ૧૪૨
હવે મળી ગઈ નોકરી કરો મુજ ઘર પાવન,
વચન તમારું પાળજો હે મુજ મનભાવન.'' ૧૪૩
સૂણી વચન એ ભક્તનાં ભક્તસખા ભગવન્,
ભીંજ્યા ભક્તના ભાવથી અંતર થયું પ્રસન્ન. ૧૪૪
તુર્ત થયા તૈયાર ને આવ્યા 'સઈજ' ગામ,
ગામથી દૂર શિવમંદિરે કીધો જો મુકામ. ૧૪૫
દૂર અહીં એકાન્તમાં સુંદર શિવનું સ્થાન,
જોતાં હરખ્યા સદ્‌ગુરુ ભલું ધરાશે ધ્યાન. ૧૪૬
દિવસો કંઈ આનંદથી રહ્યા હશે ગુરુનાથ,
ત્યાં તો બ્રાહ્મણ ભક્તને ઘેર થયો ઉત્પાત ! ૧૪૭
પત્ની ધનલક્ષ્મી અરે ! આકસ્મિક એ વાર
પિશાચ-બાધાથી અરે ! પડયાં અતિ બીમાર. ૧૪૮
પીડા અતિશય થાય ને થાય અતિ હેરાન,
તૂટે તડ-તડ તન અને દુ:ખે ગુમાવે ભાન. ૧૪૯
આંખ બની ગઈ બાવરી કચ-કચાવે દંત,
પેટમાં અન્ન ટકે નહિ પામે પીડા અનંત. ૧૫૦
તનડું કૃશ જો થઈ ગયું, બેઠું ના રહેવાય,
ઊંડી ઊતરી આંખડી, બોલ્યું ના સંભળાય. ૧૫૧
દાક્તર-વૈદ્ય કર્યા ઘણા, કર્યા કોટિ ઉપાય;
જ્યમ જ્યમ ઔષધ પાય ત્યમ દુ:ખડું વધતું જાય, ૧૫૨
વદન નિશ્ચેષ્ટ થઈ ગયું, ખૂબ ભરાયો કાસ,
નાડી ખેંચાઈ અને ધીમો પડિયો શ્વાસ. ૧૫૩
મરણોન્મુખ ત્યાં જોઈને નિજ પત્નીને આમ,
કમળાશંકર દુ:ખથી હારી બેઠા હામ. ૧૫૪
તોયે શ્રદ્ધા રાખીને દોડ્યા અવધૂત પાસ,
અવધૂતચરણે શિર મૂકી બોલ્યા, ''હે અવિનાશ ! ૧૫૫
પત્ની મારી નહિ જીવે લે છે છેલ્લા શ્વાસ,
તારા વિણ ઓ સદ્‌ગુરુ ! બીજી ન મારે આશ. ૧૫૬
મારી ડૂબતી નાવનો તું છે તારણહાર,
સૂકાન તારે હાથ છે ભલે માર કે તાર.'' ૧૫૭
એમ કહી એ વિપ્ર ત્યાં આંખમાં આંસુ સાથ,
નતમસ્તક બેઠો તિહાં જોડી બન્ને હાથ. ૧૫૮
ભક્તની ભીની આંખડી જોઈ દ્રવ્યા દયાળ,
એક સીધી નજર કરી ભક્ત તરફ ક્ષણવાર. ૧૫૯
તુર્ત ઊભા થઈ કર્યું શીતળ જલથી સ્નાન,
કાગળ-કલમ લઈ પછી બેસી ગયા ભગવાન. ૧૬૦

સરતી જાયે કલમ ત્યાં કાગળ પર તે વાર,
ટપ ટપ ટપકયા અક્ષરો મુક્તાફળ શા ધાર. ૧૬૧
ભકતનું સંકટ ટાળવા સંકટમોચન એક,
આર્તપ્રાર્થના લખી રહ્યા અવધૂત ધરી વિવેક. ૧૬૨
સંત શિરોમણિ ભકતવર તુલસીદાસે એમ,
સંકટમોચન કારણે 'હનુમન ચાલીસા' જેમ ૧૬૩
લખી, તેમ અવધૂત પણ સંકટમોચન કાજ,
આર્તપ્રાર્થના દત્તની લખી રહ્યા છે આજ. ૧૬૪
સડસડાટ લખતો અહા ! એકી બેઠકે એહ,
સ્તોત્ર એ પૂરું કરી મૂકી કલમ વરદેહ. ૧૬૫
ગણવા લાગ્યા પંક્તિઓ સ્તોત્રતણી એ જ્યાંય,
પૂરી જો બાવન થઈ વધી-ઘટી ના કયાંય. ૧૬૬
અવધૂતજી વિસ્મિત થઈ વિચારતા નિજ મન,
''લખવી'તી ચાલીસને લખાઈ ગઈ બાવન. ૧૬૭
લાવ ઘટાડું બાર ને રાખું ચાલીસ આન,
'દત્તચાલીસા' જે થકી રાખી શકાયે નામ.'' ૧૬૮
એમ વિચારી સદ્ગુરુ પંક્તિ ઘટાડવા જાય,
ત્યાં તો એમના અંતરે મેઘગર્જના થાય. ૧૬૯
''ઘટાડવા પંક્તિ અરે ! વૃથા કરે કાં યત્ન ?
મેં જ લખાવી છે પછી અન્ય રહ્યો ક્યાં પ્રશ્ન ? ૧૭૦
ગુરુચરિત્રના ગ્રંથમાં અધ્યાય છે બાવન,
એક વર્ષમાં ગુરુવાર આવે તેય બાવન. ૧૭૧
સ્વર-વ્યંજનો આ અવધૂત હરખ્યા આમ,
માટે બાવન પંક્તિનું સ્તોત્ર છે પાવન.'' ૧૭૨
સૂણી અંતરનાદ આ અવધૂત હરખ્યા આમ,
આર્તસ્તોત્રનું આપિયું 'દત્તબાવની' નામ. ૧૭૩
વિપ્ર-હસ્તમાં આપતાં 'દત્તબાવની' એમ,
બોલ્યા ''અવધૂત ભકતને કરો કહું છું તેમ; ૧૭૪
ઘેર જઈ સ્નાનાદિથી કરી શુદ્ધ તન-મન,
ધૂપ-દીપ કરી અને બેસી એકાસન. ૧૭૫
શ્રદ્ધાથી આ 'બાવની' બોલજે બાવન વાર,
એક-એક પાઠે પાત્રમાં મૂકજે જલ નિર્ધાર. ૧૭૬
બાવનપાઠ પૂરા થતાં મૂકેલું જલ પુનિત,
પાજે તારી પત્નીને રાખી શ્રદ્ધા ચિત્ત. ૧૭૭
રોગ સર્વ નાસી જશે, ભૂત-પ્રેત કે જંદ;
મૂઠી દઈને ભાગશે સૂણતાં આનો છંદ ! ૧૭૮
અમોઘશસ્ત્ર આ વિશ્વમાં 'દત્તબાવની' જાણ,
જે કો સેવે તેહનું સ્વયં દત્ત કરે ત્રાણ.'' ૧૭૯
કમલાશંકર તે પછી ત્વરિત ગયા નિજ ઘેર,
સ્નાનાદિથી શુદ્ધ થઈ બેસી ગયા સુપેર. ૧૮૦
ધૂપ-દીપ અખંડ હા ! રાખીને તે વાર,
શ્રદ્ધાથી બોલી ગયા 'બાવની' બાવન વાર. ૧૮૧
'દત્તબાવની' પાઠનું જલ જે પરમ પવિત્ર,
પીવડાવ્યું નિજ પત્નીને દત્તનામ લઈ તત્ર. ૧૮૨
શ્રદ્ધા શું શું ના કરે ? સૂણ ઓ શિષ્ય ! સુજાણ,
પાણી જાતાં ઉદરમાં પાછા આવ્યા પ્રાણ. ૧૮૩
આંખ કંઈ ઉઘડી અને ચાલ્યો શ્વાસોચ્છ્વાસ,
હોઠ કંઈ ફફડ્યા અને પ્રગટી નવલી આશ. ૧૮૪
ભોજન માગ્યું ખાધું ને દૂર થઈ ગયું દુઃખ,
કમલાશંકર દોડતા આવ્યા ગુરુ-સન્મુખ. ૧૮૫
ફરી ફરી વંદન કરી વિગતે કીધી વાત,
''પ્રભુ ! મારી પત્ની તણી દૂર થઈ ગઈ ઘાત'' ૧૮૬
અવધૂતજી મીઠું હસ્યા, રટી રહ્યા ૐ કાર !
ગગનનાદ ગાજી રહ્યો, અવધૂતજીનો જયકાર. ૧૮૭
ધનલક્ષ્મીના નિમિત્તથી અવધૂતજીએ આમ,
'દત્તબાવની' આ દીધી, સંકટ ટળે તમામ. ૧૮૮
પરચો જબરો એહનો જે જે કરતા પાઠ,
તેની મનોકામના સિદ્ધ થાય સાક્ષાત્. ૧૮૯
લાખો નકલો એહની આજ સુધીમાં જાણ,
મુદ્રિત થઈ પ્રસરી રહી, શું કરવું અનુમાન ? ૧૯૦
ભારતવર્ષમાં ઘણી બધી આંગ્લદેશની એમ,
ભાષાઓમાં એહનું થયું ભાષાંતર તેમ. ૧૯૧
સંકટમોચની એ નકી દૈન્યહારિણી જાણ,
'દત્તબાવની' વિશ્વમાં સર્વસૌખ્યકર માન. ૧૯૨
રોગ કંઈકના દૂર થયા, કંઈકનાં ભાગ્યાં ભૂત,
'દત્તબાવની' પાઠથી થાય કાર્ય અદ્ભુત. ૧૯૩
ત્રિતાપહારક પાઠ આ કરે કામના સિદ્ધ,
'ઔષધ સઘળા રોગનું' 'બાવની' આ પ્રસિદ્ધ. ૧૯૪

'એટમ બોમ્બ' સમું અહા ! કાર્ય કરે નિર્ધાર,
અશક્યને પણ શક્ય કરી સરજે ચમત્કાર. ૧૯૫
દત્તબાવની એહવું લોકહૃદયમાં સ્થાન
પામી છે કે ઘેર-ઘેર થાયે એનાં ગાન. ૧૯૬
પિશાચ બાધા, રોગ કે મનની પીડા આન,
દૂર થાય સૌ પાઠથી રહે ન દુઃખ એંધાણ. ૧૯૭
એના સુંદર ઢાળમાં કંઈ ભક્તોએ આન,
નિજ નિજ ઉપાસ્ય દેવની રચી 'બાવની' જાણ. ૧૯૮
એનું વર્ણન જો કરું થાય ગ્રંથવિસ્તાર,
કહી દઉં હું બે શબ્દમાં "બાવની તારણહાર." ૧૯૯
એમ કહી શ્રી અલખજી જોડી બન્ને પાણ,
નેત્ર બંધ કરી રટી રહ્યા 'દત્તબાવની' માન. ૨૦૦
ભાવાવેશમાં આવીને ધીમે મધુરે સ્વર,
ગાવા લાગ્યા 'બાવની' સ્વયં અલખ ગુરુવર. ૨૦૧
જોઈ અલખજીને અહીં ભાવાવેશમાં એમ,
શિષ્ય નિરંજન મુગ્ધ થઈ નીરખી રહ્યો સપ્રેમ. ૨૦૨
તન-મન ભાન ગુમાવીને થયો ગાનમાં રત,
મનના ભાવ ભીંજાવતું વરસી રહ્યું અમૃત. ૨૦૩
એવા ગ્રંથો કંઈક ત્યાં રંગ લખે નતકાજ,
અલખમુખથી બાલક કહે, લખાવશે રંગરાજ ! ૨૦૪

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિંદોપાધ્યાય (બાલક) રચિત શ્રીરંગલીલામૃતે
અલખનિરંજનસંવાદે શ્રીગુરુલીલામૃતાદિગ્રંથરચનાવર્ણનં નામ ચતુસ્ત્રિંશોऽધ્યાયઃ ॥૩૨॥ દોહરા ૨૦૪॥

## અધ્યાય : ૩૫

ભાવભક્તિથી અલખજી 'દત્તબાવની' ગાન,
કરતાં કરતાં થઈ ગયા ગાન વિષે ગુલતાન ! ૧
શિષ્ય નિરંજન પણ અહા ! છોડી બીજો ખ્યાલ,
તાલી પાડી મોદથી દેવા લાગ્યો તાલ ! ૨
ક્ષણ ભર તો ગુરુ-શિષ્ય એ ભૂલી નિજ નિજ સ્થાન,
એકરસ થઈ ગાનમાં થઈ ગયા મસ્તાન ! ૩
હું-તું ભેદ ભૂલી ગયા, થયા એક સ્વરૂપ;
ભાંગી ભોગળ ભેદની ભાવ-ભીંજ્યા અનુપ ! ૪
અમી વરસ્યું અદ્વૈતનું, રહ્યો ન દુઃખનો અંશ;
તદાકાર બંને થઈ ગયા, થતો દ્વૈતનો ધ્વંસ. ૫
'દત્તબાવની'નો અહા ! પૂર્ણ થયો જ્યાં પાઠ,
અમૃતની હેલી પછી અટકી ક્ષણભર માટ ! ૬
ત્યાં તો સ્વસ્થ થયો અને વધ્યો નિરંજન બાળઃ
"અરે સૂણો હે અલખજી વિનતી મારી દયાળઃ ૭
"પ્રેમે વરસાવો હવે 'રંગલીલામૃત' મેહ
જેથી પાતક જાય ને થાય પુનિત આ દેહ." ૮
સૂણી વચન નિજ શિષ્યનાં હરખ્યા અલખ અપાર,
બોલ્યા, "સાંભળ શિષ્ય હે 'રંગલીલામૃત' સારઃ ૯
સઈજ ગામથી તે પછી સદ્‌ગુરુ રંગ દયાળ,
નારેશ્વરમાં આવિયા વીતી ગયો કંઈ કાળ. ૧૦
લીલા કરે ઈશ શું ? સાંભળ શિષ્ય સુધીરઃ
દિવેર નામે ગામ છે રેવાજીને તીર. ૧૧
કૃષિવલોનું ગામ એ ભોળા-ભાવિક લોક,
શ્રમજીવી ને મહેનતુ સંતોષી નિઃશોક ! ૧૨
કો સમે તે ગામમાં ચાર્વાકપંથી એક,
સાધુ આવી કો ચઢ્યો નામ નિરંજન દેખ ! ૧૩
હતો કંઈક વિદ્વાન ને વળી હતો વાચાળ !
ભોળા ગ્રામજનો કને ચાલ્યો અવળી ચાલ ! ૧૪
ગીતાજીના શ્લોકના અર્થો ફાવે તેમ,
કરી લોક સમજાવતો રાખી અવળી નેમ ! ૧૫
નિંદા કરતો વેદની શાસ્ત્ર કહે સહુ પોલ,
કર્મકાંડ-પુરાણનું ઠોકે અવળું ઢોલ. ૧૬
મૂર્તિપૂજાની કરે નિંદા અપરંપાર,
સંધ્યા -પૂજા-સ્મરણ સહુ કહે વ્યર્થ આચાર ! ૧૭
ત્યાગ ને વૈરાગ્યની કરે ઠેકડી આમ,
'ભક્તિ-ભાવ સહુ ભાસ છે ખોટું ઈશ્વર નામ' ! ૧૮
ધર્મ-કર્મ નિંદે અને લુપ્ત આચાર ,
સંયમ - નિયમ કશું નહીં, આદરે સ્વેચ્છાચાર ! ૧૯
ભભકતી ભાષા વડે ગ્રામ્ય જનોને એમ ,
આકર્ષી પોતા ભણી વર્તે ફાવે તેમ ! ૨૦

ભોળા ગ્રામજનોતણા ભોળાપણાનો લાભ ,
લઈને સાધુ નિરંજન ઊડવા લાગ્યો આભ !! ૨૧
વાણી-આડંબર વડે ગામનું યૌવનધન,
લૂંટવા લાગ્યો મોદથી કપટ-સાધુ નિરંજન, ૨૨
જોઈ બગડતું ગામ આ, ગામના કંઈ સજ્જન ;
' સાધુ બગાડે ગામ આ' દુઃખી થયા બહુ મન ! ૨૩
સાધુ સામે આવીને જો કંઈ કહેવા જાય,
સાધુતણી વાચાળતા મૂક કરી દે ત્યાંય. ૨૪
દિવેર પાસે છે બીજું મીંઢોળ નામે ગામ,
ત્યાંના સાત્ત્વિક વિપ્ર જે પ્રભાશંકર નામ, ૨૫
સાધારણ જ્યોતિષ અને કર્મકાંડનું જ્ઞાન,
ધરાવતા એ વિપ્રવર, પામે સઘળે માન. ૨૬
સદ્ધર્માચારી અને સાત્ત્વિક પવિત્ર એહ,
નિર્લોભી, નિર્મમ અને પરોપકારી દેહ ! ૨૭
આખા ગામના ગોર એ ગામલોક સૌ એમ,
'ગોરકાકા' નામથી સન્માન દઈ દે પ્રેમ ! ૨૮
એથી એ પંથકમહીં પ્રભાશંકર ગોર,
વ્યક્તિ સન્માનિત હતી ચારેકોર. ૨૯
દિવેર ગામે ચાલતું અવળું નિરંજન-તૂત !
ગોરકાકા પાસ ગયું પહોંચી સઘળું તુર્ત . ૩૦
સૂણતાં સઘળી વિપ્ર આ ધર્મવિરુદ્ધની વાત,
ધર્મપ્રેમી હૃદયમહીં ખૂબ થયો આઘાત. ૩૧
ચાલીને તરત આવિયા દિવેર ગામની માંહ્ય ,
સજ્જન મિત્રોને મળ્યા હતા જે કોઈ ત્યાંય. ૩૨
નાથાભાઈ પટેલ ને ચતુરભાઈ થાણદાર,
મળ્યા તેમને પ્રેમથી પછી કર્યો વિચાર : ૩૩
'' સાધુ બહુ વિદ્વાન છે, છે વાણીમાં શૂર ,
એની સામે આપણે ફાવીએ નહિ તલપૂર . ૩૪
સામનો કરવા કાજ તો એના જેવો કોઈ,
પંડિત વાણીશૂર ને સાધૂ સહ ચતુરાઈ. ૩૫
લાવી તેને એહની સામે કરવા વાદ,
ઊભો કરતાં તો થશે બંધ આ બકવાદ !'' ૩૬
ઘોર આ કળિયુગમાં એવો સાધુ કયાંય,
શોધી અને લાવીએ આપણા ગામની માંહ્ય ? ૩૭
હૈયે નાથાભાઈના ત્યાં જ થયો પ્રકાશ ,
સ્મરણ થયું એક મિત્રનું ઓળખાય નામે ' દાસ .' ૩૮

રણાપુરના ભકત એ સાધુસેવક નેક,
લાવ્યા તે છે ' દેહરે' સાધુ અદ્‌ભુત એક . ૩૯
અંગ્રેજી, સંસ્કૃતતણા છે બડા નિષ્ણાંત,
ચાલો, જઈને દાસને કરીએ સઘળી વાત ! ૪૦
એમ વિચારી એ ત્રણે ડમણું જોડી તુર્ત,
જઈ રણાપુર દાસને કહે નિરંજન-તૂત ! ૪૧
વિચારવિનિમય ત્યાં કરી ચારેય ત્યાંથી આમ,
ડમણું લઈ આવી ગયા નારેશ્વરને ધામ . ૪૨
શ્રીચરણે વંદન કરી દાસકાકાએ એમ ,
ત્રણે સજ્જનની પછી આપી ઓળખ તેમ. ૪૩
વિગતે વાત કરી બધી , દિવેર ગામની જેહ,
સાધુ નિરંજનની બધી, અવળપંથીની તેહ. ૪૪
વધ્યા પછી સર્વે તિહાં જોડી બન્ને હાથઃ
વિનતી અમ અજ્ઞાનીની ધારો હૈયે નાથ ! ૪૫
વાણીની ચતુરાઈથી ભોળાજનને એહ,
કુમાર્ગે દોરી રહ્યો રક્ષો હે વરદેહ ! ૪૬
ધર્મસ્થાપન કારણે પ્રભો ! ધર્યો આ અવતાર,
પધારી આપ દિવેરમાં કરો અમારી વાર . ૪૭
નગ્ન થઈને નાસ્તિકો કરે સ્વેચ્છાચાર !
દોડો વહેલા સદ્‌ગુરો ! આપ જ તારણહાર !'' ૪૮
ભકતપ્રાર્થનાને જો સૂણી આર્દ્રહૃદયની ત્યાંય,
ભીંજ્યા ભકતસખા પ્રભુ વિચારતા મન માંહ્યઃ ૪૯
'' ભોળા ગ્રામજનોતણા શ્રદ્ધા-ભક્તિ-પ્રેમ,
જરૂર ફલદાયી થશે થાશે સઘળું ક્ષેમ.'' ૫૦
રંગશરીરમાં તે સમે હતો અતિશય જ્વર,
તોયે ખુરશી છોડીને ઊભા થયા સત્વર ! ૫૧
જ્વરને કાઢી શિરથી, મૂકયો બાજુ પર !
નામ લઈ ગુરુદેવનું થઈ ગયા તત્પર ! ૫૨
ડમણે બેસી નીકળ્યા, દિવેર જાવા તાત !
આ બાજુ દિવેરમાં વહેતી થઈ એક વાત. ૫૩
ગયા સજ્જન ગામના ધામ જે નારેશ્વર,
તેડી લાવવા ત્યાંહના સંતને અહીં સત્વર. ૫૪
કરશે ચર્ચા શાસ્ત્રની સાધુ નિરંજન સાથ,
સાચ-જૂઠનો તાગ પછી નીકળી જશે સાક્ષાત્ ! ૫૫
વહેતી વહેતી વાત આ સાધુ નિરંજન-કાન,
આવી ત્યાં તો સાધુનો ડૂબ્યો જાણે ભાણ ! ૫૬

ગભરાયો બહુ મન વિષે ચઢયા તાળવે પ્રાણ,
અલ્પજ્ઞાનના અહંનો થાતો કચ્ચર ઘાણ ! ૫૭
સાધુ નિરંજન ભય થકી વિચારતો નિજ મનઃ
'' નારેશ્વરના સંત તો વિજ્ઞાનમૂર્તિ ગહન ! ૫૮
ત્યાગી એ કંઈ પૂછશે શો આપીશ ઉત્તર ?
એના કરતાં તો હવે ભાગી જવું બહેતર ! '' ૫૯
એમ વિચારી સાધુ એ બિસ્ત્રો લઈ સત્વર,
છાનોમાનો દિવેરથી થઈ ગયો રફુચક્કર ! ૬૦
ખબર પડી ના કોઈને, ભાગ્યો જાણે ચોર;
શિષ્યો શોધ કરી રહ્યા એની ચારેકોર ! ૬૧
શાનો પણ એ મળે હવે ? યત્નો વ્યર્થ અપાર,
સૂરજ નીકળે ટકે નહિ અંધકાર પળવાર ! ૬૨
અવધૂતજીનું ડમણિયું ગામની ભાગોળ માંહ્ય,
આવ્યું ત્યાં તો ખબર પડી, સાધુ જડે ન કયાંય ! ૬૩
સૂણી વાત, અવધૂતજી હસી પડયા ખડખડાટ,
''ધન્ય ધન્ય સદ્‌ગુરુવર ! ભલો રચ્યો તેં ઘાટ ! ૬૪
વાદ ન કરવો કો થકી એ મારો સિદ્ધાંત,
તેંજ રખાવ્યો સદ્‌ગુરો ! દૂર કરીને ધ્વાંત. '' ૬૫
રાત્રે કર્યો મુકામ ને કર્યું અલ્પ પયપાન,
ગ્રામજનો ભેગા થયા અવધૂતજીને સ્થાન. ૬૬
હાથ જોડી વિનંતી કરી, કહેવા લાગ્યા એહ,
'ભલે પધાર્યા તો પ્રભુ ! વરસાવો કૃપ-મેહ. ૬૭
નાસ્તિક સાધુ નિરંજને ગીતાજીના અર્થ,
ફાવે તેમ કરી પ્રભુ ! કર્યો સમય બહુ વ્યર્થ, ૬૮
રહો પ્રભુ ! આ ગામમાં કૃપા કરી અમ પર,
ગીતાજીનું હાર્દ હા ! સમજાવો ગુરુવર ! ૬૯
ભોળા ગ્રામજનોતણા સંશય થાશે દૂર,
સચ્છ્રવણે સદ્‌ભાવથી થાય હ્રદય ભરપૂર. ૭૦
અમૃતવાણી આપની દો અમ દીનને દાન,
મોહ-મૃત્યુ દૂર કરો દઈને શાશ્વત જ્ઞાન.'' ૭૧
ભોળા ગ્રામજનોતણો ભાવ જોઈ તત્ક્ષણ,
ભીંજયા એ ભગવાન્ અને તુર્ત વિચાર્યું મનઃ- ૭૨
''નાસ્તિક સાધુએ કર્યો વ્યર્થ વાણીનો વ્યય,
વિતંડાવાદથી અહીં ભ્રષ્ટ થયા છે ઉભય. ૭૩
યોગેશ્વર શ્રીકૃષ્ણની ગીતાજીની વાત,
સાદી ભાષામાં હવે સમજાવું ભલીભાત'' ૭૪

એમ વિચારીને પછી સ્વયં કૃષ્ણ-અવધૂત
ગીતાજ્ઞાન વહાવવા થયા હૃષ્ટ મતિ-પૂત ? ૭૫
સ્વયં કરશે અવધૂતજી ગીતા પર પ્રવચન
આપણા ગામમાં કાલથી સૂણી હરખ્યાં જન. ૭૬
ઘરે નાથાભાઈના મેડાપર નિર્ધાર,
એક વિશાળ ખંડમાં કરી વ્યવસ્થા સાર. ૭૭
નાનકડી એક પાટ પર બિરાજતા અવધૂત,
ગ્રામજનો પીતા રહ્યા ધરાઈ ગીતામૃત. ૭૮
તેજસ્વી જબાનમાં વિવિધ દઈ દૃષ્ટાંત,
સમજાવી અવધૂત રહ્યા ગીતાના સિદ્ધાંત. ૭૯
કોઈના પર આક્ષેપ નહીં કોઈનું નહીં ખંડન,
કોઈની નહિ નિંદા વળી નહીં ટીકા-ટિપ્પણ. ૮૦
ગીતાજીના હાર્દને શ્રોતા હ્રદય-માંહ્ય,
ઉતારી દે સોસરું રહે ન શંકા કયાંય. ૮૧
ધન્ય ધન્ય એ અભણ ને ગ્રામીણ શ્રોતાજન,
જેણે પીધાં રંગના અમૃત સમાં એ વચન !! ૮૨
પૂર્વજન્મનાં એમનાં હશે કેટલાં પુણ્ય ?
જેથી સૂણવા જો મળી અવધૂતવાણી ધન્ય ! ૮૩
શ્રોતા ગ્રામીણજન હતા સરળ હ્રદય નિર્દોષ,
ટપકાવી નહીં કોઈએ ! વૃથા હવે અફસોસ !! ૮૪
એમ કહી આગળ વધ્યા સ્વયં અલખ દયાળ,
અવધૂતલીલા સૂણ જે આગળ કહું રસાળ. ૮૫
દિવેરમાં પ્રવચન થયાં ગીતા પર સૂણી તેહ,
આસપાસના જન સહુ આકર્ષાયા બહુ તેહ. ૮૬
કંઈક જનો અવધૂત કને આવ્યા ધરીને ભઆવ,
શિષ મૂકી અવધૂતપદે મૂકયો એક પ્રસ્તાવઃ ૮૭
'' વિનતી અમારી એક પ્રભો ! કરીએ આપની પાસ,
કંઠી બાંધો આપની, મંત્ર આપો ખાસ.'' ૮૮
સૂણી વચન એ જનતણાં ખડખડ હસ્યા અવધૂતઃ
'' અરે ! અવધૂત ના લહે કંઠી કેરું તૂત ! ૮૯
દીક્ષા દેવાનું અરે ! મારું નહિ એ કામ,
સ્મરતા કેવળ હું ફરું સહુના આત્મારામ ! ૯૦
શિષ્ય ન કોઈ માપરો સઘળા મુજ ગુરુજન
સહુને ગુરુગણી માહરા ભાવે કરું વંદન ! '' ૯૧
એમ કહી અવધૂતજીએ જોડયા બન્ને હાથ,
''પ્રાણી માત્રમાં વસી રહ્યા જયજય સદ્‌ગુરુ નાથ.'' ૯૨

અલખ કહે અવધૂતજીએ કરી મઝાની વાત,
દેખાદેખી શિષ્યની ભેગી કરી ન જમાત. ૯૩
અલખ કહે સૂણ બાળ હે ! મારું એક વચન,
ટોળું શિષ્ય-શિષ્યાતણું થાતાં, ગુરુનું પતન. ૯૪
અપાર શિષ્યો થાય તો મચાવે બહુ ઉત્પાત,
ખેંચા-ખેંચીમાં અરે ! કરે ગુરુનો ઘાત. ૯૫
માટે સાચો સંત કદા કરે ન શિષ્ય અપાર,
નાખે ગુરુને ગર્તમાં શિષ્યોની વણઝાર ! ૯૬
અવધૂતજીએ ના મૂંડયા ચેલા-ચેલી એમ,
સહુને ગુરુ માની રહ્યા નિઃસ્પૃહ ભાવે તેમ. ૯૭
તોયે લાખો ભાવિકો મનથી સ્થાપી એમ,
અવધૂતજીને ગુરુપદે કરે સ્વાત્મનું ક્ષેમ. ૯૮
પ્રવચનો અવધૂતનાં કરવા લોક શ્રવણ ,
દિવેર ગામે આવતા આસપાસના પણ, ૯૯
તેમાં મીંઢોળા ગામના પ્રભાશંકર ગોર,
સૂણતાં અમૃતવાણી એ થાતા ભાવવિભોર. ૧૦૦
નિજ હૃદયસિંહાસને અવધૂતજીને એમ,
બેસાડી દીધા અહા ! પૂર્ણ ભાવથી તેમ. ૧૦૧
અવધૂતજીનાં ચરણમાં મૂકી મસ્તક એહ,
ગદ્‌ગદ્ કંઠે બોલીયા વહે અશ્રુનો મેહઃ ૧૦૨
'' પ્રભુ ! દયા કરી દાસને દો ચરણોમાં સ્થાન,
સેવા કરવા આપની રાખો મને ભગવાન !'' ૧૦૩
ભક્તિ ભાવ જોઈ વિપ્રના ભીંજ્યા રંગ દયાળ,
કૃપા કરીને ભક્તપર બોલ્યા પરમ કૃપાળઃ ૧૦૪
''ગોર જુઓ ! એક વાતને સમજી લો ખચિત,
સેવા મુજ કરવારને પાળવી પડશે શિસ્ત. ૧૦૫
શિસ્તપાલન કડક અને અતિવિશુદ્ધ આચાર,
પાળવા હોય તો જ રહો, કરજો પ્રથમ વિચાર.'' ૧૦૬
આનંદે પુલકિત થઈ બોલ્યા પ્રભાશંકર,
''કડક નિયમ સહુ પાળવા હું છું પ્રભો ! તત્પર.'' ૧૦૭
ચા-બીડી પીવાતણું હતું એમને વ્યસન ,
પ્રભાશંકરે પ્રેમથી, છોડી દીધું તત્ક્ષણ. ૧૦૮
નિર્જનવન નારેશ્વરે અવધૂતજીની સાથ,
રહી 'ગોર' સેવા કરે રીઝવે સદ્‌ગુરુનાથ. ૧૦૯
પરોઢિયે ત્રણ વાગતાં ત્યજી પથારી-સ્નાન,
શીતળ જળ રેવાજીમાં કરે નિત્ય એ સ્નાન. ૧૧૦
આહ્‌નિકાદિક કંઈ કરી આવે અવધૂત પાસ,
શ્રીચરણે વંદન કરે ધારી હૃદયઉલ્લાસ. ૧૧૧
શુદ્ધ વસ્ત્ર ધારણ કરી રેવાજીનાં નીર,
ઘડે ઘડે લાવે તિહાં ધારી હૈયે ધીર. ૧૧૨
ધરી ખૂબ ત્યાં ચિવટ ને પવિત્રતાથી એમ,
ભિક્ષા સદ્‌ગુરુદેવની કરતા પોતે તેમ. ૧૧૩
પછી કરાવે ભાવથી ભિક્ષા પ્રભુને એહ,
ભિક્ષા પછી આરામમાં જાય પ્રભુ વરદેહ. ૧૧૪
ત્યારે આછુંપાતળું કરતા એ ભોજન,
સેવામાં એ સ્થાનની લગાડતા નિજ મન. ૧૧૫
નિજાનંદની મસ્તીમાં સદા મસ્ત રહેનાર,
અવધૂતને નિજ શરીરની પરવા ન'તી લગાર. ૧૧૬
સદા ઉદાસીનતા અહા ! શરીર પ્રત્યે એહ
રાખે, માની દેહને ક્ષણભંગુર તેહ. ૧૧૭
એવા અવધૂતતણા શરીરની સંભાળ,
હર-પળ રાખે ગોર ત્યાં ત્યજી આળ-પંપાળ. ૧૧૮
પાછળથી અવધૂતજી જાતા કયાંય પ્રવાસ,
તો પણ સાથે જાય એ સેવા કરવા ખાસ. ૧૧૯
વર્ષો સુધી અવધૂતની સેવા કરતા આમ,
એક દિ 'ગુરુ ગુરુ ' બોલતાં ગયા ગોર સ્વધામ. ૧૨૦
''પ્રભાશંકર ગોરનું થયું આજ નિધન''
સૂણતાં અવધૂતમુખથી પડતાં સરી વચનઃ ૧૨૧
લોકસંગ્રહાત્મકતણી અવધૂતની એક પાંખ,
ખરે આજ તૂટી પડી'' થયા ભક્ત સૌ રાંક !! ૧૨૨
દિવેરથી અવધૂતજી આવ્યા મીંઢોળ ગામ,
સ્વામીનારાયણતણા મંદિરે કર્યો મુકામ. ૧૨૩
મીંઢોળના સત્સંગીઓ ભેગા થયા' તા જેહ,
તેમની સામે આવીને અવધૂતજી વરદેહ. ૧૨૪
''જયશ્રી સ્વામીનારાયણ'' કહીને જોડયા હાથ,
દંડવત્ કરી મૂર્તિને ચરણે નમવ્યું માથ. ૧૨૫
રીઝયા સત્સંગીઓ અને વ્યાપ્યો અતિ આનંદ,
અવધૂતજી મુખથી વદ્યા 'જય જય સહજાનંદ ' ૧૨૬
બે-ત્રણ દિવસ ત્યાં રહ્યા તે સમય દરમ્યાન,
ગામલોક પાસે કર્યું 'શિક્ષાપત્રી' ગાન. ૧૨૭
શ્લોક 'શિક્ષાપત્રી'ના એક એક કરી આમ,
ઝીણી છણાવટ જો કરી સમજાવ્યા અભિરામ. ૧૨૮

વેદતણા મંત્રો અને ઉપનિષદના શ્લોક,
સાથે 'શિક્ષાપત્રી' ના શ્લોકતણો કરી જોગ. ૧૨૯

સમજાવ્યું બહુ પ્રેમથી કરાવ્યો એકરારઃ
'શિક્ષાપત્રી' છે અહા ! વેદ-શાસ્ત્રનો સાર. ૧૩૦

સહજાનંદ સ્વામી સ્વયં પ્રગટ-પુરૂષ અવતાર,
એમણે જન-ગણ કારણે સર્વ શાસ્ત્રનો સાર. ૧૩૧

કાઢીને પીરસ્યો અહા ! 'શિક્ષાપત્રી' માંહ્ય,
જેથી માનવજાતનું સદા શ્રેય અહીં થાય. ૧૩૨

સાથે લીલા દત્તની સહજાનંદની તેમ,
કેવી સરખી જાય છે ! સમજાવ્યું સહુ એમ. ૧૩૩

સમન્વયથી ટાળતા સાંપ્રદાયિક ભેદ,
સંકુચિત વિચારતણો દીધો ઊડાડી છેદ ! ૧૩૪

અલક કહે સૂણ શિષ્ય હે ! સાચા સંતો આમ,
જયાં જાયે ત્યાં ભેદને કરતા દૂર તમામ. ૧૩૫

જયાં જયાં પક્ષા-પક્ષી ને ભેદ-ભાવ છે જાણ,
ત્યાં-ત્યાં પ્રગટ થતો નથી કદી પણ શ્રી ભગવાન. ૧૩૬

ત્યાર પછી મીંઢોળથી નારેશ્વરને ધામ,
ગયા સ્વયં અવધૂતજી સહુના આત્મારામ. ૧૩૭

તે પછી મીંઢોળમાં બન્યું કહું તે આમ,
ભાવિક ભકત પટેલ એક વિઠ્ઠલભાઈ નામ. ૧૩૮

તેમને એકાએક હા ! થઈ ગયો ઉન્માદ,
ભાન ગુમાવ્યું દેહનું કરે ખૂબ બકવાદ. ૧૩૯

આંખો ઘૂમે ગોળ ને ના ખાન -પાન ભાન,
આવે યદિ આવેશમાં કરતા બહુ તોફાન. ૧૪૦

પ્રભાશંકર ગોરની સલાહ માની એમ ,
દીકરા ગોરધનભાઈ ને બીજા યુવાનો તેમ; ૧૪૧

સમજાવીને એમને નાખી ડમણિયા માંહ્ય,
નારેશ્વરમાં લાવિયા અવધૂત પાસે ત્યાંય. ૧૪૨

રેવા-સ્નાન કરાવીને બળજબરીથી ત્યાંય,
વિઠ્ઠલભાઈને લાવિયા,હતા અવધૂત જયાંય. ૧૪૩

વિઠ્ઠલભાઈના શરીર પર અવધૂતજીની નજર
પડતાં એકાએક હા ! થઈ જાદૂઈ અસર ! ૧૪૪

ગોળ ફરતી આંખડી પલભર તો થઈ સ્થિર,
તંગ-અંગ ઢીલું થયું, વહ્યાં નયનથી નીર, ૧૪૫

જોઈ સ્થિતિ એમના શરીરની તે વાર,
મેઘગર્જના સમ તિહાં વદે દીનદુઃખહારઃ ૧૪૬

''છોડી દો સહુ એમને તોડો બંધન ખાસ,
જોવા દો મુજને જરા કરે એ શું મુજ પાસ ?'' ૧૪૭

ત્યાં તો દીકરો એમનો ગોરધનભાઈ જેહ,
બોલ્યો નતમસ્તક કરી ''અરે બાપજી ! એહ ૧૪૮

છોડતાં મૂઠી વાળીને ભાગી જાશે કયાંય,
પચીસ પકડવા દોડીશું તોયે નહિ પકડાય; ૧૪૯

અને કદાચ એ દોડીને પડશે રેવામાંહ્ય,
પડશું આપણે એકથી બીજી ઉપાધિ માંહ્ય.'' ૧૫૦

સૂણી વચન એ પુત્રની અવધૂત કરી પડકાર,
બોલ્યા, '' હું કહું છું તમે છોડી દો એકવાર.'' ૧૫૧

સૂણી વચન અવધૂતનાં જુવાનોએ તુર્ત,
છોડી દીધા એમને કર્યા બંધન-મુકત. ૧૫૨

બંધનમુકત થતાં અહા ! વિઠ્ઠલભાઈ તે વાર,
દોટ મૂકી ભાગવા થાતા જયાં તૈયાર. ૧૫૩

ત્યાં તો અવધૂતજી અહા ! કરી ગર્જના ઘોર;
બોલ્યા ''ભાગો છો કહાં ? ઊભા રહો આ કોર .'' ૧૫૪

આજ્ઞાંકિત બાળક સમા વિઠ્ઠલભાઈ જો શાંત,
ડાહ્યા-ડમરા થઈ ઊભા એક બાજુ નિતાંત. ૧૫૫

કહે જોઈ અવધૂત એ ગોરધનભાઈને સદ્યઃ-
''પ્રદક્ષિણા હા એમને કરાવ ગુફાની અદ્ય. ૧૫૬

સવારથી કરવી શરૂ સાંજ સુધી દરરોજ.
કરાવ પ્રદક્ષિણા તિહાં ગણશો નહીં એ બોજ ! ૧૫૭

ભાગી જશે ગાંડપણ, માનો મારું ખચિત,
પ્રેમે કરો પ્રદક્ષિણા રાખી શ્રદ્ધા ચિત્ત.'' ૧૫૮

અલખ કહે કહેવાતણી નથી જરૂર લગાર,
વિઠ્ઠલભાઈનું ગાંડપણ ગયું સમુંદર પાર ! ૧૫૯

પ્રદક્ષિણાના પુણ્યની શું કરું હું વાત !
પગલે પગલે પાતકો ભાગે સહુ સાક્ષાત્. ૧૬૦

કંઈક જન્મનાં પાપ જે પ્રદક્ષિણાથી આમ,
થાય બળીને ભસ્મ હા ! પ્રગટે પુણ્ય તમામ. ૧૬૧

પૂર્વે દેવ ગણેશજી વિઘ્નહરા ભગવાન,
માત-પિતાની પ્રદક્ષિણા કરી થયા સુખવાન. ૧૬૨

રિદ્ધિ-સિદ્ધિને વર્યા અગ્રપૂજાનું માન,
પામ્યા તે ફળ અહો ! પ્રદક્ષિણાનું જાણ. ૧૬૩

સૂણી વચન શ્રીઅલખનાં પામીને વિસ્મય,
શિષ્ય નિરંજન ફરી પૂછે જોડીને કર-દ્વયઃ ૧૬૪

''પાયે લાગું સદ્‌ગુરુ ! ગણેશજીની વાત,
વિસ્તારી મુજને કહો જેથી જાય ઉચાટ. ૧૬૫
ગણેશે મા-બાપની કરી પ્રદક્ષિણા કેમ ?
રિદ્ધિ-સિદ્ધિને વળી વર્યા શી રીતે તેમ ? ૧૬૬
પ્રશ્ન સૂણી નિજ શિષ્યનો બોલ્યા અલખ દયાળ,
સાંભળ ગણપતિની કથા કહું છું તને રસાળ. ૧૬૭
શિવપુરાણમાં વળી ગણેશપુરાણમાં એમ,
વ્યાસ પ્રભુએ વર્ણવી વાત કહું તે તેમ. ૧૬૮
એક સમે બ્રહ્માતણા માનસસરથી આમ,
બે કન્યાઓ પ્રગટ થઈ રિદ્ધિ-સિદ્ધિ શુભ નામ. ૧૬૯
વરવા યોગ્ય થઈ પછી બે કન્યાઓ જયાંય,
બ્રહ્માજીના મન વિષે ચિંતા ઊભી થાય. ૧૭૦
શીલવંત,સાત્ત્વિક વળી અનુપમ સુંદર બેવ,
એમને માટે યોગ્ય કોઈ મૂરતિયા તતખેવ. ૧૭૧
કયાંથી શોધી લાવવા ? એની ચિંતા ચિત્ત,
ત્યાં તો આવી પહોંચિયા નારદ વિષ્ણુચિત્ત ! ૧૭૨
જોઈ મુખપર જનકના છવાએલા વિષાદ,
નારદજી વંદન કરી પૂછે ધીમે સાદ : ૧૭૩
''કહો પિતાજી ! મુખ ઉપર શાને દુઃખ છવાય ?
વદો સ્પષ્ટ મુજને પિતા ! શોધું કંઈક ઉપાય.'' ૧૭૪
બ્રહ્મા કહે '' સૂણ દીકરા ! આ બે કન્યા માટ
મળતા નથી મૂરતિયા તેનો મન ઉચાટ. ૧૭૫
એ બે બહેનો તાહરી તું યે એમનો ભ્રાત,
લાવ શોધી મૂરતિયા, કર મને નચિંત ! ૧૭૬
વાત સૂણી નિજ તાતની નારદ મીંચે નયન,
કંઈક વિચારી મન વિષે બોલ્યા પછી વચનઃ ૧૭૭
''ચિંતા નવ કરશો પિતા ! બે નવશા ગુણવાન,
ડાહ્યા, વીર, પરાક્રમી વળી સ્વરૂપવાન. ૧૭૮
શિવશંકર કૈલાસપતિ સતી પાર્વતીમાત,
એમના છે બે દીકરા વિશ્વ વિષે વિખ્યાત. ૧૭૯
ષણ્મુખ કાર્તિકેય ને ગણેશજી છે નામ,
વાત કરું શિવજીને જઈને કૈલાસ ધામ. ૧૮૦
ઋષિવર નારદ એમ ત્યાં મનોવેગથી ઝટ,
આવી ગયા કૈલાસનામ માનસતટ પર પટ. ૧૮૧
વીણા સ્વરસંધાન સહ ગાન મધુર સુસ્વર,
કરી પ્રાર્થના રીઝવ્યા ભોળા શિવશંકર. ૧૮૨
શંકર ત્યાં તો બોલિયા '' ધન્ય નારદ ! ધન્ય !
પ્રસન્ન થયો છું આજ હું માગો વર વરેણ્ય. ૧૮૩
નારદ બોલે : '' ન આવિયો આજ માગવા કાજ,
આવ્યો હું તો આપને કૈંક આપવા કાજ ! ૧૮૪
પ્રસન્ન મુજ પર આપ જો થયા હોય ત્રિપુરાર,
તો હું આપું તેહનો પ્રેમે કરો સ્વીકાર.'' ૧૮૫
શિવજી વિસ્મય પામીને વિચારે નિજ મન,
''મુજને કંઈ દેવા અહા ! કરે મને પ્રસન્ન ! ૧૮૬
અદ્ય સુધી સહુ કોઈ હા ! લેવાને વરદાન,
મુજને રીઝવતા હતા, અવળું આ તો માન ! ૧૮૭
મુજને કંઈ કંઈ આપવા કર્યો મને પ્રસન્ન !
એ માટે સ્વીકારવા થાઉં બદ્ધવચન'' ૧૮૮
એમ વિચારી તે ક્ષણે બોલ્યા ભોલાનાથઃ
''લાવ લાવ નારદ મને શું આપે છે હાથ ! ૧૮૯
તુજ સ્તોત્રે પ્રસન્ન છું ધન્ય ભકત ! દેનાર,
જે કંઈ તું આપીશ મને તેનો કરું સ્વીકાર!'' ૧૯૦
તુર્ત જ નારદ બોલિયા '' મારી બહેનો બેવ,
પુત્ર-વધુઓ આપની કરી ગ્રહો હે દેવ ! '' ૧૯૧
સૂણી વચન શિવજી વદ્યા ખરો તું નારદ ભકત !
સ્વીકારીશ તુજ ભેટને થયો છું વચનબદ્ધ ! '' ૧૯૨
તુર્ત જ નારદ દોડિયા, લઈ કન્યાઓ સદ્ય,
આવી ગયા કૈલાસમાં વાત હતી એ હૃદ્ય. ૧૯૩
ત્યાર પછી ત્રિપુરારિએ મન વિચારી ખાસ,
કાર્તિકેય ગણેશને બોલાવ્યા નિજ પાસ. ૧૯૪
બન્ને ક્ષણમાં આવિયા કરી શિવને નમન,
વિવેકે ઊભા રહ્યા સૂણવા તાતવચન. ૧૯૫
ભોલાનાથ વદ્યા પછી ''સૂણો બન્ને ભાઈ,
આ બે કન્યાઓ તણી કરવાની છે સગાઈ. ૧૯૬
માનસકન્યા બેઊ આ બ્રહ્મદેવની જાણ,
તમમાંથી એક પુત્રને દેવી બંને માન. ૧૯૭
કિન્તુ શરત મારી સૂણો જે છે ખાસ,
જે કો આ પૃથ્વીતણી પ્રદક્ષિણા ચોપાસ. ૧૯૮
કરીને પહેલો આવશે, તેને આ બન્નેવ,
કન્યાઓનું દાન દેઈ કરીશ લગ્ન તતખેવ. ૧૯૯
માટે ઉપડો બેઊ જણ આ પૃથ્વીની આમ,
કરી પ્રદક્ષિણા જલ્દી આવી રહો આ ઠામ. ૨૦૦

જે કોઈ પહેલો આવશે તે સદ્‌ભાગી તન,
કન્યાઓ આ પામશે પ્રેમે કરી લગન ! ૨૦૧
સુણી વચન નિજ તાતનું હરખ્યા કાર્તિકેય,
હું પહેલો આવીને પરણીશ આ બન્નેય. ૨૦૨
એમ વિચારી પલકમાં થઈ મયૂર પર સ્વાર,
માત-પિતાને વંદીને ચાલી નીકળ્યા કુમાર. ૨૦૩
ગણપતિ ઊભા ત્યાં જ રહ્યા વિચાર કરે નિજમનઃ
કેમ કરીને દોડું હું લઈને જબરું તન ? ૨૦૪
વિચાર એક બીજો કર્યો માત-પિતાને આંહ્ય,
મૂકી કૈલાસ, એકલા મુજથી મુજથી કેમ જવાય ? ૨૦૫
ભ્રાતા ચાલ્યા જો ગયા વૃદ્ધ માત ને તાત,
મૂકી એકલાં જાઉં તો થાય અહીં ઉત્પાત. ૨૦૬
ફરી ફરી મળશે નહિ માત-પિતાની સેવ,
સેવામાં લાગી જઉં એથી મળશે મેવ. ૨૦૭
કન્યાઓ લેવાતણું માટે છોડી ખ્વાબ,
વૃદ્ધ માત-પિતાતણી સેવાનો લઉં લાભ. ૨૦૮
એમ વિચારી ગણપતિ હરખ્યા અતિશય મન,
સેવામાં મા-બાપની વીતવા લાગ્યા દિન. ૨૦૯
કાર્તિકેય તો દોડતો આગળ વધતા જાય,
બે કન્યાના મોહમાં માત-પિતા વિસરાય. ૨૧૦
ગણેશજી કૈલાસમાં રાખી પ્રસન્ન ચિત્ત,
સેવા માત-પિતાતણી કરે ધારીને પ્રીત. ૨૧૧
એક દિવસ પ્રાતઃ સમે સજી વિધ-વિધ રંગ,
ઉષારાણી પૂર્વમાં આવ્યાં ધરી ઉમંગ. ૨૧૨
વિધ-વિધ રંગ પ્રકાશથી રસિયું વન-ઉપવન,
મધુર સુગંધ વહાવતો શીતલ મંદ પવન. ૨૧૩
પ્રભાવંત પરોઢમાં જલ-ઝરણાં નિનાદ,
પ્રાણીમાત્રના હૃદયમાં ભરી રહ્યાં આહ્‌લાદ. ૨૧૪
તે સમે એક સ્ફટિકની સુંદર શિલા પર ,
વ્યાઘ્રચર્મ બિછાવીને તે પર શિવ સુખકર. ૨૧૫
ગૌરી સહ બેઠા હતા કરતાં મંજુલ વાત,
સર્વશ્રેષ્ઠ એ વિશ્વનું યુગ્મ ખરે સાક્ષાત્‌. ૨૧૬
ત્યાં તો ગણેશજી અહા ! કરી સ્નાન ને ધ્યાન,
માત-પિતાને વંદવા આવી ગયા નિર્માન. ૨૧૭
માત-પિતાને દેખતાં સ્થિત આસન પર એક,
હર્ષે ઘેલા ગણેશને પ્રગટયો મન-વિવેક. ૨૧૮
વંદન કરી મા-બાપને ગણપતિએ તત્ક્ષણ,
ધીમે પગલે એમની કરી પ્રદક્ષિણા ત્રણ. ૨૧૯
પૂરી થઈ પ્રદક્ષિણા ચરણે કર્યાં નમન,
ભાવ જોઈ નિજ પુત્રનો બન્ને થયાં પ્રસન્ન. ૨૨૦
મુખ મલકાવી મોદથી બોલ્યા આશુતોષ,
ધન્ય ભકિત સુત ! તાહરી થયો પૂર્ણ સંતોષ. ૨૨૧
''માત-પિતાની જે કરે પ્રદક્ષિણા ભૂતલ,
તે સુત પામે પૃથ્વીની પ્રદક્ષિણાનું ફલ '' ૨૨૨
શાસ્ત્રોમાં એવું કહ્યું માટે હે સુકુમાર !
શરત મુજબ કન્યાતણો તારો છે અધિકાર.'' ૨૨૩
એમ કહી ત્રિપુરારીએ પામી હર્ષ અપાર,
બે કન્યાઓ ગણેશને પરણાવી તે વાર. ૨૨૪
કરી આમ પ્રદક્ષિણા માત-પિતાની ગણેશ,
રિદ્ધિ-સિદ્ધિને વર્યા થયા સર્વ-સર્વેશ. ૨૨૫
પ્રદક્ષિણા આમ તું જાણજે પુણ્ય મહાન,
એ પુણ્ય જો સાંપડે રિદ્ધિ સિદ્ધિ માન ! ૨૨૬
કરતા ગૌતમ ગાયની પ્રદક્ષિણા તું જાણ,
પુણ્યે અહલ્યા મેળવી કન્યા અતિ રૂપવાન. ૨૨૭
માત-પિતા ગુરુ ગાય ને બ્રાહ્મણ સાત્ત્વિક એમ,
કરતાં એમની પ્રદક્ષિણા, ભાગે ભયદુઃખ તેમ. ૨૨૮
અશ્વત્થ, વટવૃક્ષ ને તુલસી, ઔદુંબર
બિલ્વ, શમીની પ્રદક્ષિણા ટાળે દુઃખ અહીં પર. ૨૨૯
અરે શિષ્ય હું શું કહું ? પ્રદક્ષિણાનું ફલ !
સર્વસિદ્ધિપ્રદ એ નકી, કરે તન-મન નિર્મલ. ૨૩૦
કર્મકાંડમાં પણ અહા ! પ્રદક્ષિણાનાં ગાન,
ગાયાં ઋષિઓએ અહા ! દઈને મોટાં માન. ૨૩૧
લગ્ન સમે પણ વર-વધૂ અગ્નિ કેરી ચાર,
પ્રદક્ષિણા કર્યા પછી માંડે છે સંસાર. ૨૩૨
રુકુમામ્બા પણ તુલસીની પ્રદક્ષિણા પ્રતિદિન,
સવાસો કરતાં હતાં રાખી ચિત્ત પ્રસન્ન. ૨૩૩
અસંખ્ય વૈષ્ણવો આજ પણ ગોવર્ધનની એમ,
ભાવે કરે પ્રદક્ષિણા રાખીને શુભ નેમ. ૨૩૪
મા રેવાની પ્રદક્ષિણા કરનારા શુભ વર
સાધુ સજ્જન ચાલ્યા કરે ગાતા ''નર્મદે હર.'' ૨૩૫
ગુજરાતમાં ગીરનારની કાર્તિક માસમાં જાણ,
પાંચ દિનની પ્રદક્ષિણા અત્યંત ફલપ્રદ મન. ૨૩૬

ગાણગાપુરમાં આજ પણ સંગમસ્થાને જાણ,
ઔદુંબરે પ્રદક્ષિણા કરતા ભકતો માન. ૨૩૭
તેમાં પણ સદ્ગુરુતણી પ્રદક્ષિણા ઉત્તમ,
પાપતાપ દૈન્ય જતાં અર્પે જ્ઞાન સત્તમ. ૨૩૮
સૂર્ય ચંદ્ર ને પૃથ્વી પણ નક્ષત્રોની સાથ,
સતત પ્રદક્ષિણાઓ કરી બનાવે દિન રાત. ૨૩૯
એમ આપણા શાસ્ત્રમાં પ્રદક્ષિણાનું સ્થાન,
છે બહુ ઊંચું શું કહું ? સૂણ ઓ ચતુર સુજાણ ! ૨૪૦
તેથી શ્રીઅવધૂતજીએ વિઠ્ઠલભાઈને આમ,
ગુફા-પ્રદક્ષિણાતણો આપ્યો તો પયગામ. ૨૪૧
તે દિ'થી નારેશ્વરે ગુફા કેરી આમ,
પ્રદક્ષિણા બહુ ભાવથી કરતા ભકત તમામ. ૨૪૨
પાપ-તાપને ટાળતી 'ગુફા' પ્રભુની પવિત્ર,
કરતાં પ્રદક્ષિણા અહા ! ચિત્તે શાંતિ તત્ર. ૨૪૩
ગાતાં પ્રેમે ધૂન આ ગુફાની ચારે કોર,
જે કો' કરશે પ્રદક્ષિણા તેનાં પાપ કઠોર; ૨૪૪
જાશે ભાગી પલકમાં થાશે શુદ્ધ વિચાર,
બોલો પ્રેમે જોરથી અવધૂતનો જયકાર !! ૨૪૫
એમ કહેતાં તો તિહાં અલખ કયાંય ખોવાય,
નિરંજન બની બાવરો જોતો રહ્યો ત્યાંય. ૨૪૬
આ અધ્યાયે જો કરે પ્રદક્ષિણાનું ગાન,
અવધૂતલીલા નિમિત્તથી 'બાલક' રંગનો માન. ૨૪૭
ભાગ્યાં આવાં ભૂત સૌ ઉત્સવ થાતા જયાંય,
જંગલમાં મંગલ થયું, આગળ વર્ણન ત્યાંય. ૨૪૮

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલ ગોવિન્દોપાધ્યાય(બાલક) રચિત
શ્રી રંગલીલામૃતે અલખનિરંજનસંવાદે દીવેરગ્રામલીલાયાં પ્રદક્ષિણામહિમાકથનં નામ પંચત્રિંશોઽધ્યાયઃ ॥૩૫॥ દોહરા ૨૪૮ ॥

## અધ્યાય ૩૬

અલખ નિરંજનને કહે, સૂણ નિરંજન ! બાળ,
અત્યદ્ભુત અવધૂતની, કથા દિવ્ય રસાળ. ૧
ત્યાર પછી નારેશ્વરે, રહીને રંગ દયાળ,
લીલા નૌતમ નિત કરે, ભકતતણા પ્રતિપાળ. ૨
કહોણાના એક પટેલની, પત્નીને એક પ્રેત,
અતિશય પીડા આપતું, રાખે સદા અચેત. ૩
વિઠ્ઠલભાઈનું ગાંડપણ,મટી ગયાની વાત,
આજુ-બાજુના ગામમાં, બની હતી વિખ્યાત. ૪
એટલે ગામના લોક એ બાઈને પકડી આમ,
લઈ આવ્યા અવધૂત કને, નારેશ્વરને ધામ. ૫
સન્મુખ શ્રીઅવધૂતની, લાવી એને જયાંય,
ઊભી રાખતાં વેંત તે, ધૂણવા લાગી ત્યાંય. ૬
ધૂણતી ને હીબકારતી, બાઈના શરીર પર,
એકાએક પડી અહા ! અવધૂતજીની નજર. ૭
નજર પડતાં એકદમ, ઘટના બની અદ્ભુત
ચીસ પાડીને ભાગિયું, બાઈના તનથી ભૂત. ૮
બાઈ સ્વસ્થ બની ગઈ, દૂર થઈ બધી ચિંત,
ગામલોક સહુ પ્રેમથી, બોલ્ય'જય અવધૂત'. ૯
ત્યાર પછી ઝણોરનાં, મોટીબાને એક,
જંદ-પ્રેત વળગ્યો હતો, દેતો દુઃખ અનેક. ૧૦
મોટીબાને પણ અહીં, નારેશ્વરની માંહ્ય,
લાવી ઊભાં રાખીયાં, અવધૂત સામે ત્યાંય. ૧૧
દૃષ્ટિ પડતાં રંગની, જંદે પાડી ચીસ,
પવનવેગે ભાગિયો, ફરી નહિ આવીશ. ૧૨
આમ મોટીબાતણો, દીધો ભગાડી જંદ,
વાત સૂણી ભકતો-દિલે, વ્યાપ્યો પરમાનંદ. ૧૩
લીલા કરતાં આમ અહા ! આવ્યો માગસર માસ,
આજુ-બાજુના ભકત સૌ, આવ્યા અવધૂત પાસ. ૧૪
અવધૂતજીના ઉપાસ્ય હા ! દેવ દત્ત ભગવાન,
માગસર સુદી પૂર્ણિમા, દત્તજયંતી જાણ. ૧૫
તે ઉત્સવ ખૂબ ભાવથી, નારેશ્વરની માંહ્ય,
ભેગા થઈ ઉજવવા, દાસ વિચારે ત્યાંય. ૧૬
નિજ મનનો સંકલ્પ આ, દાસકાકાએ એમ,
મૂકયો નિજ મિત્રો પાસ ત્યાં ધરી હૃદયમાં નેમ. ૧૭
મિત્રોએ શ્રીદાસના, સંકલ્પને એમ,
એકી અવાજે ઝીલિયો ધારી હૈયે પ્રેમ. ૧૮
તેથી આજુ-બાજુના, ભકતો સર્વે આજ,
ભેગા થઈ આવ્યા હતા,સદ્ગુરુસંમતિ કાજ. ૧૯
અવધૂતને ચરણે નમી, આજુ - બાજુએ આમ,
બેસી ગયા વિવેકથી ધારી ઉર શુભ કામ. ૨૦

આવેલા સૌ ભકત પર અવધૂતજીની નજર,
એકવાર ફરી વળી, પૂછી પછી ખબર. ૨૧
મરકત મુખડે દાસને, પૂછવા લાગ્યા એમઃ
''કહો દાસકાકા બધા, અહીં પધાર્યા કેમ ?'' ૨૨
સૂણી પ્રશ્ન અવધૂતનો દાસની ખૂલી જબાન,
હૈયે હિંમત આવીને, બોલ્યા વિનયે વાણઃ ૨૩
''પ્રભુ ! અમ સૌ ભકતના મનનો એક વિચાર,
શ્રીચરણે નિવેદવા, આવ્યા છે આવાર. ૨૪
આગામી આ પૂર્ણિમા દત્તજયંતી દન,
નારેશ્વરેમાં ઉજવવા, થયો સંકલ્પ મન. ૨૫
આજ્ઞા આપની હોય ને આપ રહો હાજર,
આપતણા સાંનિધ્યમાં ઉજવવો ગુરુવર. ૨૬
છે ઈચ્છા અમ સર્વની દયા કરીને દેવ,
આજ્ઞા ને આશીષ દો ,થાય સફળ તતખેવ.'' ૨૭
કહી એમ શ્રીચરણમાં,દાસે વારંવાર,
શિર મૂકયું ને આંખથી વહી અશ્રુની ધાર. ૨૮
આમ ભકતની આખમાં જોઈ ભાવનાં નીર,
ભકતસખા ભગવાન ત્યાં , બોલ્યા વચન સુધીર. ૨૯
મલકયું મુખ-દ્રુમ હાસ્યથી ખરિયાં વચન-સુમનઃ
''ભાવ તમારો દાસ ! હું જાણું છું મુજ મન. ૩૦
પણ મારો નિયમ જે, કદી ન થાયે નષ્ટ,
જાણો છો તમ સૌ છતાં,ફરી કહું છું સ્પષ્ટ. ૩૧
આ ઉત્સવના નિમિત્તથી, કરવાને ધનવ્યય,
કોઈ કને કયારેય પણ, નહિ માગવું દ્રવ્ય. ૩૨
પરોક્ષ કે અપરોક્ષ પણ કયારેય કોઈની પાસ,
ટીપ-યાદી ધરવી નહિ, રાખવી નહિ કો આશ. ૩૩
વળી કોણે શું દીધું ? તેની જાહેરાત,
કદી પણ કરવી નહિ, નહિ કરવી કોઈ વાત. ૩૪
દેવપ્રેરણાથી અહીં જે કંઈ થાયે પ્રાપ્ત,
તેમાં બધું સમેટવું, માનીને પર્યાપ્ત . ૩૫
કયાંથી આવ્યું ? શું ? અરે ! એનો કદી વિચાર,
કરવો નહિ ને ખરચવું, મળ્યું સર્વ તે વાર. ૩૬
આવી રીતે જો તમે, કરવા વિણ-વિખવાદ,
ઉત્સવ કાજ તૈયાર હો, છે મુજ આશીર્વાદ.'' ૩૭
વચન સૂણી અવધૂતણાં સહુનાં હરખ્યાં મન,
બધાં વતીથી દાસ ત્યાં બોલ્યા નમ્ર વચનઃ ૩૮
'' પ્રભુ ! આપના નિયમનું, કડક રીતે પાલન
કરીશું, કો'થી કદી નહીં માગીએ ધન. ૩૯
લાવ્યો કોણ ? શું ? કેટલું ? તેની નોંધ કે યાદ,
રાખીએ નહિ ને કદી, કરીએ નહિ ફરિયાદ.'' ૪૦
સૂણી વચન શ્રીદાસનાં સર્વે થયા પ્રસન્ન,
અવધૂતચિંતન દત્તનાં, નાદે ગાજ્યું ગગન. ૪૧
સૂણ શિષ્ય અવધૂતનો, કેવો નિયમ કઠણ,
પરોક્ષ કે અપરોક્ષ પણ, માગવું નહિ જો ધન. ૪૨
હશે ઈચ્છા દેવની, ઉત્સવ કરવા કાજ,
કરશે પ્રેરણા ભકતને, ભકતનકે શિરતાજ. ૪૩
અને કદી કો ભકતને પ્રેરે ના જો દેવ,
સમજી તો લેવું દેવની, ઈચ્છા નથી તતખેવ. ૪૪
કેવી શ્રદ્ધા દેવ પર રંગની જબરજસ્ત !
આવી શ્રદ્ધા હોય તો , કદી ન હારે ભકત. ૪૫
ગણ્યા-ગાંઠયા ભકત ત્યાં નારેશ્વરમાં એમ,
ભેગા મળી ઉજવી રહ્યા, દત્ત જયંતી તેમ. ૪૬
સવંત ઓગણીસો અને , પંચાસીમાં એમ,
પહેલી દત્તજંયતી હા ! ઉજવાઈ સપ્રેમ. ૪૭
દત્તમૂર્તિ સ્થાપન અને પૂજન પારાયણ,
ભજન કીર્તન અને વળી ધૂનો ગવાતી પણ. ૪૮
પ્રતિપદાએ પારણાં, થાયે મહાપ્રસાદ,
લેતા ભકતો એ તદા, માણે અનુપમ સ્વાદ. ૪૯
આવક-જાવક ખર્ચનો હિસાબ ચોખ્ખો ખાસ,
ખંતે સહુ સંભાળતા, શ્રીહરગોવનદાસ. ૫૦
સરવાળો કરી અંકનો, સમર્યા સદ્ગુરુ ત્રીશ,
બધું મળી ખર્ચ થયો, રૂપિયા જો છત્રીશ. ૫૧
આમ નારેશ્વર વિષે, પ્રથમ જયંતી માંહ્ય,
રૂપિયા છત્રીશ મહીં ઉત્સવ ભવ્ય ઉજવાય ! ૫૨
ત્યાર પછી દર વર્ષ આ, દત્તજયંતી ઉત્સવ,
અધિક અધિક ધૂમધામથી બની ગયો મહોત્સવ. ૫૩
એક માસ અગાઉથી, તૈયારીઓ થાય,
અવધૂતી આદર્શનું, પાલન સઘળે થાય. ૫૪
ગુણે-ગુણો અનાજનાં,ગાડાં ત્યાં ઠલવાય,
કયાંથી ? કોણે મોકલ્યું ? કશુંય ના સમજાય ! ૫૫
આસ-પાસના ગામથી ઘંટીઓ લાવી ત્યાંય,
હાથે દળવા અન્ન ત્યાં, હારબંધ મુકાય. ૫૬

આસ-પાસના ગામની, બહેનો ભેગી થાય,
દત્ત-દત્તની ધૂન સહ, સઘળું અન્ન દળાય. ૫૭
અવધૂતજી પોતે અહા ! સહુની પહેલાં એમ,
ઘંટી પર બેસી જતા, દળવા માટે તેમ. ૫૮
માતા રુકમામ્બા અહા ! દળતાં પ્રેમે અન્ન ,
એમની સાથે સેંકડો, ભાવિક પ્રસન્ન મન ! ૫૯
દળવા બેસતાં ભાવથી, મુખથી દત્તની ધૂન,
હાથે ઘંટી ફેરવે, રહે ન કયાંયે ન્યૂન. ૬૦
અલખ કહે સૂણ શિષ્ય હે ! કેવું પાવન દશ્ય !
જેણે આ જોયું હશે, ધન્ય નેત્ર તે ધન્ય ! ૬૧
સ્વયં આચરી સર્વને સ્વાશ્રય કેરો પાઠ,
પઢાવતા અવધૂત એ સ્વયં દત્ત સાક્ષાત્. ૬૨
સાફસૂફી પણ અન્નની કરતા હાથોહાથ,
રાખ્યું સૂત્ર કે આપણા હાથ જ જગન્નાથ. ૬૩
નહિ ભાડૂતી મજૂર કે નહિ પરસ્પર ભેદ,
નહિ ધનિક કે ગરીબ કો, નહિ વિસ્મય નહિ ખેદ. ૬૪
ગાડાં ભરી ભરી લાવતા, વાંસ-વળિયો, ઈંટ,
ઘરનું માની, એ ભલે ઘરે ન તોડે દીંટ. ૬૫
નામગામનો ભેદ ના, સઘળાં દત્તસ્વરૂપ,
દત્તે મોકલ્યું દત્ત આ, વાપરતા બહુરૂપ. ૬૬
વિશાળ વિધવિધ મંડપો, બધાંય ત્યાં અનેક,
એક જુઓ બીજો ભૂલો, ચઢે એકથી એક. ૬૭
તોરણ વિધવિધ મંડપો, શોભે ચારે કોર,
ધજા પતાકા ફરફરે, દેતી શોભા ઓર. ૬૮
સુંદર મઢૂલી દેવની કલા થકી ભરપુર,
કાષ્ઠમૂર્તિ ત્યાં દત્તની, શોભી રહી પ્રચુર. ૬૯
યજ્ઞમંડપ ને વળી, પારાયણમંડપ,
બ્રહ્મવૃંદ મંડપ મહીં ન હોતી કાંઈ ઊણપ. ૭૦
ભકતવૃંદના મંડપો, છાયા ઠેર ઠેર,
કાર્યકરો ને સેવકો, દે સેવા બહુ પેર. ૭૧
વિશાળ એ ચોગાનમાં, વિશાળ મંડપ હોઈ,
બહુ સંખ્યામાં બહ્મવો, રાંધી રહ્યા રસોઈ . ૭૨
અવધૂતજી કાવડ લઈ, જાયે રેવાઘાટ,
કાવડ ભરી જલ લાવતા, રસોઈ કરવા માટ. ૭૩
અવધૂતજીની સાથ હા ! હજારો ભકતો તુર્ત,
ઘડાબંધ જલ લાવતાં, મારે એ સૌ શર્ત. ૭૪

આમ સઘળું કામ ત્યાં, સ્વયંસ્ફુરિત થાય,
હાથે થાતું કામ ને મુખથી ધૂન ગવાય. ૭૫
ચોઘડિયાં શહનાઈ ને વાજાં વાગે તેમ,
મંગલ વાદ્યો મધુર સ્વરે, ભરે હ્રદયમાં પ્રેમ. ૭૬
મંજીરા-તંબૂર ને તબલાં કેરો તાલ,
મસ્ત બનાવે ધૂનમાં, રહે ન જગનો ખ્યાલ. ૭૭
માનવમહેરાણ અહા ! મસ્ત બની છલકાય,
દત્ત-દત્તની ધૂનમાં, મસ્ત બની લહેરાય. ૭૮
રેવાજીના તીર પર, વિશાળ ભાઠા માંહ્ય,
ખાદ્ય-પેયની સેંકડો, હાટડીઓ મંડાય. ૭૯
જાદુગરના ખેલ ને મલ્લ-મદારી ત્યાંય,
વિધવિધ ખેલો ખેલીને, મબલક ધન કમાય. ૮૦
ચોગમ ચગડોળો મહીં, લોકો ઝોલાં ખાય,
રેવાાજીના તીર પર, કિડિયારું ઉભરાય. ૮૧
અહીં ઉપર નિજસ્થાનમાં, વ્યાપે અતિ ઉમંગ,
ઠામ-ઠામ ધૂન થાય ને જામે ભજનનો રંગ. ૮૨
અખંડ ધૂન લહેરાય ને દત્ત દત્તનો ઘોષ,
સઘળે ત્યાં સંભળાય ને ત્યાં તો થયો પ્રદોષ. ૮૩
ઝળહળ-ઝળહળ થઈ રહી, દીપમાળા અસંખ્ય,
ચોગરદમ કુટિર ભણી, જાતાં જન અસંખ્ય. ૮૪
દત્તમઢૂલીએ ધસ્યો, માનવમહેરાણ,
ખીચોખીચ વિવેકથી, બેસી ગયો તત્ક્ષણ. ૮૫
પીતાંબરધારી અને ભસ્મ-વિલેપિત તન,
ભાવિક, સાત્વિક, શુદ્ધ સૌ , ભેગા થયા બ્રાહ્મણ. ૮૬
જન્મ કરાવ્યો દત્તનો, કર્યાં વેદનાં ગાન,
ભાવરસે તરબોળ સૌ, ભૂલ્યા દેહનું ભાન. ૮૭
આતશબાજી થઈ અને ગૂંજે મંગલ સાદ,
અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્તનો નાદ. ૮૮
બીજે દિવસે પ્રતિપદા,પારણાં કેરો દન,
મહાપ્રસાદને માણવા, લાગ્યાં સર્વે જન. ૮૯
દાળ-ભાત-લાડુ અને વિવિધ જાતનાં શાક,
ચટણી, ભજીયાં, રાયતાં પાપડ-કાચલી-દ્રાક્. ૯૦
માણસ હજારો આવતાં, લેતાં મહાપ્રસાદ,
પંકિતભેદ નહિ લેશ ને નહિ વાદવિખવાદ. ૯૧
ભંગીથી બ્રાહ્મણ સુધી, સૌને એક એક ચીજ,
પહોંચી છે કે નહિ અરે ! તેની કરે પતીજ. ૯૨

પછી જ આજ્ઞા આપે કે, અવધૂત ચિંતન આમ,
બોલ્યા પછી ખૂબ ભાવથી, લે પ્રસાદ તમામ. ૯૩
કાર્યકરો ને સેવકો, કડક શિસ્તનું આમ,
પાલન કરતા ભાવથી, કરતાં કામ તમામ. ૯૪
દશ વાગે સવારથી, પ્રસાદની શરૂઆત,
થાતી તે એ ચાલતી, સુધી સાંજના સાત. ૯૫
એક એક પંકિતમાં જમે, ત્રણથી ચાર હજાર,
સાંજ સુધીમાં એ સમી થાયે દસથી બાર. ૯૬
માણસ હજારો જમે તિહાં, તોયે કોઈને કયાંય,
ઊણપ કે ખામી અહા ! જરાય ના દેખાય. ૯૭
એવું અદ્‌ભુત શિસ્ત ને એવું અદ્‌ભુત કામ,
એવું પાસે કરાવતા, અવધૂત આત્મારામ. ૯૮
આ બધાંમાં શિષ્ય તું, સાંભળ કહું છું એક,
મુજ હૈયામાં વસી ગયું, વિસ્મય વિચિત્ર છેક. ૯૯
ચોગરદમ માનવતણો, મહારામણ ઉભરાય,
તોયે રંગની શાંતિનો, ભંગ જરા નવ થાય. ૧૦૦
કદી લીમડાની નીચે, કદી ગુફાની બહાર,
કદી માટીના ઓટલે, બિરાજતા અઘહાર. ૧૦૧
ભકતો હજારો આવતા, પુષ્પોના લઈ હાર,
દર્શન કાજે ઉમટતા, થતી મોટી કતાર. ૧૦૨
એ પુષ્પોના હારથી વૃક્ષો ઢંકાઈ જાય !
તરુઓએ શણગારી શું ! પુષ્પ-વસ્ત્રથી કાય ! ૧૦૩
દત્તજંયતી-ઉત્સવે જાણે મહાલવા કાજ,
કરી પુષ્પપરિધાન શું ? વૃક્ષો ઊભાં આજ! ૧૦૪
ભાવિક લોક અસંખ્ય જો, આ ઉત્સવની માંહ્ય,
આવે ગામેગામથી , નારેશ્વરની માંહ્ય. ૧૦૫
કડક શિસ્તપાલન અને, સુંદર આયોજન,
જોઈ આ ઉત્સવતણું, કંઈક વિદ્વજ્જન. ૧૦૬
કવિ મેઘાણી ગુજરાતીના, પ્રથમ પંક્તિના જેહ,
મુકતકંઠે વખાણતા, આ ઉત્સવને તેહ. ૧૦૭
બીજી એક વિશેષતા, સઘળા વિસ્મિત થાય,
કોઈ પણ સ્થળે સ્થાનમાં, પૈસા ના મૂકાય. ૧૦૮
પૈસા ચોખા અહીં કદી, મૂકવા નહિ આમ,
સૂચના કેરાં પાટિયાં, મૂકયાં ઠામે-ઠામ. ૧૦૯
જમે હજારો લોક ને, અઢળક ધન ખર્ચાય,
તોયે કોઈની પાસથી, પૈસો ના લેવાય. ૧૧૦
ભેટ-ટિપ કે દાનની, કદી ન કરવી વાત,
આવો દર્શન કરો અને પ્રસાદ લો સાક્ષાત્ ! ૧૧૧
ચઢે એક એકથી જુઓ, એવા ઉત્સવ ભવ્ય,
દર વર્ષે નારેશ્વરે,ઉજવાતા અતિ દિવ્ય. ૧૧૨
પ્રણેતા આ ઉત્સવતણા, દાસકાકા આમ,
ચારેક ઉત્સવ જોઈને ગયા પ્રભુને ધામ! ૧૧૩
ત્યારપછી શ્રીદાસના, અનુગામી કંઈ ભકત,
ઉત્સવના આ કાર્યમાં, થઈ ગયા સહુ રત. ૧૧૪
મોદીકાકા ને વળી, પટેલ શંકરભાઈ,
કાન્તિલાલ દવે અને, મિસ્ત્રી પ્રાગજીભાઈ. ૧૧૫
દિવેર, સાયર ને વળી, મીંઢોળ ગામના એમ,
લીલોડ ઉમલ્લા તણાં, ભકતો સર્વે તેમ. ૧૧૬
ભીમસિંહજી ઝણોરના, બાજી સાહસવીર,
સારોદ કેરા રાજવી, અમરસિંહજી ધીર. ૧૧૭
સરખેજ કેરા વિપ્ર સૌ, નાંદોદના અપાર,
ગોધરાના ઘણા કે'તાં નાવે પાર ! ૧૧૮
આ સિવાય બીજા ઘણા, ભકતો શેં વર્ણાય ?
વર્ણન કરવા જાઉં તો, પાનનાં પાન ભરાય. ૧૧૯
માટે કહું ટૂંકમાં હજારો ભકતો એમ,
સાથે મળી ઉજવતા, દત્તજયંતીતેમ. ૧૨૦
આ રીતે નારેશ્વરે એક પછી એક એમ,
ઉત્સવ, દત્તજયંતીના વીસ ઉજવાયા તેમ. ૧૨૧
ઓગણીસો પંચાસીથી,દાસકાકાએ એમ,
શરૂ કર્યો ઉત્સવ આ, ચાલ્યો આગળ તેમ. ૧૨૨
વર્ષે વર્ષે જનતણી, સંખ્યા વધતી જાય,
હજારોનો અંક હવે, લાખે પહોંચી જાય. ૧૨૩
એક દિવસ અવધૂતજીએ, કર્યો મન વિચાર,
લાખો ભેગા થાય તો, વધે જો અનાચાર. ૧૨૪
ભકત બધા હોતા નથી, આ તો કળયુગ ઘોર,
માટે આ ઉત્સવ વિષે, વિચારું કંઈ ઓર. ૧૨૫
એમ વિચારી મન વિષે, અવધૂતજીએ ખાસ,
મોદીસહ સહુ ભકતને, બોલાવ્યા નિજ પાસ. ૧૨૬
કહ્યું સર્વને બહુ પ્રેમથી, સાંભળો મારી વાત,
આગામી જયંતીના, ઉત્સવમાં સાક્ષાત્. ૧૨૭
હું અહીં નારેશ્વર, નહીં રહું હાજર,
તમ તમારે ઉજવો, ઉત્સવ અહીં શુભવર. ૧૨૮

સૂણી વચન અવધૂતનાં ભકતો થયા અવાક્,
એકબીજાનાં મુખડાં, જોઇ રહ્યા એ દ્રાક્ ! ૧૨૯
જાણે ગગનેથી પડી, વીજળી એકાએક,
એવો એમના હૃદય વિષે, સોપો પડી ગયો છેક. ૧૩૦
પલભર તો આઘાતથી, થઈ ગયા દિઙ્મૂઢ,
શું કહેવું ? સમજાય ના, રંગવાત તો ગૂઢ. ૧૩૧
ભક્ત સકળ દિઙ્મૂઢ થઈ, બેસી રહ્યા કંઈ વાર,
ધીમે બોલિયા મોદીજી, વળતાં કંઈક કરાર ! ૧૩૨
પ્રભુ ! આપ જો ના રહો, ઉત્સવ ઉપર આંહ્ય,
અમે રૉંકડા આપ વિના, શું કરીએ વરકાય ! ૧૩૩
દયા કરીને હજુ પ્રભુ ! ફેરવો કંઈક વિચાર,
ક્ષતિઓ અમ પામરતણી, ક્ષમા કરો અઘહાર ! ૧૩૪
આપ વિના ઉત્સવ અરે ! કેમ ઉતરશે પાર !
એક એકડા વિણ બધાં, મીંડાં વ્યર્થ હજાર ! ૧૩૫
આટલું કહેતાં મોદીનાં, નયને જલની ધાર,
સડસડાટ વહી રહી, થઈ બેઠા લાચાર. ૧૩૬
ત્યાં બેઠેલા ભક્ત સૌ, આંસુ સારતાં એમ,
વિહ્વળ મુખે બેસી રહ્યા,થઈ ચિત્રવત્ તેમ. ૧૩૭
શું કહેવું ? શું બોલાવું ? સમજ ન પડતી ક્યાંય !
વ્યગ્રચિત્ત ઉદાસ થઈ, બેઠા સર્વે ત્યાંય. ૧૩૮
જોઈ વ્યથા સૌ ભકતની, દ્રવ્યા ભક્તપ્રતિપાળ,
મરકત મુખડે બોલિયા, કરી હાસ્ય રસાળઃ ૧૩૯
અરે કેમ દુઃખી થયા ? કેમ બન્યા લાચાર ?
શું મુજ વિણ ઉજવાય નહિ ? જયંતી તહેવાર ? ૧૪૦
સ્થૂલ શરીરે હું કદી, જઈશ અહીંથી દૂર,
પણ સૂક્ષ્મરૂપે તો સદા, અહીં હાજર-હજૂર ! ૧૪૧
રખે માનતા કે અહા ! ઉત્સવ કરવા બંધ,
ભાગી જાવા દૂર આ, રચ્યો છે કો પ્રબંધ ! ૧૪૨
પણ મારે ગુજરાતનાં, તમામ ગામેગામ,
દત્તજયંતી ઉત્સવ, કરાવવો છે આમ. ૧૪૩
તેથી ગામેગામનાં, ભકતો સર્વે જેહ,
નિજ નિજ ગામે જયંતી, ઉજવે સઘળા તેહ. ૧૪૪
પોતપોતાની રીતથી, પોતપોતાને ગામ,
ઉજવે દત્તજયંતી હા ! ભેગા થઈ તમામ. ૧૪૫
એમાંથી હું કોઈ એક, ગામે પહોંચી જઈશ,
ને એ ભકતો સાથ ત્યાં, જયંતી ઉજવીશ. ૧૪૬
આજ સુધી નારેશ્વરે, ઉત્સવ થતો એક,
હવે ગામેગામમાં, થાશે ઉત્સવ અનેક. ૧૪૭
માટે છોડી વ્યગ્રતા, ધરી હૃદયમાં ભાવ,
ગામે ગામના ભકતને, લેવા દો આ લ્હાવ. ૧૪૮
મોદીજી ! સૌ ભકતને પત્રદ્વારા ખબર,
મુજ નિર્ણયની આજના, આપી દો સત્વર. ૧૪૯
દરેક ભક્ત નિજ ગામમાં, નિજ નિજ રીતે આમ,
ઉજવે દત્તજયંતીનો, ઉત્સવ ધરી શુભ કામ. ૧૫૦
મુજને મારા સદ્ગુરુ, પ્રેરણા કરશે જયાંય,
દત્તજયંતીને દિને, પહોંચી જઈશ હું ત્યાંય. ૧૫૧
એમ કહી અવધૂતજીએ, આપ્યા આશીર્વાદ,
ભકતમન હળવાં થયાં, થયો દૂર વિષાદ. ૧૫૨
સમાચાર પહોંચી ગયા, વેગે ગામેગામ.
દત્તજયંતીમાં અહીં નારેશ્વરને ધામ. ૧૫૩
પૂજ્ય બાપજી નહિ રહે, જાશે બીજે કયાંય,
પ્રેરણા કરશે સદ્ગુરુ, પહોંચી જાશે ત્યાંય. ૧૫૪
સૂણતાં ગામેગામના, ભકતો થયા પ્રસન્ન,
નિજ ગામે અવધૂતને તેડવા ધાર્યું મન. ૧૫૫
ટોળે ટોળાં ભકતના, નારેશ્વરની માંહ્ય,
વિનતી કરવા ઉમટચાં અવધૂતજીને ત્યાંય. ૧૫૬
પ્રભુ ! અમારા ગામને, દત્તજંયતી પર,
પાવન કરજો આવીને દયા કરી ગુરુવર. ૧૫૭
આમ વિધવિધ ભાવથી, વિનવે સઘળા લોક,
વિનવવા અવધૂતને ઉમટચાં થોકેથોક. ૧૫૮
અવધૂતજી પણ સર્વને એક જ દે જવાબ,
મારો ગુરુજી પ્રેરશે, ત્યાં જઈશ હું આપ. ૧૫૯
જાઓ બધાં ભજન કરો, ભજન તમારું ખચિત,
મુજને ખેંચી લાવશે, કરો ભજન ધરી પ્રીત. ૧૬૦
આશ્વાસન એવું દઈ, ભકતો કરે વિદાય,
પ્રભુ અમ ઘેર પધારશે, ભકતો અતિ હરખાય. ૧૬૧
દિવસો ખળખળ વહી ગયા, આવ્યો માગસર માસ,
શુકલ પક્ષની ત્રયોદશા, આજ થઈ છે ખાસ. ૧૬૨
નારેશ્વરમાં પણ અહા ! દર વર્ષની જેમ,
ઉત્સવ જયંતી ઉજવવા તૈયારીઓ તેમ. ૧૬૩
થઈ રહી વિધવિધ અને ગામગામથી એમ,
અવધૂતજીને તેડવા, ભકતો આવ્યા તેમ. ૧૬૪

કંઈક ભક્તો આવીયા, એવો કરી વિચાર,
નીકળશે ખચિત પ્રભુ, આગલે દિન કંઈ બહાર. ૧૬૫
ત્યારે આપણે એમની, પાછળ પાછળ એમ,
જ્યાં જાશે અવધૂતજી, જાશું ત્યાં સપ્રેમ. ૧૬૬
વળી ગામેગામનાં, ભક્તોને મન આશ,
અવધૂતજી અમ ગામમાં, જરૂર આવશે ખાસ. ૧૬૭
રાત પડી તેરસતણી તોયે અવધૂત આંહ્ય,
ભક્તો સહ વાતો કરે, 'નારેશ્વરની માંહ્ય. ૧૬૮
નારેશ્વરમાં આવેલા, ભક્તો કરે વિચારઃ
અવધૂતજી નક્કી હવે, નહીં જાય કંઈ બહાર. ૧૬૯
અગર કદી કંઈ જાય તો, નજીકના કોઈ ગામ,
સાયર લીલોડ તે કદી, સામે વેળુગામ. ૧૭૦
રાત્રીભજન પૂરું થયું, વહેંચાયો પ્રસાદ,
ત્યારે પણ અવધૂતજીનો, ૐ ૐ નો નાદ. ૧૭૧
ભક્તોએ સૂણ્યો અને, વધ્યો હર્ષ અપાર,
ખચિત હવે અવધૂતજી, જાવાના નથી બહાર. ૧૭૨
એમ વિચારી ભક્તો સૌ, જઈને નિજ નિજ સ્થાન,
ઊંઘી નિરાંતથી જો ગયા, ભૂલી દેહનું ભાન ! ૧૭૩
આ બાજુ મધરાતનાં, બે વાગે અવધૂત,
જાગી સ્નાનાદિથી પરવારીને તુર્ત. ૧૭૪
નીકળ્યા જેવા બહાર ત્યાં, પૂર્વસંકેત પ્રમાણ,
ચાર ભક્તો ઊભા હતા, ડમણા આગળ જાણ. ૧૭૫
અવધૂત ચિંતન શ્રીગુરુદેવદત્ત,
બોલી ધીમે પ્રેમથી, ચઢ્યા ડમણિયે ઝટ. ૧૭૬
પૂછે નિરંજન અલખને, ભાગ્યવંત એ ચાર,
કોણ હતા ? એ અલખજી ! કહો મને આ વાર. ૧૭૭
કહે અલખજી સૂણ તું સદ્ભાગી એ ચાર,
જેણે અવધૂતણી, કરી સેવા અપાર. ૧૭૮
સુમનભાઈ માસ્તર હતા, ભજનભાસ્કર જેહ,
જેણે સેવી રંગને, ધન્ય બનાવ્યો દેહ. ૧૭૯
બીજા માસ્તર ભક્ત જે, ગાંધી જગજીવન,
અંતેવાસી રંગના, ધન્ય કર્યું જીવન, ૧૮૦
ત્રીજા માંડવા ગામના, ગિરધરભાઈ ભક્ત,
રહેતા જે હંમેશ હા ! રંગચરણઆસક્ત. ૧૮૧
ચોથા જમિયતરામ જે, અધ્વર્યુ અભિધાન,
વકીલ એ વલસાડના, રંગભક્ત મહાન. ૧૮૨
અવધૂત સહ ચાર જે, બેસી ડમણિયે આમ,
પ્રાતઃકાળે પહોંચિયા, અણસ્તુ નામે ગામ. ૧૮૩
ભાગોળે શિવજીતણા મંદિર કરી મુકામ,
ડમણું પાછું મોકલ્યું, કર્યો કંઈક વિશ્રામ. ૧૮૪
પ્હો ફાટતાં ગામમાં, પડી ગઈ ખબર,
ધોરીભાઈ ભક્ત જે, દોડી ગયા સત્વર. ૧૮૫
ગદ્ગદ્ કંઠ થઈ ગયો, આળોટ્યા ભરપૂર,
કહે બાપજી ! દયા કરી, મહેર કરી દીન પર. ૧૮૬
ગાંડા-ઘેલા થઈ ગયા, હૈયે હરખ ન માય,
ધોરીભાઈનો ભાવ હા ! વરણ્યો ના વરણાય. ૧૮૭
આખો દિવસ રહ્યા પ્રભુ ભજનકીર્તન થાય,
આખું ગામ આનંદના, અર્ણવમાં લહેરાય. ૧૮૮
ધોરીભાઈ ભક્તણી, કરી ભાવના પૂર્ણ,
મધરાતે નીકળ્યા પછી, ડમણે બેસી તુર્ત. ૧૮૯
વહેલુ મળસ્કું છે હજુ, આવ્યા સરાર ગામ,
ડમણેથી ઉતરી ગયા, ભક્તપૂરણકામ. ૧૯૦
ત્યાંથી પગપાળા અહા ! પોતે કર્યો પ્રવાસ,
દત્તજયંતી પોરમાં, ઉજવવાને ખાસ. ૧૯૧
આ બાજુએ પોરનાં, ભક્તો સૌ સપ્રેમ,
શ્રદ્ધા સહ વિચારતા, ચોક્કસ સદ્ગુરુ એમ. ૧૯૨
પોરમાં જ પધારશે, આ ઉત્સવ ઉપર,
તેથી તૈયારીઓ બધી કરી હતી સત્વર. ૧૯૩
ઘાસતણી કુટિર હા ! અવધૂતજીને કાજ,
સુંદર શણગારી હતી, સજ્જ કરી સૌ સાજ. ૧૯૪
જરૂર સદ્ગુરુ પધારશે, રાખી એવી આશ,
ભિક્ષાની તૈયારીઓ, રાખી'તી પણ ખાસ. ૧૯૫
ગામના કંઈક જુવાનીયા, સાઈકલ લઈને ખાસ,
આજુ બાજુના મારગે, કરવા સર્વ તપાસ. ૧૯૬
નીકળ્યા'તા હા ! તેમણે, સરાર કેરી વાટ,
લીધી હતી અવધૂતની, ઝાંખી કરવા માટ. ૧૯૭
ત્યાં તો પૂર્વ દિશા મહીં, નીકળી ઉષા વાહ !
દિવ્ય ગુલાબી રંગનો, વહાવતી પ્રવાહ ! ૧૯૮
દિવ્ય ગુલાબી પ્રકાશમાં, દિવ્ય મૂર્તિનાં એક,
દર્શન થાતાં જુવાનિયા, થાતા પાગલ છેક. ૧૯૯
સાયકલ પરથી કૂદિયા, ફેંકી સાયકલ દૂર,
ધૂળમાં આળોટી પડયા, થઈ પ્રેમચકચૂર. ૨૦૦

અવધૂતજી સમજી ગયા, સાથીદારોને એમ,
ટકોર કરતાં બોલિયા, આ લોકોને કેમ ? ૨૦૧
કયાંથી ખબર પડી હશે ? દોડી આવ્યા આંહ્ય?
ત્યાં તો પૂછ્યું કોઈએ, જુવાનીયાઓને ત્યાંયઃ ૨૦૨
શી રીતે તમને અરે ! થાતી સૌ આ ખબર ?
જેથી દોડી આવિયા, સાયકલ લઈ સત્વર . ૨૦૩
પણ પેલા જુવાનિયા, થઈ સજલનયન,
ભાવાવેશમાં રંગનાં કરતા'તા દર્શન. ૨૦૪
ધૂળભર્યાં તન-કપડાં, નયને હર્ષનાં જલ,
ભાવોદ્રેકથી મૂક થઈ, નીરખી રહ્યા ગુરુવર. ૨૦૫
અવધૂતનાં દર્શનથી ખોઈ બેઠા આપ,
ભાન નહિ નિજ તનતણું, કયાંથી આપે જવાબ ? ૨૦૬
નયનમનોહર મૂર્તિ એ, અવધૂતજીની વાહ !
નીરખી નીરખી ભકત આ, ડૂબ્યા પ્રેમ-પ્રવાહ. ૨૦૭
જટાજૂટ શિર પર અને, તે પર ટોપી એક,
ઉનની ઢાંકતી કર્ણને, પહેરી લીધી છે છેક. ૨૦૮
આછા ભૂરા રંગની, ઊનની કામળ એક,
દિવ્ય અંગ પર ચિવટથી, લીધી લપેટી દેખ . ૨૦૯
ખભાથી ઘૂંટણ સુધી, કામળ ઢાંક્યું અંગ ,
કટિ પર ધોળો-ખાદીનો, બાંધી દીધો તંગ. ૨૧૦
જમણા હાથે દંડ ને ડાબો ખાલી હાથ,
આમ તેમ હલાવીને, કરતા પ્રેમે વાત. ૨૧૧
દિવ્ય તેજ મુખ પર વસે, સૂર્ય ચંદ્ર નયન,
નાખી નજર ખસે નહિ, એવું શશી-વદન. ૨૧૨
ધૂળભર્યા એ ચરણ પર , ચમકે નખ-શશી જ્યોત,
જાણે પ્રદોષ સમયમાં, ચમકી રહ્યો ખદ્યોત ! ૨૧૩
મરક મરક મુખડું હશે, નયન સ્નેહની ધાર,
બાળક ! આ અવધૂત પર, જીવન નાખું ઓવાર. ૨૧૪
જુવાનો આ રંગનાં, દર્શન કરતાં એમ,
તન-મન-ભાન ભૂલી અને થયા સ્તબ્ધ ત્યાં તેમ. ૨૧૫
ભકતોના આ ભાવને, સમજી ગયા અવધૂત,
મધુર સ્વરે પછી ભકતને, કહેવા લાગ્યા તૂર્ત. ૨૧૬
જાઓ ઝટ હવે ગામમાં, કરો બધાંને જાણ,
સૂણી વચન ગુરુદેવનાં, યુવકો જોડી પાણ. ૨૧૭
ફરી ફરી વંદન કરી, અવધૂતચરણો માંહ્ય.
ઝડપે સાયકલ સ્વાર થઈ, આવ્યા ગામની માંહ્ય. ૨૧૮
આવ્યા છે અવધૂતજી, એવા શુભ સમાચાર,
પવનવેગે ગામમાં, ફરી વળ્યા તે વાર. ૨૧૯
આવે અવધૂત ગામમાં, સૂણતાં સમાચાર,
થોકેથોક જન ગામનાં, નીકળ્યાં ઘરની બહાર. ૨૨૦
મીઠી પરોઢની ઊંઘ હા ! કંઈક લહેરી જન,
માણતાં હતાં તેમને, કર્ણ પડયાં આ વચન. ૨૨૧
શૈયામાંથી એકદમ, કૂદ્યા મારી છલાંગ,
અવધૂતના આગમનથી, છલકાયો ઉમંગ. ૨૨૨
આછાં-ઝીણાં વસ્ત્રની, પરવા કર્યા વગર,
દડ-બડ-દડ-બડ દોડતા, પાદર ગયા સત્વર. ૨૨૩
વિખરાયેલા વાળ ને, અસ્ત-વ્યસ્ત પોષાક,
પરવા વિણ નિજ દેહની, દોડયા સર્વે દ્રાક્. ૨૨૪
આવી ગયા ભાગોળમાં, યોગીના શિરતાજ,
ભાઈઓ-બહેનો ગામનાં, દોડયાં મૂકી કાજ. ૨૨૫
બહેનો વાસણ માંજતી, મૂકી વાસણ એમ,
મેલા-ઘેલા હાથથી, દોડી વેગે તેમ. ૨૨૬
કંઈ માતાઓ બાળને, કરાવતી પયપાન,
બાપજી આવ્યા સૂણતાં, દોડી ગઈ મસ્તાન. ૨૨૭
રડતાં મૂકી બાળને, દોડી દર્શન કાજ,
નર-નારી સૌ હર્ષથી, ઘેલાં થઈ ગયાં આજ. ૨૨૮
દાતણ કરતા લોક સૌ, દાતણ લઈને હાથ,
દોડયા વેગે નીરખવા, નારેશ્વરના નાથ. ૨૨૯
ચૂલો ફૂંકતી બાઈ કોઈ, ફૂંકણી લઈને સાથ,
રોટલા ઘડતી કોઈ વળી, દોડી એંઠે હાથ. ૨૩૦
સ્નાન કરવા બેસતાં, લોટો લઈ નિજ કર,
મોઢું પણ ધોયા વિના, દોડયા સૂણી ખબર. ૨૩૧
કંઈ જન જંગલિયા લઈ, જંગલ જાવા માટ,
દિશાએ જાતા હતા, તે પણ સૂણતાં વાતઃ ૨૩૨
ફેંકી જંગલિયા દઈ, દોડયા અવધૂત પાસ,
અવધૂતજી અમ ગામમાં, ધન્ય પધાર્યા ખાસ. ૨૩૩
ખેડૂતો હળ છોડીને, છોડી ખેતરકામ,
દોડી આવ્યા નિજ ગામમાં, ધન્ય પધાર્યા ખાસ. ૨૩૪
નર નારી ને બાળ સૌ, યુવકો વૃદ્ધો તેમ.
હેલે ચઢયાં આનંદના, ભાન ભૂલી સૌ એમ. ૨૩૫
આનંદાબ્ધિમાં અહા ! આજે ડૂબ્યું ગામ,
અવધૂતમય જન થઈ ગયા, રહ્યું ન દુઃખનું નામ. ૨૩૬

શ્રી કૃષ્ણદર્શન કાજ જ્યમ, ઉલટ્યું'તું વૃંદાવન ,
દોડી હતી ગોપીઓ, ભૂલી ભાન નિજ તન. ૨૩૭
તેમ આજ જન પોરના, અવધૂતદર્શન કાજ,
ગાંડા-ઘેલા થઈ ગયા, મૂકી લૌકિક લાજ. ૨૩૮
ધન્ય પધાર્યા રંગને, ધન્ય નર ને નાર,
ધન્ય ગામ પાવન બન્યું, ધન્ય બન્યો અવતાર. ૨૩૯
જે રીતે નારેશ્વરે, દત્તજંયત્યુત્સવ,
ઉજવાતો'તો તે રીતે , ઉજવ્યો અહીં ઉત્સવ. ૨૪૦
સંવત બે હજારને, પાંચની સાલમાં એમ,
પોરમાં જામ્યો રંગ જો, પ્રભુ પધાર્યા ગામ ! ૨૪૧
સ્વયં શ્રી અવધૂતજી, પગે ચાલીને આમ,
દત્તજયંતી ઉજવવા, આવ્યા પોર મુકામ. ૨૪૨
દત્તજયંતી આ પ્રથમ, નારેશ્વરની બહાર,
ઉજવી શ્રી અવધૂતજીએ, તેથી એનું અપાર. ૨૪૩
ઐતિહાસિક મહત્ત્વ છે, સૂણ શિષ્ય આ વાર,
ધન્ય પોરના લોકને, વંદુ વારંવાર. ૨૪૪
ત્યાર પછી દર વર્ષ હા ! જુદે જુદે ગામ,
દત્તજયંતી ઉજવવા, જાતા પૂરણકામ. ૨૪૫
ઓગણીસો પંચાસીની, સાલથી ચાલી એમ,
બે હજારને ચાર સુધી, નારેશ્વરમાં તેમ. ૨૪૬
ઉજવાયા વીસ ઉત્સવો, કરી ખૂબ ધૂમધામ,
પછી ઉજવાતા થયા, જુદે જુદે ગામ. ૨૪૭
આમ દત્તજયંતીના ઉત્સવનો આ સાર,
કહ્યો બધો ટૂંકાણમાં, નથી કર્યો વિસ્તાર. ૨૪૮
વકીલ જમિયતરામજી, ખ્યાતનામ વિદ્વાન,
'દત્તજયંતીદર્શન' મહીં, ગૂંથે સઘળું માન ! ૨૪૯
વિસ્તારથી ભાવે કર્યું, ઉત્સવનું વર્ણન,
કાવ્ય રસાત્મક એ બધું પઢતાં ચિત્ત પ્રસન્ન. ૨૫૦
થાશે ને જાશે બધો, મનનો વ્યર્થ વિષાદ,
ચિત્ત સદ્ગુરુચરણમાં, ચોંટશે નિર્વિવાદ. ૨૫૧
એમ વદી શ્રીઅલખજી, થયા મૂક પલવાર,
શિષ્ય નિરંજન ભાવથી વંદે વારંવાર. ૨૫૨

'બાલક' કેરા ગામમાં, આવ્યા ગુરુવર રંગ,
ભાવે પઢતાં એ કથા, ફરે સમૂળો ઢંગ. ૨૫૩

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલ ગોવિન્દોપાધ્યાય(બાલક) રચિતે
શ્રી રંગલીલામૃતે અલખનિરંજનસંવાદે શ્રીદત્તજ્યંત્યુત્સવવર્ણનં નામ ષટ્ત્રિંશોઽધ્યાયઃ ।।૩૬।।દોહરા ૨૫૩।।

## અધ્યાય :૩૭

અલખ કહે આગળ સૂણો અવધૂતલીલા અપાર,
ભ્રમની ભોગળ ભાંગશે થાશે સ્વચ્છ વિચાર. ૧
નિઃસંગી અવધૂત એ નારેશ્વરની માંહ્ય,
એકાકી તપ આદરે, રે' નિર્લેપ સદાય. ૨
સુવાસ સાત્ત્વિક તપતણી ફેલાઈ ચોપાસ,
આકર્ષાયા જન કંઈ સદ્ભાગી જે ખાસ. ૩
આજુબાજુના ગામથી દૂર દૂરથી તેમ,
ટોળેટોળાં ભકતનાં આવવા લાગ્યાં એમ. ૪
રહેવા-જમવાની કશી નહિ વ્યવસ્થા ત્યાંય,
તાપ, ટાઢ-વર્ષા થકી બચવા માટે કયાંય. ૫
નહિ છાપરૂં એક પણ કેવળ નિબિડ વન,
તોયે આવે દૂરથી પ્રેમે ભાવિક જન. ૬
ભાથું-બિસ્તર ઘેરથી બાંધી લાવે સાથ,
રેવાજલ લાવે ભરી પાણી પીવા માટ. ૭
પડી રહે વૃક્ષો નીચે ટાઢ-તાપની એમ,
પરવા વિણ પ્રેમે રહે ધન્ય ! ભકત સૌ તેમ. ૮
કરી તિતિક્ષા દેહને દેતા કષ્ટ અપાર,
દર્શન થાતાં રંગનાં રહે ન કષ્ટ લગાર. ૯
ચોમાસું ચાલુ થયું આવ્યો અષાઢ માસ,
અષાઢ સુદી પૂર્ણિમા સદ્ગુરુપૂજન કાજ; ૧૦
ભકતો સહુ ભેગા થયા સદ્ગુરુપૂજન કાજ,
ઈન્દ્રરાજ પણ સૈન્ય સહ ભલે પધાર્યા આજ, ૧૧
ધૂમ-ધામ ગર્જ્યા અને વીજળીના ચમકાર,
બારે મેઘો વરસવા લાગ્યા અનરાધાર. ૧૨
શીતલ પવન ફૂંકાય ને વૃક્ષો ગાંડાતુર !
ઝૂમીઝૂમી ડોલતાં કરતાં ધ્વનિ પ્રચુર ! ૧૩
ભકતો ભીંજ્યા ત્યાં બધા થર થર ધ્રુજે કાય,
જલ ઝાડીઓ મુખપર પડે આંખે ના દેખાય. ૧૪

આંખે હાથની છાજલી વાળી ભકતો એમ,
પડતી ઝાડીઓ ખાળવા વ્યર્થ પ્રયત્નો તેમ; ૧૫
કરવા લાગ્યા ફરી ફરી જોઈ એમના હાલ,
અવધૂતજીના અંતરે જાણે ડંખ્યો વ્યાલ ! ૧૬
ઊંચું ભાળી ઈન્દ્રને જોડી બન્ને હાથ,
કહેવા લાગ્યા ભાવથી નારેશ્વરના નાથઃ ૧૭
'' ગ્રહણ કર્યો તવ અર્ઘ્ય મેં ખમા કરો મહેન્દ્ર !
દર્શન દીધાં ને કીધાં પરસ્પર મહેન્દ્ર ! ૧૮
ભકતો આ ભીંજાય છે એનો કરો વિચાર,
ભાવતણો અતિરેક આ બંધ કરો આ વાર.'' ૧૯
અવધૂતજીના શબ્દથી ચમત્કાર સર્જાય,
અઢળક ઢળતો મેઘ ત્યાં તુર્ત બંધ થઈ જાય ! ૨૦
વાદળ વેર-વિખેર થઈ ખસી ગયાં ક્ષણ માંહ્ય,
સૂર્યરશ્મિ ચમકી રહ્યાં રેવાજલ પર ત્યાંય. ૨૧
ભકતો વિસ્મિત થઈ બધા થયા મોદથી મત્ત;
ગગનભેદી નાદથી બોલ્યા 'જય ગુરુદત્ત' ૨૨
પ્રેમે સદ્ગુરુનાં કર્યાં પૂજન અને ભજન,
આનંદે નાચી ઊઠયાં ધન્ય બન્યો એ દન. ૨૩
ભકતનાં તો તન ભીંજ્યા અવધૂત કેરું મન !
ભીંજ્યું અને દ્રવિત થયું બોલ્યા સહજ વચનઃ ૨૪
'' અરે દાસ ! તમ લોકને આજ ભીંજાતાં આંહ્ય,
જોઈને બહુ દુઃખ થયું મુજ અંતરની માંહ્ય. ૨૫
માટે તમ સૌ કારણે નાનકડું એકાદ,
મકાન બાંધ્યું હોય તો રહે ન આ વિષાદ.'' ૨૬
સૂણી વચન અવધૂતનાં દાસનું હરખ્યું મન,
સદ્ગુરુચરણે શિર ધરી બોલ્યા નમ્ર વચનઃ ૨૭
''અરે બાપજી ! અમતણા મનમાં એ વિચાર,
કયારનોયે આવ્યો હતો પણ હતા લાચાર. ૨૮
નાનકડું એક ખોરડું બાંધવા કાજે આપ
અનુજ્ઞા દેતા નહિ, મને યાદ છે , બાપ ! ૨૯
મોટા તો પછી મકાનની કરવા જાઉં જો વાત;
પુણ્યપ્રકોપ તો આપનો ઊઠે ભભૂકી તાત ! ૩૦
તેથી હું કહેતો ન'તો સૌના મનની વાત;
આપ વાચા અર્પતા અમ મનને સાક્ષાત્.'' ૩૧
દાસ હજુ નિજ ભાવને કરી રહ્યા છે વ્યકત,
ત્યાં તો એકી અવાજથી બોલી ઊઠયા ભકતઃ ૩૨
''આપણે છે અહીં બાંધવું મકાન એક વિશાલ !
તે માટે નિર્ણય કરો સર્વ હાલ ને હાલ.'' ૩૩
આજ્ઞા મળી અવધૂતની પછી શું કરવી વાત !
આયોજન મકાનનું થઈ ગયું સાક્ષાત્. ૩૪
સેવામાં તત્પર થયા સૌ શકત્યાનુસાર,
ઝાઝા હાથ રળિયામણા, ક્ષણે ન લાગી વાર. ૩૫
આસપાસનાં ગામ જે સાયર, લીલોડ તેમ,
કહોણા દિવેર મીંઢોળ ને વેળુગામ એમ; ૩૬
ભકતો ભેગા મળી, મિલાવી ખાંધેખાંધ,
પરચો સંઘશકિતતણો કરાવતા નિર્બાધ. ૩૭
ગાડાં ભરી-ભરી લાવતા, ચુનો ઈંટ-પથ્થર;
કોણે મોકલ્યું ? કયાં થકી ? પડે ન કયાંય ખબર ! ૩૮
અહીંયા પણ અવધૂતનો નિરાલંબ આદેશ,
ચુસ્તપણે સૌ પાળતા ચુક નહિ લવલેશ. ૩૯
શ્રીહરગોવિંદદાસની દૃષ્ટિ નીચે એમ,
કામકાજ મકાનનું ચાલ્યું વેગે તેમ. ૪૦
સંવત ઓગણીસો અને એકાણુના એમ,
દશેરાથી શરૂ થયું કામ મકાનનું તેમ. ૪૧
ઓગણીસો બાણુંતણા જેઠમાસમાં આમ,
વિશાળ અતિથિગૃહતણું પૂર્ણ થયું સહુ કામ. ૪૨
અલખ કહે જયારે અહીં અતિથિગૃહનું કામ,
હતું ચાલતું ત્યાહરે ગંગા જેનું નામ, ૪૩
કન્યા એ માછીતણી દશ વર્ષની એમ,
મજુરીએ નિત આવતી, ધારી હૈયે પ્રેમ. ૪૪
સહુથી વહેલી આવે ને સહુથી મોડી જાય,
ઘરથી ઘડેલો રોટલો લાવી નિત્ય ખાય. ૪૫
સ્થાનમાં મજુરો કાજ હા ! રોટલો નિત્ય ઘડાય,
ગંગા સ્થાનનું મફતિયા અન્ન કદી ના ખાય ! ૪૬
રોજ હતો મજુરનો એક દિનનો તે વાર,
રોટલા એક ટંક ને આના ત્રણ કે ચાર. ૪૭
પૈસા ગંગા ના ગ્રહે, રોટલા વળી ના ખાય;
ઘરનું ખાઈને પ્રેમથી કરતી કામ સદાય. ૪૮
અલખ કહે સૂણ શિષ્ય આ કન્યા નાની ગમાર,
અભણ-માછીની તોય પણ કેવા શુદ્ધ વિચાર ! ૪૯
''સદ્ગુરુ કેરા સ્થાનમાં સદ્ગુરુભકતો કાજ,
શ્રીમંતો બાંધી રહ્યા ધરમશાળા આજ. ૫૦

ધનવાળા ધન આપીને કરો ધન્ય નિજ કાય,
હું તો સાવ ગરીબ છું મુજથી શું અપાય ? ૫૧
મારું ધન મુજ તન છે , તન-તૂટ કામ કરીશ,
એ રીતે ગુરુકાર્યમાં ફાળો મુજ આપીશ.'' ૫૨
એમ વિચારી મન વિષે ગંગા પ્રસન્ન મન,
મહેનત તન-તોડ કરે કરતી ગુરુસ્મરણ. ૫૩
માટી વહે, ઈંટો વહે, વહે રેતી ધરી ધીર;
ભરી-ભરી ઘડા ઘાટથી લાવે રેવાનીર ! ૫૪
પંતગિયા શી ઉમંગથી ઘૂમતી ચારેકોર,
મસ્તી હૈયામાં ભરી ગુરુકાર્યની ઓર. ૫૫
વીત્યા ચારેક માસ ને મકાન કેરું કામ,
પૂર્ણ થયું ને દાસ સહ હરખ્યા ભકત તમામ. ૫૬
પૂર્ણ કામ થયા પછી દાસે વિચાર્યું મનઃ
''કડિયા-મજુર સર્વને દઉં મિષ્ટ ભોજન'' ! ૫૭
બીજા ભકતો પાસ આ દાસે મૂકયો વિચાર,
વાતવધાવે સૌ તિહાં હરખ્યાં મન અપાર. ૫૮
પછી દાસકાકા અહા ! ગયા પૂજ્યશ્રી પાસ,
શ્રીચરણે માથું મુકી બોલ્યા કરતા હાસઃ ૫૯
''પ્રભુ ! અમ સૌ ભકતની મનની ઈચ્છા એક,
આજ્ઞા આપો આપ તો પુરી કરીએ છેક. ૬૦
પૂર્ણ પ્રભો ! થાતું અહીં અતિથિગૃહનું કામ,
આવતીકાલ ચૂકવવા હિસાબ સૌના તમામ. ૬૧
મજુર કડિયા સુતારને બોલાવ્યા છે આંહ્ય,
જેથી નીકળતી સર્વને પઈ-પાઈ ચુકવાય. ૬૨
કાલે આવે ત્યાહરે મજુર સર્વને આંહ્ય,
જમાડી મિષ્ટાન્ન ને પછી કરીયે વિદાય.'' ૬૩
સૂણી વાત આ દાસની અવધૂત થયા પ્રસન્ન,
મંદ-મંદ હાસ્યે પછી બોલ્યા મધુર વચનઃ ૬૪
''ઉત્તમ વિચારો આપના સૂણો પણ મુજ વાત,
મેં તો સર્વ મજુરને દેવા વસ્ત્ર-પ્રસાદ; ૬૫
વિચાર્યું છે કયારનું, માટે આજને આજ
કરજણ મોકલો કોઈને વસ્ત્રો લેવા કાજ. ૬૬
સ્ત્રી મજુરને સાડી ને ધોતી પુરુષને તેમ,
કરી ગણતરી અબઘડી મંગાવી લો એમ.'' ૬૭
સૂણી વચન અવધૂતનાં દાસ હૃદય હરખાય,
આનંદે આવેશમાં ગાંડા-ઘેલા થાય ! ૬૮

ભકતો આવ્યા ગેલમાં, કામે લાગી જાય,
દોડ-દોડ કરી મૂકી હૈયે હરખ ન માય. ૬૯
ઘોડા, ગાડાં, ડમણિયાં જેમ ફાવ્યું તેમ,
હર્ષોલ્લાસે જોતર્યાં ધારી હૈયે નેમ. ૭૦
સામગ્રી રસોઈની ગોળ-ખાંડ-ઘી-તેલ,
રસોઈયા વસ્ત્રોતણો જામ્યો સુંદર મેળ. ૭૧
બીજે દિન આવ્યા બધા, કડિયા, મજુર, સુથાર;
દાસે લાડુ જમાડિયા આગ્રહ કરી અપાર. ૭૨
પેલી ગંગા નાનડી છાની-માની બહાર,
નજર ચૂકવી દાસની જાવા થઈ તૈયાર. ૭૩
બાજ-નજર છે દાસની કોઈથી ના છટકાય,
જાતી ગંગા પૂછતાઃ''હવે કહે કયાં જાય ? ૭૪
આજે તો બસ તાહરે લેવો પડશે પ્રસાદ,
ના પાડી ને આજ તું કરીશ નહીં વિવાદ.'' ૭૫
કાકા દાસે એમ કહી ગંગાને તે વાર,
આગ્રહ કરી લાડુતણું જમાડયું ભોજન સાર. ૭૬
જમ્યા પછી ભેગા થઈ સઘળા કારીગર,
લીમડા નીચે આવિયા, બેઠા જ્યાં ગુરુવર. ૭૭
એક એક મજુરને બોલાવી નિજ પાસ,
અવધૂતજી સ્વહસ્તથી આપે વસ્ત્રો ખાસ. ૭૮
ઊભા ઊભા દાસ ત્યાં દરેક મજુરની એમ,
અવધૂતને આપી રહ્યા ઓળખ સૌની તેમ. ૭૯
નાનકડી ગંગા પણે દૂર ખૂણાની માંહ્ય,
શરમાતી સંકોચથી ઊભી'તી નતકાય. ૮૦
દિવ્ય નજર અવધૂતની પડતાં એની ઉપર,
''આવ, લે ઓ અહીં આવ તું'' બોલ્યા સદ્‌ગુરુવર. ૮૧
પણ આ તો ગંગા હતી, ઊભી ત્યાંની ત્યાંય;
નીચું ભાળી અંગુઠે ખોતરતી'તી ભોંય. ૮૨
બોલાવે અવધૂત પણ ત્યાં ના ગંગા જાય,
વિચારે મન,''મુજ થકી સાડી કયમ લેવાય ? ૮૩
મેં તો મારા ગુરુતણું કર્યું ભાવથી કામ,
સાડી તો બદલો ઠરે દુભે આત્મારામ.'' ૮૪
ગંગા તો સંકોચથી ઊભી છે ત્યાં સ્થિર !
નજર પડી ત્યાં દાસની બોલ્યા વચન ગંભીરઃ ૮૫
''પ્રભો ! સૂણો ગંગાતણી વાત ગજબની એક ;
નજીકના આ ગામની માછી-કન્યા નેક ! ૮૬

જયારથી અતિથિગૃહનું શરૂ થયું'તું કામ,
ત્યારથી ગંગા રોજ અહીં કરવા આવતી કામ. ૮૭
વહેલી સવારે આવતી સાંજે મોડી જાય !
ઘેરથી લાવે રોટલા તે જ નિત્યે ખાય. ૮૮
કરી મજુરી તે તણા લીધા નથી કંઈ દામ,
હરખે હરખે ભાવથી કરતી સઘળું કામ. ૮૯
ગંગાએ મહેનત કરી ઘરના રોટલા ખાઈ,
કર્યું કાર્ય ચાર માસ જો લીધા વિના એક પાઈ !'' ૯૦
સૂણી વાત આ દાસની દ્રવ્યા દયાળુ રંગ,
અંતર હરખાયું અને બોલ્યા ભવભયભંગઃ ૯૧
''ગંગા ! લે આ સાડલો પ્રસાદ મારો જાણ;''
પણ ગંગા તો સ્થિર ઊભી કરી બંધ નિજ વાણ. ૯૨
ત્યાં તો બોલ્યા દાસ હા ! '' લે છોડી ! લેવાય,
પ્રસાદ આ ગુરુદેવનો એની ના ન પડાય.'' ૯૩
સમજાવી દાસે ઘણી ત્યારે ગંગા એમ,
શરમાતી ગદ્‌ગદ્‌ સ્વરે બોલી શબ્દો તેમઃ ૯૪
''કાકા ! મારા ગુરુતણા સત્‌ કાર્યની માંહ્ય,
દેવાને મુજ ગરીબની પાસ નથી ધન કયાંય. ૯૫
મારું ધન મુજ શરીર છે મુજ તનથી આ વાર,
જે કંઈ સેવા થઈ અરે ! તેનો કરો સ્વીકાર. ૯૬
સાડી તો બદલો ઠરે મુજથી ના લેવાય,
લઉં તો મારા શરીરની મહેનત નિષ્ફળ જાય'' ! ૯૭
અભણ ગણાતી દીકરી તેનાં સૂણી વચન,
અવધૂત ગદ્‌ગદ્‌ થઈ ગયા મુખડું થયું પ્રસન્ન. ૯૮
કૃપાદષ્ટિ ગંગા પરે નાખી કૃપાનિધાન,
ઉચ્ચ અને મક્કમ સ્વરે બોલ્યા અમૃત વાણઃ ૯૯
''માગ માગ ઓ દીકરી ! શું જોઈએ ? માગ !
તારા પર પ્રસન્ન છું ધન્ય છે તુજ અનુરાગ.'' ૧૦૦
અલખ કહે ગંગાતણા ભાગ્યને કોટિ ધન્ય !
અવધૂતે કોઈને કદી દીધું ન આવું વચન ! ૧૦૧
વચન સૂણી ગુરુદેવનાં ગંગા થઈ દિઙ્‌મૂઢ !
''શું માંગુ હું બાપજી ! હું તો સાવ અબુધ,'' ૧૦૨
હૃદયમાં શું ભકતના ? સૂણ તું શિષ્ય સુજાણ,
ગંગાએ જે માગિયું કોઈ ન માગે આન. ૧૦૩
ગદ્‌ગદ્‌ કંઠ થઈ ગયો નયને છલકાયાં નીર,
કરદ્વય જોડી ભાવથી બોલી ગંગા ધીરઃ ૧૦૪
''જો મુજ પર પ્રસન્ન હો ઓ મારા ગુરુનાથ !
પુનિત ચરણો આપનાં મુજ ઘર ધરો હે તાત ! ૧૦૫
ગરીબ ઘેર પધારીને પુનિત કરો મુજ ઘર,
ઈચ્છા મનની આટલી પૂર્ણ કરો ગુરુવર.'' ૧૦૬
સૂણી વચન ગંગાતણાં આસપાસનાં જન
ગદ્‌ગદ્‌ થઈ બોલી ઊઠયા ''ધન્ય છે ગંગા ! ધન !'' ૧૦૭
વિતરાગી અવધૂત પણ સૂણી એનાં વચન,
પલભર તો દિઙ્‌મૂઢ થયા પછી થયા પ્રસન્ન. ૧૦૮
બોલે ત્યાં અવધૂતજી''સૂણ ગંગા એક વાત,
તુજ પતિનું ઘર એજ છે તારું ઘર સાક્ષાત્‌ . ૧૦૯
જયારે તું પરણીશ ને તારે સાસરે જઈશ,
ત્યારે તે ઘર અચુક હું ગંગા ! જરૂર આવીશ.'' ૧૧૦
એમ કહી સાડી તણો પ્રસાદ ગંગાહસ્ત,
આપીને અવધૂત વદ્યા ''જા મોજ કર મસ્ત !'' ૧૧૧
પડયા શેરડા શરમના ગંગાના મુખ પર,
વાત સૂણી નિજ લગ્નની થઈ મુગ્ધ પલભર. ૧૧૨
ગંગાએ સદ્‌ગુરુતણા શબ્દો સૂણી સ્પષ્ટ,
ગાંઠવાળી નિજ હૃદયમાં થઈ અંતરે હૃષ્ટ. ૧૧૩
''મુજ ગરીબને ઘેર હા ! અવધૂત ગરીબનવાજ !
જરૂર એક દિ' આવશે સફળ થશે મુજ કાજ.'' ૧૧૪
ભંડારી નિજ હૃદયમાં અવધૂતજીનાં વચન,
ગંગા નિજ ગામે ગઈ હરખાતી અતિ મન. ૧૧૫
વર્ષો વીત્યાં વાતને ચઢિયાં કાળપડળ;
શ્રીહરગોવિંદદાસ ને ગોર પ્રભાશંકર, ૧૧૬
ચતુરભાઈ થાણદારને નાથાભાઈ પટેલ,
નામશેષ સૌ થઈ ગયા કાળગતિ મુશ્કેલ. ૧૧૭
નારેશ્વરના નાથનો ડંકો ચારેકોર !
દિંગતમાં ગાજી રહ્યો જાણે ટહુકયો મોર. ૧૧૮
દત્ત દત્તની ધૂનમાં મસ્ત બન્યું ગુજરાત,
રંગતણા રંગે અહા ! રંગાયા સાક્ષાત્‌. ૧૧૯
રંગતણી જયંતીઓ ઠેર-ઠેર ઉજવાય,
મોદ-મત્ત માનવતણો મહેરામણ ઉભરાય. ૧૨૦
અનેક ધાર્મિક ઉત્સવો નારેશ્વરમાં થાય,
માનવ કેરી મેદની છલ છલ ત્યાં છલકાય. ૧૨૧
પેલી ગંગા નાનડી થઈ હવે યુવાન,
પરણી પુત્રવતી થઈ ગાતી સદ્‌ગુરુગાન. ૧૨૨

આવે ગુરુવાર કદી સમય મળતાં એહ,
દર્શન કરવા ગુરુતણા ધારી નયને નેહ. ૧૨૩
પણ હાવે નારેશ્વર દૂર દૂરથી લોક,
આર્ત-અર્થાર્થી બધા આવે થોકે થોક. ૧૨૪
તેમાં આ ગમાર ને ગરીબ માછણ પર,
કોણ નજર કરે ? અને પૂછે કોણ ખબર ? ૧૨૫
કોણ નોંધ લે એહની ? કોને પડી છે કયાંય !
એના જેવી સેંકડો આવે ને વળી જાય ! ૧૨૬
પણ નજર અવધૂતની છૂપી કેમ છૂપાય ?
પલભર ગંગાપર પડે તારકગોષ્ઠી થાય. ૧૨૭
વરસે અવધૂતઆંખથી આશિષનો વરસાદ.
ગંગાહૈયે ઉભરે છલછલતો આહ્લાદ. ૧૨૮
છાનું છાનું કહી જતી અવધૂતજીની નજરઃ
''મુજ વચન ભુલ્યો નથી થોડી ધીરજ ધર.'' ૧૨૯
જાણે સામે રંગને ગંગાની પણ નજર,
કહી રહી ''બ્રીદ તાહરું તું જાણે ગુરુવર !'' ૧૩૦
દિવસો વીત્યા કંઈક ને રંગજંયતી દિન,
આવ્યો ને ભકતો બધા આવ્યા ધરી યકીન. ૧૩૧
દૂરદૂરના ભકત કંઈ અવધૂતજીની પાસ,
આવવા લાગ્યા નિમંત્રવા અવધૂતજીને ખાસ, ૧૩૨
રંગજયંતી ઉજવવા નિજ નિજ ગામે આમ,
પધારવા અવધૂતને વિનતિ કરે તમામ. ૧૩૩
ઉત્સવ ઉજવવો હતો કરી ખૂબ ધૂમ-ધામ,
લાખો રૂપિયા ખરચવા રાખી હૈયે હામ. ૧૩૪
પણ અહીં તો અવધૂતનો ગંગા કેરો પ્રેમ,
ખેંચી રહ્યો'તો જોરથી, કહો તૂટે એ કેમ ? ૧૩૫
ભક્તિવશ ભગવાન છે ભકતો ખેંચે જેમ,
ખેંચાતો એ તેમ જો, પરવશ જોતાં પ્રેમ ! ૧૩૬
પ્રેમને કાચે તાંતણે બંધાયે વિશ્વેશ !
પ્રેમે વિધ-વિધ નામ ને ધારે વિધ- વિધ વેશ. ૧૩૭
પ્રેમે પ્રભુ પ્રગટ થતા પ્રેમે ધારે દેહ,
પ્રેમે નિર્ગુણ સગુણ હા ! થાયે નિઃસંદેહ. ૧૩૮
ભક્તિભાવવશ ભૂધરો ભાવ ભક્તિનો પ્રાણ,
વિના ભાવની ભક્તિ તે દંભ નર્યો તું જાણ ! ૧૩૯
ગંગાકેરા ભાવથી, ખેંચાયા અવધૂત,
ગંગા-ઘર જાવાતણો કીધો નિર્ણય તૂર્ત. ૧૪૦
શેખી કરતા શ્રીમંત સૌ, રાખ્યા બાજુ પર;
ભાવસભર ગંગાઘરે જવા થયા તત્પર. ૧૪૧
રાત્રે મા રુકુમા કને દૂધની દશમી ચાર,
બનાવડાવી શાકસહ કર્યું 'ટિફિન' તૈયાર. ૧૪૨
વે'લી પરોઢે નરસીને સાથે લઈને એમ,
નાવમાં બેસી નીકળ્યા સદ્ગુરુ અવધૂત તેમ. ૧૪૩
પ્રાગડ થાતાં આવિયા લીલીપરાને ઘાટ,
ગંગાની એ સાસરી માછીનો વસવાટ. ૧૪૪
લીલીપરાના ઘાટપર કરી નાવ લંગર,
ઉતરી ચાલ્યા ગામમાં નરસી સહ ગુરુવર. ૧૪૫
મત્સ્ય પકડવા કાજ ત્યાં હાથમાં લઈને જાળ,
નદીએ જાતા માછીઓ માર્ગે મળ્યા તત્કાળ. ૧૪૬
જોતાં શ્રીઅવધૂતને માછીઓ થઈ વિસ્મિત,
જાળો ફેંકી દોડિયા, થયો હર્ષ અતિ ચિત્ત. ૧૪૭
હર્ષાવેશમાં દોડિયા કરતા શોર-બકોર,
''અવધૂત આવ્યા છે અલ્યા ! દોડો આણીકોર.'' ૧૪૮
નામ સૂણી અવધૂતનું લોકો ઘરની બહાર,
નીકળી દોડયા હર્ષથી છોડી ઘરવ્યવહાર. ૧૪૯
બાળક, વૃદ્ધ, યુવાન ને સઘળાં નર ને નાર,
ભાગોળે ભેગાં થયાં હૈયે હર્ષ અપાર. ૧૫૦
એક જણ દોડી ગયો ગંગા કેરે ઘર,
અતિશય હર્ષાવેશમાં બોલ્યો ઊંચે સ્વરઃ ૧૫૧
''અરે ગંગા ! અવધૂતજી આવ્યા છે પાદર,
હજી સુધી બેઠી રહી તને નથી ખબર ?'' ૧૫૨
અમૃતની વર્ષા સમા સૂણ્યાં એણે વચન,
ગંગા તો આશ્ચર્યમાં પલભર ડૂબી ગહન. ૧૫૩
હર્ષાવેશમાં એટલી, આવી ગઈ તે વાર !
નિજ શિશુને છોડીને દોડી ઘરની બહાર. ૧૫૪
દોડી પાગલ સમ અહા ! રહ્યું ન તનનું ભાન,
લઘરવઘર એ દોડતી સૂઝે ન બીજું આન. ૧૫૫
વસ્ત્રો વેર-વિખેર થયાં, ઊડે છૂટા કેશ !
''કયાં છે મારા નાથ? હા ! કયાં છે મુજ હૃદયેશ?'' ૧૫૬
'દિગંબરા' ની ધૂનનો સંભળાયો ત્યાં સ્વર,
ગંગાએ દીઠા અહા ! દૂરથી સદ્ગુરુવર. ૧૫૭
ગાંડી સમ દોડી અને પડી ચરણ મોઝાર,
શ્રાવણ-ભાદરવા સમી વહે નયન જલધાર . ૧૫૮

આંસુનો અભિષેક હા ! અવધૂતચરણો પર !
કરી રહી ગંગા અહા ! ધન્ય રીઝયા ગુરુવર ! ૧૫૯
અમૃત સમ મીઠા સ્વરે બોલ્યા સદ્‌ગુરુરાજઃ
''' જો ગંગા હું તુજ ઘરે આવી ગયો છું આજ. ૧૬૦
માટે જલ્દી જા ઘરે મારે માટે એમ
પાથરણું પથરાવીને કર તૈયારી તેમ .'' ૧૬૧
અમૃતની હેલી સમા સૂણી વચન તે વાર,
ગંગા દોડી આવી ને ખડી રહી નિજ દ્વાર. ૧૬૨
''શું પાથરવું ? કેમ કરી રીઝવું મુજ ગુરુવર?
શી રીતે સ્વાગત કરું ? ગરીબ મુજનું ઘર ! ૧૬૩
તન,મન,ધન,જીવન બધું ઓવારી દઉં આજ,
મારા આ અવધૂત પર તોય છે ઓછું રાજ ! ૧૬૪
ગ્રામીણ,અભણ,અબૂધ સૌ,પતિ,સુત ને સમાજ,
શી રીતે સત્કારવા અવધૂતજી ને આજ ! ૧૬૫
પલભર દિઙ્‌મૂઢ થઈ અને ગંગા કરે વિચાર,
ત્યાં તો એના અંતરે થયો એક ચમકાર ! ૧૬૬
દોડી ઝટ ઘરમાં ગઈ હતો પટારો એક,
પતરાનો તે વેગથી દીધો ઉઘાડી છેક. ૧૬૭
એમાં કંઈ વસ્ત્રો હતાં સડીઓ,ધોતિયાં તેમ,
ઢાંકી પાલવમાં બધું દોડી વેગે એમ. ૧૬૮
આવી ગામની પાદરે સાડીઓ-ધોતિયાં જેહ,
અવધૂતજીના પથ ઉપર પાથરી દીધાં તેહ. ૧૬૯
નિજ વસ્ત્રો પર રંગની પુનિત પગ ચંપાય,
ગુરુચરણરજથી અહા ! વસ્ત્રો અંકિત થાય. ૧૭૦
જે ચરણોની રજથી પાપી પાવન થાય,
જે પદપંકજ પામતાં ભવભય ભાગી જાય; ૧૭૧
તે પદરજ ગંગાતણાં વસ્ત્રો પર અંકાય,
ધન્ય ધન્ય ગંગા તને લળી લળી લાગું પાય ! ૧૭૨
વસ્ત્રો એ પહરીશ તું ધન્ય થશે તુજ કાય,
તારા એ સદ્‌ભાગ્યની ઈર્ષા સૌને થાય. ૧૭૩
અવધૂતજી પધારિયા ગંગા કેરે દ્વાર,
આનંદ આનંદ થઈ ગયો હૈયામાં તે વાર ! ૧૭૪
ગંગાના ઘરમાં હતી નવી રજાઈ એક,
લગ્ન સમયે એહના તાતે દીધી છેક. ૧૭૫
રજાઈ તે હજી હતી નવી ને કોરી કટ,
ગંગાએ ખૂબ ભાવથી પાથરી દીધી ઝટ. ૧૭૬
તે પર આસન નિજતણું પાથરીને ગુરુરાય,
બેઠા પ્રેમે ભાવથી મરકમરક મુખ થાય. ૧૭૭
પતિ,પુત્ર ગંગાતણા વળી કુટુંબીજન,
પત્ર-પુષ્પ-ફળ જે મળ્યું તે લાવી તત્ક્ષણ. ૧૭૮
અર્પણ કરી અવધૂતને થયા અતિ પ્રસન્ન;
ગ્રામજનો પણ પ્રેમથી કરી ગયા દર્શન. ૧૭૯
ગંગા પછી અવધૂતની સામે જોડી હાથ,
બેસી સજલ નેનથી નીરખી રહી નિજ નાથ. ૧૮૦
નયનમનોહર મૂર્તિ એ અવધૂતજીની એમ,
નયન નિજ ભરીભરીનીરખે એ સપ્રેમ. ૧૮૧
સ્થાપી નિજ હ્રદયમૂર્તિ એ ગંગા બોલી વાણ,
''પ્રભુ ! અમે ગરીબ ને અભણ, અબૂધ નાદાન; ૧૮૨
સેવારીત ન જાણીએ નહિ વાણી-વિવેક,
શી રીતે સત્કારીએ ? અમે ગામડિયા છેક. ૧૮૩
વિચાર-વિવેક નહિ પ્રભો ! અધમ અમારી જાત,
ક્ષતિઓ લાખ થઈ હશે ક્ષમા કરો અપરાધ !'' ૧૮૪
બોલતાં બોલતાં એમ ત્યાં,એનો કંઠ રૂંધાય,
વાચા બંધ થઈ ગઈ, નયનનીર ઉભરાય. ૧૮૫
ભાવ જોઈ ગંગા તણા ભીંજ્યા ભવભયહાર,
મરકત મુખડે બોલિયા ભકતનતારણહારઃ ૧૮૬
''ગંગા ! તુજ ઘર આવિયો પાળ્યું મારું વચન,
મુજને બહુ આનંદ છે, જરા ન દુભવીશ મન. ૧૮૭
ભાવ ભકતનો ખેંચીને લાવે છે ભગવાન,
તુજ ભાવે ખેંચાઈને આવ્યો છું હું જાણ,'' ૧૮૮
અલખ કહે ભકતોતણા ભાવને વશ ભગવાન,
પ્રભુ જુવે છે ભાવને, બીજું કાંઈ ન આન. ૧૮૯
શબરી કેરા ભાવથી ખેંચાઈ શ્રીરામ,
ઝૂંપડીએ શબરીતણી, ગયા હતા શુભ નામ. ૧૯૦
તેમ અહીં ગંગાતણા ભાવથી થઈને તુષ્ટ !
ઝૂંપડીએ ગંગાતણી થયા અવધૂત હૃષ્ટ. ૧૯૧
દસ વાગે અવધૂતજી ખોલે ટિફિન દ્રાક્,
આરોગ્યાં ખૂબ ભાવથી આણ્યાં દશમી-શાક. ૧૯૨
ગંગા ને ગંગાતણા કુટુંબ માટે તેમ,
પ્રસાદમાં બે ભાખરી રહેવા દીધી એમ. ૧૯૩
પ્રસાદ આરોગી બધાં થયાં હ્રદયમાં હૃષ્ટ,
આનંદ આનંદ થઈ ગયો, દૂર થયાં સહુ કષ્ટ. ૧૯૪

ગામજનોએ ભાવથી દિનભર કર્યું ભજન,
નાચ્યા-કૂદ્યા પ્રેમથી હરખ્યાં તન ને મન. ૧૯૫
સ્વાનંદે આખોય દિન ગ્રામજનોની સાથ,
આનંદ દેતા જો રહ્યા નારેશ્વરના નાથ ! ૧૯૬
સાંજ પડી અવધૂતજીએ માગી પછી વિદાય,
ગંગા-ગ્રામજનોતણા નયને નીર છલકાય. ૧૯૭
વસમુ દુઃખ વિદાયનું કેમ કરી સહેવાય ?
ગદ્ગદ્ કંઠ થયો અને મુખથી ના બોલાય. ૧૯૮
બોલો 'અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત'
કહી અવધૂત ઊભા થયા ચાલવા ઝટ. ૧૯૯
ગંગા ને સહુ ગ્રામજનો પાછળ ચાલ્યા જાય ,
વિરહદુઃખ સૌ જન તણા મોંઢા ઉપર વરતાય. ૨૦૦
ધૂન મચવતા અશ્રુસહ આવ્યા રેવાઘાટ,
ગંગા બનીને બાવરી જોઈ રહી અફાટ. ૨૦૧
''આવ્યા ને આ ચાલિયા મુજ હૈયાના હાર,
આવો દિન રળિયામણો નહિ આવે ફરી વાર.'' ૨૦૨
ફરી ફરી ચરણે નમે વંદે વારંવાર,
''ક્યારે પ્રભુ ! અમ ગામમાં પધારશો ફરીવાર?'' ૨૦૩
બાળક વૃદ્ધ, યુવાન ને સઘળાં નર ને નાર,
સહુની આંખોથી વહે અખંડ જલની ધાર. ૨૦૪
ભોળા, ભાવિક, અબૂધ જન વિદાય કેરું દુઃખ,
વ્યક્ત કરે એ શી રીતે ? બંધ થયાં છે મુખ. ૨૦૫
અંતરની એ વેદના નયનો દ્વારા બહાર,
વહી રહી છે સર્વના કરે કોણ પ્રતિકાર ? ૨૦૬
ત્યાં તો રેવાઘાટ પર નાવ હતી તૈયાર,
અવધૂતજી બેસી ગયા ક્ષણેય ન લાગી વાર. ૨૦૭
નરસી મલ્હારે અહા ! ઉઠાવ્યું લંગર,
લીધું હલેસું હાથ ને થોભી ગયો પલભર. ૨૦૮
કારણકે તીરે ઊભા ભોળા-ભાવિક જન,
અવધૂતના વિદાયની સહી ન શકતા ક્ષણ. ૨૦૯
ભોળા આ ભક્તોતણો જોઈ સાત્ત્વિક ભાવ,
નરસી પણ દિઙ્મૂઢ થઈ ઊભો જડવત્ સાવ. ૨૧૦
અલખ કહે સૂણ શિષ્ય આ ભક્ત અને ભગવાન !
બન્ને કેરા ભાવનું હતું દિવ્ય ખેંચાણ. ૨૧૧
અવધૂતજીની દૃષ્ટિ હા ! અતિ વિચક્ષણ જાણ,
વાત તૂર્ત પામી ગયા સ્વયં ચતુર સુજાણ. ૨૧૨
ઊભા થઈને નાવમાં ઊંચો કરી નિજ હાથ,
અંતઃસ્થલથી સર્વને આપ્યા આશીર્વાદ. ૨૧૩
જોઈ ઊંચો કર અહા ! હરખ્યા ભક્ત અપાર,
ગગનભેદ ગજાવિયો અવધૂતનો જયકાર. ૨૧૪
ત્યાં તો સરકી નાવ ને થયો કિનારો દૂર,
અપલક આંખે જોઈ રહ્યા ભક્તો ભાવપ્રચુર. ૨૧૫
દૂર જતી નાવપર નાખી છેલ્લો પ્રકાશ,
સૂરજદાદા પણ અરે ! નાખી રહ્યા નિઃશ્વાસ. ૨૧૬
રાત્રે સદ્ગુરુ આવિયા નારેશ્વરને ધામ,
ગંગા કેરી ભાવના પૂર્ણ કરી અભિરામ ! ૨૧૭
જ્યમ ગંગાજલ સ્નાનથી પાવન થાય શરીર,
ત્યમ ગંગાની આ કથા સાંભળ શિષ્ય સુધીર. ૨૧૮
જે કો પઢશે સૂણશે તેની શ્રદ્ધા અમાપ,
વધશે સદ્ગુરુચરણમાં થાશે નિઃસંતાપ. ૨૧૯
દૈન્ય કદી રહેશે નહિ વધશે સદ્ગુરુપ્રીત,
જીવનના સંગ્રામમાં થશે જીત ને જીત. ૨૨૦

અલખતણી આશિષ તિહાં સુણી નિરંજન આમ,
'બાલક' તો છે રંક ત્યાં જપતો રંગનું નામ ! ૨૨૧

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલ ગોવિન્દોપાધ્યાય(બાલક) રચિતે
શ્રી રંગલીલામૃતે અલખનિરંજનસંવાદે અતિથિગૃહનિર્માણકથાયાં ગંગાભાવકથનં નામ સપ્તત્રિંશોઽધ્યાયઃ।।૩૭।।દોહરા-૨૨૧।।

## અધ્યાય ૩૮

અલખ કહે આગળ સૂણો નારેશ્વરમાં આમ,
અતિથિગૃહ બંધાઈ ગયું થયું પૂર્ણ સહુ કામ. ૧
હતું ચાલતું જ્યાહરે અતિથિગૃહનું કામ,
ત્યારે પાણી લાવવા રેવાજીથી આમ; ૨
નજીકના કોઈ ગામથી ચતુરભાઈ થાણદાર,
એક વાંઝણી ભેંસ ત્યાં લાવ્યા'તો તે વાર. ૩
રેવાજીના ઘાટથી પાણી લાવવા આમ,
એ ભેંસ કરતી'તી, ત્યાં પખાલીનું કામ. ૪

કામ હવે ત્યાં ના રહ્યું પૂર્ણ થયું મકાન,
વંધ્યા ભેંસની ત્યાં હવે રહી જરૂર ના આન! ૫

સ્થાનમાં બાંધી રાખતાં ચારો વગેરેની એમ,
કરે વ્યવસ્થા કોણ ને ? કોણ પાલવે ? કેમ? ૬

છોડી મૂકે તો પછી કરે પાક ભેલાણ,
આજુબાજુનાં ખેતરે કરે ખૂબ નુકશાન. ૭

તેથી વંધ્યા ભેંસ આ સૌ ભકતોની એમ,
શિરોવેદનાનું અરે ! બની'તી કારણ તેમ. ૮

''શી રીતે અહીંથી હવે ટાળવી આ બલાય?''
એ વિચારે ભકત સૌ અંતરમાં અકળાય. ૯

અંતર્યામી અવધૂત આ ભકતહૃદયની વાત,
ક્ષણમાં મુઝવણ એમની જાણી ગયા સાક્ષાત્. ૧૦

અવધૂતજી કંઈ રંજથી વિચારતા નિજ મનઃ
''ગરજ સહી કે વૈદ્ય મુવો, કેવા સ્વાર્થી જન ! ૧૧

જ્યાં સુધી આ ભેંસથી લેવું'તું જો કામ,
ત્યાં સુધી આ ભેંસને પાળી-પોષી આમ ! ૧૨

કામ બધું પૂરું થયું ગરજ પતી ગઈ વાહ !
એટલે ભેંસ બલા રૂપે લાગવા લાગી આહ ! ૧૩

''કેવું સ્વાર્થી જગત આ !'' વિચારતા અવધૂત !
એટલામાં તો આવિયા દાસકાકા તૂર્ત. ૧૪

અવધૂતજીએ પૂછિયું ''અરે ! કાકા દાસ !
શેની મૂંઝવણમાં તમો બધા પડ્યા છો ખાસ?'' ૧૫

વંદન કરી બહુ વિનયથી દાસજી બોલ્યા એમઃ
''અરે પ્રભુ ! આ વાંઝણી ભેંસનું કરવું કેમ ? ૧૬

રાખીએ તો કોણ પાલવે?ને કાઢી મૂકીએ આન,
ખેતર ઊભા પાકને કરે ખૂબ નુકસાન. ૧૭

આ તો આફતનો અરે ! ગળે બંધાયો ઘંટ,
છોડયો તો છૂટે નહિ કરે નાદ પ્રંચડ. ૧૮

એનું શું કરવું હવે ? એની ચિંતા થાય,
લાવી દીધી લાવતાં હૈયું હવે અકળાય. ૧૯

કેમ કરીને ટાળવી બલા અહીંથી એમ,
એના વિચારે સર્વ જો મૂઝાયા છે તેમ.'' ૨૦

સૂણી વચન એ દાસનાં ખૂબ હસ્યા અવધૂત,
મધ ઝરતા શબ્દે પછી બોલ્યા વિઠ્ઠલસુતઃ ૨૧

''અરે ! દાસ !આ ભેંસનું હતું જ્યાં લગી કામ,
ત્યાં લગી રાખી તમે ખવાડતા વળી આમ. ૨૨

કામ હવે પતી ગયું ગરજ સરી ગઈ આપ,
એટલે ભેંસ'બલા' થઈ,લાગે છે પરિતાપ ! ૨૩

કેવા સ્વાર્થી છો તમે ?'' એમ કહી તે વાર,
અવધૂતે બોલાવિયા ચતુરભાઈ થાણદાર. ૨૪

અને પછી આજ્ઞા કરી ''અરે ! ચતુરભાઈ અદ્ય
લઈ જાઓ આ વાંઝણી ભેંસને તમ ઘર સદ્ય. ૨૫

લીલા ઝાલર કાછીના ખવરાવો ભરપેટ,
નહિ બને તમ માટ આ ભેંસ બલા કે વેઠ.'' ૨૬

'આજ્ઞા જેવી આપની' એમ કહી થાણદાર,
વંધ્યા ભેંસને લઈ ગયા દિવેર ગામ તે વાર. ૨૭

આજ્ઞા સદ્ગુરુદેવની ધારી શિર પર એમ,
ચતુરભાઈ એ ભેંસને લીલા ઝાલર તેમ; ૨૮

કાપી લાવી કાછીથી ખવરાવે સપ્રેમ,
ગુરુપ્રસાદી માનીને કરે ચાકરી તેમ. ૨૯

ગામલોક હાંસી કરે ચતુરભાઈની એમ,
''વાંઝણી એવી ભેંસ પર શીદ વરસાવો પ્રેમ ? ૩૦

દેશે નહિ આ વાંઝણી દૂધ તમને કો દન
શીદને તમે વેડફો એની પાછળ ધન !'' ૩૧

આમ લોક હાંસી કરી કરે કંઈક સૂચન,
છોડી મૂકવા ભેંસને આપે શિખામણ. ૩૨

શ્રદ્ધા ચતુરભાઈની કદી ચલિત ના થાય,
જ્યમ જ્યમ લોકો ખીઝવે ત્યમ ત્યમ મજબૂત થાય! ૩૩

અલખ કહે અવધૂતનું વચન ન ખાલી જાય,
શ્રદ્ધા રાખે ભકત તો ચમત્કાર સર્જાય. ૩૪

સંતવચન શું ના કરે ? ઝાલર ખાતાં આંહ્ય,
જર્જર-વંધ્યા ભેંસ પણ એક દિ' ઝાંભણી થાય ! ૩૫

જોઈ ઝાંભણી ભેંસ આ લોકો વિસ્મિત થાય,
મોંમાં નાખી આંગળાં બોલે ''ધન ગુરુરાય !'' ૩૬

વીત્યા દિવસો કંઈક અને વિયાઈ વંધ્યા-વૃદ્ધ !
થાણદારને લોક કહે ભાવ તમારો શુદ્ધ ! ૩૭

દોણાં ભરી ભરી દૂધ એ દેવા લાગી તૂર્ત.
અશકયનું પણ શકય તેં કર્યું અહા ! અવધૂત ! ૩૮

વંધ્યા ભેંસના દૂધનું ઘી બનાવી આમ,
જાતા થાણદાર તિહાં નારેશ્વરને ધામ. ૩૯

સદ્ગુરુચરણે મૂકીને ઘી-લોટો તે વાર,
વંદી બોલે લળી લળી ચતુરભાઈ થાણદારઃ ૪૦

''ધન્ય કૃપા પ્રભુ આપની વિયાઈ વંધ્યા-વૃદ્ધ !
પાડી જન્મી,દઈ રહી દોણાં ભરીભરી દૂધ. ૪૧
તુજ વચને આ વિશ્વમાં નથી કશું અશકય,
વંધ્યા ભેંસ પણ દૂઝવી ધન્ય ! અવધૂત, ધન્ય !'' ૪૨
સૂણી વચન, અવધૂતજી હસી પડ્યા ખિલખિલાટ,
'અરે ચતુરભાઈ ! આ તમે કયાંથી લાવ્યા વાત ? ૪૩
ઝાલર તમે ખવરાવિયા કરી ચાકરી શુદ્ધ;
તેથી એ વિયાઈ ને દેવા લાગી દૂધ. ૪૪
ચમત્કાર કંઈ હોય તો તમે કર્યો છે એહ,
હું તો અહીં બેઠો રહ્યો પોષી રહ્યો મુજ દેહ.'' ૪૫
સૂણી વચન સદ્ગુરુતણાં ગદ્ગદ્ કંઠે આમ,
ચતુરભાઈ શ્રીચરણમાં લૈટી કરે પ્રણામ. ૪૬
વંધ્યા ભેંસ દુઝવ્યાતણા ચમત્કારની વાત,
આજુ-બાજુના ગામમાં પ્રસરી ગઈ સાક્ષાત્ ! ૪૭
ટોળેટોળાં લોકનાં દિવેર ગામની માંહ્ય,
દુઝતી જોવા વાંઝણી આવવા લાગ્યાં ત્યાંય. ૪૮
અલખ કહે સૂણ શિષ્ય હે ! પૂર્વે મેં તને એમ,
કર્મકાંડમાં સ્વામીની લીલા કહેતાં તેમ. ૪૯
એક વિપ્રની વાંઝણી ભેંસ દૂઝ્યાની વાત,
કરી હતી તે આજ તને યાદ હશે સાક્ષાત્. ૫૦
એવી લીલા આજ અહીં દિવેર ગામે એમ,
કરી બતાવી અવધૂતે ભકતો આગળ એમ. ૫૧
અને કરી બતાવી ખાતરી ભકતોને તે વાર,
કે જનગણહિતકારણે સ્વયં દત્ત અવતાર ! ૫૨
આવ્યા છે અવનિ પરે નતજનતારણકાજ;
સ્વયં દત્ત આજે બન્યા નારેશ્વરના રાજ ! ૫૩
એમ અહીં નારેશ્વરે બિરાજી સપ્રેમ,
નિત નિત લીલા અવનવી કરી રહ્યા'તા તેમ. ૫૪
તે સમે મા રુકુમામ્બા નારાયણની સાથ,
મુબંઈમાં રહેતાં હતાં ત્યજી સર્વ વિષાદ. ૫૫
નારાયણ કરતા હતા શિક્ષક કેરું કામ,
''ભાટિયા હાઈસ્કુલ'' માં નિષ્ઠાપૂર્વક આમ. ૫૬
વર્ષો કંઈક વીત્યાં અને ધીમે ધીમે ત્યાંય.
દુર્ગમ વ્યાધિ પ્રવેશિયો નારાયણતનમાંહ્ય ! ૫૭
હશે પૂર્વસંચિત કંઈ નારાયણનું એહ,
વ્યાધિ રૂપે આવીને પીડવા લાગ્યું દેહ. ૫૮
સ્થાનિક દાકતર-વૈદ્યનાં વિધવિધ ઔષધ એમ,
લેવા લાગ્યા તોય પણ પડે ફેર ના તેમ, ૫૯
જ્યમ-જ્યમ લેતા ઔષધ ત્યમ-ત્યમ વ્યાધિ,આહ!
વધવા લાગ્યો શરીરમાં દેવા લાગ્યો દાહ. ૬૦
શરીર ક્ષીણ થતું ગયું તકલીફ આપે શ્વાસ
અન્નોદક લેવાય ના નીકળે અતિશય કાસ, ૬૧
જોઈ પીડા પુત્રની 'મા'નું હૃદ કોરાય,
શુશ્રૂષા અવિરત કરે નયન જલ ઉભરાય, ૬૨
ખાન-પાન મન ના ઠરે ગમે ન ઘરનું કામ,
દીકરા પાસે બેસીને સતત સ્મરે હરિનામ . ૬૩
રાખી બાધા-આખડી લીધાં વ્રત કઠણ,
કાળજડું કોરાઈ રહ્યું નીરખીને નિજ તન. ૬૪
રાત-દિવસ જોયા વિના સતત પથારી પાસ,
બેસી રહેતાં માવડી રાખી ચિત્ત ઉદાસ. ૬૫
ભુખ-તરસની ના પડી ત્યજી ઊંઘ-આરામ,
દીકરા કેરી ચાકરી કરતાં મા અવિરામ. ૬૬
દીકરો દેખી જાય તો દિલ એનું દુભાય,
તે માટે 'મા' આંસુને અંતરમાં પી જાય ! ૬૭
ઉપરથી ખોટું હસે, અંતર લાગે લહાય,
કાળજ તો ભળ-ભળ બળે મુખ મલકાવે હાય ! ૬૮
દુઃખ દેખી દીકરાતણું 'મા'ના અંતર માંહ્ય !
વમળો દુઃખનાં થાય તે શી રીતે વરણાય ? ૬૯
વલોપાત નારાણતણો જોતાં 'મા'નું હાય !
દિલડું દુઃખે ધગ ધગ અંતર વલોવાય . ૭૦
આર્ત અંતરે વલવલી મા રુકુમામ્બા એમ,
કરે પ્રાર્થના ઈષ્ટની નયને જલભરી તેમ. ૭૧
''શેં રુઠયા હે દેવ ! તમે, મારો શો અપરાધ ?
કયા કર્મનો આજ તમે બદલો લો છો ? તાત ! ૭૨
હું અબળા,અજ્ઞાન ને વિધવા સાવ અનાથ,
અપાર આ સંસારમાં તું વિણ કોઈ ન સાથ. ૭૩
યૌવનમાં વિધવા થઈ પણ બે દીકરા જોઈ,
આંખલડી ઠારી હતી ત્યાં તો આફત હોઈ ! ૭૪
મોટો સુત સાધુ થયો ગયો છોડી ઘર-બાર,
જગ ત્યાગી જગજનતણો બન્યો એ તારણહાર. ૭૫
નારાયણ આ નાનડો રહ્યો એક મુજ પાસ,
મુજ હૈયાનો હાર એ મુજ પ્રાણનો શ્વાસ. ૭૬

એને જોઈને ઠારતી મુજ હૈયું ને આંખ,
ઊડવા જગ-ગગનમાં હતી મારે એક જ પાંખ. ૭૭
એ જ પાંખ ઢીલી પડી ખરવા લાગી આંહ્ય,
વ્યાધિથી ઘેરાઈને પડી પથારી માંહ્ય. ૭૮
એનો વ્યાધિ દે મને ઓ જગના કરતાર !
લઈ લે મુજને પણ પ્રભુ !તુજ સુતને ઉગાર. ૭૯
મુજ અબળાની આંખનું આ છે એક રતન !
ખોળો પાથરું શ્રીધરા ! કરજે એનું જતન ! ૮૦
હું અનાથ વિધવાતણો આ છે એક આધાર,
એ જતાં મુજ પ્રાણ આ જશે અચૂક નિર્ધાર. ૮૧
નારાયણનો વ્યાધિ આ દૂર કરો હે નાથ !
દીન અબળાની વિનતી સૂણો દીનાનાથ ! ૮૨
મારા લાડલા લાલને સાજો કરજો નાથ !
ક્ષમા કરો અપરાધ મમ ફરી ફરી જોડું હાથ.'' ૮૩
માજી પ્રભુને વિનવે કરી આર્ત પુકાર,
નયને છલ-છલ જલ વહે હૈયે જલન અપાર. ૮૪
નાના નારાયણ અહા ! હતા અતિશય દક્ષ,
રુકુમામ્બાનું દુઃખડું પામી ગયા પ્રત્યક્ષ. ૮૫
એક દિ' બેસી પથારીએ ધીમે-ધીમે એમ,
પત્રલખ્યો અવધૂતને નારેશ્વરમાં તેમ. ૮૬
વ્યાપેલા નિજ તન વિષે વ્યાધિનું વર્ણન,
લખ્યું બધું વિસ્તારથી કરી મોકળું મન. ૮૭
પછી લખી માજીતણા હૈયા તણી વાત,
પથ્થર પણ એ સૂણતાં દ્રવી જાય સાક્ષાત્. ૮૮
પત્ર ગયો નારેશ્વરે અવધૂતજીની પાસ,
અવધૂતજી વાંચી ગયા ઝડપે એકીશ્વાસ. ૮૯
પત્ર પૂરો વાંચ્યા પછી ત્યાં બેઠેલા ભકત
શ્રી કેશવલાલ શેઠને દીધો પોતે હસ્ત. ૯૦
પત્ર વાચતાં શેઠનું કાળજડું કોરાય,
નયને નીર વહ્યાં અને ગદ્ગદ્ કંઠ રૂંધાય. ૯૧
ત્યાં બેઠેલા ભકત સૌ તુર્ત ભેગા થાય,
પત્ર વાંચતાં સર્વનાં નયને જલ ઉભરાય. ૯૨
દાસકાકા ને વળી ચતુરભાઈ થાણદાર,
નાથાભાઈ ને ગોર સહ તુર્ત કર્યો વિચારઃ ૯૩
''ઊભા થાઓ અબઘડી કરો તૈયારી સદ્ય,
અવધૂતજી સહ નીકળો મુંબઈ જાવા અદ્ય. ૯૪
સમજાવી મા-ભ્રાતને તેડી લાવો આંહ્ય,
કરશું સેવા-શુશ્રૂષા રહે ન ખામી કયાંય. ૯૫
સ્વચ્છ હવા આ સ્થાનની સાથે રેવાનીર,
કરશે વ્યાધિ દૂર ને થાશે સ્વસ્થ શરીર.'' ૯૬
એમ કહી સહુ આવિયા અવધૂતજીની પાસ,
ચરણે માથું મૂકીને પછી વદ્યા શ્રી દાસઃ ૯૭
''પ્રભુ ! નિર્ણય કર્યો અમે ભેગા મળીને આજ,
નીકળી જઈએ આપસહ મુબંઈ જાવા કાજ. ૯૮
માજીને વળી ભાઈને સમજાવી સુપેર,
નારેશ્વરમાં લાવીએ કર્યા વિના કંઈ દેર. ૯૯
અહીંની સ્વચ્છ હવા અને રેવાજલ અમૃત,
શુશ્રૂષા અમ સર્વની સાન્નિધ્યે અવધૂત. ૧૦૦
વ્યાધિ નારણભાઈનો રહેશે પછી કયાંય ?
દરદીને આરામ ને શાંતિ મળશે આંહ્ય. ૧૦૧
માટે આજ્ઞા દો પ્રભુ ! થઈ જાઓ તૈયાર,
અમને પણ સેવા તણો દેજો કંઈ અધિકાર.'' ૧૦૨
વચન સૂણી એ દાસનાં અવધૂત થયા પ્રસન્ન,
મરજી સદ્ગુરુદેવની કહી ઊઠયા તત્ક્ષણ. ૧૦૩
બે ભકતો મુંબઈ ગયા અવધૂતજીની સાથ,
બીજા અહીં નારેશ્વરે રહી ગયા સાક્ષાત્. ૧૦૪
ઠોકી તંબુ ભૂ પરે લીપીં-ગૂંપી તેમ,
સુંદર સગવડતાભર્યું સ્થાન બનાવ્યું એમ . ૧૦૫
ખાન-પાન પદાર્થ ને વાસણ-કુસણ તેમ,
ઘર-વખરી સૌ ચીજ ત્યાં ગોઠવી દીધી એમ. ૧૦૬
પલંગ-પાથરણાં અને ગાદલાં-ગોઠ-રજાઈ,
ચાદર,રૂમાલ,ચોરસા બાકી ન રાખ્યું કાંઈ. ૧૦૭
ખુરશી-મેજ-ફાનસ અને નાનકડી ચોપાઈ,
દીર્ઘદ્રષ્ટા દાસની અ સઘળી ચતુરાઈ. ૧૦૮
સ્નાનગૃહ-સંડાસ ને મૂકી બાલદી ત્યાંય,
વ્યવસ્થિત એ ગોઠવ્યું જરા ન ખામી કયાંય. ૧૦૯
ત્રીજે દિવસે પૂજ્યશ્રી લઈ માત ને ભ્રાત,
નારેશ્વર આવી ગયા થાતા હવળા તાત. ૧૧૦
દિવ્ય સ્થાન એ જોઈને માજી હરખ્યાં મન,
નારણભાઈ પણ સ્થાનથી થયા ખૂબ પ્રસન્ન. ૧૧૧
મુંબઈના ઘોંઘાટ ને ધમાલથી સુદૂર,
નિર્જનવન એકાન્તમાં લાધ્યો હર્ષ પ્રચુર. ૧૧૨

તાજી સ્વચ્છ હવા અને નિર્મલ રેવાજલ,
સાત્ત્વિક વાતાવરણની થાતી કંઈક અસર. ૧૧૩
પ્રખર ગ્રીષ્મનો તાપ પણ શીતલ લીમડા છાંય,
ચળાઈને આવે તિહાં શીત સમીર લહેરાય. ૧૧૪
આહ્‌લાદક એ લહેરિયો શાન્ત કરે તન તાપ,
નારણભાઈના હૃદયમાં થઈ શાતા અમાપ. ૧૧૫
તનમાં સ્ફૂર્તિ આવી ને બે-ત્રણ કોળિયા અન્ન,
દિવસમાં લેતા થયા, સહુ થયા પ્રસન્ન. ૧૧૬
કિન્તુ વ્યાધિ આ હતો જીવલેણ દુષ્કર,
સડી ગયાં'તાં ફેફસાં એની એક ખબર; ૧૧૭
હતી માત્ર અવધૂતને તેથી એ અવધૂત,
નારણ પાસે બેસીને વાત કરે અદ્‌ભુત. ૧૧૮
ઉપનિષદાદિક ગ્રંથનું પ્રેમે કરે પઠન,
જેથી નારણભાઈનું ચિત્ત રહે પ્રસન્ન. ૧૧૯
અંત સમયે ના રહે મન વિષયોમાં આન,
સૂણતાં વાતો ધર્મની જાય શાંતિથી પ્રાણ. ૧૨૦
આમ તો નારણભાઈનું રહેતું ચિત્ત પ્રસન્ન,
તોયે ઊંડે ડંખતી ચિંતા કંઈક ગહન. ૧૨૧
ચકોરદષ્ટિ રંગની પામી ગઈ આબાદઃ
'છે નારણના વદન પર આછો કો વિષાદ' ૧૨૨
પ્રસન્નતાના તેજની પાછળ કાળી ઝાંય,
ડોકાતી દીઠી અરે ! અવધૂતજીએ ત્યાંય. ૧૨૩
અવધૂતજી સમજી ગયા ''નારણના હૃદ્ માંહ્ય,
ચિનગારી ચિંતાતણી જલી રહી છે કયાંય . ૧૨૪
ચિંતા એને શી બીજી હોય માજી સિવાય,
'મા'ના દુઃખે ભાઈનું કાળજડું કોરાય. ૧૨૫
એના મનમાં એમ કે ''કદી થાય મુજ અંત,
આ દુનિયામાં માજીનું કોણ રહેશે ? હંત! ૧૨૬
મોટો તો બાવો થયો નાનો લે વિદાય !
અનાથ વિધવા માતનું કોણ જગતમાં થાય ?'' ૧૨૭
આ વિચારે ભાઈનું હૈયું ખદ-બદ થાય,
ખૂબ વિચારે અંતરે જડે ન કાંઈ ઉપાય . ૧૨૮
અંતર્યામી અવધૂત એ અનુજહૃદયનું દુઃખ,
ક્ષણભરમાં સમજી ગયા થઈને અંતર્મુખ. ૧૨૯
પછી નારણભાઈની સામે બેસી એમ,
શાંતિથી મક્કમ સ્વરે બોલ્યા રંગ સપ્રેમઃ ૧૩૦
''ચિંતા માજીની તમે જરા ન કરશો ભાઈ !
મુજ હૈયાના હાર સમ રાખીશ રુકુમામાઈ. ૧૩૧
કરીશ સેવા માતની પ્રાણથી પ્રિય ગણીશ,
એની ખાતર જોગ કે ભોગ પણ ત્યજીશ. ૧૩૨
જે પળ મુજને લાગશે કે મુજ ત્યાગથી આમ,
'મા' નું દિલ દુભાય છે તે પળ મારું તમામ ૧૩૩
ત્યાગ,તપ,વ્રત છોડીને કરીશ નોકરી કયાંય,
'મા'નું હૈયું ઠારવા કરીશ યત્ન સદાય. ૧૩૪
નચિંત થાઓ ભાઈ તમે કરો ન ચિંતા મન !''
અંતરના ઊંડાણથી દે અવધૂત વચન. ૧૩૫
એમ કહી અવધૂતજીએ નારણના કર માંહ્ય,
નિજ કર મૂકી પ્રેમથી ખૂબ હલાવી બાંહ્ય! ૧૩૬
એકબીજાની આંખમાં આંખ પરોવી એમ,
સજલ નયન બે ભાઈઓ ભેટી રહ્યા સપ્રેમ. ૧૩૭
પલભર જાણે ભાવનો છલકયો સાગર ત્યાંય,
ભાવસભર શ્રીરામને ભરત મળ્યા શું આંહ્ય ! ૧૩૮
જોતાં અનુપમ દશ્ય આ ત્યાં જ બેઠા ભકત,
ભાવસાગરમાં ડૂબતા, થઈ ગયા સૌ સ્તબ્ધ. ૧૩૯
જલઝરતાં નયને બધા બોલી ઊઠયા''ધન્ય !
માતા-ભ્રાતા ધન્ય છે ! ધન્ય ! પ્રેમ ! અનન્ય !'' ૧૪૦
અવધૂતનાં વચનથી નારણ થયા પ્રસન્ન,
હૈયે વ્યાપ્યો હરખ ને નીર ભરાયાં નયન. ૧૪૧
આનંદના આવેશમાં શકયા ન બોલી વચન;
હૈયે ટાઢક વળી ચિંતા ગઈ ગહન. ૧૪૨
હૈયામાં ટાઢક થઈ મુખ પર ખુશી છવાઈ,
શાંતિના સરવર મહી તન-મન રહ્યું બોળાઈ. ૧૪૩
નારણભાઈના મુખ પર જોઈ શાંતિ અપાર,
અવધૂતના અંતર વિષે વહે હર્ષની ધાર. ૧૪૪
કિન્તુ હર્ષ ક્ષણિક હતો બુઝાતો દીપક જેમ,
બુઝાતાં પૂર્વે અરે ! વધુ ઝબકે છે તેમ. ૧૪૫
નારણની આ પ્રસન્નતા છે છેલ્લો ઝબકાર,
અંતર્યામી અવધૂત જાણી ગયા'તા સાર. ૧૪૬
તેથી સર્વે ભકતને સજાગ કરવા કાજ,
વારે-વારે સૂચનો કરતા સદ્‌ગુરુરાજઃ ૧૪૭
''જો જો નારણને તમે વિલો મૂકી આમ,
જાશો ના કયાંયે બીજે, બેસો અહીં તમામ.'' ૧૪૮

એમ કહી સૌ ભકતને બેસાડયા તે ઠામ,
પોતે નારણભાઈની પાસે બેઠા આમ. ૧૪૯
ધૂપ સુંગધિતથી બધું મહેકી ઊઠયું સ્થાન,
દત્તદત્તની ધૂનમાં સહુ થયા મસ્તાન. ૧૫૦
વેદપાઠ બ્રાહ્મણ કરે, કરે ગીતા પઠન,
શંખ-ઘંટના નાદથી ગાજી ઊઠયું ગગન. ૧૫૧
સંવત ઓગણીસો અને બાણુની એ સાલ
જેઠ સુદી નોમનો દિવસ નિરંજન બાળ ! ૧૫૨
ગ્રીષ્મતણા મધ્યાહ્નનો ગગન ગોળો કરાળ,
આગ ભયકંર ઓકતો પ્રજવાળે જગ બાળ ! ૧૫૩
તે સમે રેવાતીરે નારેશ્વરમાં આહ !
કરાળ કાળે કાપિયો નારણ-જીવન પ્રવાહ ! ૧૫૪
જીર્ણ-શીર્ણ શરીરનું પિંજર છોડી આંહ્ય,
નારણનો આત્મા ગયો દિવ્યધામમાં ત્યાંય. ૧૫૫
દિવ્ય દુંદુભિ ગાજીયાં ગગનેથી સ્વર્યાન,
આવ્યું ને હા ! લઈ ગયું નારાયણના પ્રાણ. ૧૫૬
પ્રાણ ગયા નારણતણા જોતાં રુકુમામાય,
કદલી વૃક્ષ સમ ભૂપરે પડયાં દુઃખથી હાય ! ૧૫૭
હૈયાફાટ રુદન કરે ''અરે ! દૈવ ! રે હન્ત !
મારા લાડકડાતણો અરે ! તેં આણ્યો અંત ! ૧૫૮
પૂર્વજન્મનું માહરું કયું નડયું એ પાપ ?
મડદું મારા લાલનું જોઈ રહી હું આપ ! ૧૫૯
એરે ! કાળ ! નિર્દય તને દયા ન આવી લગાર ?
મુજ વિધવાનો ઝૂંટવ્યો હૈયા કેરો હાર ! ૧૬૦
કૂટે છાતી જોરથી પલ-પલ મૂર્છા થાય,
શિર પર આભ તૂટી પડયું શી રીતે સહેવાય ! ૧૬૧
વેગે દોડી આવિયાં નારણના શબ પાસ !
શિર પર નિજ કર ફરવી બોલે તૂટતે શ્વાસઃ ૧૬૨
''દીકરા તેં આ શું કર્યું ? 'મા' ને અધવચ આમ !
એકલડી મૂકી અરે ! શેં ચાલ્યો સ્વધામ ? ૧૬૩
બેટા ! મને પૂછ્યા વિના આજ સુધી તેં કયાંય,
ડગલું પણ દીધું ન'તું અને આજ રે ! હાય ! ૧૬૪
પૂછયા વિણ નિજ માતને ચાલ્યો લાંબે પંથ,
આજ્ઞાંકિત ઓ દીકરા ! કેમ રિસાયો ? હંત ! ૧૬૫
શું ખામી લાગી તને મુજ સેવામાં કયાંય ?
મારા કોઈ બોલથી દિલ દુભાયું આંહ્ય ? ૧૬૬
કહી દે કેમ મૂંગો થયો ? એક વખત તો બોલ !
તારું હૈયું દીકરા ! મારી આગળ ખોલ ! ૧૬૭
પહેલાં તો કંઈ પૂછતાં કરતો હાસ્ય પ્રચુર !
મધ-મીઠા તુજ મુખ થકી સરતા શબ્દ મધુર. ૧૬૮
પટ-પટ બોલે ઈંગ્લીશ સાંભળનારા જન,
વિસ્મિત થઈ જોયા કરે, તારું મધુર વદન. ૧૬૯
એવા મારા બોલકા લાડકડા ઓ 'તન'
આજે કેમ મૂગો થયો ? શેંને મ્લાન-વદન ? ૧૭૦
ઝીલી લેતો દીકરા ! મારો પડતો બોલ
સૂઈ કેમ આજે રહ્યો ? આંખ જરા તો ખોલ ! ૧૭૧
પહેલાં મારી આંખડી જરાક ભીની થાય,
ત્યાં તો તારા દિલમાં ઉથલ-પાથલ થાય. ૧૭૨
ઉતારે તું આભથી તારલિયા મુજ કાજ !
એવા મારા દીકરા ! કેમ અચેતન આજ ? ૧૭૩
દીકરા ! કેમ દગો કર્યો, વિધવા માને એમ ?
ટળવળતી મૂકી અરે ! ગયો એકલો કેમ ? ૧૭૪
નારાયણ ! તારા વિના કો'લે મુજ સંભાળ?
શેં રહેવાશે એકલું તારા વિણ ઓ બાળ ? ૧૭૫
કરમ કઠણ છે માહરાં તારો શો ભાઈ ! વાંક;
વિધવા-મૃતસુતા અરે ! મુજ દુઃખના નહિ આંક. ૧૭૬
ગુમાવ્યું ભરયૌવને નિજ પતિનું સુખ,
તોયે હૈયું ઠારતી જોઈ સુતનાં મુખ. ૧૭૭
મોટો ત્યાગી છો થયો જોઈ તુજને આમ,
નીરખી-નીરખી રાખતી મુજ હૈયામાં હામ. ૧૭૮
આશ હતી કે તું અહીં કરશે લગ્ન સુપેર,
મંગલ વાજાં વાગશે વહુ આવશે ઘેર. ૧૭૯
'સાસુમા' મુજને કહી કરશે પ્રેમે પ્રણામ,
બોજો મારો ઉતરશે,કરશે ઘરનું કામ. ૧૮૦
દીકરાને ઘેર દીકરો થશે રૂપાળો, પુષ્ટ !
એનાં લાલન-પાલને થશે દાદીમા હૃષ્ટ ! ૧૮૧
ભંડાર્યાં હૈયે હતાં એવાં કંઈ અરમાન,
ત્યાં તો કાળે ઝૂંટવ્યા દીકરા ! તારા પ્રાણ. ૧૮૨
ક્રૂર વિધાતા એ અરે ! પ્રગટાવી અહીં આગ,
બાળી ભસ્મ કરી દીધો મુજ અરમાનનો બાગ ! ૧૮૩
અરે પ્રભુ ! આ શું થયું ? નારાયણ સિવાય,
મુજથી આ સંસારમાં પલ પણ નહિ જીવાય. ૧૮૪

મુજ નયનોનું નૂર એ અંધની લાઠી જાણ,
નારાણ જાતાં નહિ રહે મારા તનમાં પ્રાણ.'' ૧૮૫
રુદન સૂણી રુકુમાતણું પથ્થર પીગળી જાય,
કોણ બિચારો માનવી ? હૈયાં હાલી જાય. ૧૮૬
ઝાડ પાન એ સ્થાનનાં વેલી વૃક્ષવળગેલ,
ધ્રુસકે ધ્રુસકે રડી પડયાં ભૂલી નિજનો ગેલ. ૧૮૭
પક્ષી કૂજન છોડીને કરી રહ્યાં રુદન,
મોર-કોકિલા ડૂબિયાં શોકાબ્ધિમાં ગહન. ૧૮૮
કેકારવ, કલરવ અને ત્યજી મધુરા સૂર,
મા રુકુમાના રુદનથી થયાં શોકચકચૂર. ૧૮૯
સૂરજ પણ ના સહી શક્યા મા રુકુમાનું દુઃખ,
વાદળના આંચલ નીચે દીધું છુપાવી મુખ. ૧૯૦
ધરતીનો કણ-કણ રડે રડતાં રેવાનીર;
જડ-ચેતન ને પ્રકૃતિ થયાં શોકગંભીર. ૧૯૧
શોકસાગરમાં ડૂબિયા હતા ભકત જે ત્યાંય,
ચોગરદમ આંસુતણો મહાસાગર છલકાય. ૧૯૨
પશુ,પક્ષી,માનવ અને ઝાડ-પાન પાષાણ,
નારેશ્વરમાં સર્વ પર શોકનો પંજો જાણ. ૧૯૩
ફરી વળ્યો કો'કોઈને શું દે આશ્વાસન ?
ચોગમ સરકે આંસુ ને ચોગમ થાય રુદન ! ૧૯૪
અલખ કહે સૂણ શિષ્ય હે ! આખું નારેશ્વર,
શોકસાગરે ડૂબી ગયું પણ પેલા મુનિવર ! ૧૯૫
એ તો સ્થિર નયને અહા ! માયાનો આ ખેલ,
તટસ્થ શા જોયા કરે મનવિણ કયાં મનમેળ ? ૧૯૬
ચંદનની ચિતા રચી રેવાતીરે ત્યાંય,
સ્થૂલ પિંજર નારણતણું સુવાડયું ચિતા માંહ્ય. ૧૯૭
અગ્નિદાહ પોતે દીધો ભડ-ભડ જ્વાલા -આગ,
ભરખી ગઈ તન ભાઈનું કરી પલકમાં ખાખ ! ૧૯૮
માત-ભકતના શોકનું શેં થાયે વર્ણન ?
જુઓ પણ અવધૂતજી ઊભા નિશ્ચલ મન !! ૧૯૯
મોહ-શોક ના એહને, દ્વૈતાદ્વૈતાથી પર,
ઊભો અડગ અવધૂત એ ગજબ શાંતિ મુખ પર. ૨૦૦
તે વેળા અવધૂતના મુખસરોજથી આમ,
વાણી ટપકી ગેબી ત્યાં ભાગ્યા ભેદ તમામ. ૨૦૧
''ના દોસ્ત દુશ્મન કોઈ હમારા હમ સદા નિઃસંગી હૈ !
સચ્ચિદાનંદ હમ હી પ્યારે બ્રહ્મ કેવલ હમ હી હૈ !
ના જન્મ હૈ, ના મૃત્યુ હૈ ના બંધ હૈ,નો મોક્ષ હૈ,
જો હૈ સો હમ હૈ ના જૂદા હૈ આદમ ખૂદાકી જાત હૈ.''
એમ અગમની ઓચરી વાણી શ્રી અવધૂત,
કરી અંતિમ ક્રિયા બધી રહી શાન્ત અદ્‌ભુત. ૨૦૨
રેવાજલમાં તે પછી કર્યું સચૈલ સ્નાન,
આવ્યા ઉપર ભકત સહ કરતા હરિગુણગાન. ૨૦૩
છાયી છે ગમગીનતા આખા સ્થાનની માંહ્ય,
દિનકર દુઃખે ડૂબતા અસ્તાચલની માંહ્ય. ૨૦૪
દિનકર ડૂબતાં વિશ્વમાં થયો ગહન અંધાર,
અહીં 'મા' ના હૈયા મહીં વ્યાપ્યો હાહાકાર ! ૨૦૫
નાના નારણને કરી ફરી ફરી ત્યાં યાદ,
મા રુકુમામ્બા રડી રહ્યાં વ્યાપ્યો બધે વિષાદ. ૨૦૬
'મા' ના જલતા હ્રદયને કોણ કરે હા ! શાન્ત?
આશ્વાસન કો'દઈ શકે ? કોણ હરે એ ધ્વાન્ત ? ૨૦૭
'મા'નું મન મનાવવા દેવા આશ્વાસન,
સદ્‌ગુરુ શ્રીઅવધૂતજી સ્વયં વિચારે મન. ૨૦૮
તેથી તૂર્ત ઊભા થયા જાવા માજી પાસ,
અવધૂત સાથે ચાલિયા કેશવલાલ ને દાસ. ૨૦૯
આગળના અધ્યાયમાં સ્વયં દત્ત અવધૂત
માજીને સંભળાવશે જ્ઞાન અતિ અદ્‌ભુત. ૨૧૦
નિમિત્ત કરી 'બાલક' તિહાં સ્વયં સદ્‌ગુરુ રંગ,
ગ્રહી હસ્ત લખાવતાં ઉરે ભરતા ઉમંગ. ૨૧૧
એની લીલા એ લહે બીજાને શો ખ્યાલ?
છૂપો રહી એ નાટકી દઈ રહ્યો છે તાલ !! ૨૧૨

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે નારેશ્વરસ્થાનલીલાયાં નારાયણસ્વધામગમનનામ અષ્ટત્રિંશોડધ્યાયઃ ॥૩૮॥ દોહરા ૨૧૨॥

## અધ્યાય ૩૯

માતા પાસે આવીને સદ્‌ગુરુ રંગ દયાળ
મધ-મીઠા મક્કમ સ્વરે બોલ્યા વચન રસાળઃ- ૧
''માજી, શોક ત્યજો હવે જરા વિચારો મન,
વૃથા શોક મૃત્યુતણો વૃથા વિષાદ રુદન. ૨

ખિલ્યું તે કરમાય છે, જે જન્મે તે જાય;
પ્રાણીમાત્રને વિશ્વમાં છે મૃત્યુ અનિવાર્ય. ૩
પૂર્વઋણાનુબંધને મૃત્યુલોકની માંહ્ય,
મળે પરસ્પર માનવી અને વિખૂટા થાય. ૪
હોય જ્યાં સુધી પૂર્વનો ઋણ સંબંધ આમ,
કરે ત્યાં સુધી માનવી એક-બીજાનું કામ. ૫
થાય સંબંધ પૂર્ણ એ તોડી સહુ બંધન,
છોડી ભાગે પલકમાં કોણ માત ? કો'તન ? ૬
જેમ નદીનાં પૂરમાં કાષ્ઠ મળીને જાય,
વહેતાં સાથે અલ્પ પળ, આખર જુદાં થાય ! ૭
કાષ્ઠ ઘડીભર સંગનો, મોહ ન રાખે કયાંય,
વળી પરસ્પર છૂટતાં, રંજ કદી નવ થાય. ૮
તેમ આ સંસારનો પ્રવાહ ધસતો જાય,
તેમાં પૂર્વ ઋણે બધા પલભર ભેગા થાય. ૯
પલભર સાથ રહે અને લગાડે માયારંગ,
પલ પછી છૂટા પડે પ્રવાહ કેરો ઢંગ! ૧૦
પ્રવાહમાં નિજ નિજ વહ્યા છોડી પરસ્પર સાથ,
તેમાં એનો શોક શો કરવાનો ઓ માત ! ૧૧
મ્હારો મ્હારો તું કહે જો એ તારો હોત,
અધવચ તુજને છોડીને કદી ન ચાલ્યો જાત. ૧૨
'મારું મારું' કહી તમો કરો વિશ્વમા વાત,
તન તમારું પણ જ્યાં નથી, રહી બીજી કયાં વાત ? ૧૩
સૂણ માડી ! વિશ્વે તને જે જે કંઈ દેખાય,
અસ્તિ, ભાતિ પ્રિય સહુ નાશવંત છે આંહ્ય. ૧૪
મમતાનાં જાળાં બધાં શોક કરાવે વ્યર્થ,
નથી તેને મનાવીને નાખે ઊંડે ગર્ત. ૧૫
માડી ! જેનો જન્મ છે તેનું મોત ખચિત,
વળી મૃતનો જન્મ હા ! જાણો તમે નિશ્ચિત. ૧૬
જન્મમરણ ઘટમાળ આ જોને ચાલી જાય,
અવિરત આ વિશ્વે બધે રોકી ના રોકાય. ૧૭
દેહભાવ એ મોત છે, આત્મભાવ જીવન,
માટે આત્મભાવમાં માતા ! રહોને મગન. ૧૮
અજર-અમર, અવિનાશી છે આત્મા સદા નિઃસંગ,
નિર્મમ,નિર્લેપી સદા ચઢે ન દુજો રંગ. ૧૯
જન્મમરણ ના એહને, નહિ મોક્ષ નહિ બંધ,
નિરાકાર નિઃશેષ એ સદા શુદ્ધ અકબંધ. ૨૦

પાણી પલાળી ના શકે, શકે ન છેદી શસ્ત્ર,
અગ્નિ બાળી ના શકે અવિછિન્ન એ મસ્ત. ૨૧
જન્મ નથી ત્યાં મૃત્યુની કયાંથી આવી વાત ?
અજ-અક્ષય અવિનાશ એ જાણ આત્મ સાક્ષાત્. ૨૨
જીર્ણ વસ્ત્રને જયમ ત્યજી નૂતન પહેરે જન,
જીર્ણ દેહ ત્યમ છોડીને ધરે આત્મ નૂતન. ૨૩
નારણ કેરો આત્મા છોડી જીર્ણ શરીર,
નૂતન તન ધારણ કરે, એમાં શેની પીર ? ૨૪
માટે છોડી શોક મા ! કરો જરા વિચાર,
'હું મારું'ના દુઃખથી સભર ભર્યો સંસાર. ૨૫
પરંપરા ચિંતાતણી એવો આ સંસાર,
એક ગઈ કે અન્ય ત્યાં આવી ખડી છે દ્વાર. ૨૬
એમ આ સંસારમાં બધે ભર્યું છે દુઃખ,
દહાડે ભોજન ભલે કર્યું સાંજે પાછી ભૂખ ! ૨૭
દુઃખભર્યા સંસારમાં હરિસ્મરણમાં સુખ,
માટે ઓ મા ! ભજનમાં થાઓ અંતર્મુખ. ૨૮
સુખ ક્ષણિક સંસારનાં કરાવે અંતે શોક,
ક્ષણભર કંઈક હસાવતાં પછી પડાવે પોક. ૨૯
નાનકડા નારાયણે બાલક્રીડાઓ એમ,
કરી કંઈક ને મા ! તને આપ્યો મોદ ને પ્રેમ. ૩૦
પણ આજે એ મા ! તને છોડી અધવચ આમ,
ડૂબાડી શોકાબ્ધિમાં ચાલ્યો ગયો સ્વધામ. ૩૧
આપે શોક ને સ્નેહ તે સાચો કેમ કહેવાય ?
સાચો સ્નેહ તે જીવનથી ક્ષણે ન અળગો થાય ! ૩૨
માટે માત! વિચાર તું મોહ-પડળ કર દૂર,
દિવ્ય દષ્ટિથી નીરખ તું સભર ભર્યું જે નૂર. ૩૩
માટે છોડી શોક તું હૈયે ધીરજ ધાર,
તુજ સેવામાં માત ! હું સદાય છું તૈયાર. ૩૪
તારી સેવા એ જ મા ! મારું તપ ને ધ્યાન,
સાધન જપ,તપ,માહરું તુજ ચરણે કુરબાન. ૩૫
આ નિર્જન વનમાં તને માત ! ન ગમતું હોય,
તો નગર શહેર કે જ્યાં કહીશ આવીશ ત્યાંય. ૩૬
મારાં તપ, વૈરાગ્ય ને ભજન ધ્યાન, સાક્ષાત્
બાજુપર મૂકીશ હું, તુજ કાજે ઓ માત ! ૩૭
માટે શોક ત્યજી હવે ધરો માવડી ધીર,
તુજ સેવામાં સમર્પણ મુજ મન, પ્રાણ શરીર.'' ૩૮

એમ કહી અવધૂતજી માતૃચરણની માંહ્ય,
મૂકી મસ્તક મોદથી ઝૂકી રહ્યા નતકાય. ૩૯
માતૃભકિત અવધૂતની નીરખી સૌ તે વાર ,
સજલ નયન વદી રહ્યા ''ધન્ય ધન્ય શતવાર''! ૪૦
અમૃતની હેલી સમા સૂણી રંગવચન,
માહૈયે ટાઢક વળી, થયું શાન્ત કંઇ મન. ૪૧
કેશવલાલે ને વળી દાસે બીજે દન
પૂછયું માને ''માવડી ! શું છે તમારું મન? ૪૨
છે રહેવું અહીં કે પછી જાવું બીજે કયાંય ?
અવધૂતજી તમ સાથ હા ! રહેશે બધે સદાય.'' ૪૩
વચન સૂણી આ ભકતનાં માજી કરે વિચારઃ-
''શા માટે અવધૂતના તપને કરું ખુવાર ? ૪૪
માયામુકત બનેલ આ મુજ દીકરાને આમ,
માયાકેરા ગર્તમાં ફેંકું ફરી શું કામ ? ૪૫
જનમ જનમનાં પૂર્વનાં પુણ્ય કરેલાં હોય,
તો જ ઉદરથી અવતરે દીકરો યોગી કોય. ૪૬
અનસૂયા ને મદાલસા રેણુકા ને ધન્ય !
જેના ઉદરે અવતર્યા પુત્રો યોગી વરેણ્ય! ૪૭
ના ના મારા લાલને માયાજાળાં માંહ્ય,
મારે નથી ફસાવવો રહીશ હું તો આંહ્ય. ૪૮
હું પણ રેવાસ્નાન ને જપ-તપ-નિત્ય કરીશ,
યોગીની માતા બની જન્મ સફલ કરીશ. ૪૯
જેના કુળમાં દીકરો જન્મી યોગી થાય,
ઈકોતેર તે કુળની પેઢી વૈકુંઠ જાય. ૫૦
માટે હું તો અહીં રહી કરીશ ધન્ય જીવન,
એમ વિચારી મા પછી બોલ્યાં ધીમે વચનઃ- ૫૧
''સૂણો દાસ! મેં તો લીધો મક્કમ નિર્ણય એહ,
નારેશ્વરે રહેવા તણો પડતા સુધી આ દેહ !'' ૫૨
સૂણી વચન માજી તણાં હરખ્યા ભકત અપાર,
''ધન્ય ધન્ય''મુખથી કહે,વહે નયન જલધાર. ૫૩
વહેલા આવ્યા વેગથી, અવધૂતજીની પાસ,
નતમસ્તક કરીને વદે શ્રીહરગોવિંદદાસઃ- ૫૪
''પ્રભુ ! માજીએ તો કર્યો છે મક્કમ નિર્ધાર,
રહેવું અંત સુધી હવે નારેશ્વર મોઝાર,'' ૫૫
વચન સૂણી શ્રીદાસના મનનો મોર,
નાચી ઊઠયો મોદથી કરે મત્ત કલશોર. ૫૬

''ધન્ય ધન્ય માજી તને, શું મૂલવું તુજ પ્રેમ ?
બદલો તારા પ્રેમનો વાળી શકીશ હું કેમ ? ૫૭
મારા તનની ચામડી દઊં ઉતારી માત!
તારા પગનાં પગરખાં દઊં બનાવી સાક્ષાત્ : ૫૮
પહેરાવું તુજ ચરણમાં અને કરું પ્રણિપાત,
તોયે તારા પ્રેમનો બદલો ન વળે માત ! '' ૫૯
એમ વદી અવધૂતજી મનોમન તે વાર,
'મા' ના ચરણે કરી રહ્યા વંદન વારંવાર. ૬૦
મનમાં નિર્ણય લઈ લીધો ''નારેશ્વરની માંહ્ય,
માજીની સેવી મહીં રહે ન ખામી કયાંય. ૬૧
માજી સર્વોપરિ અહીં 'સુપ્રીમકોર્ટ' કહેવાય,
'મા'નો નિર્ણય સર્વને અંતિમ માન્ય ગણાય.'' ૬૨
ભકતો ખુશ ખુશ થઈ ગયા સૂણી રંગનિર્ણય,
માજીને પ્રાર્થી રહ્યા જોડી નિજ કર દ્વયઃ- ૬૩
''ત્યાગમયી મા ! ધન્ય છે ધન્ય છે તારો ત્યાગ,
જનહિતકારણ તેં ત્યજયો ઓ મા ! જગ-અનુરાગ. ૬૪
તારાં તપ, તુજ ભાવના ફળ્યાં અહીં અદ્‌ભુત,
દીધો જગને તેં અહા ! યોગીરાજ અવધૂત ! ૬૫
નંદમયી જગદંબ હે ! અનસૂયા સાક્ષાત્ ,
વારંવાર તુજ ચરણોમાં વંદન રુકુમા માત.'' ૬૬
વંદી રુકુમા માતને ભકતો થયા મગન,
ત્યાર પછી અવધૂતજીએ રાખી મન પ્રસન્ન, ૬૭
ઉત્તરક્રિયા કરી બધી, નારાયણની એમ,
શાસ્ત્રવિધિવત્ એ નકી, ખામી ન રાખી તેમ. ૬૮
ત્યાર પછી ભકતો બધા નારેશ્વરની માંહ્ય
ભેગાં મળી વિચારતાં નિર્ણય લીધો ત્યાંય. ૬૯
નિજ નિજ પત્ની સાથ અહીં દરેક ભકતે એમ,
રે'વુ નિજ નિજ ખર્ચથી માસ એક એક તેમ. ૭૦
સ્ત્રીઓ રુકુમામ્બાતણી સેવામાં રહે રત,
પુરુષો આ સ્થાનની સેવા કરે અવિરત. ૭૧
ભકતોએ બહુ હર્ષથી વધાવ્યો પ્રસ્તાવ,
દરેકને સેવાતણો મળશે અમૂલો લ્હાવ. ૭૨
ત્યાર પછી ભકતો અહીં નારેશ્વરમાં એમ,
વારાફરતી ભાવથી રહેવા લાગ્યા તેમ. ૭૩
સાયર, લીલોડના વળી ભકતો સઘળા એમ,
નિત-નિત આવે સ્થાનમાં સેવાર્થે સપ્રેમ. ૭૪

લીંપીગૂંપી ને વળી વાળીઝૂડી આમ,
સ્વચ્છ રાખે સ્થાનને સેવા કરે અવિરામ. ૭૫
ઘડે ઘડે એ ઘાટથી લાવે રેવાજલ,
સીંચે વૃક્ષો વેલીઓ શોભે અનુપમ સ્થલ. ૭૬
આજુબાજુના ગામની ગ્રામીણ બહેનો એમ,
ટોળે મળીને આવતી માજી પાસે તેમ. ૭૭
પાસે બેસી સૌ કરે વાતો વિધવિધ આમ,
પોતાની કે ગામની દુઃખસુખની તમામ. ૭૮
ભોળી,ગ્રામીણ, અભણ એ મહેનતકસ સૌ બેન,
ભોળપણું નીતરી રહે બોલે જયારે વેણ ! ૭૯
નિરાડંબરી આ સ્ત્રીઓ મા રુકુમાનો એમ,
શોક ટાળવા નિજ રીતે કરે પ્રયત્નો તેમ. ૮૦
ભોળી આ બહેનોતણી સૂણી હ્રદયની વાત,
પલભર શોક ત્યજી અને મુદિત થતાં કંઇ માત. ૮૧
અવધૂતજીના સ્નેહીઓ પૂર્વાશ્રમના જેહ,
આવી ગયા નારેશ્વરે છોડી નિજ નિજ ગેહ. ૮૨
રતનલાલ સરખેજથી ચુનીલાલ પણ એમ,
નિજ પત્ની પરિવાર સહ આવી ગયા સપ્રેમ. ૮૩
નિજ નિજ રીતે એ સહુ સેવામાં રત થાય,
જેથી પુત્ર-વિયોગનો 'મા'નો ઘાવ રુઝાય. ૮૪
વળી પ્રાણશંકર અહા ! વિપ્ર, પવિત્ર ઉદાર,
આવ્યા નારેશ્વર વિષે લઈને નિજ પરિવાર. ૮૫
'તારા' નાની દીકરી પુત્ર મહેશની સાથ,
પત્ની સહ આવી મૂક્યું અવધૂતચરણે માથ. ૮૬
હતા ગોધરા ગામના માજી પાસે એહ,
ઉછરી ને મોટા થયા તેથી અદકો સ્નેહ. ૮૭
પૂર્વપરિચયને લીધે 'મા'ના અંતર માંહ્ય,
જલતો શોકાગ્નિ અરે ! કંઈક શાન્ત થઈ જાય. ૮૮
એ માટે નારેશ્વરે લાંબું રહેવા કાજ,
નિજ કુટુંબ-પરિવાર સહ આવ્યા'તા એ આજ. ૮૯
લીલોડ ગામે રાખિયું ભાડે એક મકાન,
ત્યાં રહે ને સ્થાનની સેવા કરે નિદાન. ૯૦
બગડે ના મહેશનું ભણતર તેથી આમ,
લીલોડની શાળામહીં દાખલ કરાવ્યું નામ. ૯૧
તારા નાની દીકરી બોલી કાલા બોલ,
'મા'ને આનંદ અર્પતી કરતાં એ કલ્લોલ. ૯૨
ભકતો પણ ભેગા મળી નારેશ્વરમાં આમ,
'મા' ને મોદ પમાડવા કરતાં યત્ન તમામ. ૯૩
અવધૂતજી પણ માતની સેવામાં નિશદિન,
રહેતા ને રાખે સદા માજી શોકવિહીન ! ૯૪
બ્રાહ્મ મુહૂર્તે ઊઠતાં શય્યા-ત્યાગી આમ,
સૌથી પહેલાં માજીનાં ચરણે કરે પ્રણામ. ૯૫
માજીનાં વસ્ત્રો ધૂવે રાખી ચીવટ અપાર,
સગડી પણ સળગાવતા 'મા' માટે કોઈ વાર! ૯૬
રેવાજીના ઘાટથી કાવડ ભરી ભરી નીર,
લાવે માજી કાજ હા ! ધન્ય પુત્ર સુધીર. ૯૭
દળણું દળતા ઘંટીએ માજી માટે એમ,
જોયા મેં અવધૂતને વિસરી શકું તે કેમ ? ૯૮
નાની-મોટી માજીની સઘળી સેવા આમ,
અવધૂતજી પોતે કરે આગ્રહ થકી તમામ. ૯૯
અંગત સેવા માતની અન્ય ભકતને એમ,
અવધૂતજી કદીયે અહા ! ના કરવા દે તેમ. ૧૦૦
એમ જીવનમાં વણી દીધો માતૃભક્તિનો મંત્ર,
''ન માતુઃ પરદૈવતમ્'' બનાવ્યું જીવનસૂત્ર. ૧૦૧
અલખ કહે સૂણ શિષ્ય હે ! કહું ગુહ્ય એક વાત,
સેવાથી મા-બાપની રીઝે જગના નાથ. ૧૦૨
જેણે જગમાં જન્મીને સેવ્યાં મા ને બાપ,
તેનાં જનમ-જનમ તણાં નાસે કોટિક પાપ. ૧૦૩
માત-પિતા સંસારના હરતા-ફરતા દેવ,
રીઝશે એ રીઝવતાં તેત્રીસ કોટિ દેવ. ૧૦૪
જેણે આ સંસારમાં દુભવ્યાં મા ને બાપ,
નક્કી એ ચંડાળનું મુખ જોવામાં પાપ. ૧૦૫
દુઃખ દે જે મા-બાપને ભલે હોય ધનવાન,
જ્ઞાની સત્તાધીશ એ અથવા બુદ્ધિમાન ! ૧૦૬
તોય બધું એ વ્યર્થ છે થઈ જાશે બરબાદ,
લીધા વિણ મા-બાપના અંતર-આશીર્વાદ. ૧૦૭
અવધૂતજીએ જીવનમાં માતૃભકિતને આમ,
ઉતારીને આચરી કર્યું વરિષ્ઠ કામ. ૧૦૮
''માત-પિતા ચરણે થજો ચિત્ત સદાય વિલીન,''
એમ કહી અવધૂતજીએ દીધો બોધ નવીન. ૧૦૯
માત-પિતા છે પુત્રનાં ઉમા અને મહાદેવ,
માટે ભાવ થકી કરો માત-પિતાની સેવ. ૧૧૦

કેવો દિવ્ય હતો અહા ! માજી-રંગનો પ્રેમ!
અલખ નિરંજનને કહે વર્ણી શકું હું કેમ? ૧૧૧
તોયે બેત્રણ પ્રસંગ જો કહું છું તુજને આજ,
મુજ જીહ્‌વા, તુજ કર્ણને પાવન કરવા કાજ. ૧૧૨
અવધૂતજીનો નિયમ કે જતાં પહેલાં બહાર,
લે આશિષ માજી તણી કરીને નમસ્કાર. ૧૧૩
માજીનાં ચરણો મહીં વંદન કર્યા સિવાય,
આજ્ઞા વળી લીધા વિના બહાર કદી ના જાય. ૧૧૪
કડક નિયમ અવધૂતનો કદી ન તૂટે કયાંય,
'મા' - આજ્ઞા વિણ સ્થાનનું છીંડુ ના છરકાય. ૧૧૫
એક નિયમ કુદરત તણો જાણ શિષ્ય ! એ ખચિતઃ
થાય કસોટી નિયમની માનવના નિશ્ચિત. ૧૧૬
એક સમે અવધૂતજી વહેલી સવારે એમ,
નીકળ્યા પરગામે જવા પરવારી નિત નેમ. ૧૧૭
હતી નાવ તૈયાર ત્યાં રેવાજીને ઘાટ,
બેઠા ભકતો જોઈને અવધૂતની વાટ. ૧૧૮
નિયમ મુજબ અવધૂતજી આવ્યા 'મા'ને દ્વાર,
જતાં પહેલાં માતને કરવા નમસ્કાર. ૧૧૯
તે સમે માજી અહીં ગયાં હતાં સંડાસ,
અવધૂતજીએ આવીને 'મા' ની કરી તપાસ. ૧૨૦
પૂછતાં બોલે સેવિકા 'માજી' ગયાં સંડાસ,
અહિયાં શ્રીઅવધૂતને હતી ઉતાવળ ખાસ. ૧૨૧
થયું હતું મોડું ને જઈને સામે પાર,
હતી પકડવી ગાડીને કેમ લગાડાય વાર ? ૧૨૨
ગાડી જો ચૂકાય તો અનર્થ મોટો થાય,
ગડબડ ઊભી થાયને ભકતો અતિ મૂંઝાય ! ૧૨૩
તેથી અવધૂત શું કરે ? 'મા' ની બેઠક પર,
શિષ મૂકી વંદન કરી નીકળી ગયા સત્વર. ૧૨૪
જતાં-જતાં કહી ગયા માસ્તરને તે વાર,
''માસ્તર ! માજી ચરણમાં મારા નમસ્કાર. ૧૨૫
કહીને કે'જો એટલું હું જાઉં છું બહાર,
નિયત સમયે હું નક્કી આવીશ સ્થાન મોઝાર ! ૧૨૬
થોભવાને સમય ન'તો મળવા માજી આંહ્ય !
નીકળી તેથી જાઉં છું ચિંતા કરશો ન કયાંય.'' ૧૨૭
એમ કહી અવધૂતજી નીકળ્યા છીંડા બહાર,
આ બાજુ સંડાસથી માજી પણ તે વાર ! ૧૨૮
માસ્તર 'મા'ને કહી રહ્યા અવધૂતનો સંદેશઃ
''નિયત સમયે આવશે ધરો ને ચિંતા લેશ.'' ૧૨૯
હતી ઉતાવળ, ભકત સૌ જોઈ રહ્યા'તા વાટ,
માટે મળ્યા વિણ આપને પહોંચી ગયા એ ઘાટ !'' ૧૩૦
સૂણી વચન માસ્તર તણાં માજી થયાં ગંભીર,
મુખ પર છાયો વિષાદ ને બોલ્યાં વચન સુધીરઃ ૧૩૧
''હતી શું એને એટલી બધી ઉતાવળ આમ,
ક્ષણભર થોભી ના શકયો મુજ કાજે આ ઠામ ? ૧૩૨
કહી એટલું માજી તો રત નિજ કાર્યે થાય,
આ બાજુ અવધૂતજી નાવમાં બેસી જાય. ૧૩૩
ઊંચકાયાં લંગર અને 'જય શ્રીગુરુદેવદત્ત,'
કહી હલેસાં હલાવિયાં મલ્હારે થઈ મત્ત. ૧૩૪
મધ્યપ્રવાહે પહોચતાં સઢ જ્યાં છોડવા જાય,
ત્યાં તો ચારે દિશથી ભારે પવન ફૂંકાય. ૧૩૫
ચોગમ ચાલે વાયરો મળે ન કયાંયે લાગ,
માછી નાવ ચલાવવા પ્રયત્ન કરે અથાગ. ૧૩૬
યત્નો સહુ નિષ્ફળ ગયા ખસે ન નાવ લગાર,
થાકી બેઠા હાંફતા નાવ ઉપર મલ્હાર. ૧૩૭
સમય સરી ઘણો ગયો'થયો મધ્યાહ્ન કાળ;
ત્યારે વાતા વાયરા બંધ થયા તત્કાળ. ૧૩૮
થાતાં પાણી શાંત જો આનંદ થાય અપાર,
સઢ છોડવા સ્થંભપર ચઢી રહ્યા મલ્હાર. ૧૩૯
ભકતો મૂંઝવણમાં પડ્યા ''અરે હવે શું થાય?
ગાડી તો જતી રહી હવે કેમ જવાય? ૧૪૦
દિવસભર સવારમાં ગાડી એક જ જાય,
ચૂકયા તો પછી અરે ! બીજે દિન જવાય.'' ૧૪૧
જોઈ મૂંઝવણ ભકતની ખૂબ હસ્યા અવધૂત;
કહે માછીને ''ભાઈ ! તું નાવ પરત લે તુર્ત. ૧૪૨
નારેશ્વરના સ્થાનમાં રહીશું આપણે અદ્ય !
આવતીકાલે આ સમે જઈશું ફરીથી સદ્ય.'' ૧૪૩
પાછી વાળી નાવડી વેગે ચાલી એમ,
નારેશ્વરના ઘાટ પર ક્ષણમાં આવી તેમ. ૧૪૪
નારેશ્વરના ઘાટ પર ચરણ મૂકયો જે ક્ષણ,
તત્ક્ષણ અવધૂતજી વધ્યા ધીર, ગંભીર વચનઃ ૧૪૫
''માજીનાં દર્શન અને કર્યા વિના પ્રણામ,
ઉતાવળે આજ્ઞા વિના નીકળ્યો હું ઉદ્દામ ! ૧૪૬

તેનું ફળ મેં ભોગવ્યું પામ્યો અતિશય કલેશ,
નિયમોલ્લંઘનની મને વાગી જબરી ઠેશ !! ૧૪૭
માતૃ-વંદન આદિમાં આજ્ઞા માની લેવાય,
નારેશ્વરનું તે વિના છીંડુ ના છરકાય.'' ૧૪૮
એમ કહીને સ્થાનમાં આવી ગયા અવધૂત,
દોડી મૂક્યું માતના ચરણે માથું તુર્ત. ૧૪૯
માતાજી બહુ વિસ્મિત થયાં જોઈને નિજનો લાલ,
પૂછયું તું તો ગયો હતો આવ્યો ક્યાંથી હાલ ? ૧૫૦
વિગતે વાત કરી બધી બન્યું હતું જે ત્યાંય,
''માજી ! તારી આશિષે જીવતા આવ્યા આંહ્ય.'' ૧૫૧
માજી મૂંઝાયા કંઈકને ત્યાં તો આવ્યો ખ્યાલઃ
''અરે! આજ સવારનો છે ભૂખ્યો મુજ લાલ !'' ૧૫૨
તુર્ત સ્નાન કર્યું અને જઈ રસોડે દ્રાક્,
ઝટ બનાવી પીરસ્યાં દહીં,ભાખરી,શાક !! ૧૫૩
પ્રેમે ભિક્ષા પીરસી યોગી-પુત્રને તુર્ત,
નેહ નિતરે નયનથી ધન્ય ! વાત્સલ્ય મૂર્ત ! ૧૫૪
માજી પ્રત્યે રંગનાં ભકિત, શ્રદ્ધા, પ્રેમ;
હતાં અદ્‌ભુત કેટલાં ! કોણ કહી શકે એમ ? ૧૫૫
અલખ કહે સૂણ શિષ્ય હે !'મા' નો પુનિત પ્રસંગ !
કેવી આપે પ્રેરણા ! સાથે સ્નેહ અઠંગ ! ૧૫૬
અવધૂતજી પણ માતને દેવાને આનંદ,
નિત નિત નૂતન આચરે લીલા આનંદકંદ. ૧૫૭
કાન્તાબેન લીલોડના એક વખતની વાત,
માજીની સેવામહીં રહ્યાં હતાં સાક્ષાત્. ૧૫૮
એક સમે કુટિરના ઓટલા ઉપર આમ,
બિરાજતાં માજી હતાં પરવારી સહુ કામ. ૧૫૯
કાન્તાબેન ઊભાં હતાં ટાંકી પાસે ત્યાંય,
વાતો કરતાં માતથી, હૈયે હરખ ન માય. ૧૬૦
હતી પળો હળવાશની, માજી હતાં પ્રસન્ન !
જોતાં એ અવધૂતજી કંઈક વિચારે મનઃ ૧૬૧
''લાવ આજ માજીતણી કરું જરા ગમ્મત,
ચીડવી 'મા'ના હ્રદયને આપું હર્ષ અત્યંત. ૧૬૨
સંસારી કોઈ માતનો લાડલો દીકરો જેમ,
'મા' ને ચીડવી મોદતો અવધૂતજી પણ તેમ. ૧૬૩
ઘણીવાર માજી કને આવી બેસે એમ,
વાતો વિધ-વિધ વ્યંગની કરી હસાવે તેમ. ૧૬૪
આજે 'મા'નું મુખડું જોઈ અતિ પ્રસન્ન,
માને ચીડવી માતનું હળવું કરવા મનઃ ૧૬૫
અવધૂતજી આવી ઊભા માતૃકુટિરને દ્વાર,
લાંબો હાથ કરી તિહાં બોલી રહ્યા તે વારઃ ૧૬૬
''કાન્તા ! જો મુજ શરીરમાં કેટલો બધો છે જ્વર!
ખાતરી કરવી હોય તો સ્પર્શી જો મુજ કર.'' ૧૬૭
મુખ પર મૂંઝવણ ભાવથી જોઈ રહ્યાં છે માત,
અવધૂતજીનો હાથ જે લંબાવ્યો ભલીભાત ! ૧૬૮
કાન્તાએ ગુરુદેવને સ્પર્શ કર્યો જ્યાં આપ,
દુઃખાશ્ચાર્યે એકદમ બોલી ઊઠીઃ ઓ બાપ ! ૧૬૯
કેટલો બધો તાવ છે ! આપના તનની માંહ્ય !
ધખધખતા લોઢા સમી ધીખી રહી છે કાય ! ૧૭૦
દાણો તલનો તન પર મૂકયો હોય તો અત્ર,
તતડીને નીચે પડે, ગરમ એટલાં ગાત્ર ! ૧૭૧
કાન્તા જ્યમ જ્યમ બોલતાં ત્યમ ત્યમ 'મા'મુખ પર,
વિષાદનાં વાદળ જતાં છવાતાં હા ! સત્વર. ૧૭૨
મુખ પર માજીના પછી ઠેરવતાં નિજ નજર !
હસતાં હસતાં વ્યંગમાં બોલ્યા સદ્‌ગુરુવરઃ ૧૭૩
''જો કાન્તા ! માજી મને કહે એટલું અત્ર,
'રેવાજલમાં ડૂબકી મારી દોડી તુર્ત; ૧૭૪
જો તું પાછો આવે તો તારા તનનો જ્વર,
તરત ઉતરી જાય ને રહે ન અહીં ક્ષણભર.' ૧૭૫
તો હું આવા તાવમાં રેવાજીએ સદ્ય,
જઈને ડૂબકી મારીને આવી જાઉં અદ્ય.'' ૧૭૬
એમ કહી માજી ભણી ભાળી રહ્યા અવધૂત,
પણ માજી તો મૂંઝવણે રાખી મૌન અદ્‌ભુત; ૧૭૭
જોઈ રહ્યાં નિજ લાલને મુખપર વિચિત્ર ભાવ !
દુઃખ-મિશ્રિત મૂંઝવણ થકી મૌન રહ્યાં એ સાવ ! ૧૭૮
જોઈ માજી મુખતણા ભાવ એ અવધૂત,
''ચાલો-ભાઈ ! એ નહિ કહે'' એમ કહીને તુર્ત; ૧૭૯
ત્યાંથી ચાલી નીકળ્યા ગયા દૂર કંઈ આમ,
માજી કાન્તાને કહે વચન કેવાં તે ઠામઃ ? ૧૮૦
''આ તો પહેલેથી જ છે અવળચંડો આમ,
આડાઈ એની હું જ સહું બેન ! તમામ. ૧૮૧
હું જો બોલી હોત તો રેવા પર એ જાત,
તાવ ધખે છે તોય પણ ઠંડા જલમાં નહાત ! ૧૮૨

હું બોલી તેથી નહિ, રાખ્યું મૌન અતૂટ;
અવળચંડની સાથ શી કરવી માથાકૂટ ?'' ૧૮૩
બોલી હજી એમ રહ્યાં માજી ત્યાં તો તુર્ત,
વચ્ચેથી પાછા ફર્યા સમર્થ એ અવધૂત. ૧૮૪
સીધા આવીને ઊભા માજી બેઠાં જ્યાંય,
ઊભા એ જ ટાંકી કને કાન્તા ઊભી જ્યાંય. ૧૮૫
કાન્તા આગળ કર ધરી બોલ્યા એ સત્વરઃ
''જો કાન્તા મુજ શરીરમાં હાવાં કેટલો જ્વર ?'' ૧૮૬
કાન્તાએ અવધૂતના કરને કર્યો સ્પર્શ;
એકદમ બોલી ઊઠી અત્યંત પામી હર્ષઃ ૧૮૭
''અરે અરે ઓ બાપજી ! તમ શરીર તો એમ!
એવું ઠંડુગાર છે જલઝબોળ્યું જેમ. ૧૮૮
ક્ષણ પહેલાં ધીખતું હતું તમ લોહ સમ જેહ,
ઠંડુ ગારસમ ક્ષણ પછી વાહ ! થઈ ગયું એહ ! ૧૮૯
આ કેવું આશ્ચર્ય હા ! વાહ સદ્‌ગુરો વાહ !
કાન્તા-નયને વહી રહ્યો આનંદાશ્રુ-પ્રવાહ !! ૧૯૦
પછી વદ્યા અવધૂતજી ''સુણ કાન્તા ! આ વાર :
મુજ શરીરમાં નથી રહ્યો તાવ હવે તલભાર. ૧૯૧
સમાચાર તું માજીને કહી દે હમણાં ઝટ,
માનું મન ઉદ્વેગથી થઈ રહ્યું ચટપટ. ૧૯૨
મુજ શરીરમાં તાવ છે એમ જાણીને એહ,
ખાશે નહિ, નહિ ઊંઘશે વૃથા પીડશે દેહ. ૧૯૩
માટે કહી દે એમને તાવ નથી એ સ્પષ્ટ,
જેથી જાય વિષાદ ને થાયે હૈયું હૃષ્ટ.'' ૧૯૪
સુણી વચન અવધૂતનાં પામી હર્ષ અપાર,
કાન્તા વિનિત સ્વરે કહે માજીને તે વાર. ૧૯૫
''માજી હવે જરા નથી બાપજી-તનમાં જ્વર,
ઠંડું હિમ સમુ હવે શરીર છે સુખકર. ૧૯૬
માટે ચિંતા છોડીને કરો હર્ષથી વાત,
બાપજીએ તો આપની રમૂજ કરી ઓ માત !'' ૧૯૭
સૂણી વચન કાન્તાતણાં માજીના મુખ પર,
પરમાનંદની ઝાંય ત્યાં ફરી વળી સત્વર. ૧૯૮
આવી અવધૂતતણી લીલા કેરી રીત,
એ રીતે માજીતણી સંપાદે એ પ્રીત ! ૧૯૯
સત્‌પુત્રો મા-બાપને કરાવે યાત્રા આમ,
સેવા કરે મા-બાપની ફેરવે ચારે ધામ. ૨૦૦
અવધૂતે પણ માતની યાત્રાનો તમામ,
મિસ્ત્રી, નગીનલાલથી કરાવ્યો ઈંતેજામ. ૨૦૧
મિસ્ત્રી નગીનલાલ ને બીજા ભકતો સાથ,
ઉત્તરાખંડની યાત્રા ભાવે કરે જો માત. ૨૦૨
એનું વર્ણન જો કરું ગ્રંથ વધે છે આંહ્ય,
યાત્રા મિષે માજીનો સ્થાનબદલો થાય ! ૨૦૩
વિચારી અવધૂત એ ગોઠવે સઘળું જાણ,
એની લીલા એ લહે 'બાલક' સાવ અજાણ. ૨૦૪

ઇતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દયુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે માતૃમાહાત્મ્યસ્નેહસંવર્ધનં નામ એકોનત્વારિંશોઽધ્યાયઃ ॥૩૯॥ દોહરા ૨૦૪॥

## અધ્યાય ૪૦

સુણ નિરંજન શિષ્ય તું ! નારેશ્વરમાં આમ,
માજી સહ અવધૂતજી, લીલા કરે અકામ. ૧
માજી નિત સોળું સજી, તનમન રાખી પવિત્ર,
ભિક્ષા પ્રેમે બનાવતાં, રાખી પ્રસન્ન ચિત્ત. ૨
બરાબર દસ વાગતાં, અવધૂત યોગીરાજ,
માતૃકુટિરે આવતા, ભિક્ષા લેવા કાજ. ૩
માજી ભાવે પીરસતાં, સાત્ત્વિક ભિક્ષા અન્ન,
નેહ વરસતો નયનથી,મુખડું રહે પ્રસન્ન. ૪
ભિક્ષાસમે અવધૂતજી કરતા વિધવિધ વાત,
હાસ્ય છોળો ઉડાડતા, પ્રસન્ન કરતા માત. ૫
અલખ કહે સૂત-માતનો ભાવસભર સંવાદ,
જે ભકતે સુણ્યો હશે,ધન ધન તેની જાત. ૬
ભિક્ષામાં અવધૂતજી, લેતા સાત્ત્વિક અન્ન,
મગની દાળની ખીચડી, દહીં અને વ્યંજન. ૭
નાનકડી બે ભાખરી,મગની દાળની સાથ,
લેતા ભિક્ષામાં સદા, નારેશ્વરના નાથ. ૮
મરી મસાલા મરચું કે, હિંગાદિક રાઈ એમ,
ગોળ,ખાંડ કે શર્કરા, કદી ન લેતા તેમ. ૯
સાંજે થોડું દૂધ ને, એકાદુ બે ફલ,
હોય તો લેતા ભાવથી, પોતે સદ્‌ગુરુવર. ૧૦

દિવસભરમાં આ સિવા, કશુંય મુખની માંહ્ય,
મૂકતા નહિ અવધૂતજી, કયારે કદીયે કયાંય ! ૧૧
જિહ્વાપર અવધૂતનો, હતો કાબૂ જબ્બર,
કડવા તૂરા સ્વાદની,પડતી ન કદી ખબર. ૧૨
કડવા લીમડા પાનનો, રસ કડવો અપાર,
પ્યાલો ભરીને પી જતા, અવધૂતજી કંઈ વાર. ૧૩
કડવા રસની મુખ પર, કટુતા ના વરતાય,
સરબત પીતા હોય એમ, ગટ-ગટાવી જાય. ૧૪
વાત વાતમાં સદ્‌ગુરુ, કહેતા કોઈ કોઈ વાર,
કડવાં કારેલાં મને, લાગે ન કટુ લગાર. ૧૫
સ્વાદેન્દ્રિય જીતી હતી, અવધૂતજીએ એમ,
કદી કંઈ ખાવા તણી, થતી ન ઈચ્છા તેમ. ૧૬
તોયે મા રુકુમા કદી,વાત્સલ્યભાવે એમ,
બનાવે કંઈ વાનગી, તો લે થોડી સપ્રેમ. ૧૭
જે રીતે માજીતણું,હૈયું સંતોષાય,
તે રીતે અવધૂતજી, વર્તન કરે સદાય. ૧૮
આ ખાવું-તે ખાવું-નો, કરે ન કદી વિચાર,
માત્ર શરીર ટકાવવા, લેતા અલ્પાહાર. ૧૯
એક સમે અવધૂતજી, કરવાને આરામ,
દરિયાતટે ડુમસમહીં, રહ્યા હતા તે ઠામ. ૨૦
કાંઠા નજીક બંગલો રાખ્યો હતો મુકામ,
સાથ જગન્નાથભાઈ, સેવે રાખી હામ. ૨૧
ભિક્ષા બનાવવી વળી, નાનું-મોટું કામ,
સેવાનું અવધૂતની, કરતા હતા તમામ. ૨૨
વહેલી સવારે જાગીને, અવધૂતજીની સાથ,
સાગરસ્નાન કરાવવા, જાય નિત જગન્નાથ. ૨૩
સાગર સ્નાન કર્યા પછી, સિંધુ તટ પર મસ્ત !
અવધૂતજી બેસી જતા, ધ્યાનસમાધિરત. ૨૪
સૂર્યોદય થાતાં પછી, થઈ ધ્યાનથી મુકત,
અવધૂતજી પાછા ફરે, પૂર્ણ પ્રસન્નતાયુકત. ૨૫
પાછા ફરતાં માર્ગમાં, બાવળ કેરાં વૃક્ષ,
આવે હારોહાર જે, કાંટાળા ને રુક્ષ. ૨૬
એ વૃક્ષો પર શીંગના, ગૂંચળાં ગુચ્છેગુચ્છ,
લાગેલાં 'પૈ'ડા' ઘણાં, સાવ નિરર્થક તુચ્છ. ૨૭
કડવો તૂરો સ્વાદ ને, મારે અતિશય વાસ,
પશુ પક્ષી પણ ખાય ના, બકરાં વિણ એ ખાસ. ૨૮
પ્રતિદિન એ માર્ગે જતાં, બાવળ શિંગો પર,
ઘણીવાર અવધૂતની, પડતી ત્યાં તો નજર. ૨૯
એક દિ' શિંગો જોઈને, જગન્નાથને એમ,
કૂતુહલતાથી કહી રહ્યા, અવધૂતજી સપ્રેમઃ ૩૦
''અરે જગન્નાથ ! તું, આ શિંગોનું શાક,
ભિક્ષા કાજ બનાવીને પીરસ મુજને દ્રાક્ ! ૩૧
વાત સૂણી અવધૂતની, થઈ આશ્ચર્ય સ્તબ્ધ,
જગન્નાથ વિનિત સ્વરે, વદ્યા જોડી બે હસ્તઃ ૩૨
''અરે પ્રભુ ! બાવળતણી, શિંગો કેરું શાક,
હોય થયું એવું કદી, સૂણ્યું નથી મેં દ્રાક્ ! ૩૩
સીંગો બેસ્વાદ ઘણી કડવી તૂરી ગંધ,
મોંમા પણ પેસે નહિ, એવી છે દુર્ગંધ. ૩૪
માટે એનું શાક પ્રભુ ! ના કોઈ કરતાં આંહ્ય,
હું પણ જો કરીશ તો, આપથી નહિ ખવાય. ૩૫
માનવ કે પશુ પક્ષી પણ , કોઈ ન એને ખાય,
બકરાં એકલાં એહને, પટ પટ ચાવી જાય.'' ૩૬
સૂણી વચન સેવક તણાં, મધુર હસ્યા અવધૂત,
હાસ્ય વેરતાં તે પછી, બોલ્યા રુકુમાસુતઃ ૩૭
''બકરાં જો એ ખાય તો, મુજથી શેં ન ખવાય ?
માટે મારે ખાવું છે, થવાનું હોય તે થાય ! ૩૮
આજે જગન્નાથ ! તું માની મારું વચન,
લઈ લે આ શિંગો અને, બનાવી દે વ્યંજન. ૩૯
આજે ખીચડી સાથ હું, ખાવાનો આ શાક.''
જગન્નાથ તો જોઈ રહ્યા, પલભર થઈ અવાક્. ૪૦
આજ્ઞા શ્રીઅવધૂતની, કેમ કરી લોપાય ?
તેથી જગન્નાથ અલ્પ શિંગો તોડી જાય. ૪૧
કુમળી-કુમળી જોઈને, શિંગો તોડી લેત,
સાફ બરાબર જો કરે, મુકામ આવતાં વેંત. ૪૨
ચીવટ ધરી સમારતાં જગન્નાથ તે વાર,
જળમાં ખૂબ ઝબોળીને, કરી સાફ બહુ વાર. ૪૩
મૂકી બાફવા તે પછી, ચુલા ઉપર જયાંય,
કડવી ગંધાતી અરે ! નીકળી વરાળ ત્યાંય. ૪૪
એવી મારે ગંધ કે ! કોઈથી ના સહેવાય,
ઊંચાં નાકનાં ટેરવાં, વાસ આવતાં થાય. ૪૫
અલ્પ ઘૃત-જીરૂ મૂકી , પછી કર્યો વઘાર,
ભિક્ષામાં અવધૂતને, પીરસ્યું તે તત્કાળ. ૪૬

જગન્નાથ નિજ મન વિષે, વિચારતા'તા એમ,
એક વખત ચાખ્યા પછી, પડતું મૂકશે તેમ. ૪૭
પણ આ તો અવધૂત હતા, રસાસ્વાદ જીતનાર,
હોંશે હોંશે ખાઈ ગયા, ક્ષણે ન લાગી વાર. ૪૮
કટુ ન લાગ્યું એમને, તૂરું ન લાગ્યું જરાય,
બેસ્વાદુ દુર્ગંધ પણ, લાગ્યાં ન એમને કયાંય. ૪૯
બાફયું હતું જે પાત્રમાં, આ શિંગોનું શાક,
જરા સુંઘતાં પાત્ર એ, મરડાઈ જાયે નાક, ૫૦
અવધૂતજી એ ખાઈ ગયા, બધું યે પ્રસન્નચિત્ત,
જગન્નાથ તો જોઈ રહ્યા, થઈને અતિ વિસ્મિત. ૫૧
જગન્નાથ સદ્ગુરુતણી, લીલા જૂએ અદ્ભુત,
મનોમન વંદી રહ્યા, જીતેન્દ્રિય અવધૂત. ૫૨
ગિરિરાજ અર્બુદતણા, ગુરુશિખરે ત્યાંય,
દત્ત દિગંબર, જો સ્વયં રહ્યા બિરાજી જયાંય. ૫૩
ઈષ્ટદેવ અવધૂતના, દત્ત દગંબર દેવ,
દર્શન માટે રંગની, ઈચ્છા થઈ તતખેવ. ૫૪
ગુરુશિખરે એકાંતમાં, રહીને એકાદ માસ,
ધ્યાન ધારણે રત થવા, વિચારે સદ્ગુરુ ખાસ. ૫૫
એક દિવસ નીકળી પડયા, પગપાળા ગુરુનાથ,
સેવામાં સરખેજના, જગન્નાથની સાથ. ૫૬
પગે ચાલતાં આવિયા, નખી તલાવે આમ,
સ્નાન કર્યું સરવર વિષે, કર્યો ત્યાં જ મુકામ. ૫૭
ધ્યાનાદિક પરવારીને, એક શિલા પર આમ,
અવધૂતજી આડા પડયા, લેવાને વિશ્રામ. ૫૮
જગન્નાથભાઈ સ્નાનાદિકથી એમ,
પરવારીને તૈયારીઓ ભિક્ષાની ત્યાં તેમ, ૫૯
કરવા લાગ્યા ભાવથી, પત્થર મુકી આમ,
ચૂલો બનાવ્યો ને મૂકયાં વીણી કાષ્ઠ તે ઠામ. ૬૦
મગની દાળની ખીચડી,બનાવી દીધી ઝટ,
શાક-ઘૃત કે દધિ તણી, હતી નહિ ખટપટ. ૬૧
ઉની ઉની ખીચડી, એકલી ભાણા માંહ્ય,
પીરસી ને અવધૂતજી,આવી બિરાજ્યા ત્યાંય. ૬૨
દહીં ઘૃત કે શાક વગર લૂખી ખીચડી જોઈ ,
જગન્નાથના અંતરે,પીડા અતિશે હોઈ. ૬૩
સામે આવી વિનયથી, જોડી બન્ને હાથ,
ગદ્ગદ્ કંઠે નતશિરે, બોલતા જગન્નાથઃ ૬૪
ક્ષમા કરો સદ્ગુરુ મને, ઘૃત-દધિ મળ્યું ન ક્યાંય,
ચોખ્ખું પવિત્ર શુદ્ધ જે, આપને પીરસી શકાય. ૬૫
તેથી લૂખી ખીચડી, આપને પીરસી આજ,
મારા એ અપરાધને, ક્ષમા કરો મહારાજ !'' ૬૬
વચન સૂણી નિજ ભક્તનાં, વદ્યા હસી અવધૂત,
અરે આ તો અમૃત છે, શું કરવાં દધિ-ઘૃત ? ૬૭
એમ કહી નિજ પાસનું, જલ-કમંડલ તુર્ત,
ઊંચકી વદ્યા અવધૂતજીઃ 'જો! જો ! આ રહ્યું ઘૃત.' ૬૮
જગન્નાથ સમજે કંઈ, તે પહેલાં તે વાર,
ભગ ભગ કરતી પાત્રમાં,પડી રહી જલધાર. ૬૯
આખું પાત્ર ભરી દીધું, જલ થકી તે વાર,
જલમિશ્રિત ખીચડી થઈ, ક્ષણે ન લાગી વાર. ૭૦
ઝટ સબડકા મારીને, જલમિશ્રિત એ અન્ન,
પ્રેમે આરોગી ગયા, ક્ષણમાં શ્રી ભગવન્. ૭૧
વળી વધેલા અન્નમાં, જલ રેડીને ઝટ,
ઓગાળીને પી ગયા, બોલ્યા જય ગુરુદત્ત. ૭૨
પાત્ર પછી નીચે મૂકયું, ક્ષણે ન લાગી વાર,
ભિક્ષા પૂર્ણ થઈ અને, થાતો તૃપ્તોદ્ગાર. ૭૩
જગન્નાથ આશ્ચર્યથી, પહોળાં કરી નયન,
જોઈ રહ્યા અવધૂતનું, બાદશાહી ભોજન. ૭૪
અલખ નિરંજનને કહે, અવધૂતજીએ આમ,
રસાસ્વાદ પર જ્ઞાનથી, રાખી હતી લગામ. ૭૫
સૂણ શિષ્ય ! અવધૂતનો, માજી પરનો પ્રેમ,
અને એ અવધૂત પર, માજીનો પણ એમ; ૭૬
હતો કેટલો વિપુલ હા ! તેનું એક દષ્ટાંત,
ધ્યાને સૂણતાં એ અહા ! હરશે તારું ધ્વાંત. ૭૭
મા રુકુમાએ એક દિ' કરવા દૂધીનું શાક,
ઘી રેડી તાવડી, મુકી અગન પર દ્રાક્. ૭૮
જીરૂ નાખી ઘૃત તિહાં કકડાવતાં અપાર,
તડતડ તતડયું એટલે, કરવાને વઘાર ૭૯
જેવાં માજી જાય ત્યાં, ઠોકર એકાએક,
વાગીને એ તાવડી, ઉછળી ત્યાંથી છેક. ૮૦
કડકડતું એ ઘી બધું, અરે ! હાય ! સત્વર,
રેડાયું માજીતણા, જમણા ઘૂંટણ પર. ૮૧
દગ્ધ થયો ઘૂંટણ અને,થયો ભયંકર દાહ,
જરાય પણ ના નીકળી, માજી મુખથી આહ ! ૮૨

તુર્ત બીજું ઘી મૂકી, કરી દીધો વઘાર,
જલન પીડા મુખ પર અહા ! દેખાઈ ન લગાર. ૮૩
થયો જલેલો એક ને, પીડા અતિશય થાય,
માજી કેરા મુખ ઉપર, પીડા ના વર્તાય. ૮૪
આચ્છાદિત નિજ વસ્ત્રથી, કરી જલેલો એહ,
દુઃખ દબાવી રાખિયું, ધન્ય માત વરદેહ. ૮૫
ત્યાર પછી અવધૂતજી, ભિક્ષા લેવા કાજ,
માતૃકુટિરે આવિયા, સંતોના શિરતાજ. ૮૬
ભિક્ષા પીરસી માજીએ, ધરી નયનમાં નેહ,
હસી હસી વાતો કરી, પડે ન કંઈ સંદેહ. ૮૭
ભિક્ષા લઈ અવધૂતજી, બેઠા ખાસ્સી વાર,
પણ માએ નિજ દુઃખનો, દીધો ના અણસાર. ૮૮
ભિક્ષા લઈ અવધૂતજી, મા પાસેથી આમ ,
નિજ ગુફામાં પ્રવેશિયા, કરવાને આરામ. ૮૯
અવધૂતજી ગુફા વિષે,ગયા પછીથી આમ.
માજીએ મોદીજીને, બોલાવ્યા તે ઠામ. ૯૦
ઝડપે આવ્યા મોદીજી, માચરણે વંદન,
કરીને ઊભા રહ્યા, માજી બોલ્યાં વચનઃ ૯૧
મોદીજી મુજને જરા, દઝાયું છે આંહ્ય,
હોય મલમ ઠંડો કંઈ, લાવી દો ઝટ આંહ્ય. ૯૨
એમ કહીને માજીએ, ઘૂંટણ પરનો તુર્ત,
જલેલો એ બતાવિયો, મોદીજીને મૂર્ત ! ૯૩
ફોલ્લો જોતાં મોદીનાં, ફાટી ગયાં મુખ-આંખ,
દુઃખમિશ્રિત નવાઈથી, પલભર થયા અવાક્. ૯૪
વહેલા દોડયા ઓરડે, લઈ મલમ તત્ક્ષણ,
ઝટપટ ધીમે દાહ પર, કરી રહ્યા લેપન. ૯૫
લેપન કરતાં મોદીએ, પૂછી ધીરેથી વાત,
કયારે ? કેવી રીતથી, તમે દઝાયાં માત ? ૯૬
કેટલો મોટો દાહને, જરા કહો છો એમ ?
અસહ્ય પીડા દાહની, સહી શકયાં મા ! કેમ ? ૯૭
કડકડતા વઘારતણા, ઘી ઢળ્યાની વાત.
વિગતે મોદીને કહી, હસી રહ્યા ત્યાં માત. ૯૮
મોદી તો આશ્ચર્યથી, 'મા' નું હાસ્યવદન,
મુગ્ધ બની જોઈ રહ્યા, બોલ્યા ત્યાં તો વચનઃ ૯૯
અરે જગદંબા જે ઘડી, ઘી ઢળ્યું ઘૂંટણ પર,
તેજ સમે આપે મને, કરી કેમ ના ખબર ? ૧૦૦
તેજ સમે આ મલમનું, દાહ પર લેપન,
કર્યું હોત તો માજી ઓ ! થાત ના જરાય જલન. ૧૦૧
સૂણી વચન મોદી તણાં, મા રુકુમા પલભર,
મોદી પર નાંખી રહ્યાં, અગમ્ય ભાવનજર. ૧૦૨
જાણે તપસી મોદીને, કહેતી હોય નજર,
માની મમતાની તને, કયાંથી પડે ખબર ? ૧૦૩
પછી નજરને સ્થિર કરી, રાખી મુખ પ્રસન્ન,
મા રુકુમામ્બા મોદીને, કહેવા લાગ્યાં વચનઃ ૧૦૪
જો મોદી મેં તે સમે, દુઃખથી પામી ત્રસ્ત,
બૂમો પાડી હોત તો, જાણત સ્થાન સમસ્ત. ૧૦૫
દોડદોડ કરત બધાં, કરતા શોકબકોર,
સૂણતાં 'બાબુ' દોડતો, આવત આણી કોર. ૧૦૬
જોતાં મારું દુઃખ આ, એના કાળજ પર,
કરવત જાણે ફરી રહ્યું, એવી થાત અસર. ૧૦૭
તેથી એ આવેશમાં, આવી જઈને તેમ,
સહુથી અવળી રીતથી,એ વિચારત એમ :- ૧૦૮
મને શાક ખાવા તણી, બુરી પડી છે ટેવ,
તેથી માજી આજ કરે ! દાઝી ગયાં તતખેવ. ૧૦૯
મારા શાકના શોખથી, માજી પામ્યાં દાહ !
બળ્યો શોખ જે માજીના, દિલને આપે આહ ! ૧૧૦
માટે મારે આજથી, ભવિષ્યમાં કોઈ વાર,
શાક ન ખાવું કોઈ દિ', થાય ભલે થાનાર. ૧૧૧
એમ વિચારી બાબુ જો ઉત્તેજીત થઈ જાય,
શાક છોડી દે ભક્ષવું, કહો પછી શું થાય ? ૧૧૨
તેથી મારો લાડલો, શાક ખાવાનું એમ,
ના છોડી દે તે લીધે, કહ્યું કશું ના તેમ ! ૧૧૩
સૂણી-વાત માજી તણી, મોદીજીનાં નયન,
ગંગા-જમના સમ અહા ! વહી રહ્યાં તત્ક્ષણ. ૧૧૪
જોઈ મા-દીકરા તણો, એક બીજાનો પ્રેમ,
મોદી મૂંગા થઈ અને, વંદી રહ્યા એ એમ. ૧૧૫
અલખ કહે વદ તું શિષ્ય હે ! આવો નિર્મળ ભાવ,
મા-દીકરાનો વિશ્વમાં, એક તો મને બતાવ. ૧૧૬
માનું દુઃખડું જોઈને, દિલડું દ્રવી જાય,
છોડી દે ઝટ શાકને, ખાવાનું જે સદાય. ૧૧૭
સામે પણ મા અહા, દીકરો ન છોડે શાક,
તે માટે દુઃખ દાહનું, સહન કરે અવાક્. ૧૧૮

મા-દીકરાના પ્રેમમાં, કો'નો બલવત્તર ?
નિરંજન તો મૂગો થયો, શો આપે ઉત્તર ? ૧૧૯
અલખ ભાવાવેશમાં, બોલ્યા જોડી હાથ,
'ધન્ય ધન્ય એ દીકરો, ધન્ય ધન્ય એ માત!' ૧૨૦
માતા પુત્રમૃત્યુનું, દુઃખ ભૂલતાં જાય;
ત્યમ ત્યમ પુત્રવિયોગનો, માનો ઘા રુઝાય. ૧૨૧
એક દિવસ અવધૂતજી, રુકુમામાની પાસ,
પ્રાણશંકર સાથ જો, આવ્યા કુટિરે ખાસ. ૧૨૨
થોડી કંઈ વાતો કરી, પછી મૂક્યો પ્રસ્તાવઃ
પ્રાણશંકર હાવે તમે, ગોધરા પાછા જાવ. ૧૨૩
તમે અમારે કારણે, કીધું ઘણું , કર્યું સહન,
છોડી નિજ ઘર-ગામ ને, સેવ્યું તમે અરણ્ય. ૧૨૪
ટાઢ તાપ વરસાદ ને, બીજાં દુઃખ અપાર,
સહ્યાં તમે અહીં રહી અહા ! કુટુંબ સહ પરિવાર. ૧૨૫
માના મનને હવે જુઓ, વળી છે કંઈક કરાર,
માટે જાઓ ગોધરા, લઈને તમ પરિવાર. ૧૨૬
સૂણી વચન અવધૂતનાં, પ્રાણશંકર સુજાણ,
સજલ નયને ગદ્‌ગદ્ ગળે, બોલ્યા ધીમે વાણઃ ૧૨૭
પ્રભુ ! રંક હું વિપ્રથી, થઈ છે શું કંઈ ભૂલ ?
જેથી ઘર જાવા તણી, દો આજ્ઞા પ્રતિકૂલ ?' ૧૨૮
'ના ના એવું કંઈ નથી'; બોલ્યા સદ્‌ગુરુ દેવ,
માજીને આ સ્થાનમાં, ગોઠી ગયું ભૂદેવ ! ૧૨૯
આજુબાજુના ગામથી, આવતી બહેનો સાથ,
માજીનો મનમેળ હા! જાણી બોલું તાત ! ૧૩૦
માટે હવે ઘેર જઈ, ચલવો ઘર-વ્યવહાર,
સ્ત્રી-પુત્રાદિકનો હવે, કરો કંઈ વિચાર. ૧૩૧
એમ કહી અવધૂતજીએ, નાખી એક નજર,
અર્થ-સૂચક સ્નેહથી, માજીના મુખ પર. ૧૩૨
નજર પડતાં માજીએ, ખૂંટી પરથી એક,
ચાવીનો ઝૂમખો લઈ, લંબાવ્યો કર છેક. ૧૩૩
ધરી ચાવીઓ માજીએ, પ્રાણશંકર સન્મુખ,
વદતાં વળી બહુ ભાવથી, રાખી હસતું મુખઃ ૧૩૪
'લઈ જાઓ તમ સાથ આ, ચાવી પ્રાણશંકર,
જઈ ગોધરા ને પછી ઉઘાડજો મુજ ઘર. ૧૩૫
ઘર સાથે મુજ ઘર તણી, ઘર-વખરી તમામ,
વાસણ-કૂસણ ગાદલાં પેટી-પટારાં આમઃ ૧૩૬
પાટ,ખાટ, કબાટ ને, નાનું-મોટું જેહ,
રાચ-રચીલું છે પડયું, જે કંઈ ઘરમાં તેહ. ૧૩૭
સઘળું કીધું આજથી, તમને મેં સમર્પણ,
રહો, ભોગવો,પ્રેમથી, રાખો મુજ વચન.' ૧૩૮
એમ કહીને માજીએ, ચાવી-ઝૂમખો જેહ,
પ્રાણશંકરના હાથમાં, મુકી દીધો તેહ. ૧૩૯
માના મુખ પર તે સમે, દોરાતા'તા એમ,
આટા-પાટા હર્ષનાં, રહે છૂપા એ કેમ ? ૧૪૦
ત્યાગમયી જગદંબના, ત્યાગતણો એ તાગ,
અરે કોણ કાઢી શકે ? વ્યર્થ પ્રયત્ન અથાગ. ૧૪૧
જે ઘરમાં નિજ સ્વામી સહ, મુગ્ધાવસ્થા માંહ્ય,
સ્નેહભીના દિવસ ઘણાં, હતા વીતાવ્યા જ્યાંય; ૧૪૨
જે ઘરના છપ્પર નીચે, ભીષણ કાળ કરાળ,
નિજ પતિને ભરખી ગયો, કાઢી ઉષ્ણ વરાળ. ૧૪૩
જે ઘરમાં બે બાલુડાં, રત્ન સમાં નિર્ધાર,
ઉછેરી મોટાં કર્યાં, દઈને હેત અપાર. ૧૪૪
બોલકણો બાબુ અને , નાનો નારાયણ,
જે ઘરને ગજાવતા, કરી વિવિધ તોફાન. ૧૪૫
જે ઘરના નિવાસની, ખાટી મીઠી અનંત,
જે હૈયે સંઘરી હતી, માએ રાખી ખંત. ૧૪૬
ઘરની ભીંતોની બધી, ઈંટ અને પથ્થર,
માટીનો કણકણ અને ઉપરનું છપ્પર. ૧૪૭
ઘરની ઘરવખરી બધી, આછી પાતળી જેહ,
તે સર્વે પર માતનો, હતો અતિશય સ્નેહ. ૧૪૮
જડ વસ્તુઓ એ બધી, અતીત કેરી યાદ,
દેતી રુકુમા માતને,ચેતન સમ સાક્ષાત્. ૧૪૯
અતીતની ગાયબ બધી, વીતેલી ક્ષણક્ષણ,
માજીને કે'તો હતો, માટીનો કણકણ. ૧૫૦
આવી રીતે માતના, હૈયા સાથે જેહ,
જડાઈ ગયેલું ખોરડું, આપી દેતાં તેહ ; ૧૫૧
જરાયે માના મુખ પર,નથી વર્તાતું દુઃખ,
આપી દીધું પલકમાં, માએ હસતે મુખ. ૧૫૨
આપી દીધી ચાવીઓ, પ્રાણશંકરને હસ્ત,
નિજનું સર્વસ્વ અર્પીને, બન્યાં માજી મસ્ત. ૧૫૩
સર્વ સમર્પી અવધૂતે, પોતાનું કશું આંહ્ય,
ના રાખ્યું હોમ્યું બધું, ચિદ્‌વહ્નિની માંહ્ય. ૧૫૪

પ્રાણશંકરે તે પછી, જઈ ગોધરા ગામ,
ઘર ઉઘાડી સાફ કરી, કર્યું વ્યવસ્થિત આમ. ૧૫૫
શ્રદ્ધાભક્તિથી તે પછી, ધરી હૃદયમાં ધીર,
તે ઘરને બનાવિયું, માજીનું મંદિર. ૧૫૬
ભાઈઓ શિવશંકર અને વિષ્ણુપ્રસાદજી એમ,
બાલકૃષ્ણ ને બધાં, રાવલકુળનાં તેમ. ૧૫૭
સેવા પૂજા આરતી, માજીમંદિર માંહ્ય.
કરવા લાગ્યા ભાવથી, રોજ નિયમિત ત્યાંય. ૧૫૮
ભજન-કીર્તન થાય ને, ઉત્સવ પણ ઉજવાય,
ભકતો સૌ ભેગા મળી, અવધૂતગુણલાં ગાય. ૧૫૯
પ્રાણશંકરની દીકરી, તારા લાડલી ખાસ,
જમાઈ અતિ શ્રદ્ધેય જે, રમેશચંદ્ર વ્યાસ. ૧૬૦
ભેગા મળી સેવા કરે, માજીની સૌ એમ,
રવિભાઈ પૂજા કરે, રાખી હૈયે પ્રેમ. ૧૬૧
આવ્યું તેની બાજુમાં વિઠ્ઠલમંદિર જયાંય,
જન્મસ્થળનો ઓરડો આવ્યો જોને ત્યાંય. ૧૬૨
રાખી અલગ તે ઓરડો, પધરાવ્યાં છે જ્યાંય
પાદુકાજી રંગના, થોડા વખતથી ત્યાંય. ૧૬૩
પૂજન ને અભિષેક ત્યાં, પાદુકા પર થાય,
ભાવિક ભકતો સેંકડો, દર્શન કરવા જાય. ૧૬૪
શ્યામ સરપોતદાર જે, સહકુટુંબ નિત એમ,
સેવા પાદુકાતણી, કરે ભાવથી તેમ. ૧૬૫
મંદિર-પથનું પાલિકા બદલે નામાભિધાન,
રંગ અવધૂત માર્ગથી દેવા રંગસન્માન ! ૧૬૬
તેલંગ હાઈસ્કુલ કે જહાં, ભણ્યા હતા અવધૂત,
તે શાળામાં રંગનું, તૈલચિત્ર અદ્‌ભુત. ૧૬૭
મૂકીને શાળા તણા, વ્યવસ્થાપકો એમ,
અવધૂત પ્રત્યે કૃતજ્ઞતા, દર્શાવી સપ્રેમ. ૧૬૮
નારાયણના મિત્ર જે, મોદી વાડીલાલ,
માજી પાસે ઉછર્યા, જૈફ ઉંમરે હાલ. ૧૬૯
હજી વસે છે ગોધરા, શુકલ ફળીમાં ત્યાંય,
વાતો કરતાં માતની, અંતર અતિ હરખાય. ૧૭૦
માજી નારાયણ અને, પૂજ્યશ્રીના પ્રસંગ,
કહેતાં વાડીલાલનાં, નયન વહે અભંગ. ૧૭૧
હૈયું ભાવવિભોર થઈ, જોડી બન્ને હાથ,
સજલ નેત્રથી વદી રહે, જય જય રુકુમામાત. ૧૭૨
આમ અહિયાં ગોધરે, માજીના ઘર માંહ્ય,
પધરાવી માની મૂરત, સેવાપૂજા થાય. ૧૭૩
અવધૂતજીએ ગોધરા છોડીને જે વાર,
રેવાતટ આવી વસ્યા નારેશ્વર મોઝાર. ૧૭૪
ત્યાર પછી એ ગોધરા, ગયા નથી કોઈ વાર,
તેનો ગોધરાવાસીને, હૈયે રંજ અપાર. ૧૭૫
કેમ ન આવ્યા ગોધરા,ફરીથી સદ્‌ગુરુનાથ ?
કેમ ભૂલ્યા નિજ ભૂમિને ? શો છે અમ અપરાધ?' ૧૭૬
અલખ કહે સૂણો તમે, ગોધરાવાસી જન,
રંગ ન આવ્યા ગોધરે, કરો ન તેનો રંજ. ૧૭૭
વ્રજ ભૂમી છોડયા પછી, સ્વયં કૃષ્ણ ભગવન્,
ફરી ગયા ના ગોકુળે, જરા વિચારો મન. ૧૭૮
ભોળા વ્રજવાસીતણાં, ભાવ ભક્તિને પ્રેમ,
સતત કૃષ્ણને હૃદયમાં, પૂરી રાખતાં તેમ. ૧૭૯
ઉદ્ધવજી ગોકુળ ગયા,ધારી ઉર અભિમાન,
'અજ્ઞાની વ્રજવાસીને, દઉં જરા કંઈ જ્ઞાન.' ૧૮૦
જોઈ પણ વ્રજવાસીનાં, ભાવ ભક્તિ ને પ્રેમ,
ઉદ્ધવજીનો ગળી ગયો, ગર્વ પલકમાં તેમ. ૧૮૧
કૃષ્ણ ભલે, વ્રજથી રહ્યા સ્થૂલ દેહથી દૂર,
રોમરોમ પણ વ્રજજનો, કૃષ્ણ થકી ભરપૂર. ૧૮૨
તેમ ભૂ ગોધર વિષે, પ્રગટ થયા ગોપાલ,
ધન્ય બનાવ્યું, ગોધરા, કૃષ્ણસમ આ કમાલ ! ૧૮૩
ગોધરા ગામની બધી, ગલિયો પોળો સાથ;
માર્ગ મકાનો મંદિરો, સરવર વળી અગાધ. ૧૮૪
મીઠો દેતાં અણસાર જો અવધૂત ધબકે આંહ્ય,
અનુભવતા ક્ષણે ક્ષણે, શ્રદ્ધાળુ એ ત્યાંય. ૧૮૫
અલખ કહે ગોધરા તણા, દરેક નરની માંહ્ય,
મુજને તો અવધૂતનાં, પ્યારાં દર્શન થાય. ૧૮૬
ગોધરા ગામની વળી, પ્રત્યેક સાત્ત્વિક નાર,
મુજને હરપળ દઈ રહી, માજીતણો દિદાર. ૧૮૭
માટે છોડી રંગને, ગોધરાવાસી જન !
હૈયે વસતા રંગના, હર પળ કરો દર્શન. ૧૮૮
એમ ગોધરાવાસીને, દઈને આશ્વાસન,
અલખજી આગળ વધ્યા ઉદ્‌બોધી નિરંજન ! ૧૮૯
હાવે અહીં નારેશ્વરે, મા રુકુમામ્બા સાથ,
રહીને નિત નૌતમ કરે લીલા, સદ્‌ગુરુનાથ. ૧૯૦

નારેશ્વરનું સ્થાન તો જાણે નંદનવન,
પ્રવેશ કરતાં સ્થાનમાં, થાયે ચિત્ત પ્રસન્ન. ૧૯૧
સંસારાનલ-તાપથી, તપ્ત થયેલા જન,
શાંતિ પામે સ્થાનમાં, થાતાં દૂર અગન. ૧૯૨
યોગમ લીલા લીમડા, ઝૂકી ઝૂકી ભૂ પર,
માનવને પરમ અર્પતા, શાંતિ એ દુઃખહર. ૧૯૩
વિધવિધ વૃક્ષો વેલિઓ, સદા રહે તૈયાર;
ફૂલફલનો સેવા મહીં, ખોલી નિજ ભંડાર, ૧૯૪
ફૂલકયારામાં પુષ્પની, ખીલી રહી કતાર,
નાના રંગ-સુગંધથી, દે આનંદ અપાર. ૧૯૫
પક્ષી વિધવિધ રંગનાં, કરી મધુર કૂજન,
ડાળે ડાળે ઊડી રહી , કરે મનોરંજન. ૧૯૬
આમ્રકુંજમાં કોકિલા, કરે મધુર ટહુકાર,
મયૂર કેકારવ કરી, નાચે થૈ થૈકાર. ૧૯૭
ગુચ્છ ગુચ્છે પુષ્પના, લેતા મધુ મકરંદ,
ગુંજારવ ગુન ગુન કરી, દેતા દિવ્યાનંદ. ૧૯૮
યોગમ માત પ્રકૃતિતણા, ખૂલ્લા પડયા ભંડાર,
અઢળક દ્રવ્ય લૂંટાવતા, લૂંટે કો લૂંટનાર ! ૧૯૯
દૂર દૂર રેવાતણો, વહેતો દિવ્ય પ્રવાહ,
પાપ-તાપ ને ટાળતો, દૂર કરે જન-દાહ. ૨૦૦
રવિરશ્મિ નર્તન કરે, રેવાજલ ઉપર,
ઈન્દ્રધનુષના રંગને, ઉપજાવે સત્વર. ૨૦૧
મા રેવાના પુલિનની , પાછળ દૂર સૂદર,
ભૂરા પહાડો ચળકતા, સૌંદર્યે ભરપૂર. ૨૦૨
આ સૌથી અદકું અહીં, નારેશ્વરની માંહ્ય,
સાત્ત્વિક તપ અવધૂતનું, દેતું અનુપમ ઝાંય. ૨૦૩
ગોબરથી લીંપ્યું-ગુંપ્યું, સ્થાન અતિ પવિત્ર,
ઋષિઓના આશ્રમતણું, ખડું કરે છે ચિત્ર. ૨૦૪
દિવ્ય અણુઓથી બધું, સભર ભર્યું છે સ્થાન,
અનુપમ સાત્ત્વિકતા અહીં, અજબ છલકે જાણ. ૨૦૫
તાપે ત્રાસે વિશ્વના, ત્રસ્ત થયેલો જન,
પામે અહીંયા આવીને શાંતિ પરમ તત્ક્ષણ. ૨૦૬
અર્થાર્થી, આર્ત, વળી ભાવિક મુમુક્ષ જાણ,
શ્રદ્ધાભક્તિથી કામના પૂર્ણ કરે નિજ જાણ. ૨૦૭
દૂર બોધિવૃક્ષ શા લીમડા નીચે એમ,
શુદ્ધ માટીના ઓટલે, અજીન પાથરી તેમ ૨૦૮
બિરાજે અવધૂતજી, આજુબાજુએ ત્યાંય,
વિનમ્ર ભાવે બેસતો, ભકતતણો સમુદાય. ૨૦૯
સહજભાવે સર્વની, સાથે કરતા વાત,
હાસ્યતણી છોળો અહા ! ઊડી રહે સાક્ષાત્. ૨૧૦
અમૃતસમ વાણી વહે, જાણે દિવ્ય પ્રવાહ,
ગંગા જેવો છે વિશ્વમાં દૂર કરતો દાહ ! ૨૧૧
ઊછળે એની દૃષ્ટિમાં, શાંતિનો સાગર,
ભાગે દુઃખડાં ભકતનાં, પડતાં એક નજર. ૨૧૨
ના દીઠું એણે કદી, દ્વૈત સૃષ્ટિની માંહ્ય,
ઊંચ નીચ પર-અવરનાં, ભેદ જરા ના ત્યાંય. ૨૧૩
સૌને શાંતિ અર્પતો, સૌને દેતો સુખ,
દર્શનમાત્રે રંગના જાયે ભવભયદુઃખ. ૨૧૪
અવનિ ઉપર અમરાપુરી, ઉતરી જાણે હોય,
અનુભવ એવો સર્વનો નારેશ્વરમાં થાય. ૨૧૫
અલખ કહે હું શું કહું ? નારેશ્વરની વાત ?
નારેશ્વર આ ભૂ ઉપર, વૈકુંઠ સમ સાક્ષાત્. ૨૧૬
વૈકુંઠ બીજે કયાં હશે ? તેની ના મને ખબર,
કદાચ એ આવું હશે જેવું ' નારેશ્વર' . ૨૧૭
રંગકથા તે કારણે 'બાલક' તું તો જાણ,
અમૃત સમ એ પરબ થકી, કરશે જગકલ્યાણ. ૨૧૮

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય(બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે રંગમાતૃપદયોર્ભાવનિરૂપણં નામ ચત્વારિંશોડધ્યાયઃ॥૪૦॥ દોહરા ૨૧૮॥

## અધ્યાય : ૪૧

અલખ કહે સદ્ગુરુતણો લીલા-મૌક્તિકહાર,
જે કંઠે ધારણ કરે પામે સૌખ્ય અપાર. ૧
ગુરુલીલામૃત વિશ્વમાં મૃત-સંજીવિની જાણ,
જેના સેવનથી ટળે મહા-મૃત્યુ-અજ્ઞાન. ૨
નારેશ્વરમાં સદ્ગુરુ લીલા કરે અનંત,
આર્ત દીન દુઃખિયાતણાં દુઃખનો આણે અંત. ૩
કંઈના રોગો મટાડીયા કંઈ તજાવ્યા ભોગ,
સન્માર્ગે કંઈ વાળિયા દઈને બુદ્ધિયોગ. ૪

કંઈ પાગલ ડાહ્યા કર્યા, કંઈના કાઢયાં ભૂત,
વ્હેમજન્ય અજ્ઞાનનાં કંઈનાં ટાળ્યાં તૂત. ૫
કંઈની સૂકી વાડીઓ કીધી નવપલ્લવિત.
કંઈની હૃદ્-કળિયો અહા ! કરી પરિપ્લાવિત. ૬
આંસુ લૂછ્યાં કંઈકનાં દઈને આશ્વાસન,
કંઈને નમ્ર બનાવિયા ગાળી ગર્વ ગહન. ૭
કંઈની જીવન-નાવનું લઈને હાથ સુકાન,
તારી-પાર ઊતારવા દૂર કર્યું તોફાન. ૮
દુઃખિયાના બેલી બન્યા, દીનના ગરીબનવાઝ,
ભકતવત્સલા ભકતના નારેશ્વરના રાજ. ૯
શરણાગતવત્સલ અહા ! જે કો શરણે જાય,
આધિ-વ્યાધિ ઉપાધિ સૌ દૂર જીવનથી થાય. ૧૦
એની આંખે વિશ્વમાં ભેદ ન ભાવ્યો કયાંય,
રાય-રંકના ભેદ નહિ નારેશ્વરની માંહ્ય. ૧૧
ઊંચ-નીચ હું-તું તણો અવધૂતને નહિ ભેદ,
સાંસારિક દ્વંદ્વોતણો ઊડયો સઘળો છેદ. ૧૨
નાત-જાજાતના ભેદ વિના કોઈ પણ ભાવિક ભકત,
અવધૂતશરણે આવીને થાયે દુઃખથી મુકત. ૧૩
નજીકના એક ગામના જૈફ મુસલમાન,
હસનચાચા નામના નેકી ને દિલવાન. ૧૪
ખેતી કરતા ખંતથી, કરતા નેક કમાઈ,
વણહકની કોની, કદી લેતા ના એક પાઈ. ૧૫
પતિ-પત્ની એ બે જ જણ હતાં કુટુંબની માંહ્ય,
પ્રામાણિક મહેનત કરી રહેતાં સુખે સદાય. ૧૬
કરે ખુદાની બંદગી દિનમાં ત્રણ-ત્રણ વાર,
નિંદા ચાડી ચુગલી કરે ન કોઈની લગાર. ૧૭
નિજ મહેનતનું જે મળે તેમાં લે સંતોષ,
આનંદે બે જણ રહે કદી નહીં આક્રોશ. ૧૮
એક સાલ હસનને પાકયો ઘણો કપાસ,
ગાડાં ભરી-ભરી વેચિયો મહેર ખુદાની ખાસ. ૧૯
વેપારી કપાસનો રૂપિયા લઈ એક દન
આવ્યો ઘેર હસનના કરતો હાસ્યવદન. ૨૦
હસન ચાચા તે સમે પાડોશીની સાથ,
બેસીને પરસાળમાં કરતા'તા કંઈ વાત. ૨૧
તે સમે વેપારીએ હસનભાઈને એમ,
રૂપિયા બાવીસો અહા ! આપ્યા ગણીને તેમ. ૨૨

પાડોશીના દેખતાં હસનભાઈએ એહ,
ચીંથરે વીંટી રૂપિયા મૂકયા મજુષમાં તેહ. ૨૩
વેપારી ચાલ્યો ગયો ,ગયો પાડોશી ઘેર,
હસન ચાચા તે પછી મન વિચારે સુપેર. ૨૪
''મજુષમાં જે રૂપિયા મૂકયા છે મેં આજ,
તે પાડોશી જોઈ ગયો ભલું થયું ના કાજ. ૨૫
છાનો આવી રાતના કદાચ કાઢી જાય,
તો તો મારી વર્ષની મહેનત પાણી થાય. ૨૬
માટે લાવ એ રૂપિયા છાના મૂકી દઉં,
ખબર પડે ના કોઈને તેવા મૂકી દઉં ! ૨૭
એમ વિચારીને પછી ચાચાએ તત્કાળ,
મજૂષમાંથી રૂપિયા કાઢી લીધા બહાર. ૨૮
મજૂષ ઉપર મૂકી હતી ગોદડીયો દસ-બાર,
એક-એક લઈ નીચે મૂકી, ક્ષણે ન લાગી વાર. ૨૯
છેલ્લી ગોદડી કાઢીને એની ગડીની માંહ્ય,
ચીંથરે વીંટ્યા રૂપિયા મૂકી દીધા ત્યાંય. ૩૦
મૂકયાં ઉપર ગોદડાં ઢગલો કરી તમામ,
ચાચા મનમાં ખુશ થયા ''ચોક્કસ કીધું કામ.'' ૩૧
સમય ઘણો ચાલ્યો ગયો બન્યા પછી આ વાત,
ભોળા ચાચા ભૂલકણા ભૂલી ગયા એ વાત. ૩૨
મનમાં એમના તો હજુ એવો બસ છે ખ્યાલ,
રૂપિયા મૂકયા મજૂષમાં ચીંથરાની છે ઢાલ ! ૩૩
ગોદડીકેરી ગડીમહીં ધન મૂકયાની વાત,
હસન ચાચા સમુળગા ભૂલી ગયા સાક્ષાત્ ! ૩૪
ત્યાર પછી પાલેજનો આવ્યો દુકાનદાર,
કરવા ઉઘરાણી ઊભો હસન ચાચાને દ્વાર. ૩૫
''ચાચા રૂપિયા હોય તો નામું આપો આજ,
નીકળ્યો છું હું આ તરફ ઉઘરાણીને કાજ !'' ૩૬
ચાચા પ્રેમે બોલિયા'' અરે આવ ભાઈ આવ,
ગણી લે તારા રૂપિયા ઝટ પાવતી લાવ.'' ૩૭
ચાચા એવું બોલીને ખોલે મજૂષ દ્રાક્,
જોતાં અંદર એકદમ થઈ ગયા અવાક્ ! ૩૮
ચીંથરે વીંટ્યા રૂપિયા હવે હતા ના ત્યાંય,
દુઃખી થતાં આશ્ચર્યથી બોલ્યા ચાચા ''હાય !૩૯
કોઈ મારા રૂપિયા ચોરી ગયું રે હાય !
દુઃખે ચાચા વલવલે નયને જલ ઉભરાય. ૪૦

મારા રૂપિયા ક્યાં ગયા? મૂક્યા'તા જે આંહ્ય,
અરે ! કોઈ ચોરી ગયું અરે ! હવે શું થાય ?'' ૪૧

પાગલસમ માથું કૂટે, બીબી રડે અપાર,
''અરે ! અમને આ ઉંમરે કોઈએ કર્યા ખુવાર.'' ૪૨

મિયાબીબીને આમ ત્યાં કરતાં જોઈ રુદન,
લેણદાર આભો બની ખૂબ મૂંઝાયો મન. ૪૩

બોલ્યો,''ચાચા ! ના તમેં ચિંતા કરશો મન,
ભૂલથી કયાંક મૂકયા હશે જડશે જરૂર કો'દન. ૪૪

ચિત્તે શાંતિ રાખીને પછી કરજો શોધ લગાર !''
કહી લેણદાર એમ જો ત્યાંથી થયો ફરાર. ૪૫

ગામલોકો હાંસી કરે જાય જો વાત બહાર,
તેથી આ મિયા-બીબી છાનો કરે સંચાર. ૪૬

ભૂવા-જાગરિયા કર્યા, કર્યા પીર-ફકીર,
ખેરાતો કંઈ કંઈ કરી, રખે ફળે તકદીર ! ૪૭

એ સૌનું પણ શૂન્યમાં પરિણમ્યું પરિણામ,
ખાણી-પીણી એમ થાતી નિંદ હરામ. ૪૮

દ્રવ્યતણી ચિંતામહીં વીતવા લાગ્યા દન,
ચિંતાથી ચાચાતણું ખૂબ સૂકાયું તન. ૪૯

સદા રમતું હોઠ પર વિલિન થયું એ હાસ્ય,
હરતા-ફરતાં તોય પણ રે'તા નિત્ય ઉદાસ, ૫૦

એક દિવસ એ ગામમાં લીલોડના પટેલ,
વેચાતી એક ભેંસ ત્યાં લેવાને આવેલ. ૫૧

હતા હસન ચાચાતણા જુના મિત્ર એ એમ,
તેથી મળવા હસનને ઘેર ગયા એ તેમ. ૫૨

મળ્યા પરસ્પર મિત્ર બે પૂછ્યા કુશળક્ષેમ,
ત્યાં તો હસનની આંખમાં આંસુ ભરાયાં તેમ. ૫૩

વિગતે વાત કરી બધી દ્રવ્ય ગુમાવ્યું જેહ,
ઉપાયો જે જે કર્યા કહ્યું બધું એ તેહ. ૫૪

વાત સૂણી નિજ મિત્રની પટેલ પામ્યા દુઃખ,
દુઃખમાં સાચો મિત્ર તો કદી ન ફેરવે મુખ. ૫૫

વિચાર કર્યો કંઈક ને કરી ઝીણાં નયન,
યાદ થતાં ઉત્સાહથી, બોલ્યા પટેલ વચનઃ ૫૬

''હસન ! મારી એક વાત જરા માનીશ ?
અત્યારે મુજ સાથ શું નારેશ્વર આવીશ ? ૫૭

નારેશ્વરમાં હાલમાં આવ્યા છે કો સંત,
પ્રશ્નો આવા પૂછતાં ઉત્તર દેત તુરંત. ૫૮

સંત ઓલિયો એ નકી ખુદાનો બંદો કોક,
બેઠો છે નારેશ્વરે હરવા જનના શોક. ૫૯

ચાલ ઘોડો પલાણ તું, થા હવે તૈયાર,
સારા કામમાં વિલંબ ના કરવો ઘટે લગાર !'' ૬૦

બન્ને જણ નીકળી પડ્યા થઈ ઘોડે અસવાર,
આવી ગયા નારેશ્વરે ના લાગી બહુ વાર. ૬૧

''પ્રથમ રેવાસ્નાન ને પછી રંગદર્શન''
અટલ કાયદો સ્થાનનો કરે સર્વ પાલન. ૬૨

તેથી રેવાતટ જઈ કરતા બન્ને સ્નાન,
આવી પહોંચ્યા તે પછી બેઠા જ્યાં ભગવાન. ૬૩

લીમડા નીચે માટીની બેઠક પર અવધૂત
બેઠા દિવ્ય સમર્થ એ તેજપુંજ અદ્ભુત. ૬૪

સૂર્ય-ચંદ્ર સમ નેત્રથી વહેતી અમીની ધાર !
મંદ-મંદ મુખડું હસે, ધારી તેજઅંબાર ! ૬૫

દિવ્ય દેહ કંચન સમો, ઝળહળતી નિજ કાય !
શુભ્ર ચાદર ખાદીની તનપર અતિ સોહાય ! ૬૬

જટાતાજ શિરપર અને ખાંધે સૂત્ર પવિત્ર !
કટિપર કૌપીન શોભતું, બેઠા રંગ સુચિત્ર ! ૬૭

દિવ્યરૂપ અવધૂતનું વરણ્યું શેં વરણાય !
દર્શનમાત્રે મનુષ્યનાં જન્મમરણ મિટ જાય. ૬૮

બન્નેએ આવી તિહાં અવધૂતચરણે આમ,
મૂકી શ્રીફળ ભાવથી, કર્યા દંડવત્પ્રણામ. ૬૯

બન્ને પર અવધૂતની પડતી દિવ્ય નજર,
મંદ હાસ્યે પટેલની પૂછી પછી ખબર. ૭૦

''કેમ પટેલ ખેતી તણા કેવા છે કંઈ હાલ ?
વરસાદ શું આવ્યો હતો, માફકસર આ સાલ ?'' ૭૧

અલખ કહે સૂણ શિષ્ય તું અવધૂતજીની એક,
વિશેષતા ભારે હતી કદી ન ચૂકે વિવેક. ૭૨

જેવો જેવો માનવી તેવી તેની સાથ,
આત્મભાવે પ્રેમથી કરતા પોતે વાત. ૭૩

પંડિત-જ્ઞાની સાથ એ, જ્ઞાનચર્યા ગહન,
કરતા ને ઉકેલતા વિકટ પ્રશ્ન પ્રચ્છન્ન. ૭૪

બાલક સાથે બાલસહજ કરતા વાતો એમ,
ખેડૂત સાથે ખેતીની વાતો છેડે તેમ. ૭૫

પોતે તો બિરાજતા બ્રહ્મશૃંગપર આમ,
પ્રેમથકી આસ્વાદતા બ્રહ્મરસના જામ. ૭૬

ભૌતિક ને આવી બધી લૌકિક વાતો એમ,
બ્રહ્મભોગીને અરે ! કરવી ગોઠે કેમ ? ૭૭
પણ આ તો અવધૂત છે કરવા જગકલ્યાણ,
અવનિપર છે અવતર્યા સત્ય કહું તે જાણ. ૭૮
બ્રહ્મગિરિના શૃંગથી નીચે ઊતરી આમ ,
અમ અદના જનકારણે જન્મ્યા એ નિષ્કામ. ૭૯
માટે એ અવધૂતજી નાના-મોટા સાથ,
સાધીને આત્મીયતા કરતા પ્રેમે વાત. ૮૦
પટેલ સાથે ખેતીની છેડી જેવી વાત,
ત્યાં તો પટેલ બોલિયા કાઢી ઊંચો સાદઃ ૮૧
''અરે દયાળુ ! આપની દયાથકી સૌ એમ,
ખેતી-વાડી ને બધું છે તો કુશળક્ષેમ. ૮૨
પણ આ મારો મિત્ર છે હસનચાચા આજ
દુઃખી દુઃખી થઈ અને આવી ગયો છે વાજ !'' ૮૩
અવધૂતજીએ હસન પર કર્યો ત્યાં દષ્ટિપાત,
પૂછયું પછી ''ચાચા હસન કહો શી છે તમારી વાત ?'' ૮૪
અમૃતસમ અવધૂતનાં વચન સૂણતાં ઝટ,
ચાચા કેરી આંખમાં આંસુ આવ્યાં પટ. ૮૫
કંઠ ગદ્‌ગદ્‌ થયો અને બોલ્યું ના બોલાય,
ત્યાંય તો પટેલ બોલિયા કરવા એને સહાયઃ ૮૬
''અરે ! બાપજી ! હસનના ઘરમાંથી કોઈ ચોર
રૂપિયા બાવીસો લઈ ભાગી ગયો કંઈ ઓર. ૮૭
ખૂબ શોધ કરી અને જંતર-મંતર પણ
ખૂબ કરાવ્યા તોય રે ! જડ્યા નથી હજુ પણ. ૮૮
માટે એના રૂપિયા પાછા એને તુર્ત
મળે એવું કંઈ કરો સમર્થ આપ અવધૂત !'' ૮૯
સૂણી ભોળા પટેલનાં વચન એવાં સ્પષ્ટ,
મંદ હસ્યા અવધૂતજી થયા અંતરે હૃષ્ટ. ૯૦
પૂછે પછી અવધૂતજી ચાચાને જો એમ,
''રૂપિયા ક્યાં મૂકયા હતા ? ગયા કરીને કેમ ? ૯૧
વદ્યા હસનચાચા પછી ''મેં ચિવટે સુપેર
મજૂષમાં મૂકયા હતા રૂપિયા મારે ઘેર. ૯૨
સારી રીતે મજૂષનાં બંધ કરીને દ્વાર,
તાળું મારી ખંતથી ખેંચ્યું તું ત્રણવાર. ૯૩
ચાવી એ તાળા તણી મારી ડોકમાં એમ,
દોરે બાંધી રાખી'તી જરા ન સરકે તેમ. ૯૪
તાળું, દ્વાર મજુષનાં હતાં તેમનાં તેમ.
તોયે અ રૂપિયા ગયા કેવી રીતે એમ ? ૯૫
વાત સૂણી ચાચા તણી અવધૂત થોડીવાર,
અર્ધોન્મિલિત નેત્રથી કરી રહ્યા વિચાર ! ૯૬
કંઈક વિચાર કીધા પછી કરતા હાસ્યવદન,
અવધૂતના મુખથી સર્યા મધઝર મિષ્ટવચન ૯૭
''ગામડે વસતા સૌ જનો વિણ સમજે કોઈવાર
ગોદડામહીં સંતાડતા વાળી ગડી ત્રણ ચાર. ૯૮
અવધૂતજી હજી આટલું બોલી રહ્યા છે જ્યાંય,
હસનકેરા મગજમાં ઝબકી વીજળી ત્યાંય. ૯૯
''પાડોશીની ધાકથી જાતે જો તે રાત,
રૂપિયા હતા સંતાડિયા ગોદડીમહીં સાક્ષાત્‌ !'' ૧૦૦
યાદ આવતાં એકદમ ઊભા થઈને તુર્ત,
પાગલસમ બોલી ઊઠ્યા ''રહમ કરી અવધૂત.'' ૧૦૧
''બાપૂ ! મેં જ મૂક્યા હતા રૂપિયા ગોદડા માંહ્ય,
દુઆ કરી મસ્તાન ! તેં યાદ કરાવ્યું આંહ્ય. ૧૦૨
જૈફ ઉમ્રને કારણે ભૂલી ગયો તો એહ,
રૂપિયા મારા જડી ગયા એમાં નહિ સંદેહ !'' ૧૦૩
એમ કહી અવધૂતના કદમોમાં સલામ,
કરી,ફરી-ફરી વેગથી આવી ગયા નિજ ગામ. ૧૦૪
છલાંગ મારી અશ્વથી ઊતરી ઘરમાં એમ,
પેઠા દોડી ઝડપથી નિશ્ચય પાકો તેમ. ૧૦૫
મજુષપરના ગોદડાં ઊંચકી એકેએક,
વેગે ભૂ પર ફેંકવા લાગ્યા ત્યજી વિવેક. ૧૦૬
બીબી આવ્યાં દોડતાં સૂણ્યો જ્યાં ધબકાર,
જોતાં કૃત્ય પતિતણું થયાં સ્તબ્ધ પલવાર. ૧૦૭
દુઃખે દિલમાં શોચતાઃ ''મુજ ખાવિંદની હાય !
ડાગળી ચસકી કે પછી વળગ્યાં ભૂત-બલાય ?'' ૧૦૮
ત્યાં તો છેલ્લું ગોદડું હસન ચાચાએ જયાંય,
ફેકયું તેવી સરી પડી રૂપિયા-નોટો ત્યાંય. ૧૦૯
રૂપિયા જોતાં એકદમ છલંગ મારી ઝટ,
હસનચાચા વીણી રહ્યા નોટો સઘળી પટ. ૧૧૦
બીબી પણ આનંદથી હસન ચાચાને સાથ,
નોટો એ વીણી રહી છોડી સર્વ વિષાદ. ૧૧૧
ચાચા નોટો વીણતાં બોલે ઊંચે સાદ,
''રહમ કરી અવધૂતને, કયા કહું મૈં બાત ? ! ૧૧૨

મેં સંતાડ્યા રૂપિયા મને નતો એ ખ્યાલ,
નારેશ્વર કે ઓલિયા તૂને કરી કમાલ ! ૧૧૩
બીજે દિન નિજ પત્નીને લઈને ચાચા સાથ,
લીધો હાર ગુલાબનો વળી મીઠાઈ પ્રસાદ. ૧૧૪
નારેશ્વર બંને તિહાં કરવા ગયાં સલામ,
નારેશ્વરના ઓલિયા કર્યું ગજબનું કામ ! ૧૧૫
અલખ કહે સુણ શિષ્ય તું તે દિનથી એ યવન,
આશક બન્યો અવધૂતનો ધન્ય કર્યું જીવન. ૧૧૬
અલખ નિરંજનને કહે વસ્તુ એક વિચાર.
સાચા સંતો ચાહીને કરે ન ચમત્કાર. ૧૧૭
સહજ રીતે એ સંતની આજુ-બાજુએ આમ,
ચમત્કાર તો થયા કરે અણચિંતવ્યા તમામ. ૧૧૮
અહીં આ દષ્ટાંતમાં અવધૂતજીએ એમ,
સહજ રીતે કહ્યું હતું થતું હતું જે તેમ. ૧૧૯
અવધૂતને સ્હેજ પણ ન્હોતો એવો ભાવ,
પરચો દઈ નિજ શકિતનો મૂકું મૂછે તાવ ! ૧૨૦
સંતો સ્હેજે જે જે કંઈ દેતા શબ્દ-વિચાર,
શબ્દો સાર્થક થાય ને સૌ ગણે ચમત્કાર. ૧૨૧
સુણ નિરંજન ! કહું તને પ્રસંગ નજીકના ગામ,
બન્યો મુસ્લિમબાઈનો કરતી સીમનું કામ. ૧૨૨
પાંચેક વર્ષનો દીકરો તેનો એકનો એક,
'મા'નું મનડું ઠારતો હતો લાડલો છેક. ૧૨૩
ફૂટ્યું તેના મસ્તકે જમણી બાજુ પર
ઢીમણું નાનું એક ને પડી નહિ ખબર. ૧૨૪
કેશાચ્છાદિત ઢીમણું પ્રથમ ન આવ્યો ખ્યાલ,
ધીમે ધીમે એ વધ્યું થયું ખાસ્સું વિશાલ. ૧૨૫
પીડા ના આપે કશી પણ પામી વિસ્તાર
શૃંગ સમુ એ નીકળ્યું મસ્તક કેરી બહાર. ૧૨૬
ચોગરદમ વિસ્તૃત થયું જાણે નાનું એક
માથું બીજું ફટિયું લાગે એવું છેક. ૧૨૭
ગરીબ માતા ગ્રામ્ય આ ઘરેલું કરે ઉપાય,
નિયમિત કરતી ખંતથી ફાયદો પણ ના થાય. ૧૨૮
દીકરાનું દુઃખ જોઈને 'મા'નું મન કોરાય,
જે કોઈ કહે તે બાપડી કરતી રહી ઉપાય. ૧૨૯
વ્હેમજન્ય બાધા અને કર્યા મલિન ઉપચાર,
તો પણ એના બાળને પડ્યો ન ફેર લગાર. ૧૩૦
કોઈક આપી સલાહ કે કરજાણ કેરા જેહ
મોટા દાકતર પાસ તું લઈ જા નિઃસદેહ. ૧૩૧
વિધવા મા નિજ સૂતને જયમ ત્યમ કરજાણ ગામ,
મોટા દાકતર પાસ લઈ ગઈ ધરી ઉર હામ. ૧૩૨
જોઈ તપાસી દાકતરે એવું કર્યું નિદાન.
''બાળક કેરા મસ્તકે થઈ રસોળી માન. ૧૩૩
ઓપરેશન વિણ અન્ય ના ઉપાય બીજો જાણ,
વાઢ મૂકવા સત્વરે માગ્યું માનું લખાણ.'' ૧૩૪
સૂણી વચન દાકતર તણાં 'મા'ના હૈયા માંહ્ય,
ભય-શોક વ્યાપ્યાં અતિ નયને જલ ઉભરાય. ૧૩૫
'ઓપરેશન કરતાં કદી ન થવાનું જો થાય,
ઉછર્યો-પાછર્યો માહરો દીકરો ચાલ્યો જાય. ૧૩૬
એમ વિચારી બાઈ તો મૂઠી દઈ સત્વર,
દવાખાનેથી સુત સહ થાતી રફુચક્કર. ૧૩૭
ગામમાં આવીને કહે ''ના રે મારા બાપ !
મારે મુજ સુતના શિરે નથી મુકાવવો કાપ.'' ૧૩૮
ભલે રસોળી એ રહી નથી આપતી દુઃખ,
એવો એવો તોય પણ જોઈ એનું મુખ; ૧૩૯
હું ઠારું મુજ આંખડી, ટાઢું હૈયું થાય,
વિયોગ એનો હું થકી જરાય નહિ સહેવાય. ૧૪૦
એમ વિચારી બાઈ એ નિજ શક્તિ અનુસાર,
ઘર-ગુથ્થુ ઈલાજ સૌ કરતી વારંવાર. ૧૪૧
એક દિવસ એ બાઈને કોઈએ, આવી ત્યાંય,
કહ્યું કે સાંભળ બાઈ ! તું નારેશ્વરની માંહ્ય ૧૪૨
વસે છે અકબર-ઓલિયો, થાતાં એની રહમ;
ભાગે છે દુઃખિયાતણાં કંઈ દુઃખો ને ગમ. ૧૪૩
જાય તેને એ મળે રવિ કે ગુરુએ એમ,
ગુફામાંથી નીકળી વરસાવે નિજ રહેમ. ૧૪૪
કાલે ગુરુવાર છે માટે મારી બહેન,
નારેશ્વર જઈ આવ તું માની મારું વેણ. ૧૪૫
શકય હોય તો નાળિયેર અથવા ફૂલનો હાર,
પૈસા ચોખા ના કંઈ મુકાય એના દ્વાર. ૧૪૬
આવીશ તારી સાથ હું જરા ન રાખીશ ક્ષોભ,
સંતો તો છે સર્વના, પડતાના એ મોભ ! ૧૪૭
સૂણી વચન નિજ લાભનાં માતા થાય પ્રસન્ન,
અન્ય દિને નારેશ્વરે જાવા ધાર્યું મન . ૧૪૮

બીજે દિન પરોઢિયે વહેલી જાગી એમ,
નિજ સુતને સાથે લીધો, શ્રીફળ-પુષ્પો તેમ. ૧૪૯
ઝડપી ચાલે ચાલતાં આવતાં નારેશ્વર,
દર્શનની લગની વળી હૈયું ભાવસભર. ૧૫૦
સ્નાન કર્યું રેવા વિષે ધાર્યાં વસ્ત્ર નૂતન,
આવ્યાં લીમડા નીચે બેઠા જ્યાં ભગવન. ૧૫૧
તેજપૂંજ શરીરથી ફૂટતાં તેજકિરણ,
ચમક-ચમક ચમકી રહ્યાં સૂર્ય-ચંદ્ર સમ નયન. ૧૫૨
દિવ્ય તેજથી લસલસે સુંદર ભાલ-વિશાલ,
જટા-જૂથની મસ્તકે રૂડી રચાઈ જાલ. ૧૫૩
કૌપીન કટિપર કસકસે શુભ્ર ઉપવીત વાહ !
શોભે જાણે મલયપર વહેતો ગંગપ્રવાહ ! ૧૫૪
પદ્મ-પ્રફુલ્લિત મુખપર રમતું હાસ્ય મધુર,
દર્શનમાત્રે ભકતનાં દુઃખડાં થાયે દૂર. ૧૫૫
અવધૂતજીનાં ચરણમાં શ્રીફળ-પુષ્પો તેમ
મૂકી, શિષ નમાવીને બોલી માતા એમઃ ૧૫૬
''રહમ કરો અવધૂતજી ! મુજ દીકરા પર બાપ
દૂર કરી રસોળીને ટાળો મુજ સંતાપ. ૧૫૭
હું વિધવા અતિ દીન છું આ સંસારે ખાસ,
આ દીકરા વિણ ના બીજી મારે કોઈ આશ. ૧૫૮
નાનકડું ઢીમણું થયું તે પામ્યું વિસ્તાર,
મોટી રસોળી બની ગયું દે છે દુઃખ અપાર. ૧૫૯
કંઈક કર્યા મેં ખંતથી ઘરગુથ્થુ ઉપચાર,
દોરા-ધાગા કંઈ કર્યા કહેતાં ન આવે પાર. ૧૬૦
કરજણ લઈ ગઈ એહને મોટા દાકતર પાસ,
બોલ્યા દાકતર ત્યાં અહા ઝીણી કરી તપાસ. ૧૬૧
''આ તો થઈ રસોળી છે માટે એને એમ
ઓપરેશન કરીને અરે ! કાઢી નાખીએ તેમ.'' ૧૬૨
ઓપરેશનની વાતથી મુજને લાગ્યો ભય,
હું વિધવા ગરીબડી ક્યાંથી લાવું વ્યય ? ૧૬૩
વળી કહે હું રંકનું હોયે બદતકદીર,
દીકરાને કંઈ થાય તો નહિ સહેવાયે પીર. ૧૬૪
તેથી ત્યાંથી ભાગીને આવી સીધી ઘેર,
ભલે રહ્યો રસોળિયો પણ મુજ મનનો મેર. ૧૬૫
નામ સૂણીને આપનું આવી શરણે નાથ !
મુજ વિધવા પર રહમ કરો દો દુઆ ગુરુનાથ ! ૧૬૬
હું ગરીબ વિધવાતણું આ છે એક જ ધન,
હું અંધીની લાકડી છે મુજ રંક-રતન. ૧૬૭
આ દીકરો બસ એકલો છે મુજ નયનનું નૂર,
એ જતાં હું આંધળી ઠોકર ખાઈશ પ્રચુર. ૧૬૮
હે અલ્લાહના ઓલિયા ! ખુદાના ખિદમતગાર !
તારે શરણે આવી છું, કર મારો ઉદ્ધાર. ૧૬૯
હું દુઃખિયારી માતનો દુઃખિયો બેટો આજ,
તુજ કદમોમેં આ પડે રહમ ! ગરીબ નવાઝ.'' ૧૭૦
એમ કહેતાં બાઈનાં નયનવહી જલધાર,
મા-દીકરો શ્રીચરણમાં વંદે વારંવાર. ૧૭૧
જોઈ આંસુ દીનનાં ભીંજ્યા દીનદયાળ,
સુધાદષ્ટિથી તે ક્ષણે નીરખ્યાં મા ને બાળ. ૧૭૨
અલખ કહે આ બાઈનો આર્દ્ર-હૃદય પોકાર,
પીગળાવે પાષાણને ક્ષણે ન લાગે વાર. ૧૭૩
તો આ તો અવધૂત છે આર્દ્ર-હૃદય દુઃખહાર,
સુણતાં વિનતી બાઈની દ્રવ્યા દયાભંડાર. ૧૭૪
અમૃતદૃષ્ટિ નાખીને બોલ્યા અમૃતવાણ.
''ધીરજ ધર ઓ બાઈ તું કરશે રહમ રહેમાન.'' ૧૭૫
ત્યાર પછી અવધૂતજી કરી બંધ નિજ નેત્ર,
ક્ષણ-બે-ક્ષણ વિચારીને વચન બોલ્યા તત્ર. ૧૭૬
''સાંભળ હું જે કહું તને તે પર રાખી યકીન,
કરજે સારું થઈ જશે કરીશ ન શંકા મન. ૧૭૭
કાળી માટીમાં કરી રેવાજલ મિશ્રિત
રસોળી પર ચોપડી રાખી શ્રદ્ધા ચિત્ત. ૧૭૮
રોજ સવારે નાહીને પહેરી ધોયલાં વસ્ત્ર,
ધૂપ-અગરબત્તી કરી જપજે તું આ મંત્ર. ૧૭૯
એમ કહી અવધૂજીએ નીચે જણાવ્યા જેમ,
પ્રગટ કરતા ભાવનો મંત્ર બતાવ્યો તેમ. ૧૮૦
''પરવર દિગારે આલમ દાતા-ગરીબ નવાઝ
મુજ બેટાની રસોળી આ ઝટ મટાડો આજ.'' ૧૮૧
બાઈ પાસે બોલાવિયો મંત્ર બે એક વાર,
પછી વદ્યા અવધૂતજી ''જા કર બેડો પાર. ૧૮૨
મંત્રજાપ માટીલેપ દિનમાં બે-ત્રણવાર,
કરજે ને યકીનથી જપજે રહીમ દયાળ. ૧૮૩
આજે ગુરુવાર છે આજથી ગણતાં એમ
સતત પાંચ ગુરુવાર તું આવ અહીં સપ્રેમ. ૧૮૪

આજ એક દોર વડે માપ રસોળી એમ,
આવે જે ગુરુવારે તે માપજે ફરી તું તેમ. ૧૮૫
વધી-ઘટી છે કેટલી તેનું ચોખ્ખું માપ,
પામીશ તું ગુરુવાસરે ના કરીશ સંતાપ ! ૧૮૬
એમ કહી અવધૂજીએ આપી આશીર્વાદ,
સ્વહસ્તે સુત-માતને આપ્યા પેંડા પ્રસાદ. ૧૮૭
નીર ભરેલાં નયનથી વંદી ફરી સુપેર,
પ્રસન્ન ચિત્તે સુતસહ માત ગઈ નિજ ઘેર. ૧૮૮
કાળી માટી લાવીને રેવાજીનાં નીર,
મિશ્રિત કરી બનાવિયો લેપ મધુર સુધીર. ૧૮૯
શ્રદ્ધાથી લેપન કરે દિનમાં ત્રણ-ત્રણ વાર,
મુખથી મંત્ર જપે અને નેન વહે જલધાર. ૧૯૦
વીતી ગયું અઠવાડિયું આવ્યો ગુરુવાર,
માતા આવી સુતસહ નારેશ્વર મોઝાર. ૧૯૧
વહેલીવહેલી ઘાટ જઈ કર્યું નર્મદાસ્નાન,
શ્રીફળ ને પુષ્પો લીધાં રીઝવવા ભગવાન ? ૧૯૨
શ્રીચરણે શિષ મૂકિયું વહે અશ્રુની ધાર,
ત્યાં તો પ્રેમે બોલિયા સ્વયં દત્ત અવતાર. ૧૯૩
''તુજ બેટાને રસોળીએ અરે ! કેમ છે ? બહેન !
પેલા દોરાથી જરા માપીને કહે વેણ ! ૧૯૪
પેલી બાઈએ હર્ષથી માપી રસોળી જયાંય
પાભાગ દોરા તણો નીચે લટકયો ત્યાંય ! ૧૯૫

ચતુર્થાંશ દોરો વધ્યો ચતુર્થાંશ ઘટી એહ,
પા ભાગ ઓછો થયો એમાં નહિ સંદેહ. ૧૯૬
બાઈ મન હરખી અતિ લળી-લળી લાગે પાય,
'બચાવ્યો મુજ દીકરો ધન્ય ધન્ય ગુરુરાય. ૧૯૭
બીજા ગુરુવારે અહા ! અર્ધી ઓગળી ગઈ,
ત્રીજે, ચોથે , પાંચમે સમૂળગી એ ગઈ ! ૧૯૮
પંચમ ગુરુવારે અહા ! નિજ બાળકને લઈ,
આવી નારેશ્વર વિષે હર્ષે ઘેલી થઈ. ૧૯૯
અવધૂતજીનાં ચરણમાં નિજ બાળકનું શિષ,
મૂકાવીને વદી રહી ''શી રીતે વાળીશ. ૨૦૦
બદલો તુજ ઉપકારનો ? હે મુજ મસ્ત-ફકીર !
તેં તો મુજ કિસ્મતતણી બદલી નાખી લકીર !'' ૨૦૧
એમ કહી શ્રીચરણમાં ફરી ફરી મૂકે શિર,
આંખે અશ્રુધાર ને પુલકિત થયું શરીર. ૨૦૨
હાસ્ય વેરતા સદ્ગુરુ થયા પ્રસન્ન અપાર,
દિવ્ય દયાઘન નેત્રથી વ્હેતી આશિષધાર. ૨૦૩
ભકતોએ જાણ્યું અને પામ્યા હર્ષ અપાર,
ગાજયો ગગને અહા ! અવધૂતનો જયકાર. ૨૦૪
એવી કરુણા રંગની, વરસે સરખી જાણ,
તવંગર કે દીન હો, હિન્દુ હો મુસલમાન. ૨૦૫
અલખ નિરંજનતણો, રમ્ય આ સંવાદ,
સૂણી 'બાલક' વ્હેંચતો, રંગ લીલા-પ્રસાદ. ૨૦૬

ઈતિશ્રીરંગપાદારવિન્દમિલિન્દદ્યુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે અલખનિરંનસંવાદે યવનભક્તરક્ષણં નામૈકચત્વારિંશોઽધ્યાયઃ।।૪૧।। દોહરા ૨૦૬ ।।

## અધ્યાય - ૪૨

અલખ કહે આગળ સૂણો લીલા અપરંપાર,
નારેશ્વરમાં કરી રહ્યા નતજનતારણહાર. ૧
મીંઢોળ નામે ગામના બે ભકતો એક દન,
પગે ચાલતા નીકળ્યા રાખી ચિત્ત પ્રસન્ન. ૨
એક પટેલ ગોપાલજી બીજા લાભશંકર,
નારેશ્વરમાં આવતાં પડી તેમને ખબર. ૩
અવધૂતજી તો ત્યાં નથી ગયા કડિયાડુંગર !
એકાદ માસે આવશે પરત સ્થાને ગુરુવર. ૪
સેવાર્થે રહેનાર જે મૂળજી ગોર છે નામ,
વચન સુણી એ તેમનાં થયા દુઃખી તે ઠામ. ૫

અવધૂતદર્શનની હતી મનમાં મોટી આશ,
તેથી દસ ગાઉ ચાલીને આવ્યા હતા એ ખાસ. ૬
ત્યાં તો મૂળજી ગોરનાં સૂણી એવાં વચન,
બન્ને થયા નિરાશ ને ખિન્ન થયા અતિ મન. ૭
મૂળજી ગોરે જોઈને બન્નેનો વિષાદ,
મરક મરક હસી બોલિયા જાણે પડયો વરસાદ ! ૮
''અરે ! ગોરકાકા તમે શીદને થાઓ ખિન્ન ?
અવધૂત તો આ સ્થાનમાં હર પળ દે દર્શન. ૯
કેટલા દિન થી સદ્ગુરુ ગયા સ્થાનની બહાર,
દે છે કિન્તુ કંઈ ને કંઈ અણસાર. ૧૦

કોઈ દિન ખટ-ખટ સાંભળું પાવડીનો રણકાર,
કદી સૂણું અવધૂતના મધુર મંત્રઉચ્ચાર ! ૧૧
કોઈ દિન રેવાઘાટથી આવતા એ દેખાય,
દેખ્યા ના દેખ્યા અને પલમાં અદશ્ય થાય. ૧૨
કોઈ દિન આ જલપાત્રથી અરધું જલ પી જાય,
કોઈ દિન આસન-અજીન આ અસ્ત-વ્યસ્ત થઈ જાય! ૧૩
આ રીતે અવધૂતનાં હર-પળ દર્શન થાય,
પછી અહીં નથી એવું મુજથી શેં કહેવાય ? ! ૧૪
શ્રદ્ધા રાખીને તમે કરો અહીં દર્શન,
અવધૂતના અસ્તિત્વનો પરચો મળે સજ્જન.'' ૧૫
સૂણી વાતો ગોરની બંને વિસ્મિત થાય,
શ્રદ્ધા જાગી હૃદયમાં,ભાવો કંઈ ઉભરાય. ૧૬
સ્નાનાર્થે બન્ને ગયા રેવાજીને ઘાટ,
સ્નાન કરી ગોપાલજીએ મનમાં ધારી વાતઃ ૧૭
''ગોરે વાતો જે કરી અવધૂત છે હાજર,
સાક્ષાત્ આ સ્થાનમાં આપણને શું ખબર ? ૧૮
પરચો માટે એહનો મેળવવો જરૂર,
મૂળજી ગોરની વાતમાં છે કેટલું શહૂર? ૧૯
એમ વિચારી મન વિષે ગોપાલજીએ તત્ર,
લાભશંકરની પાસમાં મુકી વાત વિચિત્રઃ ૨૦
''અરે ! ગોરકાકા સૂણો મૂળજી ગોરની વાત
સાચી છે મુજને વળી શ્રદ્ધા છે સાક્ષાત્. ૨૧
પણ મેં તો એ વાતનો પરચો જોવા કાજ,
વાત એક મુજ મન વિષે વિચારી છે આજ. ૨૨
આજે ત્યાં લીમડા નીચે અવધૂતગાદી પાસ,
દર્શન કરીને પ્રેમથી ધરીશું શ્રીફળ ખાસ. ૨૩
મારું શ્રીફળ એ તિહાં અવધૂતગાદી પાસ,
મૂકતાં આપોઆપ તે તૂટી જાય જો ખાસ; ૨૪
માનું તો તો બાપજી રંગ અવધૂતજી જરૂર,
ભકતો કાજે સ્થાનમાં છે હાજર-હજૂર.'' ૨૫
વાતો કરતા એમ ત્યાં ચાલે બન્ને જણ,
શ્રીફળ લઈ લીમડા નીચે આવ્યા પ્રસન્ન મન. ૨૬
ગોપાલે ગાદી કને શ્રીફળ મૂકયું આમ,
લાંબા થઈને તે પછી કરી રહ્યા પ્રણામ. ૨૭
ત્યાં તો તટ્ટ અવાજથી ચમકયા બન્ને જણ,
જોયું તો શ્રીફળ તૂટ્યું આપોઆપ તત્ક્ષણ. ૨૮

પાણી ઝમ-ઝમ ઝમી રહ્યું શ્રીફળથી તત્કાળ,
વિસ્મિત થઈ બન્ને વદ્યા જય અવધૂત દયાળ, ૨૯
ઊંચો સાદ કરી પછી બોલાવ્યા તે વાર,
આસપાસથી ભકતને બતાડવા ચમત્કાર. ૩૦
આજુબાજુ એ ભક્ત જે કરતા વિધ-વિધ કામ,
ઊંચો સાદ સુણી બધા આવી ગયા તે ઠામ. ૩૧
નયને નીર ઊભરાય ને ગદ્‌ગદ્ કંઠે એમ,
નિજ પરચાની વાત કરી ગોપાલજીએ તેમ. ૩૨
ભકતો સૌ આનંદથી બોલ્યાઃ જય અવધૂત'
''અમ શ્રદ્ધાની ગાંઠને કરી ઘણી મજબૂત.'' ૩૩
શ્રીફળ પછી છોલીને ચોટલીઓ કરી દૂર
કાચલીઓ બે જૂદી પડી હસી રહી ચકચૂર !! ૩૪
ભકતો સૌ આનંદથી વંદે વારંવાર,
મસ્ત બની નાચી કરે અવધૂતનો જયકાર. ૩૫
અલખ કહે શ્રદ્ધા થકી વિશ્વે શું ના થાય ?
થાય શકય અશકયનું, જડ ચેતન થઈ જાય. ૩૬
માટે સદ્‌ગુરુચરણમાં શ્રદ્ધા રાખી અપાર,
નિર્ભય થઈ આ વિશ્વમાં કરવો સહુ વ્યવહાર. ૩૭
જેણે સેવ્યા સદ્‌ગુરુ સમર્થ સંત મહાન,
તેને આ સંસારમાં કદી ન થાયે હાણ. ૩૮
માટે સદ્‌ગુરુને ભજો શ્રદ્ધાથી બહુ પેર,
દુષ્કર દુરિતો ભાગશે, થાશે લીલા લહેર. ૩૯
આપોઆપ તૂટી ગયું શ્રીફળ ક્ષણની માંહ્ય,
નિજ અસ્તિત્વનો ભકતને દીધો પરચો ત્યાંય. ૪૦
એમ અહીં નારેશ્વરે નૂતન લીલા રોજ !
કરતા સદ્‌ગુરુ સર્વદા હરતા ભકતબોજ. ૪૧
એક સમે નારેશ્વરે મોટો ઉત્સવ એમ,
'દત્ત જયંતીનો અહા ! ઉજવાતો તો તેમ. ૪૨
શરૂ-શરૂનો ઉત્સવ હતો તોયે સેંકડો ભકત,
દૂર-દૂરથી આવતા ગુરુચરણ- આસકત. ૪૩
આ ઉત્સવની વિશેષતા હતી એક ઉત્તમ,
દરેક ભકત નિજ હાથથી કાર્ય કરે સત્તમ. ૪૪
વાળવુંઝૂંડવું સ્થાનને, સાફ-સૂફી વળી તેમ,
શાક-પાન સમારવું, વાળવા મોદક એમ. ૪૫
રેવાજીના ઘાટથી ઘડુલા ભરી ભરી જલ,
ધૂન મચવતા દત્તની લાવે ભકત સકલ. ૪૬

અવધૂતજી પણ લાવતા કાવડ ભરીને નીર,
કાવડધારી રંગને જોતા સર્વ અધીર. ૪૭
ભકતો સૌ ઘડુલા લઈ અવધૂતજીની સાથ,
થોકે થોકે ઉમટતા જલ ભરવા સાક્ષાત્ ! ૪૮
દત્તજયંતીઉત્સવે નારેશ્વરમાં એમ,
સ્વાશ્રયકેરા પાઠ સૌ ભણતા ભાવે તેમ. ૪૯
તે સમે અવધૂજી લીમડા નીચે આમ,
ભકતોથી વીંટાઈને બેઠાતા સુખધામ. ૫૦
ભાવિક બહેનો-ભાઈઓ અવધૂતની ચોપાસ
બેસી વિધ-વિધ વાતથી રેલતા કંઈ હાસ્ય. ૫૧
મધુર ફુવારા હાસ્યના ઊડતા વારંવાર,
અવધૂતના સાન્નિધ્યમાં નહિ દુઃખ શોક લગાર. ૫૨
તે સમે ત્યાં પાકમાં પડી જલની જરૂર,
સ્વયંસેવકો કરી રહ્યા વિનંતિ ઊંચે સૂરઃ ૫૩
''અરે ભકતો ! સૌ ભાવથી રેવાજીને ઘાટ,
જાઓ ઘડુલો લઈ બધા પાણી લેવા માટ.'' ૫૪
હાક પડી જ્યાં એટલી ત્યાં તો જનસમુદાય,
લઈ ઘડા રેવાતટે પાણી લેવા જાય. ૫૫
આવ્યો સેવક એક ત્યાં જ્યાં બેઠા અવધૂત,
ત્યાં બેઠેલા ભકતને કહેવા લાગ્યો તુર્તઃ ૫૬
''અરે ભાઈ-બહેનો તમે ઝટ રેવાજી જાવ,
એક એક ઘટ જલ ભરી રસોડે રેડી જાવ.'' ૫૭
સૂણી એ સેવક તણાં ભાવ-સભર વચન,
હડુડુડુ ઊભા થયા બેઠાતા જે જન. ૫૮
વેગે કરમાં લઈ ઘડો ગાતા ધૂન-ભજન !
જલ ભરવા રેવાતીરે ચાલ્યા સર્વે જન ! ૫૯
અવધૂતને વીંટાઈને બેઠા હતાં જે જન,
જલ ભરવા તે સૌ ગયા રાખી ચિત્ત પ્રસન્ન. ૬૦
બધા ગયા તો પણ હજી ત્યાં બેઠી એક બેન
ત્યાં ને ત્યાં જ બેસી રહી ઢાળી નીચાં નેન. ૬૧
સ્વયંસેવકની પડી એના ઉપર નજર,
વિસ્મિત થઈને બોલિયો જરા ઊંચે સ્વરઃ ૬૨
''કેમ બહેન બેસી રહ્યાં ? પાણી ભરવા જાવ,
બીજા ભકતો સહ તમે લો સેવાનો લ્હાવ. '' ૬૩
પણ આ તો જબરી હતી કોઈ હઠીલી નાર,
સ્વયંસેવકના શબ્દને ધર્યો ના કાન લગાર. ૬૪
સુણ્યું ના સૂણ્યું કરી નીચું ભાળી આમ,
ભોં ખોતરતાં સ્થિર એ બેસી રહી તે ઠામ. ૬૫
સ્વયંસેવકે વિનતી ફરી કરી બે વાર,
તો પણ આ બેઠી રહી ખસી ન ત્યાંથી લગાર. ૬૬
અવધૂતજીની સમક્ષ હા ! થતો હતો સંવાદ,
તોય પણ આ બાઈએ જરા ન દીધી દાદ. ૬૭
અવધૂતજી એટલે સ્વયં બોલ્યા મધુરાં વેણ.
''અરે ! કેમ તમે અહીં બેસી રહ્યાં છો, બેન ? ૬૮
વૃદ્ધો-બાળક સર્વ જો પાણી ભરવા જાય.
ત્યારે તમ યુવાનથી બેસી શેં રહેવાય? ૬૯
એમ સ્વયં અવધૂજીએ કહ્યું તોય એ બહેન,
નતવદને બેસી રહી બોલ્યા વિણ એક વેણ. ૭૦
સ્થિર થઈ બેસી રહી રાખી નીચી નજર,
જાણે અવધૂતશબ્દની થઈ ન કાંઈ અસર. ૭૧
એટલે પુણ્ય-પ્રકોપથી બોલ્યા સદ્ગુરુનાથઃ
''અરે ઊભી થા ઝટ હવે લે ઘડુલો હાથ. ૭૨
નારેશ્વરના સ્થાનમાં સેવાનો નહિ ક્ષોભ,
માથે મૂક હવે ઘડો અહીં જરા ના થોભ.'' ૭૩
એમ કહી અવધૂતજીએ સ્વયંસેવક પાસ.
ઘડુલો મંગાવ્યો અને આપ્યો એને ખાસ. ૭૪
સુણી અવધૂતજીતણો મેઘ-ગભીર નિનાદ,
ઝટ ઊભી થઈ બહેન એ, છાયો મુખ પર વિષાદ ! ૭૫
લીધો ઘડુલો હાથમાં પણ અવધૂતજી પર,
વારવાર કરી રહી અર્થસૂચક નજર. ૭૬
જાણે કહેતી હોય કે ''અંતર્યામી નાથ !
જાણો છો અંતર-વ્યથા તોયે ઊંચો સાદ, ૭૭
કાઢીને પ્રેરો મને કરવા સેવાકાર્ય !
તો હું આ ચાલી પ્રભો ! ભલે થવાનું થાય.'' ૭૮
એમ નજરથી કહી આ લઈ ઘડુલો હાથ,
ચાલી એ રેવાતટે સ્મરતી સદ્ગુરુનાથ. ૭૯
સુણી વચન શ્રી અલખનાં શિષ્ય નિરંજન ત્યાંય
થઈ વિસ્મિત પૂછી રહ્યો ''અરે !અરે!ગુરુરાય ? ૮૦
સૂણી વચન સેવક તણાં અવધૂત પાસે આમ,
બેઠેલાં એ ભાઈ-બહેન ઊઠી તુર્ત તમામ; ૮૧
ઘડુલા લઈ રેવાતટે પાણી ભરવા જાય,
પણ પેલી એ બાઈ તો સ્થિર બેસી રહી ત્યાંય. ૮૨

સહજ રીતે અવધૂતજી એ કહ્યું એહને તોય,
ના માન્યું એ બાઈએ બહુ જબરી કહેવાય. ૮૩
જ્યારે પુણ્ય-પ્રકોપથી બોલ્યા સદ્‌ગુરુનાથ,
ત્યારે ખૂબ નામરજીથી ધર્યો ઘડુલો હાથ. ૮૪
લેતાં ઘડુલો એ વળી સમર્થ સદ્‌ગુરુ પર,
કરી રહી'તી વારંવાર અર્થસૂચક નજર. ૮૫
વિચિત્ર વર્તન બાઈનું મને ના સમજાય,
સમજાવો માટે જરા વિસ્તારે ગુરુરાય ?'' ૮૬
સૂણી વચન નિજ શિષ્યનાં બોલ્યા અલખ દયાળઃ
''સાંભળ રહસ્ય બાઈનું કહું છું તને રસાળ. ૮૭
મસ્તક પર એ બાઈના તાળવા ઉપર છેક,
મોટું હથેળી જેવડું થયું'તું પાઠું એક. ૮૮
લોહીપરુ ઉભરાય ને જીવડાં ખદ-બદ થાય !
મસ્તકમાં એ દર્દથી અસહ્ય પીડા થાય. ૮૯
માથું ઘૂમ રહે અને ચેન પડે ના ક્યાંય,
જરાક સ્પર્શે કંઈક તો દર્દ ઘણેરું થાય. ૯૦
આનાકાની બેન એ તેથી કરતી એમ,
લોહી-પરુ માથે વહે ઘટ ઉંચકાયે કેમ? ૯૧
છતાંય સદ્‌ગુરુદેવનો જોઈ પુણ્યપ્રકોપ,
ઘડુલો લઈ ઊભી થઈ છોડીને નિજ ક્ષોભ. ૯૨
મનથી જાણે કહી રહી ''હે સદ્‌ગુરુદેવ દયાળ!
તુજ આજ્ઞાએ જાઉં છું તું લેજે સંભાળ ! ૯૩
એમ કહી નિજ મન વિષે છોડી સર્વ ઉચાટ,
સ્મરતી સદ્‌ગુરુદેવને આવી રેવાઘાટ. ૯૪
ઘૂંટણ સમ જલમાં જઈ ભર્યો ઘડુલો ત્યાંય,
માથા પર એ મૂકવા ધીમેથી જ્યાં જાયઃ ૯૫
મસ્તક પર જ્યાં ઘટ તણો થયો સ્પર્શ તત્કાળ,
થઈ ભયંકર વેદના દુઃખે નાખી રાડ ! ૯૬
હાથે લાગ્યો આંચકો ઘટ છલકાયો તત્પલ,
ભગ-ભગ કરતું બાઈના શિરે પડ્યું કંઈ જલ. ૯૭
પાઠા પર જલ એ પડ્યું થયો શાન્ત કંઈ દાહ !
ઓછી થઈ શિરવેદના ઓછી થઈ કંઈ આહ ! ૯૮
શમતાં શિરની વેદના ભાન ભૂલી એ નાર,
નિજ શિરે પાઠા ઉપર કરી રહી જલધાર. ૯૯
જયમ જયમ રેવાજલ અહા ! પાઠા પર સિંચાય,
ત્યમ ત્યમ શિરપાઠા તણી પીડા ઓછી થાય ! ૧૦૦
પીડા શમતાં બાઈ એ થઈ મોદથી મત્ત,
ફરી ફરી ઘડુલો ભરી કરતી ધાર સતત. ૧૦૧
સતત જલની ધારથી પાઠું-પોપડો જેહ,
તૂટીને નીચે પડ્યો લોહી-પરુ સહ તેહ. ૧૦૨
ખદ-બદતાં એ જીવડાં ગંદું કોહ્યલું માંસ,
રેવાજલમાં સૌ પડ્યું મળ્યો મત્સ્યને ગ્રાસ ! ૧૦૩
થયો સ્વચ્છ ભગ-ઘા અને શાંતિ થઈ અદ્‌ભુત,
રેવાજલમાં વહી ગયું દુઃખ બાઈનું તુર્ત. ૧૦૪
રેવાનીરની ધારથી ચમત્કાર સર્જાય,
પાઠાનું દુઃખ દૂર થયું લાગી વાર ન ત્યાંય ! ૧૦૫
પીડા પાઠાની જતાં બાઈનો મનમોર.
મત્ત બની નાચી રહ્યો થઈ આનંદ વિભોર ! ૧૦૬
'જય રેવા જય અવધૂતા , ગાતી વારંવાર,
એક નહિ પણ જલ તણા લાવી ઘડા અગિયાર. ૧૦૭
દુઃખમુક્તિની મસ્તીથી જલભીજયું શરીર,
પાગલ સમ એ દોડતી લાવે રેવાનીર. ૧૦૮
એકાદશ-ઘટ જલ ભરી લાવી પછી એ તુર્ત,
લદ-બદ વસ્ત્રે દોડતી આવી જ્યાં અવધૂત ! ૧૦૯
મૂક્યું માાથું ચરણમાં નયન વહે જલધાર,
ખુલ્લું શિર બતાવીને વદી રહી એ નારઃ ૧૧૦
''હે સદ્‌ગુરુ દેવ દિંગબરા ! અનાથના હે નાથ !
પાઠાનું દુઃખ દૂર કર્યું થયું હતું જે માથ. ૧૧૧
કરી પુણ્ય-પ્રકોપ તેં કર્યું કામ અદ્‌ભુત,
દુઃખ મારું મટાડિયું જય જય રંગ અવધૂત ! ૧૧૨
ગુરુચરણમાં વંદતી ભાવે વારંવાર,
પાદ પખાળ્યા ગુરુતણા વહાવી અશ્રુધાર. ૧૧૩
વાતો નિજ દુઃખની બધી કહી કરી વિસ્તાર,
પાઠું નાઠું જ્યાં પડી રેવાજલની ધાર ! ૧૧૪
બેઠેલા ભકત સૌ તિહાં સૂણી બાઈની વાત
આનંદે ગર્જી ઊઠતા જય જય સદ્‌ગુરુતાત ! ૧૧૫
સુણી વાત એ બાઈની સમર્થ સદ્‌ગુરુનાથ,
મંદમંદ મુક હાસ્ય થી વદ્યા સુણ ઓ માત ! ૧૧૬
નિર્મલ જલ રેવાતણાં દુઃખિયન દુઃખ હરનાર,
અમૃત સમ અવનિ વિષે પાપ-તાપ હરનાર. ૧૧૭
એના સેવનથી ખરે ! થયું દુઃખ તુજ દૂર,
શા માટે મારાં વૃથા કરે વખાણ પ્રચુર ? ૧૧૮

તુજ દુઃખ મટાડનાર તો છે રેવાનાં જલ,
માટે જા રેવાજીએ અર્પણ કર શ્રીફળ. ૧૧૯
કૃતજ્ઞતા દર્શાવવા જા તું રેવાતીર
પૂજન કર રેવાતણું પાવન એનાં નીર. ૧૨૦
જેના પાવન સ્પર્શથી દૂર થયું તુજ દુઃખ,
તે રેવાને નમન કર જઈને તુર્ત સન્મુખ. ૧૨૧
ગન્ધાક્ષત પુષ્પાદિથી પૂજન કર સપ્રેમ,
મા રેવાની મહેરથી સફળ થઈ તુજ નેમ. ૧૨૨
એમ કહી અવધૂતજી એ બાઈના માથે જ્યાંય,
હતો ઘાવ પાઠાતણો તે રુઝવવા ઉપાય ૧૨૩
બતાવ્યો તે એમ કે ગાય કે ભેંસનું ઘૃત
પાશેર લઈને ધોવું જો પાણીથી સો વખત. ૧૨૪
તેમાં બોરિક પાવડર એકાદ ચમચી એમ,
નાખીને ખૂબ કાલવી લેપ બનાવી તેમ. ૧૨૫
લેપન કરવું ઘા ઉપર દિનમાં બે-ત્રણ વાર,
જાશે ઘા રૂઝાઈ ને રહશે નહિ અણસાર. ૧૨૬
ઉપાય સૂણી બાઈ એ પામી હર્ષ અપાર,
અવધૂતજીનાં ચરણમાં વંદી વારંવાર. ૧૨૭
લીધાં ગંધાક્ષત પછી પુષ્પો શ્રીફળ હાર,
પંચામૃત આદિ લઈ પૂજનના ઉપચાર, ૧૨૮
જઈને રેવાતીરપર મા રેવાનાં એમ,
ષોડષઉપચારે કર્યાં પૂજન રાખી પ્રેમ. ૧૨૯
ધન્ય બની એ બાઈ હા ! થાતાં પુણ્યપ્રકોપ
અવધૂતજીનો, ને થયું દુઃખ એનું અલોપ ! ૧૩૦
અલખ કહે સૂણ શિષ્ય હે ! જનદુઃખહારી સંત,
એનો પુણ્યપ્રકોપ પણ આણે દુઃખનો અંત. ૧૩૧
જનદુઃખહારી સંતનું એકેક હલન-ચલન;
જગ કલ્યાણ કરી રહ્યું અવનિ પર ક્ષણ-ક્ષણ. ૧૩૨
સંતો જાણો ભૂ વિષે હરતા-ફરતા દેવ,
જાઓ શરણે સંતના કરો ભાવથી સેવ. ૧૩૩
સંત-શરણ વિણ ના મળે સાચી શાંતિ ક્યાંય,
અડસઠ તીરથ સંતનાં ચરણોમાં રેલાય. ૧૩૪
જેઓ જેવા ભાવથી સંતશરણમાં જાય,
તેને તેવા ભાવનાં સંતદર્શન થાય. ૧૩૫
સંતશરણમાં સર્વદા સુખ સુખ ને સુખ,
સિદ્ધિ એને બારણે ખડી રહી નતમુખ. ૧૩૬
કૃપાદષ્ટિ સંતની જો ક્ષુદ્ર જંતુ પર થાય,
એનો પણ જગતથી મોક્ષ તુર્ત થઈ જાય. ૧૩૭
સાંભળ શિષ્ય તને કહું તેનું એક દૃષ્ટાંત,
સૂણતાં તારા હૃદયનું ટળશે ઘેરું ધ્વાંત. ૧૩૮
આજે શ્રીઅવધૂતની દિવ્ય ગુફા છે જ્યાંય,
નાનકડી શરૂઆતમાં હતી ગુફા બસ ત્યાંય. ૧૩૯
એ ગુફાને ઓટલે સદ્ગુરુ કરે શયન,
ચોમાસે શીતકાળમાં ત્યાંજ સૂવે ભગવન્ ૧૪૦
એક કામળો પાતળો ચાદર તેના પર,
શયન કરે બિછાવીને સદાય સદ્ગુરુવર. ૧૪૧
રાત્રીના દશ વાગતાં ધોતા ગુરુ કરચરણ,
કોગળા કરે તે પછી સુખથી કરે શયન. ૧૪૨
હાથ-પગ ધોવા જો તિહાં ગુફાની પાછળ છેક,
નળવાળી ત્યાં હતી ચોકડી નાની એક. ૧૪૩
સૂતા પહેલાં રાત્રે સદાય સદ્ગુરુરાય,
હાથ-પગ ધોવા મિષે તેજ સ્થળે જો જાય. ૧૪૪
કંઈ દિવસથી તે સ્થળે ચોકડી કેરી પાસ,
દેડકો કો આવીને બેસી રહેતો ખાસ. ૧૪૫
નળ ખોલે શ્રીરંગ જ્યાં વહેતી જલની ધાર,
બોલી પેલો દેડકો ડ્રાઉં-ડ્રાઉં ત્રણવાર, ૧૪૬
તે સ્થળે તુર્ત અહો ! ક્ષણમાં અદૃશ્ય થાય,
ક્યાંથી આવ્યો ! ક્યાં ગયો ? કોઈથી ના સમજાય ! ૧૪૭
રોજ બસ આ જ સમયમાં મેડક આવી જાય,
ડ્રાઉં-ડ્રાઉં કરી ત્રણવાર અદૃશ્ય ઝટ થઈ જાય. ૧૪૮
તે સમે સદ્ગુરુતણી સેવામાં હાજર,
લીલોડના નિત ત્યાં રહે જગજીવન માસ્તર. ૧૪૯
રોજે રોજ આ સમે મેડકતણો અવાજ,
સૂણી માસ્તર મન વિષે આવી ગયા તા વાજ. ૧૫૦
તેથી એક દિ' માસ્તરે મનથી કર્યો વિચારઃ
''પકડીને આ દેડકો મૂકી આવું બહાર. ૧૫૧
અંધારામાં કોઈ દિ' શ્રીચરણોની સાથ
અથડાય વા ચગદાય તો થશે મહઉત્પાત. ૧૫૨
આવે વળી જો ભુંજગને મેડકનો અણસાર
કરવા ભક્ષણ એહનું આવી ચઢે કોઈવાર, ૧૫૩
માટે છે આ દેડકો મોટું જોખમ એક,
તેથી પકડી લઈ જઉં નદી કિનારે છેક.'' ૧૫૪

એમ વિચારી માસ્તરે બેટરી લઈને ખાસ,
ખૂણે-ખાંચરે ખૂબ કરી મેડકતણી તપાસ. ૧૫૫
માસ્તર થાકયા શોધતાં, મેડક ના દેખાય,
ડ્રાઉં ડ્રાઉં કરે અને પલમાં અદૃશ્ય થાય !! ૧૫૬
અવધૂતજી સૂતા સૂતા માસ્તર કેરો પ્રયાસ
મૂગા મૂગા દેખતા, પૂછતા કંઈ ના ખાસ. ૧૫૭
દિવસો વીત્યા કંઈક પણ મેડક ના પકડાય,
કેવળ મેડક કેરું ત્યાં ડ્રાઉં-ડ્રાઉં સંભળાય. ૧૫૮
યત્નો વ્યર્થ થતા બધા માસ્તર બહુ અકળાય,
''અરે ! ક્ષુદ્ર આ દેડકું ! ના મુજથી પકડાય!'' ૧૫૯
અવધૂતઅંતર્યામીએ જાણી અકળામણ
માસ્તરની ને મન વિષે ખૂબ હસ્યા ભગવન્. ૧૬૦
પૂછે એક દિ એ પછી કાઢી ઊંચો સ્વરઃ
''રોજ રોજ અરે ! તમે શોધો શું માસ્તર ! ૧૬૧
પ્રકાશ ફેંકો ટોર્ચનો અહીં-તહીં હરપલ,
અંધારામાં એકલા કરતા શી ગડમથલ !'' ૧૬૨
પ્રશ્ન સૂણી અવધૂતનો સેવક જગજીવન
કરદ્વય જોડી નત થઈ બોલ્યા નમ્રવચનઃ ૧૬૩
''પ્રભુ! આપ જ્યારે અહીં પેલી ચોકડી પાસ,
કર-પગ ધોવા જાવ છો તે જ સમયે ખાસ. ૧૬૪
મેડક એક આવીને ડ્રાઉં....ડ્રાઉં.... અવાજ
બરાબર ત્રણવાર હા ! કરતો રહે ગુરુરાજ ! ૧૬૫
જાણે ફૂટતો ભોંયથી, ભોંયે વળી સમાય,
ક્ષણમાં આવે ને અરે ! ક્ષણમાં અદૃશ્ય થાય ! ૧૬૬
એને મારે પકડીને લઈ જવો છે દૂર,
જેથી નિત-નિત આવીને કરે ન કર્કશ સૂર. ૧૬૭
સૂણી વચન માસ્તરતણાં બોલ્યા સદ્ગુરુવરઃ
''અરે ! બિચારે દેડકે બગાડ્યું શું ? માસ્તર ! ૧૬૮
કોઈને પીડા ના કરે, દે ના કોઈને દુઃખ.,
કોઈને એ કરડે નહિ, રહે સદા વિમુખ. ૧૬૯
શું અવધૂત-દર્શનતણો એને નહિ અધિકાર ?
હક્ક શું એને છે નહિ કરવા નિજ ઉદ્ધાર ? ૧૭૦
અવધૂત તો છે સર્વનો જીવ-જંતુ-તિર્યંચ
પ્રાણીમાત્રના હૃદયમાં છે અવધૂતનો મંચ. ૧૭૧
અવધૂત ઉપર જેટલો સૌ ભકતોનો માન
છે અધિકાર જ તેટલો મેડકનો પણ જાણ. ૧૭૨

માટે માસ્તર ! ફેંકવા પકડી એને બહાર.
યત્ન વૃથા કરશો નહિ છોડો એહ વિચાર. ૧૭૩
સુણી વચન અવધૂતનાં માસ્તર જોડી હાથ
વિનમ્ર ભાવે બોલિયા''સૂણો સૂણો ગુરુનાથ ! ૧૭૪
મેડકના અણસારથી આવી ચઢે અહીં સાપ,
તેથી દૂર કરવા ચહું એને અહીંથી બાપ !'' ૧૭૫
શબ્દ સુણી સેવકતણા પલભર મીંચી નયન,
અવધૂતજી ઉતરી ગયા કો વિચારમાં ગહન. ૧૭૬
ક્ષણ બે ક્ષણ વિચારમાં મગ્ન રહ્યા અવધૂત,
પછી નયન ખોલ્યાં અને થયા ઊભા એ તુર્ત. ૧૭૭
ઝડપી ચાલે ચાલીને ગયા ચોકડી પાસ,
માસ્તર તો આશ્ચર્યથી જોઈ રહ્યા ચોપાસ. ૧૭૮
જેવા ચોકડી પાસ હા ! પહોંચ્યા સદ્ગુરુરાજ,
ત્યાં તો મેડક ડ્રાંઉ..ડ્રાંઉ કરી રહ્યો અવાજ ! ૧૭૯
ત્રણ વખત એણે કર્યો ડ્રાંઉ..ડ્રાઉં નો સાદ,
સુણતાં સદ્ગુરુ બોલિયા, ધીર, ગંભીર નિનાદ. ૧૮૦
''હે મેડક ! તું જા સુખે , રહેશે ના શોક લગાર,
દર્શન પામ્યો ધન્ય તું થાતો તુજ ઉદ્ધાર.'' ૧૮૧
એમ કહી અવધૂતજી ચાલી ઝડપી ચાલ,
ગુફા-ઓટલે આવીને બેઠા દીનદયાળ. ૧૮૨
માસ્તર તો આશ્ચર્યથી વિકસાવી મુખ-આંખ,
શું કહેવું સમજાય ના ઊભા બનીને રાંક ! ૧૮૩
પડી દ્વિધામાં એ ઊભા જોડી બન્ને હાથ,
સ્થિતિ જોઈને એમની બોલ્યા સદ્ગુરુનાથ. ૧૮૪
''અરે !માસ્તર સૂણો !તમે એ મેડકની વાત,
યોગભ્રષ્ટ આત્મા હતો પૂર્વનો એ સાક્ષાત્. ૧૮૫
પૂર્વજન્મનું કંઈ હશે સંચિત કર્મ લગીર,
તે થકી ધરવું પડ્યું મેડક કેરું શરીર !'' ૧૮૬
અલખ કહે એનાં હશે પૂર્વજન્મમાં પુણ્ય,
તે થકી આવી ચઢયો નારેશ્વરમાં ધન્ય ! ૧૮૭
અહીં આવી અવધૂતનાં કરતાં દર્શન પૂત,
દર્શન-પુણ્યે દગ્ધ જો કર્મ પૂર્વસંચિત. ૧૮૮
તત્ક્ષણ એનાં તૂટિયાં જન્મ-મરણનાં બંધ.
થયો મોક્ષ આ દેહથી પામ્યો સુખનિર્બંધ ! ૧૮૯
તુચ્છ દેડકો પણ અહા ! કરી સંત દર્શન.
મુક્તિ પામે તો પછી બીજી વાત કાં અન્ન ! ૧૯૦

ત્યાર પછી એ દેડકો કદી અહીં કોઈવાર
કોઈએ દીઠો નથી, ધન્ય ! થયો ઉદ્ધાર ! **૧૯૧**
આર્દ્રહૃદય અવધૂતનું, દયાઝરણ સદાય
અસ્ખલિત વહ્યા કરે કદીય ના સૂકાય. **૧૯૨**
તન-મનનાં દુઃખિયાં બધાં અવધૂતશરણે જાય,
જોઈ દુઃખડાં એમનાં રંગ-હૃદય કોરાય. **૧૯૩**
બીજાનાં દુઃખડાં પ્રભુ ! લઈ લે નિજ તન પર,
એવાં દુઃખડાં પ્રેમથી સહન કરતા ગુરુવર. **૧૯૪**
કહું નિદર્શન એક ત્યાં સૂણ નિરંજન બાળ !
અવધૂતલીલાગાનથી પાપ બળે તત્કાળ ! **૧૯૫**
પોર ગામનો છોકરો વિઠ્ઠલ એનું નામ,
ભજન કરે અવધૂતનું કરે ખેતીનું કામ. **૧૯૬**
પરમ ભકત અવધૂતનો રોજ ભજનમાં જાય,
ઢોલક નાળ બજાવતો મધુર કંઠથી ગાય. **૧૯૭**
ઘણીવાર અવધૂતજી એની પાસ ભજન
ગવડાવી ને સૂણતા થાતા મન પ્રસન્ન. **૧૯૮**
એક દિ' એ વિઠ્ઠલને ચઢ્યો અતિશય જ્વર,
પડ્યો પથારીમાં અહા ! સ્મરતો સદ્‌ગુરુ વર. **૧૯૯**
જ્વરની પીડાને લીધે એ વિઠ્ઠલ થી આજ,
ના જવાયું ભજનમાં એ દુઃખે નારાજ ! **૨૦૦**
આ બાાજુ અહીં ભજનમાં વિઠ્ઠલ વિના આહ !
કોણ બજાવે ઢોલકું તૂટ્યો તાલ-પ્રવાહ. **૨૦૧**
કુટિરમાં સૂતા સૂતા સમર્થ સદ્‌ગુરુનાથ
સૂણતા'તા તે એકદમ બોલ્યા કાઢી સાદઃ **૨૦૨**
''ભજનમાંહી કેમ અરે ! આજે ગડ-બડ થાય ?
ઢોલક મંજીરાતણો તાલ તૂટતો જાય !'' **૨૦૩**
શબ્દ સૂણી સદ્‌ગુરુ તણા વહેલો-વહેલો એક
ભકત ગયો કુટિરમાં બોલ્યો ધરી વિવેકઃ **૨૦૪**
''આજે વિઠ્ઠલને પ્રભુ ! આવ્યો છે બહુ જ્વર,
તેથી એ આવ્યો નથી સૂઈ રહ્યો નિજ ઘર. **૨૦૫**
વિઠ્ઠલ વિણ ઢોલક તણો બજવૈયો કો અન્ય
છે નહિ મંડળ મહીં તેથી આજે શૂન્ય ! **૨૦૬**
બેઠો જે ઢોલક પરે વગાડતો જેમ તેમ,
તેથી તાલ તૂટ્યા કરે રંગ ન જામે એમ.'' **૨૦૭**
સૂણી વચન ભકતનાં નારેશ્વરના નાથ
સહજ ભાવે બોલિયા ઊંચો કરીને હાથઃ **૨૦૮**
''શા માટે વિઠ્ઠલ તણા તનમાં આવે તાવ ?
હું તો કહું છું તાવને મુજ શરીરમાં આવ. **૨૦૯**
હું નવરો બેઠો રહું મારે નહિ કંઈ કામ,
ભલે તાવ આવી કરે મુજ તનમાં મૂકામ. **૨૧૦**
વિઠ્ઠલને ખેતી તણું કરવાનું છે કામ,
એને તાવ શેં પાલવે ? શેં થાય આરામ ? **૨૧૧**
માટે કહું છું તાવને મુજ શરીરમાં આવ,
છોડી ઘર વિઠ્ઠલતણું લે મુજ ઘરનો લ્હાવ'' **૨૧૨**
એમ હજી અવધૂતજી બોલી રહ્યા છે જ્યાંય,
ત્યાં તો એમના તન વિષે પ્રવેશ જ્વરનો થાય. **૨૧૩**
હમ્ હમ્ કરતો આવિયો, કંપારી કંઈ થાય,
ધગધગતા લોખંડ શી ધીખે અવધૂત-કાય. **૨૧૪**
ભકતો દિઙમૂઢ થઈ ગયા જોડી બન્ને હાથ,
ભીની આંખે બોલિયા ''ઓ મારા ! ગુરુનાથ ! **૨૧૫**
આપે આ શું કર્યું પ્રભુ ! આપ શરીરમાં જ્વર
વધી રહ્યો છે વેગથી શાન્ત કરો ગુરુવર ! **૨૧૬**
જાણ્યું નોતું અમે પ્રભુ ! કે આવો હા ! ઉત્પાત
આપ શરીરમાં આપના કરશો હે ગુરુનાથ ! **૨૧૭**
નહિ તો એવી આપને કરત ન કદીએ વાત,
અમ પામર બુદ્ધિહીણા સાવ જઘન્ય, કજાત. **૨૧૮**
ક્ષમા કરો અવધૂતજી ! શાન્ત કરો તમ જ્વર,
વિઠ્ઠલને વાંધો નથી પડ્યો રહેશે ઘર.'' **૨૧૯**
સૂણી વચન એ ભકતનાં મંદ હસ્યા અવધૂત,
મીઠા-મધઝરતા સ્વરે બોલ્યા રુકુમાસુતઃ **૨૨૦**
''જ્વરને મુજ શરીરથી છે જુનો સંબંધ,
સંબંધીના સ્વાગતતણો કરવો પડે પ્રબંધ. **૨૨૧**
આવેલા મહેમાનને પાછો કેમ કઢાય ?
આવે તેનું પ્રેમથી અહીં તો સ્વાગત થાય. **૨૨૨**
અને વળી આ તો ઠર્યો નિમંત્રિત મહેમાન,
એનું તો કરવું પડે ભાવભીનું સન્માન.'' **૨૨૩**
એમ કહી અવધૂતજી હસી રહ્યા ખડખડાટ,
બાઘા સમ ભકત બની જોઈ રહ્યા બેફાટ. **૨૨૪**
શું કરવું ! તેની કશી સમજ ન પડતી ક્યાંય,
કરદ્વય જોડીને ખડા, નયન નીર વહી જાય. **૨૨૫**
જોઈ મૂંઝવણ ભકતની બોલ્યા સદ્‌ગુરુનાથ.
''અરે ! તમે સહુ જાઓ હવે લઈને પ્રસાદ હાથ. **૨૨૬**

પેલો મારો કામળો લાવી શરીર ઉપર
ઓઢાડી દો ને પછી જાઓ ઝટ નિજ ઘર. ૨૨૭
મારી ચિંતા ના તમે કરશો કોઈ લગાર,
મુજને મુજ મહેમાનથી છે આનંદ અપાર ! ૨૨૮
હું ને મુજ મહેમાન આ કરશું મઝાની વાત,
આગલી-પાછલી ઉખાળીને વીતાવશું બસ રાત.'' ૨૨૯
અવધૂતજીને કામળો ઓઢાડી સુપેર,
ભકતો આવ્યા ગામમાં પહોંચ્યા વિઠ્ઠલઘેર. ૨૩૦
જોયું વિઠ્ઠલ-તાવ ત્યાં ઉતરી ગયો સુપેર,
શરીર હલકું ફૂલ થયું થઈ સ્ફુર્તિની લ્હેર. ૨૩૧
ભકતો જયારે પહોંચિયા વિઠલને સદન,
ત્યારે વિઠ્ઠલ પ્રેમથી કરતો'તો ભોજન. ૨૩૨
દૂધ-રોટલો ચોળીને સબકારે છે જયાંય,
ભકતો એને જોઈને આશ્ચર્યે સ્થિર થાય. ૨૩૩
જોતાં ભકતોને વધ્યો વિઠ્ઠલ ત્યાં સત્વરઃ
''ભાઈઓ આજે મને ચઢ્યો 'તો બહુ જ્વર. ૨૩૪
થરથર કંપે ને ઠંડી ના સહેવાય,
ધીખતા લોખંડ સમ અરે ! ધીખતી'તી મુજ કાય ! ૨૩૫
સમરણ કરતાં બાપજી આવ્યા પથારી પાસ,
મુજ મસ્તક પર કર ધરી જોયું પ્રેમે ખાસ. ૨૩૬
તુર્ત તાવ ઉતરી ગયો ભલી કરી અવધૂત !
જોને હું આ ખાઉં છું એજ એનો સબૂત !'' ૨૩૭
બોલે શું ભકતો બધા ? જોડી બન્ને હાથ;
નયને નીર ભરી વધાઃ જય જય જય ગુરુનાથ ! ૨૩૮

અલખ નિરંજનને કહે 'બાલક' રંગનો દૂત,
એની લીલા એ લહે કરે એજ અનુસ્યૂત ! ૨૩૯

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય(બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે લીલયાશ્રીફલભંજનાદિગાથાકથનં નામ દ્વિચત્વારિંશોઽધ્યાય : ॥૪૨ ॥ દોહરા ૨૩૯ ॥

## અધ્યાય : ૪૩

અલખ કહે અવધૂતની, લીલા અપરંપાર,
કોણ વર્ણવી એ શકે ? શેષ બને લાચાર ! ૧
સદ્ગુરુલીલા-કથા, વહેતો ગંગપ્રવાહ,
પાપીને પાવન કરે, શાંત કરે હૃદ્-દાહ. ૨
નિર્મળ જળના સ્નાનથી, થાય શુદ્ધ જ્યમ તન,
અવધૂતલીલા પાનથી, થાય શુદ્ધ હૃદ્-મન. ૩
શ્રદ્ધાની માત્રા વધે, વધે સદ્ગુરુપ્રીત,
શ્રદ્ધા-પ્રીતિ વાધતાં, થાયે નિર્મલ ચિત્ત. ૪
નિર્મલ ચિત્ત થતાં અહા ! થાય સ્થિત સદ્જ્ઞાન,
સદ્જ્ઞાને બ્રહ્માંડમાં, ભાસે સહુ ભગવાન. ૫
સહુમાં પ્રભુને પેખતાં, રાગ-દ્વેષ ને શોક,
દ્વંદ્વોનાં દુઃખડાં બધાં, ભાગે મૂકી પોક. ૬
માટે સદ્ગુરુની કથા, સકલ સૌખ્યપ્રદ જાણ,
પાત્ર ભરીને ફરી ફરી, કરો લીલામૃતપાન. ૭
કલ્પવૃક્ષ વેદાંતનું, પરિપક્વ મધુ ફલ,
ગુરુલીલામૃત અલખજી, લઈ આવ્યા ભૂ પર. ૮
તેના રસનું પાન હા ! શિષ્ય સુપાત્ર વરેણ્ય,
અલખ મુખેથી કરી રહ્યો, ધન્ય ! નિરંજન ! ધન્ય ! ૯
એક સમે મીંઢોળના, પ્રભાશંકર ગોર,
ચતુરભાઈ થાણદાર જે, દિવેરના શિરમોર; ૧૦
નાથાભાઈ પટેલ એ, ત્રણે બેસી સાથ,
માજી પાસે બેસીને, કરતા'તા કંઈ વાત. ૧૧
વાતવાતમાં ઉલેચિયો, સદ્ગુરુનો ભૂતકાળ,
બાળલીલા અવધૂતની, માજીએ તત્કાળ ૧૨
ભકતોને વિગતે કહી, પામ્યા હર્ષ અપાર,
જન્મકાળ અવધૂતનો, કહી દીધો તે વાર. ૧૩
કાર્તિક સુદી અષ્ટમી, ઉપર નવમી તેમ,
શુભ દિન ગોપાષ્ટમીનો, ઉજવાતો'તો એમ. ૧૪
જન્મદિવસ અવધૂતનો, જાણ્યા પછીથી એમ,
ભકતહૃદય આનંદ હા ! છૂપો રહે અહીં કેમ ? ૧૫
ઉથલાવી ટીપણાં જૂનાં, જન્મદિન ને કાળ,
ઓગણીસો પંચાવન, શોધી કાઢી સાલ. ૧૬
જન્મઘડી નક્ષત્ર સૌ, મળી જતાં તે વાર,
ભકતોએ નિજ મન વિષે, કર્યો દૃઢ નિર્ધાર. ૧૭
ઉજવવા અવધૂતની, જન્મજયંતી એમ,
ખૂબ ઉત્સાહે ભાવથી,ધરી હૃદયમાં પ્રેમ. ૧૮
રાજ્ય રાજપીપળા તણા, રાજ્ય જ્યોતિષી જેહ,
શ્રીમાન્ શિવપ્રસાદજી, જોષીજી વરદેહ. ૧૯
પ્રખર પંડિત ને વળી, જ્યોતિષના આચાર્ય,
કર્મકાંડી વેદજ્ઞ જે, ભાવે કરતા કાર્ય. ૨૦

ભકત પરમ અવધૂતના, નિર્મમ નિરહંકાર,
સદાચારી ને સરલ હા ! સાવિક શુદ્ધાચાર. ૨૧
જન્મ સમય અવધૂતનો, જાણી કરી ગણિત,
જન્મકુંડલી રંગની, કાઢી ધારી પ્રીત. ૨૨
પછી બધા ભેગા મળી, કરી મક્કમ નિર્ધાર,
અવધૂત-ચરણે આવીને, કરે સૌ નમસ્કાર. ૨૩
પુનિત નજર અવધૂતની, પડી જ્યાં અદ્‌ભુત,
ત્યાં તો નાથાભાઈ હા ! બોલી ઊઠયા તુર્તઃ ૨૪
વિનમ્ર ભાવે એ વદ્યા, જોડી બન્ને હાથ,
ના કરશો એમને હવે, નિરાશ હે ગુરુનાથ ! ૨૫
દિવેર ગામે આપની, જન્મજયંતી એમ,
ઉજવવાની અમ સહુ, ભકતોની છે નેમ. ૨૬
માટે એ શુભ અવસરે, દિવેર પધારો આપ,
મારી આટલી ભાવના, પૂર્ણ કરો હે બાપ ! ૨૭
અમે આપનાં બાલુડાં, ભેગાં થઈ તે ઠામ,
જન્મજયંતી આપની, ઉજવીએ અભિરામ. ૨૮
ધૂન ભજન કીર્તન અને, પાદુકાનું પૂજન,
આનંદે શુભ કાર્યથી, ઉજવશું શુભ દિન. ૨૯
આપો માટે સંમતિ, ઉજવવાની ત્યાંય,
આપની હાજરીથી ગુરુ ! જીવન ધન થઈ જાય. ૩૦
સૂણી વચન એ ભકતનાં, વદ્યા સ્વયં અવધૂત,
અરે ! નાથાભાઈ તમે, આ શું લાવ્યા તૂત ! ૩૧
દત્તજયંતી તો બધા, ઉજવો છો સુપેર,
પછી મુજ જયંતીતણી, કયાંથી લાવ્યા લહેર ? ૩૨
વર્ષે ઉત્સવ એક બસ, દત્તપ્રભુનો જાણ,
કામ ન મુજ જયંતીનું, અહંપોષક માન. ૩૩
વચન સૂણી અવધૂતનાં, નાથાભાઈ પટેલ,
અવધૂતચરણે ઢળી પડયા, નયનો રેલં-છેલ. ૩૪
ગદ્‌ગદ્ કંઠ થઈ ગયો, જયમ ત્યમ નીકળી વાણ,
ના તરછોડો ભકતને,અવધૂત કૃપાનિધાન ! ૩૫
રાખી મોટી આશ અમે,આવ્યા'તાં તમ પાસ,
આપે કિન્તુ પલકમહીં,કરી દીધા નિરાશ. ૩૬
જન્મદિવસ નિજ તાતનો, ઉજવવાનો એમ !
પુત્રોને શું હક્ક નથી ? કશું ના કરે કેમ? ૩૭
બાળકો આનંદથી, નિજ પિતાની પાસ,
નાચે કૂદે ને રમે, કરી મોદથી હાસ. ૩૮
ગમે ના તે બાપને,જગમાં એવું કયાંય,
જોયું કે સૂણ્યું નથી ! નરદમ અવળો ન્યાય! ૩૯
બાળ અમે સૌ આપનાં, આપ અમારા તાત,
શું અમને તરછોડશો ? દયાલુ મારી લાત ? ૪૦
સૂણતાં નાથાભાઈનાં, શબ્દો અનરાધાર,
ત્યાં બેઠેલા ભકતનાં, નયન વહે ચોધાર. ૪૧
ભાવ ભકતનો જોઈને, દ્રવ્યા દીન-દયાળ,
બાપ ચૂપ શેં રહી શકે ? રડતાં દેખી બાળ ? ૪૨
આ તો દયાળુ રંગ છે, ઉપર લાગે કઠણ,
નારિકેળ શું ભીતરે, વહેતું મધુર ઝરણ. ૪૩
ભકતનયન વહેતાં રહ્યાં, થઈ કઠિનતા દૂર,
વ્હેતું અવધૂતઆંખથી,દયા-ઝરણ ભરપૂર. ૪૪
મધ-મીઠા મિત-શબ્દમાં, બોલ્યા અવધૂત આમઃ
''જાઓ નાથાભાઈ હું, આવીશ દિવેર ગામ''. ૪૫
વચન સૂણી અવધૂતનાં, ભકતો થઈ ઉન્મત્ત,
વદતા અવધૂતચિંતન, શ્રીગુરુદેવદત્ત ! ૪૬
આજ્ઞા મળી અવધૂતની, આખું દિવેર ગામ,
આવેશે આનંદના, કરવા લાગ્યું કામ. ૪૭
સુપુત્ર નાથાભાઈના, શંકરભાઈ યુવાન,
પરમ ભકત અવધૂતના, ભકિત-શ્રદ્ધાવાન. ૪૮
યુવકસદૃશ ઉત્સાહથી, કરવા લાગ્યા કામ,
રંગબેરંગી ધ્વજ થકી, શણગાર્યું હા ગામ ! ૪૯
તોરણ-મંડપ-પતાકડાં, શોભે ઠામેઠામ,
દરવાજા કમાનથી, શોભી ઊઠયું ગામ. ૫૦
વિવિધ રંગી સાથિયા, ઘર ઘર આંગણ માંહ્ય,
જાણે શોભે તારલા, ઊગ્યા આંગણ માંહ્ય. ૫૧
શણગારેલી વ્હેલમાં, ચઢી આવ્યા અવધૂત,
ગ્રામજનો ગાંડા બન્યા, સ્વાગત કીધું અભૂત. ૫૨
ભજન ધૂન કીર્તન વળી, પાદુકાતણું પૂજન,
મહાપ્રસાદ જો તે પછી, ઉજવ્યો એમ શુભ દિન. ૫૩
આમ રંગજયંતીનો, પહેલો આ ઉત્સવ,
દિવેર ગામે ઉજવિયો, ધન્ય બન્યો માનવ. ૫૪
ત્યાર પછી અવધૂતજી, કરે વિચાર નિજ મન,
ભકતોએ આ ઉત્સવે, ખૂબ વાપર્યું ધન. ૫૫
દત્તજંયતી ને વળી, રંગજયંતી એમ,
ટૂંક સમયમાં ઉત્સવો, આવે છે બે તેમ. ૫૬

બન્ને ઉત્સવો વિષે, ભકતો ભાવસભર,
ધન ખરચે લખલૂંટ હા ! ના એ કૈં બરાબર. ૫૭
જન્મદિને તેથી જવું, કોક સ્થળે બહુ દૂર,
ખરચી જેથી ના શકે, ભકતો દ્રવ્ય પ્રચુર. ૫૮
આમ શ્રીઅવધૂતજી, રંગજયંતી પર,
પધારતા અન્યત્ર એ,પડતી ન કાંઈ ખબર. ૫૯
ત્યાર પછી અવધૂતજી, ત્રણેક વર્ષ તો આમ,
રંગજયંતી પર ગયા, દૂર બીજે કોઈ ઠામ. ૬૦
તે વર્ષોએ સ્થાનમાં, સાયરના એ ભકત,
મૂળજી ગોર શ્રદ્ધેય જે, રંગચરણઆસકત. ૬૧
તે ઉજવતા ભાવથી, નિજ શકિત અનુસાર,
રંગજયંતી સ્થાનમાં, ધન્ય કર્યો અવતાર. ૬૨
ભજન પૂજન પ્રેમથી, કરતા છોડી પ્રમાદ,
બ્રાહ્મણભકતો પ્રેમથી, લેતા મહાપ્રસાદ. ૬૩
ચોથા વર્ષે બે હજાર એકનું સંવત્ વર્ષ,
અવધૂતજીએ મન વિષે, કર્યો વિચાર-વિમર્શઃ ૬૪
કારતક સુદી આઠમે, નાવડી દ્વારા એમ,
જાવા નીકળવું શુભે શુકલતીર્થે તેમ. ૬૫
નવમી કરવી નાવમાં, રેવામાને ઉછંગ,
ઉજવણી અવધૂતરીતની, ભલો જામશે રંગ. ૬૬
એમ વિચારી આઠમે, બિરાજી નાવડી માંહ્ય,
શુકલતીર્થ જાવા સ્વયં, નીકળ્યા સદ્‌ગુરુરાય. ૬૭
સદ્‌ગુરુની ઈચ્છા હતી, રેવામાને અંક,
ઉજવશું નિજ જયંતી હા ! કરશું તન-મન ચંગ. ૬૮
રેવામાની પણ વળી, હતી ઈચ્છા કંઈ ઓર,
જયજયકાર સ્વપુત્રનો, કરવો ચારેકોર. ૬૯
શુકલતીરથ જાતાં તિહાં, આવે વચ્ચે ઝણોર,
ગામ ભકત ભીમસિંહનું, બાજી ચપળ-ચકોર. ૭૦
ખબર પડી ગઈ એમને, નિજ હૈયાના હાર,
અવધૂતજી નિજ ગામને, છોડી થાય પસાર. ૭૧
ભકતહૃદય ભીમસિંહનું, કરી રહ્યું પોકાર,
નહિ જવા દઉં નાથને, લાવ્યા વિણ મુજ દ્વાર. ૭૨
અલખ કહે આ ભકતની, આગળ કહી મેં વાત,
વીર રજપૂત ભકત એ, અવધૂતજનમાં ખ્યાત. ૭૩
સદ્‌ગુરુ પ્રત્યે એમની શ્રદ્ધા હતી અપાર,
અવધૂતકાજે શિષ પણ, સમર્પવા તૈયાર. ૭૪

આવા સાહસિક ભકતને, જેવીક પડી ખબર,
આવે છે અવધૂતજી, નિજ ગામની પાદર; ૭૫
વેગે દોડયા ભીમસિંહ, કરતા બૂમ-હાકોટ,
દોડો' લ્યા અવધૂતજી, આવ્યા રેવાઘાટ. ૭૬
સાદ સૂણી બાજીતણો, દોડયું આખું ગામ,
નરનારી યુવાન ને, બાળક વૃદ્ધ તમામ. ૭૭
આવ્યા રેવાઘાટ પર, ત્યાં તો દૂરથી છેક,
રેવાજલ પર સરકતી, દીઠી નાવડી એક. ૭૮
એમાં બિરાજી સદ્‌ગુરુ, આવી રહ્યા છે અત્ર,
જોતાં નાદ ગજાવિયો, જય જય શ્રીગુરુદત્ત. ૭૯
નજીક આવી નાવડી, ઝણોરના સૌ જન,
હર્ષે ગાંડા થઈ ગયા, થાતાં રંગદર્શન. ૮૦
તીરે આવી નાવડી, ત્યાં તો ભાવાસકત,
ભીમસિંહ કૂદી પડયા, એ હોડીમાં તુર્ત. ૮૧
નયને નીર છલકાય ને, હૈયું ભાવસભર,
ગદ્‌ગદ્ કંઠે બોલિયા, ભકત જોડી બે કરઃ ૮૨
''દયા કરો સદ્‌ગુરુવર ! પધારી મારે ગામ,
આપ ચરણની રજ થકી, પુનિત કરો મુજ ધામ. ૮૩
પૂર્વેનાં અમ પુણ્યથી, અનાયાસ ગુરુ ! આમ,
પ્રભો ! આમ આવી ગયા, અમ ગરીબને ગામ. ૮૪
પુનિત પગલાં પાડીને, ભિક્ષા લો મુજ ઘર,
મારી આટલી ભાવનાા, પૂર્ણ કરો ગુરુવર !'' ૮૫
એમ કહી ભીમસિંહજી, ફરી ફરી લાગે પાય,
ગામલોકની આંખમાં, આંસુડા ઉભરાય. ૮૬
જોઈ ભકતનો ભાવ એ, બોલ્યા સદ્‌ગુરુવર,
'અરે ! બાજી ! તમને બધી, કયાંથી પડી ખબર ?' ૮૭
બાજી કહે ઓ બાપજી ! સૂરજ કદી છૂપાય ?
છૂપે ભલે વાદળ નીચે, તેજ તો ચાડી ખાય ! ૮૮
આવતી કાલે છે પ્રભુ ! રંગજયંતી દિન,
ધન્ય અમારાં ભાગ્યને, અનાયાસે ભગવન્; ૮૯
આવી ગયા મુજ ગામમાં, કેમ હવે જવાય ?
ભકતોના આ ભાવને, હવે ન તરછોડાય ! ૯૦
પરમ ભકત ભીમસિંહના, ખાંધે મૂકી હાથ,
મધ-ઝરતા શબ્દે પછી, બોલ્યા સદ્‌ગુરુનાથઃ ૯૧
'અરે ! ભીમસિંહજી તમે, સૂણો મારી વાત,
મેં નિર્ણય મુજ મન વિષે, કર્યો એક સાક્ષાત્. ૯૨

મારો આજનો જન્મદિન, ઉજવવો નિઃશંક,
એકાંતે બસ મોજથી, રેવામાને અંક. ૯૩
કરશો ના માટે મને, બાજી ! વ્યર્થ આગ્રહ,
ફરી કોઈ દિન જરૂર હું, આવીશ તમારે ગૃહ.' ૯૪
સૂણી વચન બાજીદિલે, લાગ્યો ઝટકો આહ !
આંખો અતિ ઉભરાઈ ને વહેતો અશ્રુ પ્રવાહ. ૯૫
ક્ષણભર મૂંગા થઈ ગયા, કરી બંધ નયન,
ભીમસિંહ મક્કમ સ્વરે, બોલ્યા પછી વચનઃ ૯૬
'શો જીવ્યાનો અર્થ છે, રૂઠયા જો ભગવાન !
જતાં આપ અવધૂતજી, નહિ રહે મુજ પ્રાણ. ૯૭
બસ જાવું છે આપને, તરછોડી મુજ ભાવ !
તો મુજ મુડદા પર પ્રભુ ! પગ મૂકીને જાવ.' ૯૮
ભીમસિંહજીએ જુઓ, નિજ શરીરને ત્યાંય,
લેટાવી દીધું અહા ! રંગચરણની માંહ્ય ! ૯૯
ભાવ જોઈને ભકતનો, થયા દ્રવિત દયાળ,
હાથ ગ્રહી બાજી તણો, કર્યા ઊભા તત્કાળ. ૧૦૦
પછી વદ્યા અવધૂતજી, ચાલો ભીમસિંહરાજ,
ભાવ થકી તમ ગામમાં, આવું છું હું આજ. ૧૦૧
અમૃતસમ અવધૂતનાં, વચન સૂણી તે વાર,
ભીમસિંહના શરીરમાં, થયો પ્રાણસંચાર. ૧૦૨
ઉત્સાહના આવેશમાં, કૂદ્યા નાવની બહાર,
હર્ષોન્મત્ત થઈ જોરથી, કરી રહ્યા પૂકારઃ ૧૦૩
'અરે ! કેમ જોયા શું કરો ? શું ઊભા છો આમ ?
આવે છે અવધૂતજી, પુનિત કરવા ગામ. ૧૦૪
જાઓ તૈયારી કરો, છોડી બીજી વાત,
ધન્ય ! પધારે છે અહા ! નારેશ્વરના નાથ. ૧૦૫
દોડયા ત્યાં તો જુવાનિયા, થઈ આનંદે મત્ત,
કરવાને તૈયારી સ્વાગતકેરી ઝટ. ૧૦૬
કિન્તુ શ્રીઅવધૂતજીએ, કહ્યું એમને સ્પષ્ટ,
કાલે કોઈએ કરવી નહિ, અહીં ઝાઝી ખટપટ. ૧૦૭
સાદી રીતે ઉજવવો, રંગજયંતીદિન,
સૌએ ભેળા થઈ અને કરવાં ધૂન-ભજન. ૧૦૮
બાજી કહે હું નહિ કરું જાઉં નહિ પણ કયાંય,
કરે પણ ગામ લોક તો, મારો નહીં ઉપાય. ૧૦૯
તે રાત્રીએ તે પછી, અવધૂતજીનો આમ,
રામજીમંદિરમાં રહ્યો, ભાગોળે મુકામ. ૧૧૦

પ્રાતઃકાલ થતાં અહા ! લહેર્યા મધુરા સ્વર,
મંગલવાજાં વાગીયાં, સુણતાં સદ્‌ગુરુવર; ૧૧૧
પૂછવા લાગ્યા બાજીને, અરે ભીમસિંહરાજ ?
તમે બધી ધમાલ આ ! શી કરી છે આજ ? ૧૧૨
બાજી વિનમ્ર ભાવથી, બોલ્યા જોડી હાથઃ
પ્રભુ ! કશું મેં નથી કર્યું, હું તો આપની સાથ ૧૧૩
અહીં રહ્યો'તો રાતભર, મને નથી ખબર,
કો' જાણે ? કો આ આવીને, છેડે મધુરા સ્વર ! ૧૧૪
સૂણી વચન ભીમસિંહનાં, મધુર હસી ખડખડાટ,
બોલ્યા સદ્‌ગુરુ, રાજવી ! ભલો રચ્યો મુજ ઘાટ ! ૧૧૫
મુજને લાવ્યા છેતરી, કરશું કહેશો તેમ,
દોરી સંચાલન કરી, અળગા રહો છો કેમ ! ૧૧૬
બાજી કહે આ ગામને, મુજથી શેં પહોંચાય ?
હું રહી ગયો એકલો, કહો હવે શું થાય ? ૧૧૭
એક પા' આખું ગામ ને, હું એકલડો છેક,
શી રીતે પહોંચી વળું, સામે લોક અનેક. ૧૧૮
બાપજી કંઈ બોલ્યા વિના, કરતા મધુરું હાસ્ય,
ભકતભાવ નીરખી રહ્યા, ધન્ય ! ભાવ એ દાસ્ય ! ૧૧૯
ભકત અને ભગવાનનો, આ મીઠો સંવાદ,
સદ્‌ભાગી સૂણનારને, લાખ લાખ ધન્યવાદ. ૧૨૦
વિધવિધ રંગ સજાવીને, સજી સોળે શણગાર,
ઉષારાણી આવીને, ખડાં પૂર્વને દ્વાર. ૧૨૧
સુવર્ણરજને વેરતાં, કરી તેજ અંબાર,
સ્વાગત કરવા **રંગ**નું, આવ્યાં હર્ષે અપાર. ૧૨૨
જનતા આજ ઝણોરની, આનંદાર્ણવ માંહ્ય,
ડૂબીને ઊજવી રહી, રંગજયંતી આંહ્ય !! ૧૨૩
તોરણ રંગ વિરંગી ને, પતાકડાં લહેરાય,
ઘર ઘર રંગોળી વળી, આંગણમાં સોહાય. ૧૨૪
રાજાશાહી ઠાઠથી, અવધૂતજીની વાહ !
શોભાયાત્રા નીકળી, વહેતો દિવ્ય પ્રવાહ. ૧૨૫
આતશબાજી થાય ને, નરનારીનાં વૃંદ,
નાચે ગાય ઉમંગથી, વાગે તાલ મૃદંગ. ૧૨૬
દત્ત-દત્તની ધૂનમાં, મસ્ત થઈને સર્વ,
ઉજવી રહ્યા ઉમંગથી, રંગજયંતી પર્વ. ૧૨૭
ભજન કીર્તન ને વળી, રાખી ધૂન અખંડ,
ગામ હિલોળે ચઢયું, શ્રદ્ધાપૂર પ્રચંડ !! ૧૨૮

બાજી ને વળી ગામની, દેખી આવી નેમ,
શ્રદ્ધા-ભક્તિથી રીઝ્યા, સદ્‌ગુરુ અવધૂત તેમ. ૧૨૯
છેંતાલીસમી આ હતી, રંગજયંતી આમ;
ઉજવાઈ ઝણોરમાં, બન્યું ધન્ય એ ગામ. ૧૩૦
સુંડતાલીસમી તે પછી, રંગજયંતી આમ,
ધામ-ધૂમથી ખૂબ હા ! ઉજવે ઉમલ્લા ગામ. ૧૩૧
વિશાળ મંડપ ને વળી, તોરણ વિધવિધ રંગ,
શોભે સુવર્ણ પતાકડાં, છાયો બધે ઉમંગ. ૧૩૨
હેલે આખું ગામ ચઢયું, નર નારી ને બાળ,
નાચે કૂદે મોદથી, દઈને તાલીતાલ. ૧૩૩
શ્રીગુરુલીલામૃતતણાં, થયાં જો પારાયણ,
પૂજન કીર્તન ધૂનથી, ગાજી રહ્યું ગગન. ૧૩૪
ઉમલ્લાનું ગામ બન્યું, ભક્તિરસમાં મત્ત,
દેખી મનહર **રંગ**ની, સુંદરતમ મૂરત. ૧૩૫
ભાઈલાલભાઈ દેસાઈ ને ચતુરભાઈ પટેલ,
મથુરભાઈ, ગોવિંદભાઈ, જામ્યો જબરો મેળ. ૧૩૬
ડાહ્યાભાઈ, જગદીશ ને, બીજા યુવાનો અન્ય,
જયંતીભાઈ પંડયા અહા ! જીવન બનાવ્યું ધન્ય. ૧૩૭
પંડયાકાકાને વળી, એ પાદરિયા ભક્ત,
ઉત્સવ આ ઉજવી રહ્યા, થઈ ઉત્સાહે રત. ૧૩૮
ભજનભાસ્કર આપણા, સુમનલાલ માસ્તર,
રમઝટ ધૂન-ભજનની, મચાવે સ્વરે મધુર. ૧૩૯
આ ઉત્સવમાં એમણે, આપ્યું માર્ગદર્શન,
ધન્ય ધન્ય આ ગામનું, ખમીરવંત યૌવન. ૧૪૦
દત્ત દત્તના નાદથી, ગર્જી ઊઠયું ગામ,
સુડતાલીસમી રંગની, જયંતી ઉજવી આમ. ૧૪૧
બે હજારને બે તણી, વિક્રમ સંવત એહ,
અલખ કહે સૂણ શિષ્ય તું, ટાળી મન-સંદેહ. ૧૪૨
વડોદરા જિલ્લા મહીં, પોર નામે ગામ,
વિપ્ર એક રહેતા હતા, મણિશંકર નામ. ૧૪૩
પુરાણી ઉપનામ ને, કર્મકાંડી અતિ પૂત,
ભોળા સરલ રાખે સદા, હરિસ્મરણમાં ચિત્ત. ૧૪૪
ખેતીનો વ્યવસાય ને, યજમાનવૃત્તિ સાથ,
આર્થિક કો દુઃખ ના હતું, ન વા કો આઘાત. ૧૪૫
પત્ની એમનાં સુશીલ જે, કમળાબેન અભિધાન,
સરલ ધર્મભીરુ વળી, સદા સ્મરે ભગવાન. ૧૪૬

ત્યાં તો કમળાબેનને, કંઠ રસોળી થાય,
પૂર્વકર્મના યોગથી, ગળું બેડોળ થાય. ૧૪૭
ફૂલીને વકરાઈ એ, ઢાંકી દીધો કાન,
જાણે મસ્તક નાનડું, ફૂટી નીકળ્યું આન. ૧૪૮
દવા-દારૂ કંઈ કંઈ કર્યાં, કર્યા કંઈક ઉપાય,
જ્યમ જ્યમ દવા કરે અરે ! ત્યમ ત્યમ મોટી થાય. ૧૪૯
ધીમે ધીમે અંદરે, થાવા લાગ્યો પાક,
લોહી પરૂં વિકૃત બની, દેતું કષ્ટ અથાગ. ૧૫૦
વડોદરામાં લઈ ગયા, મોટા દાકતર પાસ,
ચંદ્રચૂડ જે રાજ્યના, હતા દાકતર ખાસ. ૧૫૧
દાકતર આપે તપાસતાં, પોતાનો અભિપ્રાય,
આ રસોળીતણું હવે, ઓપરેશન નહિ થાય. ૧૫૨
કારણ એનાં મૂળિયાં, અંદર કંઠની માંહ્ય,
વળગ્યાં છે તેથી તહીં, વાઢ કાપ નવ થાય. ૧૫૩
મૂકીએ જો ત્યાં કાપ તો, નસ ધોરી છેદાય,
છેદાતાં નસ, બાઈનું, તુરંત મૃત્યુ થાય. ૧૫૪
લઈ જાઓ માટે હવે, રહ્યો ન કો ઉપાય,
બે -ત્રણ દિનમાં બાઈનું, ચોક્કસ મૃત્યુ થાય. ૧૫૫
નિરાશ થઈ એ બાઈને, લઈ આવ્યા નિજ ઘેર,
ઘરનાં જન ભેગાં મળી, રુદન કરે બહુ પેર. ૧૫૬
રુદન સૂણીને એમનું, સામે ઘેર રહેનાર,
ગોવિંદ નામે છોકરો, દોડી ગયો તે વાર. ૧૫૭
રડતાં જોઈ સર્વને, વિસ્મિત થાય અપાર,
કાકા ! કેમ તમે બધાં,રડી રહ્યાં ચોધાર ? ૧૫૮
ભાઈલાલભાઈ બોલિયા, શું વદું હું વાત !
બે-ત્રણ દિનથી વધુ હવે નહિ જીવે મુજ માત. ૧૫૯
વડોદરાના દાકતરે, ધોઈ નાંખ્યા હાથ !
મરી જશે ? શું નહિ જીવે ? મારી વ્હાલી માત ? ૧૬૦
કહેતા એમ ત્યાં અરે ! ભાઈલાલભાઈની આંખ,
અશ્રુથી છલકાઈ ને, બની ગયા એ રાંક. ૧૬૧
જોઈ સ્થિતિ એવી તિહાં, ભાવાવેશમાં એમ,
આવીને ઉચ્ચ સ્વરે, બોલ્યો ગોવિંદ તેમઃ ૧૬૨
શા માટે ગભરાવ છો ? ચાલો નારેશ્વર,
ત્યાં છે મારા સદ્‌ગુરુ, સમર્થ યોગેશ્વર. ૧૬૩
મડદાં પણ બેઠાં કરે, એવા છે મહાન,
ચાલો માટે અબઘડી, છોડી યત્નો આન. ૧૬૪

શ્રદ્ધાના આવેશમાં, બોલાએલા શબ્દ,
સર્વે જન સૂણી રહ્યા, થઈ પલભર સ્તબ્ધ. ૧૬૫
ક્ષણમાં શોક જતો રહ્યો, થઈ નિરાશા દૂર,
હૈયામાં હિંમત વધી, આવ્યાં આશાપૂર. ૧૬૬
વદે વડીલ ને વૃદ્ધ એ, પુરાણી મણિશંકર,
અરે જાઓ નારેશ્વરે, આજ તમે સત્વર. ૧૬૭
વિગતે વાત બધી તમે, અવધૂતજીને કાન,
ખૂબ વિનયથી નાખજો, રીઝે શ્રીભગવાન. ૧૬૮
ગોવિંદ ને ભાઈલાલ બે, નીકળી ગયા તે વાર,
રાત્રે ત્યાં પહોંચી ગયા, નારેશ્વર મોઝાર. ૧૬૯
નારેશ્વરના દ્વારમાં, જ્યાં કર્યો પ્રવેશ.
અદ્‌ભુત શાંતિ અનુભવી, દૂર થયો હૃદ્-કલેશ. ૧૭૦
હતી અંધારી રાત છતાં, દિવ્ય તત્ત્વની છાંય,
દેતી તનમન ઉભયને, શાંતિ ગજબ કો ત્યાંય. ૧૭૧
મોદી કાકાના ઓરડે, માત્ર ફાનસ એક,
આછા પીળા પ્રકાશને, ફેંકી રહ્યું તું છેક. ૧૭૨
પગરવ માનવનો સૂણી, મોદીકાકા બહાર,
આવ્યા ત્યાં, બન્ને તિહાં, કરતાં નમસ્કાર. ૧૭૩
કરી ગર્જના પ્રેમથી, શ્રીગુરુદેવદત્ત,
મોદીજીએ ઓળખ્યો, ગોવિંદને જો ઝટ. ૧૭૪
અંદર જઈ જલ-પાન કરી, બેસીને તે વાર,
કમળાબેનના દર્દની, વાત કરી વિસ્તાર. ૧૭૫
અવધૂતજી આશિષ સહ, આપે કંઈ ઉપાય,
તો એ કમળાબાઈનું , દર્દ સમૂળું જાય. ૧૭૬
વાત સૂણીને મોદીજી, બોલ્યા કરી વિચાર,
આજે ! ભલો ! અવધૂતનો, મૌન તણો છે વાર, ૧૭૭
થોભો આજે કાલ જો, થાય કદાચિત્ વાત,
અત્યારે લાચાર છું, બોલે નહિ ગુરુનાથ. ૧૭૮
વચન સૂણી મોદીતણાં, ભાઈલાલભાઈ તે વાર,
ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યાં, આંસુ વહે ચોધાર. ૧૭૯
કાલ સુધી મુજ માવડી, જીવતી રહે કે કેમ ?
એ તો મોટો પ્રશ્ન છે, હવે કરીશું કેમ ? ૧૮૦
વચન સૂણી એવાં તિહાં, વળી નીરખી અશ્રુધાર,
તપસીનું દિલ દ્રવી ગયું, વિહ્વળ બન્યો તે વાર. ૧૮૧
ભાવે કહે ભાઈલાલને, શા માટે ગભરાય ?
ચિઠ્ઠી લખી અવધૂતને, પૂછી લઈશ ઉપાય. ૧૮૨
જાઓ તમે રેવાજીએ, સ્નાન કરીને ઝટ,
પાછા આવો ત્યાં સુધી, પૂછી લઈશ અલબત્ત. ૧૮૩
એમ કહીને એમને, ફાનસ આપ્યું એક,
અંધારે અથડાય ના, માર્ગ કઢંગો છેક. ૧૮૪
આ બન્ને ન્હાવા ગયા, મોદીજીએ આંહ્ય,
કાગળ-ટૂકડા પર લખી, વાત બધી ટૂંક માંહ્ય. ૧૮૫
એ કાગળ અવધૂતજીના, પુનિત ચરણની માંહ્ય,
કાકાએ મૂકી દીધો, મૂકી કલમ પણ ત્યાંય. ૧૮૬
વાંચી પત્ર સદ્‌ગુરુવરે, કંઈક કર્યો વિચાર,
પાછળ એ કાગળ તણી દીધો લખી ઉપચાર. ૧૮૭
સ્નાન કરી બેઉ આવિયા, અવધૂતચરણે આમ,
શ્રીફળ મૂકી ભાવથી, કર્યા સાષ્ટાંગ પ્રણામ. ૧૮૮
દયાવંત અવધૂતજી, કરે ૐ ૐનો નાદ,
દે એમ કરી બેઉને, અંતર-આશીર્વાદ. ૧૮૯
ના થયાં અંધારામાં સદ્‌ગુરુતનદર્શન,
સદ્‌ગુગુરુના પણ શબ્દથી, લાધી શાંતિ ગહન. ૧૯૦
જાણે બન્ને ડૂબી ગયા, આનંદાર્ણવ માંહ્ય,
દુઃખશોક સંસારના, શમ્યા પલકમાં ત્યાંય. ૧૯૧
સૌખ્ય-સિંધુમાં બેઉ જણ, કરી રહ્યા છે સ્નાન,
ત્યાં બોલાવ્યા મોદીએ, કરી દૂરથી સાન. ૧૯૨
બન્ને જણ આવી ગયા, માજીમઢુલી પાસ,
હરખે બોલ્યા મોદીજી, ફળી તમારી આશ. ૧૯૩
કમળાબેનના દર્દનો, લખી દીધો ઉપાય,
ચાલો ઓરડે ફાનસે, પ્રકાશમાં વંચાય. ૧૯૪
અમૃતની હેલી સમા, મોદીજીનાં વચન,
સૂણીને બન્નેવનાં, નાચી ઊઠયાં મન. ૧૯૫
મોદીજીના ઓરડે, પહોંચવા જેટલો કાળ,
ધારી ધીરજ ના શકયા, એ બન્ને તત્કાળ. ૧૯૬
તેથી ત્યાં ને ત્યાં જ એ, બેટરી હતી જે પાસ,
ચાંપ દાબતાં, પત્ર પર રેલાય જો પ્રકાશ, ૧૯૭
બેટરી કેરો પ્રકાશ જ્યાં પડતાં કાગળ પર,
મોતીના દાણા સમા, ચમકી રહ્યા અક્ષર. ૧૯૮
એકી શ્વાસે વાંચતા, ત્રણેવ એકી સાથ,
આનંદે બોલી ઊઠયા, જય જય સદ્‌ગુરુનાથ. ૧૯૯
લખ્યું હતું લસોટવી, દીકામાળી એમ,
કાળી માટી ભેળવી, એની સાથે તેમ. ૨૦૦

લેપ બનાવી એહનો, દિનમાં બે-ત્રણ વાર,
કરવો લેપ રસોળીએ, શ્રદ્ધા રાખી અપાર. ૨૦૧
સારું કરી દેશે બધું, દયાવાન ભગવાન,
જરૂર કૃપા કરશે પ્રભુ, અવધૂત કૃપાનિધાન. ૨૦૨
આનંદ આનંદ થઈ ગયો, જઈને વહેલા ઘેર,
દીકામાળી મૃતિકા, લેપ રચ્યો સુપેર. ૨૦૩
કંઠે કમળાબાઈના રસોળી ઉપર એમ,
દત્ત દત્ત કરતાં કર્યો, લેપ ભાવથી તેમ. ૨૦૪
લેપ સુકાતાં ભિતરે, પીડા અતિશય થાય,
જ્યમ જ્યમ લેપ સુકાય ત્યાં, ત્યમ ત્યમ ફરીથી થાય. ૨૦૫
લેપતણા તણાવથી, બની રસોળી તંગ.
ફૂલી ટસ-ટસ થઈ ગઈ, આપે પીડા અભંગ. ૨૦૬
પીડા અતિશય થાય તે, બાઈથી ના સહેવાય,
કણસે, દુઃખે, વલવલે, મુજથી નહિ જીવાય. ૨૦૭
જ્યમ જ્યમ દિ' ચઢતો ગયો, પીડા વધતી જાય,
સંધ્યાકાળે બાઈએ, ભાન ગુમાવ્યું હાય ! ૨૦૮
ચેતનહીન તન થઈ ગયું, મૂકે ઊંડા શ્વાસ,
ગળફો બાઝ્યો કંઠમાં, સૌએ મૂકી આશ. ૨૦૯
ગો-મૂત્રાદિક ને વળી, દર્હી-દર્ભ ને તલ,
ધૃત દીપક પ્રજ્વાલિયો, જાણી છેલ્લી પળ. ૨૧૦
સગાં-સહોદર આવિયાં, વળી, ફળીનાં લોક,
ભેગાં થઈ બેસી ગયાં, પાડવા મરણપોક. ૨૧૧
ફાનસના ફિક્કા અને, પીળા પ્રકાશ માંહ્ય,
મધરાતે એ બાઈના, છેલ્લા શ્વાસો જાય. ૨૧૨
ત્યાં તો આવ્યો એક જણ, કરી વક્ર નયન.
વક્ર મુખ કરી વ્યંગમાં બોલ્યો વક્ર વચન. ૨૧૩
નારેશ્વર જઈ આવીને, વધાર્યું ઉલ્ટું દર્દ,
એમ વળી મટતું હશે ? ચોપડવાથી ગર્દ. ૨૧૪
નહીં જીવે બાઈ હવે, યત્ન તમારો વ્યર્થઃ
ધોઈ નાંખો માટી તો, કંઈક ઘટે હા ! દર્દ. ૨૧૫
શ્રવણ કરતાં વ્યંગ-વચન, ગોવિંદના હૃદ્-માંહ્ય,
દુઃખ થયું વજ્રઘાત સમ, સહ્યું કેમ સહેવાય ? ૨૧૬
નીર ઉભરાયાં નયનમાં, આર્તહૃદયથી તેમ,
ગોવિંદે અવધૂતની, કરી પ્રાર્થના એમઃ ૨૧૭
''હે ગુરુદેવ દયાધના ! હે અવધૂત દયાળ !
લાજ ન જાયે બાળની, નિજ બિરુદ સંભાળ. ૨૧૮
તુજ વિશ્વાસે વિવશ હું, થઈને બેઠો આજ,
નારેશ્વરના નાથ તું, રાખજે મારી લાજ ! ૨૧૯
બાઈ આ જો ના જીવે, અનર્થ થાશે હાય !
થાશે હાંસી તાહરી, મુજથી નહિ સહેવાય. ૨૨૦
માટે મારા ગુરુવરા ! મારે ખાતર આજ,
વહેલા આવો દોડીને, રાખો મારી લાજ. ૨૨૧
શરણાગત-ભકત-નયને, જોઈને આંસુ-જલ,
દોડે ના તો કોણ કહે ? એને ભકત-વત્સલ ? ૨૨૨
ભકતવત્સલા, દિગંબરા, દોડ્યા ઝટ તે વાર,
લોકો વિસ્મિત થઈ ગયા, એવો ચમત્કાર ! ૨૨૩
સર્જાયો તે ક્ષણ અહા ! કમળાબેને એમ,
ભયંકર ચિત્કારથી, મોટા સાદે તેમ ૨૨૪
બોલ્યાં શું બાંધ્યું તમે મારા કંઠ ઉપર ?
શું વળગાડ્યું આ તમે, દૂર કરો સત્વર. ૨૨૫
એમ કહી રસોળીએ, લઈ જઈને નિજ કર,
માંસ-ગભાએલ તોડીને, ફેંકી રહ્યા જન પર. ૨૨૬
તોડી નાખો આ બધું , વળગાડ્યું આ કેમ ?
એમ બોલતાં રસોળીને, તોડી તોડી તેમ; ૨૨૭
ટૂકડા કોહ્યલા માંસના, નાખે ચારે કોર,
જે જનની ઉપર પડે, તે ભાગે કંઈ ઓર. ૨૨૮
બબ્બે જણ ઝાલે છતાં, રોકયાં ના રોકાય,
મળતાં લાગ રસોળીને, તોડી ફેંકે ત્યાંય. ૨૨૯
પ્રાગડ થાતાં તો અરે ! આખી રસોળી એમ,
તોડી નાખી ત્યાં પડયો, ખાડો ઊંડો તેમ. ૨૩૦
ત્યાર પછી ઊંઘી ગયાં, થઈ દૂર હા ! પીર,
પીડા જાણે ના કશી, થાતું શાંત શરીર. ૨૩૧
લોકો બધાં નિરાંતથી, જાતા નિજ નિજ ઘેર,
કમળાકાકી મોજથી, ઊંઘ્યાં સારી પેર. ૨૩૨
દિ' ઊગે જાગી ગયાં, માગ્યું દાતણ એમ,
બેસીને દાતણ કર્યું, ચા-પણ પીધી તેમ. ૨૩૩
લોક સવારે આવિયા, ખબર કાઢવા એમ,
કાકી કેરા દર્દને, સારું છે કે કેમ ? ૨૩૪
પણ રે ! કમળાકાકીને, વાતો કરતાં જાણ,
થયાં જોઈ સ્તબ્ધ સૌ, આશ્ચર્ય થકી માન. ૨૩૫
કોઈકે પૂછયું કાકીને, કાકી કહોને આન,
ગઈ રાતે તમે અરે, કેટલું કર્યું તોફાન. ૨૩૬
બબ્બે જણ રોકે છતાં, ના રોકાતાં એમ,
તોડી નાખી રસોળીનું, કર્યું નિકંદન તેમ. ૨૩૭
કમળાકાકી તે ક્ષણે, લાંબો કરી હાથ,
બોલ્યાં અરે ! તમે બધાં, કેવી કરો છો વાત. ૨૩૮

ગઈ રાતે અવધૂતજી, નારેશ્વરના નાથ,
ઓપરેશન રસોળીનું, કરી ગયા નિજ હાથ. ૨૩૯
હાજર હતાં તમો બધાં, કર્યું દેખતાં એમ,
જાણો છો તોએ બધાં, પૂછી રહ્યા કેમ ? ૨૪૦
સૂણી કમળાકાકીનાં, વિચિત્ર અગમ્ય વચન,
બાધા જેવા જોઈ રહ્યા, એકમેકનાં વદન. ૨૪૧
અવધી આ આશ્ચર્યની, ઠોકી જમનાં દ્વાર,
કમળાકાકી જીવતાં બેઠાં ઘર મોઝાર. ૨૪૨
સારું કે ખોટું થયું ! સમજ ન પડતી ક્યાંય,
ઘરનાં સગાં સંબંધીઓ, પડયાં મૂંઝવણ માંહ્ય. ૨૪૩
હવે શું કરવું અરે ! કશું ના સમજાય,
ત્યાં તો સમજુ વડીલ એક, આવી પહોંચ્યાં ત્યાંય. ૨૪૪
તેમણે આપી સલાહ કે, નારેશ્વરમાં જાવ,
સદ્‌ગુરુચરણે એ કહો, બન્યો આ જે બનાવ. ૨૪૫
ઓપરેશન એણે કર્યું, કરશે એ જ ઉપાય,
અદ્‌ભુત લીલા એહની, કોઈથી ના સમજાય. ૨૪૬
સૂણી સલાહ વડીલની, પેલા બન્ને જણ,
નારેશ્વરમાં આવીને, કરતા રંગદર્શન. ૨૪૭
વિગતે વાત કરી બધી, બની હતી ગઈ રાત,
તોડી નાખી રસોળી જે, હાથ થકી સાક્ષાત્. ૨૪૮
નાની વાટકી જેવડું, રસોળીસ્થાને એમ,
ભગદાળું એક જે પડયું, વિગતે વર્ણવ્યું તેમ. ૨૪૯
સૂણી અવધૂત બોલિયા, ના થાશો નિરાશ,
એ ભગદાળામાં તમે, ઔદુંબરનું ખાસ ૨૫૦
લાવીને દૂધ રેડજો, ધીમે ધીમે એમ,
રૂઝાશે ભગદાળું ને થાશે સઘળું ક્ષેમ. ૨૫૧
સદ્‌ગુરુને વંદન કરી, વહેલા આવી ઘેર,
ઔદુંબરનું દૂધ હા ! મંગાવ્યું ભલી પેર. ૨૫૨
ભગદાળામાં રેડતાં, આઠ દિવસની માંહ્ય,
રૂઝ આવી ગઈ તિહાં, નિશાન રહ્યું ના ક્યાંય. ૨૫૩
દૂર થાતો રોગ બધો, સ્વચ્છ થયું એ સ્થાન,
રસોળીથી ઢંકાયેલો, ખુલ્લો થાતો કાન. ૨૫૪
‘કમળાકાકી એ પછી, પામી હર્ષ અપાર,
સુવર્ણ બુટ્ટિઓ કર્ણમાં, ધારણ કરે તે વાર. ૨૫૫
‘કમળાબેનના મન વિષે, હતો એક વિચાર,
બુટ્ટિઓ પહેરી કાનમાં, જાઉં ગુરુદરબાર. ૨૫૬
નક્કી કરી નારેશ્વરે, જવા થયાં તૈયાર,
ત્યાં તો આવી ખબર કે, સદ્‌ગુરુ દીનદયાળ. ૨૫૭
મહીજ પાસે રંગપુરા, જઈ રહ્યા છે, આજ,
સ્ટેશન ઈંટોલા ભણી, ચાલો દર્શન કાજ. ૨૫૮
ત્યાં તો લગભગ ગામના, તમામ નર ને નાર,
બાળક વૃદ્ધ યુવાન સૌ, થઈ ગયાં તૈયાર. ૨૫૯
આવ્યાં ઈંટોલા તિહાં, ગાડી આવી ઝટ,
ગગને ગાજ્યો નાદ ત્યાં, જય જય શ્રીગુરુદત્ત. ૨૬૦
ફૂલ-માળાથી શોભતા, બીજા વર્ગના એહ,
ડબ્બામાં બેઠા હતા, સદ્‌ગુરુ શુભ વરદેહ. ૨૬૧
ભકતોની ભીડ જોઈને, સ્વયં દુઃખ હરનાર,
આવીને ઊભા રહ્યા, ડબ્બાકેરે દ્વાર. ૨૬૨
કમળાએ શ્રીચરણમાં, મૂકયાં શ્રીફલ-હાર,
માથું મૂકતાં આંખથી, વહી જતી જલધાર. ૨૬૩
આર્તસ્વરથી પ્રાર્થના, કરી રહ્યાં તે વાર,
નાથ ! તમે જીવન દીધું, મુજ જીવનદતાર. ૨૬૪
જમના દ્વારેથી પ્રભુ ! ઝાલી મારો હાથ,
પાછી લાવ્યા છો તમે, નારેશ્વરના નાથ ! ૨૬૫
મારા કાનમાં બુટ્ટીઓ, તેં પહેરાવી બાપ !
હું અબળા શેં વર્ણવું, તારી શક્તિ અમાપ. ૨૬૬
અલખ કહે એ બાઈનો, અંતરનો વિલાપ,
સૂણતાં સેંકડો જનતણાં, નયને ભરાયું આપ. ૨૬૭
સન્નાટો છાઈ ગયો, સ્ટેશન પર તે વાર,
હતાં સેંકડો જન છતાં, નીરવ શાંતિ અપાર. ૨૬૮
ભકત અને ભગવાનનું, હતું વિરલ મિલન,
ભાવસભર આ દૃશ્ય હા ! જોઈ રહ્યા સહુ જન. ૨૬૯
ગાર્ડ બાબુ પણ ભૂલતા, વગાડવી વ્હીસલ,
ભાવાવેશે જોઈ રહ્યા, આવું દશ્ય વિરલ. ૨૭૦
દૃષ્ટિ પડી અવધૂતની, ગાર્ડ ભણી ચકોર,
ગાડી ઉપાડવા એમને, ધીમે કરી ટકોર. ૨૭૧
ગાડી ઉપડી ને અહા ! જય અવધૂતચિંતન,
દત્તગુરુના નાદથી, ગાજી રહ્યું ગગન. ૨૭૨
પ્રથમ રંગજયંતીતણી, કીધી આંહી વાત,
બાલક શ્રદ્ધાની વળી, કમળા કેરી વાત, ૨૭૩
રંગ અનુપમ જામશે, પોર ગામમાં ત્યાંય,
આગળ અનુસંધાન એ, ‘બાલક’-ગામની માંહ્ય. ૨૭૪

ઈતિશ્રીરંગપાદારવિન્દમિલિન્દયુનિલાલબાલગોવિન્દોપાધ્યાય(બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે શ્રીરંગજયંત્યુત્સવારંભાદિકથનં નામ ત્રિચત્વારિંશોડધ્યાયઃ ।।૪૩।। દોહરા ૨૭૪।।